[illegible]

[illegible]

Rev - 327

ગુર્જરી

મુંબાઈની શેઠાણી.

(એક રસિક નવલકથા.)

કર્તા

મણિલાલ છબારામ ભટ્ટ.

અમદાવાદ.

છાપી પ્રકટકર્તા.

હરિભાઈ દલપતરામ પટેલ.

અમદાવાદ.

સોલ એજન્ટ.

હરગોવનદાસ હરજીવનદાસ બુકસેલર.

૨૬૩૦ પાનકોર નાકા—અમદાવાદ.

સંવત ૧૯૭૧. સન્ ૧૯૧૫.

પ્રથમ આવૃત્તિ. પ્રત ૫૦૦

કિંમત રૂ. ૧-૪-૦

અમદાવાદ શાહપુર વનમાળી વાંકાની પોળમાં હરિભાઈ
દલપતરામે પોતાના “ ગ્રન્થોદય ” પ્રેસમાં છાપી.

પ્રસ્તાવના.

વીસ બાવીસ વર્ષ ઉપર 'સમશેરબહાદુર' માં આ વાર્તા લખાઇ હતી. અધુરી રહેલી તે, પછી અધુરીજ 'વાર્તાવારિધિ' ના પ્રથમાવર્તનમાં છપાઇ હતી; અને મિ. ગણુપતિરામ ઉત્તમરામે તેના વધારાના ફોર્મ બુકના રૂપમાં બંધાવ્યા હતા. તે માત્ર સત્તાસો પાનાંનું પૂર અપૂર્ણ હતું. બુકસેલર મે. હરગોવનદાસ વાળા મિ. ત્રિભોવનદાસે આ અપૂર્ણ વસ્તુ પૂર્ણ છાપવાનો ઉત્સાહ કરી, પોતાના પ્રેસમાં નાંખી પરંતુ ઘણાક વ્યવસાયોને લીધે અને વસ્તુ બરોબર ગોઠવાયેલી નહિ હોવાને લીધે, પાયાથી જુદી જાતનો પ્રબંધ કરવો ઠીક લાગ્યો નહિ. કામ ઘણોક કાળ વળી એમને એમ પડી રહ્યું, પરંતુ આખરે તેને પુરું કરવાનો વિચાર થયો અને તે પ્રમાણે આજ અમલમાં મુકાયો. એક રીતે વાર્તાઓ ઘડીની ગમ્મતરૂપ છે અને બીજી રીતે તે અનુપાનવાળી ગુણુકારી માત્રાઓ રૂપ પણ છે. જુદી જુદી બાબતો ઉપર વિચાર કરતાં શિખવાડવાનું, અને વ્યવહારની તથા સંસારની સમજ આપવાનું તે એક ઉત્તમ સાધન છે. વાર્તાનાં કેટલાંક પુસ્તકો તો એવાં હોય છે કે જે વિદ્યાર્થીઓને અભ્યાસ કરવાને પણ અપાય, અર્થાત્ વાર્તાસાહિત્ય કંઇ એવું છેકજ નકામું કે ઉપેક્ષા કરવા જેવું નથી; તેમ એમ પણ ન કહી શકાય કે દરેક વાર્તા બોધક અને રસદ હોયજ. વાર્તાનાં પુસ્તકો ગમે તેવાં હોય તો પણ એકંદરે લોકને રસનું વાંચન પુરું પાડી કંઇ નહિ ને કંઇ પણ બોધ આપે અથવા કંઇ કંઇ નવું શીખવે છે. આપણે અહીં હજી લોકને વાંચનનો શોખ લાગ્યો નથી. જેમ વાંચનનો શોખ નથી તેમ વિદ્યાનો એવડો પ્રચાર પણ નથી. સારું ખોટું ગમે તે જાતનું પણ ઝાઝું વાચન વંચાતું થવાની બહુ જરૂર છે. વાંચનનો શોખ લગાડનારું સાહિત્ય તે વાર્તા કે નોવેલનું સાહિત્યજ છે. વાંચન વધશે તેમ વાંચનની ઉચ્ચતા પણ વધશે, અને

સમાજને અગત્યની બાબતો પણ તેમાં વધારે ચર્ચાશે. જ્યાં મૂળે વાચન નથી ત્યાં પછી સારું વાચન ક્યાંથી હોય ? યુરોપની જુદી જુદી ભાષાઓમાં દરરોજ વાર્તાનાં લાખો પુસ્તકો નીકળે છે. એ બધાં પુસ્તકો કંઇ બોધપર કે સાહિત્યપર હોતાં નથી. તેમાંનો મોટો ભાગ તો આપણામાંના કચરા જેવોજ હોય છે: તેમ છતાં તે દેશોમાં વાચનનો શોખ વધારે હોવાથી ત્યાંના લેખકોને લખવાનો, અને પ્રસિદ્ધ કરનારાઓને વેચવાનો ઉત્સાહ રહે એવી ઉપજ થાય છે. આપણે અહીં એ સ્થિતે આવવાને હવે હજી બે ત્રણ જમાના જેટલો વાર છે.

યુરોપ અમેરિકાની સરખામણી તો થાય તેમજ નથી, તો પણ હેલાં કેટલાંક વર્ષ થયાં આપણી વચ્ચે પણ વાર્તા સાહિત્યના વાચનનો શોખ વધ્યો છે. લોકને વાચન ઉપર અભિરુચિ થશે અને તેઓ વાંચન માગવા માંડશે ત્યારે આજ નહિ ને પચીસ વર્ષે પણ સારૂ વાચન ઉત્પન્ન થવા માંડશેજ. ટીકાઓની દરકાર વગર લેખકો જો લખ્યાજ કરશે તો લોકો તેમને ઇનસાફ આપવા માંડશે. બીજા વ્યવસાયો કરતાં અને નવરાઇનાં બગાસાં ખાધા કરતાં વાંચવું એ સારૂં છે. વાંચન નિર્દોષ મિત્ર છે. તેની મિત્રતા સર્વેએ કરવી ઘટિત છે. આમાં કેટલીક બાબતો મૂકવાનો યત્ન કર્યો છે અને હવે પછી વધારે વાતચીતની દૃષ્ટિએ બોધ મૂકવાનો પ્રયત્ન કરતા રહીશું. આવા પુસ્તકમાં બીજી કોઇ ખાસ વસ્તુનો પ્રસ્તાવ કરવો અસ્થાને ગણાય તેથી આ જે કંઇ છે તેમાંથી વાચકો વાંચે અને વિચારે ત્યા એ રીતે એકમાંથી નહિ તો બીજામાંથી, ત્રીજામાંથી કે ચોથામાંથી પણ બોધક વાચન તેમને મળે અને તેઓને દેખતા અને વિચાર કરતા થવાની તાલીમ મળવા માંડે, તોપણ આવા પુસ્તકોનો પરિશ્રમ સફળ ગણાય.

અમદાવાદ.
તા. ૩૧-૩-૧૫

લી॰
મણિલાલ છબારામ ભટ્ટ.

અનુક્રમણિકા.

મણિલાલ છબારામ ભટ્ટ કૃત

પુસ્તકો.

૧	ગુજરાતની જુની વાર્તાઓ.	૧	૮	૦
૨	રતિસુંદરી સંસારિક નવલ	૧	૪	૦
૩	ગુર્જરી મુંબાઈની રોહાણી	૧	૪	૦
૪	પતિવ્રતા સતીઓ	૨	૦	૦
૫	સુંદરબેન	૦	૧૨	૦
૬	ઝાંસીની રાણી મહાલક્ષ્મી	૧	૮	૦
૭	પૃથુરાજ ચૌહાણ	૧	૮	૦
૮	લોર્ડ લોરેન્સ.	૧	૪	૦
૯	બરનિયરનો પ્રવાસ.	૧	૦	૦
૧૦	શેહનશાબાનુ મેરી.	૦	૧૨	૦
૧૧	સીમંતિની આખ્યાન.	૦	૨	૦
૧૨	આત્મ પુરાણ	૬	૦	૦
૧૩	વિષ્ણુ પુરાણ	૨	૦	૦
૧૪	મેના (એક અપુર્વ વાર્તા)	૦	૮	૦
૧૫	કાવ્ય પીયુષ	૦	૮	૦
૧૬	અનિલ દુત	૦	૪	૦
૧૭	ઋતુ વર્ણન	૦	૮	૦

* * *

ગુર્જરી

મુંબઈની શેઠાણી.

પ્રકરણ ૧ લું.

અવતરણ.

મુંબઈ, ગુજરાતીઓનું વિલાસ નગર, હિંદુસ્તાનનું નાક અને દુનિયાંના વેપારનું મથક, ખરેખર બ્રિટિશ કાળની, સુધારાની, ધનની, વિદ્યાની અને મોજશોખની એક અલૌકિક નગરી છે. મુંબઈના વર્ણન ઉપર અંગ્રેજી ભાષામાં બે ત્રણ પુસ્તકો રચાયેલાં છે, એટલે અત્ર તેનું વિશેષ વર્ણન કરવાની આગત્ય નથી. વળી ઘણા જણે એ જાતે પણ જોયેલું છે, આજ, આ વાર્તાનું બીજ નંખાય છે તે દિવસે, શ્રાવણ વદ અમાસ છે. ગુજરાતમાં જેને મેળો કહીએ છીએ તેને મુંબઈવાસીઓ યાત્રા કહે છે. વાલકેશ્વરના સુરમ્ય પ્રદેશમાં આજે તે વાર્ષિકી યાત્રાનો દિવસ છે અને હજારો ગરીબ તથા તવંગર લોક એ ઉત્સવમાં ચાલ્યા જાય છે. એક તરફ નગર, એક તરફ સાગર અને એક તરફ તે બધાનું અવલોકન કરવા ઉભો હોય એવો અને વનસ્પતિના ડુંગર જેવો વાલકેશ્વરનો અને બાબુલનાથનો ડુંગર જગતને હસાવે છે. યાત્રાની મોજમજા, ત્યાં વેચાતા વિવિધ જાતના માલની મોહિની અને સાંજના વખતની રમણીયતા, એ બધાં આકર્ષણોને લીધે અનેક લોક વાલકેશ્વરને નગરની સાથે હારહાર કરી રહ્યા હતા. ગરીબો પગે ચાલતા,

શોખીનો છત્રીઓ ફેરવતા અને મિત્રોની સાથે વાતો કરતા તથા ધનવાનો ગાડી ઘોડે ત્યાં જતા આવતા હતા. વસ્તુઓ લઇ પાછા ફરતા લોક અને પ્રસન્ન થયેલાં બાળક યાત્રાળુઓના આનંદનું કારણ થઇ પડયાં હતાં, એવામાં તડકાનો રંગ બદલાયો, આથમતો સૂર્યનારાયણ પશ્ચિમ દિશાની પાણી ભરેલી વાદળીથી ઢંકાઈ ગયો અને પવનના સપાટા સાથે કલાકના હજારો માઇલની ઝડપે ચાલતી આછી ભુરી વાદળીઓએ નભોમંડળને છાઇ દીધું. જતા આવતા લોક પલળવાની બીકે કંઇક ઉતાવળા ચાલ્યા અને જુવાનીઆ છેલ પુરૂષોએ નાયકની સોટી ફરતાં જેમ સૈનિકોની બંદુકો ઉંચી થાય તેમ છત્રીઓ ઉઘાડી દીધી. ચઢતી વાદળીએ જેટલું જોર બતાવ્યું તેટલું પાણી પડયું નહિ. વરસતી વાદળીઓ પવનના જોરે ખેંચાઇ ગઈ અને આછા વરસાદના કણે નવી ધોવાયેલી વનસ્પતિ ઉપર વનદેવીઓનાં ભુષણ જેવી જળમુક્તાની ઝાળો ગુંથાઈ ગઈ. થોડા પડેલા વરસાદે પણ આરંભમાં જણાયેલા દમામે યાત્રા જોનાર ગૃહસ્થોને ઘર તરફ પ્રેર્યા. સૂર્ય આથમી ગયો ને કાળાં વાદળની સાથે સંધ્યાનું અંધારું થતાં વાલકેશ્વરના ઢોળાવ ઉપરથી ગૃહસ્થોની ગાડીઓ નીચે ઉતરવા લાગી. દિશાના અંતમાં ઝીણી છતાં પણ આંખનું તેજ હરી લે એવી વીજળીઓ થવા માંડી. પુનઃ વધારે વરસાદ થવાનાં ચિહ્ન જણાતાં પારસી, મુસલમાન તથા યુરોપીઅન વગેરે લોકો—જેઓ પોતાની ગાડીઓને રસ્તાની કોરે ઉભી રખાવી છોકરાં તથા સ્ત્રીઓ સાથે પગથી ઉપર ફરતા હતા તેઓ, પાછા ફરી ગાડીઓમાં જઈ બેઠા. યાત્રામાંથી આવતી મુંબઇની શેઠાણીઓની ગાડીઓ અને ફરવા આવેલા શેઠ સાહેબજાદાઓની ગાડીઓથી રેલવે ક્રોસિંગ સુધીનો માર્ગ ભરાઇ ગયો.

એક લેન્ડોગાડી એટલામાં ત્યાં ઉભેલા કેટલાક વિદ્યાર્થીઓની ડાબી બાજુ આવીને ઉભી રહી. વિદ્યાર્થીઓ તરફ ગાડીમાં બેઠેલાંની અને તેમની તરફ વિદ્યાર્થીઓની નજર હતી એટલામાં આગગાડી

ઉપડી અને ઘોડો ભડકીને ઉભો થયો. વિદ્યાર્થીઓની તરફ ગાડી મરડાઇ અને ઘોડાએ અવળા ફરી જઇ લેન્ડોને તેમની તરફ હડસેલી દીધી. બે જણ ફેરમાં પેસી ગયા પણ એક જણના પગનાં આંગળાં કચરાઇ ગયાં. આગગાડી ચાલી ગઇ અને દરવાજો ઉઘડયો ત્યારે ઘોડો ઠેકાણે આવ્યો. ગાડીમાંનાં બૈરાંએ વિદ્યાર્થીનાં આંગળાં ચગદાતાં જોયાં, પરંતુ જ્યાં સુધી તેમનો જીવ ઉંચો હતો ત્યાં સુધી પરદુઃખ દેખાયું નહિ. રાવતે ઘોડાની લગામ ઝાલી રસ્તે દોર્યો એટલે ગાડીમાંની એક બાળા બોલી કે–'બા! પેલા છોકરાને બહુ વાગ્યું છે.'

તેનાં વચન સાંભળી આધેડ ઉમ્મરની એક સ્ત્રી, જે પેલી કન્યાની માતા હતી તે, ગાડી ઉભી રખાવી નીચે ઉતરી તેની પાસે ગઇ, અને તેના મિત્રો વિક્ટોરીઆ કરી ઘેર લઇ જવાની તજવીજ કરતા હતા તેમને કહ્યું કે–'શું કરવાને એમ કરો છો? એમને હું મારી ગાડીમાં મારે ઘેર લઇ જાઉં છું. મારો દીકરો દાક્તર છે તે સારવાર કરશે. તમને હરકત ન હોય તો મારી ગાડીમાં બેસાડો.'

મિત્રોને એ ગોઠવણ ગમી અને જેને વાગ્યું હતું તેણે પણ કંઈ વાંધો લીધો નહિ. બે મિત્રોએ ઉપાડી તેને ગાડીમાં બેસાડયો એટલે એક જુવાન સ્ત્રીએ તેમને કહ્યું કે–'હવે જાઓ, ચિંતા કરશો નહિ. મારા સસરાજીનું નામ રામચંદ્ર સદાશિવ છે અને ભુલેશ્વરમાં અમારો પોતાનો માળો છે. તમારા મિત્રની ખબર કાઢવા આવવું હોય તો સુખેથી આવજો.'

'મેં એ માળો જોએલો છે અને હું એમને નામે તથા દીઠે ઓળખું છું. તમે ખુશીથી ઘેર જાઓ.' એમ પેલા વિદ્યાર્થીએ કહ્યું. પછી સપાટાબંધ ગાડી શહેર તરફ ચાલી.

ગાડીની ઉત્તમ બેઠક ઉપર રામચંદ્ર સદાશિવ શેઠનાં પત્ની અને વિદ્યાર્થી તથા સામી બેઠક ઉપર સતર અઢાર વર્ષની જુવાન વહુ અને તેર ચૌદ વર્ષની છોકરી બેઠાં હતાં.

ગાડી ચાલી અને શેઠાણીએ વાત છેડી કે–ભાઇ ! બહુ પીડા થાય છે ?

અરરર ! હાય બળી એવી પીડા થાય છે કે, મને બોલાતું પણ ગમતું નથી.

ઘેર જઇએ એટલી વાર છે. એક ક્ષણમાં મારો ચંદુલાલ તમને હસાવશે. શેઠાણીએ આશ્વાસન આપ્યું.

તે દિવસે, પેલા બિહારીલાલ ભૈયાને કેટલું બધું વાગ્યું હતું તોપણ ભાઇએ એને ટાઢક વળે એવો મલમપટો કરી ઉંઘાડી દીધો હતો. કુંવારી કન્યાએ ઉમેર્યું.

હા, તરત આરામ થઇ જાય એવું ઔષધ લગાડશે.

મા દીકરીએ વિદ્યાર્થીને આશ્વાસન મળે એવી વાતો કરી અને વિદ્યાર્થી તે સાંભળતો કપડામાં મુખ રાખી વેદના સહી રહ્યો. ગાડી ભુલેશ્વરમાં એક મોટા માળા આગળ આવીને ઉભી રહી અને શેઠાણી બોલ્યાં કે–' ગુલાબવહુ ! તમે ઉપર જઇ ભૈયાને મોકલો એટલે તે આમને સંભાળીને ઉપર લઇ આવે.'

ઘોડાવાળાએ બારણું ઉઘાડયું એટલે સઉ બહાર નીકળ્યાં, અને ગુલાબવહુ સપાટાબંધ દાદર ઉપર ચઢી ગઇ. ભૈયાએ નીચે આવી વિદ્યાર્થીને જેયો અને અભ્યાસીના સુકલકડી શરીર ઉપર હસી શેઠાણીને કહ્યું કે–ઉઠા લેઉં. શેઠાણીએ ઉત્તર આપ્યો કે– જેમ એમને પીડા ન થાય એમ ઉપર લઇ આવ.' હાથ ઝાલી ગાડીમાંથી ઉતારવાની અને દાદર ચઢાવવાની કડાકુટમાં પડવાનું ઠીક નહિ લાગવાથી ભૈયાએ વિદ્યાર્થીને એક ફૂલની માફક ઉપાડી લીધો અને ઉપર જઇ એક મોટા ભપકાદાર દિવાનખાનામાં એક સોફા ઉપર બેસાડયો. શેઠાણીએ પાસે બેસીને કહ્યું કે–ભાઇ તમારૂં નામ શું ?'

' મારૂં નામ કેશવચંદ્ર, અને હું આપની નાતનો જ છું.'

આપ મને નથી ઓળખતાં પરંતુ રામચંદ્ર શેઠને હું બહુ સારી રીતે ઓળખું છું.'

ખરે મોટા માણસને સઉ ઓળખે છે અને મોટા માણસ કોઇને ઓળખે નહિ. શેઠાણીએ સ્વાભાવિક સત્ય ઉચ્ચાર્યું.

'નિશાળીઆને ન ઓળખે એ સ્વાભાવિક છે.'

'ત્યારે તો તમે અમારા પરોણા, કેશવચંદ્ર ! અહીં જરા આડા થાઓ, હમણાં મારો ચંદુલાલ આવશે.'

'વારૂ તમે જાઓ, હું અહીં સૂતો છું. બહુ કાળજી કરવા જેવું નથી.'

પ્રકરણ ૨ જું.

આશાના અંકુર.

કેશવચંદ્ર દિવાનખાનામાં સોફા ઉપર સૂતો અને શેઠાણી, નાની શેઠાણી તથા કુંવારી કન્યા વગેરે સર્વ પોતપોતાના કામમાં પડયાં. સૂતાં સૂતાં તેને વિચાર આવ્યો કે-'આપણી નાતમાં આ એક દીવો છે. એમના જેવો વૈભવ કોઇને ત્યાં નથી. જો કોઇ પણ માણસની પાસે બે પૈસા હોય તો આમની જ પાસે છે. અરે ! કેળવણી અથવા સુધારો પણ આ ઘરમાં જ છે ? નાતમાં એ કોની સાથે બેસે એમ છે ? સઘળા ચીંથરે હાલ માણસો છે. કોઈ ખેડુત, કોઇ ભિખારી અને કોઇક જગ ઉચ્ચવૃત્તિવાળા પુરાણીઓ ! બાકી બીજા કોણ ? જેવું ધન અને માન છે તેવીજ નાતમાં અલબત ખંભાત તરફ એમની પ્રતિષ્ઠા પણ છે. અમદાવાદ તરફ એમને ઓળખનાર થોડા પણ સુરતમાં ઘણા. સુરતમાં કેટલાક સારા છે પણ ધન, કેળવણી અને સુધારારહિત.

ગયે વરસે જ્યારે હું અહીં આવવા નીકળ્યો ત્યારે મી૦ પ્રાણશંકરે મને એમનું ઓળખાણ આપી અહીં ઉતરવાની ભલામણ કરી હતી પણ મને તે ઠીક લાગ્યું નહતું. એ પછી પેલી સભામાં મેં એમને ઓળખ્યા અને આજ એમનો પરોણો થવાનો વખત આવ્યો. આ ઘરની રીતભાતનું અવલોકન કરવાનો ઠીક પ્રસંગ મળશે, પણ નહિ, એમની રીતભાતની પરીક્ષા કરનાર તે હું કોણ? ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી. ધનમદ તો હશે. જો તે ન હોય તો દેવ જેવાં ગણાવાં જોઇએ.' આ રીતે જેના મકાનમાં કેશવચંદ્ર સૂતો હતો તેના સંબંધી વિચાર કરતાં કરતાં દુઃખની પીડાથી કંટાળેલી આંખમાં ઘેન ભરાયું અને ખિન્ન જણાતા વદને તે સહેજ નિદ્રામાં પડ્યો.

કેશવચંદ્રને દિવાનખાનામાં આરામ લેવાનું કહી શેઠાણી તેમનાં સાસુ, રામચંદ્ર શેઠની ઘરડી મા–પાસે ગયાં. ડોશીએ નવા આવેલા માણસ વિષે ખબર પૂછી અને શેઠાણીએ જે થોડું ઘણું જાણ્યું હતું તે બધું કહ્યું. ડોશી લગભગ એંશી ઉપરની હોઇ આખી નાતને ઓળખતી હતી. કેશવચંદ્રને તેણે આશરે ઓળખ્યો અને કહ્યું કે—' મોટી વહુ, એ જો * * * નો હોય તો તારે કામનો. મારા સાંભળવામાં આવેલું છે કે એણી તરફનો એક વિદ્યાર્થી અહીંઆં ભણે છે. અમદાવાદથી ગોદાવરી જવા માટે પંગે વર્ષે જેઓ આવ્યાં હતાં તેમણે મને એ વિષે કહ્યું હતું. ગજરીનું ભાગ્ય મોટું છે, અને જો એજ આ હશે તો તને નિરાંત થશે. હશે, આ વાત મનમાં રાખજે. શું ચંદુ વગેરે હજી આવ્યા નથી? કેમ વાર થઇ? 'જીજી! ચંદુભાઇ આવ્યા.' એમ ગજરીએ ઓરડામાં પેસતાં કહ્યું અને ડોશીએ વાત બંધ કરી. શેઠાણી ઉઠયાં અને ચંદુલાલ ઉપર આવતાં કેશવચંદ્રવાળા બનાવની સઘળી હકીકત તેમણે તેને કહી. ' એમાં શું છે, આરામ થતાં વાર નહિ લાગે,' એમ કહી ચંદુલાલ આગળ થયો અને શેઠાણી તેની પાછળ ગયાં. તેઓ દિવાનખાનામાં દાખલ

થયાં તેની સાથેજ ચંદુલાલના બૂટને અવાજે કેશવચંદ્રની આંખ ઉઘડી ગઇ. ચંદુલાલે તેના સામું જોયું અને ઉભયનાં મુખ ઉપર વિનય હાસ્ય દેખાયું. ચંદુલાલ તેની જોડે બેઠા અને શેઠાણીએ નીચે ગાલીચા ઉપર બેસતાં કહ્યું કે—'આ ત્રણ આંગળીઓ કચરાઇ છે.' 'હવે હું તેજ જોઉં છું' એમ કહી ચંદુલાલે પોતાનું સારવારનું કામ કરવાનો આરંભ કર્યો. પાણી મંગાવી પગને ધોવરાવી નાખ્યો અને યોગ્ય ઔષધ લગાડી પાટો બાંધ્યો. શેઠાણીએ દયાની લાગણી સાથે એ બધી ક્રિયા દિલસોજીથી જોઇ પાટો બંધાઇ રહ્યો અને કેશવચંદ્રના મુખ ઉપરથી પીડાની અસર ઓછી થઈ. ચંદુલાલ ખુરશી ખેંચી લાવી તેની સામે બેઠા અને દરદી સોફાને તકીએ મસ્તક ટેકવી પડ્યો એટલે શેઠાણી બહાર ગયાં.

ચંદુલાલ અને કેશવચંદ્ર વચ્ચે હવે વાતચીત ચાલી. પ્રથમ ગુજરાતીમાં અને પછી અંગ્રેજીમાં તેઓ ગપ્પાં મારવા લાગ્યા. જેમ જેમ વાત થતી ગઇ તેમ તેમ ચંદુલાલના મનમાં કેશવચંદ્રની સેહ પડતી ગઇ. તેના વિશાળ જ્ઞાનથી તે ચકિત થવા લાગ્યો. આગળ ચાલતાં તેણે કહ્યું કે—'ત્રણ વરસ થયાં હું વૈદકીય છેલ્લી પરીક્ષામાં બેસું છું. બે વરસ નાપાસ થયા પછી આ વરસથી તો અનુભવને માટે ઘર આગળ કેટલાંક ઔષધ રાખી ઓળખીતાં પાળખીતાંની દવા કરવા માંડી છે, અને મને આ વખતના પ્રશ્નપત્રો જોઇ આશા બંધાઇ છે.'' 'ઇશ્વર કરશે તો તમે પાસ જ થશો. આવતી કાલે હું ભૂલતો ન હોઉં તો તમારો રિઝલ્ટ જણાવાનો છે. આપણી નાતમાં તમે રત્ન છો અને ઇશ્વર તમનેજ પહેલા ગ્રેજ્યુએટનું માન આપશે.'

'વૈદ્યવિદ્યામાં પાસ થયેલાઓ ગ્રેજ્યુએટ કહેવાય પરંતુ હું તેથી વિદ્વાનને યોગ્ય માન મળવાની મગરૂરી રાખવા ઇચ્છતો નથી. સાહિત્યના અભ્યાસે બી. એ. થનારાઓ જ વિદ્વાન ગ્રેજ્યુએટ કહેવાય અને તે પહેલું માન તમને મળશે.'

'હું મોટા માન્યને યોગ્ય થઇશ એમ કંઈ નથી. હું તો સાધારણ વિદ્યાર્થી છું. મારા કરતાં બહુ બુદ્ધિમાન વિદ્યાર્થીઓ હોય છે. બીજી કંઇ અડચણ ન આવે તો ગ્રેજ્યુએટ થવાનો તો મારો નિશ્ચય છે અને હવે એક વર્ષ વચ્ચે આડું છે. સાંસારિક પ્રત્યવાય એટલામાં ન આવે તો બસ છે.'

'તમને સાંસારિક ખટપટ લાગી છે ?'

'ના, ના, એવી તો નહિ, પણ મારા પિતાજી વૃદ્ધ છે અને એ પાકું પાન ક્યારે ખરી પડશે, તે કંઇ કહેવાય ? એમ થાય તો અભ્યાસ મૂકીને મારે ઘરની સંભાળ લેવી પડે. મી. ચંદુલાલ, જાણોછોની કે-આપણી નાતના લોક કેવી સ્થિતિમાં છે ?'

'તે મારા જાણવામાં છે. પરંતુ મારો એવો અભિપ્રાય છે કે, ગરીબ છતાં ઘણાં કુટુંબો પોતાનાં બાળકોને સારી કેળવણી આપવા ધારે તો આપી શકે.'

'પરંતુ, તેઓ આ વિદ્યાથી અભડાય છે. એમની માગણ વિદ્યામાં હજી એમનાં પેટ ભરાય છે અને તેમાં તેઓ એવા રચીપચી ગયેલા છે કે વિદ્યા ભણવી એજ એમને રૂચતું નથી.'

આ વાતમાં ગુજરીએ ભંગ પાડ્યો. તેણે અંદર આવી કહ્યું કે- 'ચંદુભાઈ ! રસોઇ થઇ છે.' 'ચાલો, આવીએ બેન.' એમ કહી ચંદુ ખુરશી ઉપરથી ઉઠ્યો અને ગુજરી ગઇ.

'તમારાથી રસોડામાં અવાશે ?'

'હા, હવે મને ઠીક છે' કેશવચંદ્ર બેઠો થયો અને ચંદુનો હાથ પકડી રસોડામાં ગયો.

રસોડું નાનું ન હતું. ચાકરે બે પાટલા ઓઠવી જોડે જળપાત્ર મૂક્યાં હતાં. રસોઇઆએ બધું તૈયાર કરેલું હોવા છતાં ગુલાબવર્ણ સોળું પહેરી હાજર થઈ હતી. ઠાવકાઇથી તેણે ચટણી વગેરે પીરસી અને ચાકરે અબોટીયાં આપ્યાં તે પહેરી બેઉ

જુવાન જમવા બેઠા.

પુરૂષો અને રસોઇઆની વચ્ચે જરા દૂર એક પાટલા ઉપર ગુલાબવહુ સંકોરાઇને બેઠી અને વાત કરતાં પેલા જમવા લાગ્યા. થોડીવાર થઇ એટલે ચંદુલાલે પૂછ્યું કે—'બાપાજી હજી નથી આવ્યા ?' શરમાતાં શરમાતાં ગુલાબે જવાબ આપ્યો કે—'અગિઆર વાગે ગયા ત્યારે દાદીમાને કહેતા ગયા છે કે—આજે ડાયરેકટરોની સભા છે તેથી મોડું થશે.'

'હા, એ તો હું ભૂલીજ ગયો. કેશવચંદ્રનાં તમે ગુન્હેગાર થયાં છો, તેમાં મૌન લાગો છો ?

'ગુન્હેગાર તો ખરાંસ્તો. પોલિસમાં પકડાઇએ એવાં. એમની આંખમાંથી તો આંસુ નીકળી ગયાં હતાં.

કેશવચંદ્ર—અકસ્માતમાં કોઇ ગુન્હેગાર ગણાય નહિ એમ કહોની. 'એમ કહેવાય? અમારી ગાડીથી વાગ્યું તે કંઇ ખોટું.'

ચંદુલાલ—એમને ઓળખ્યા? એ તો વાણીઆ છે.

ગુલાબવહુ—જેવા તમે વાણીઆ તેવા એ.

કેશવચંદ્ર હસ્યો અને વરવહુનો વિનોદ પુરો થયો. જમીને તે દિવાનખાનામાં ગયા. થોડી વાર વાત કરી અને ચંદુલાલ કેશવચંદ્રને સુવા બેસવાનો ચાકર પાસે બરોબર બંદોબસ્ત કરાવરાવી મેડીએ ગયો.

રસોડામાંથી ઉઠી ગુલાબવહુ સાસુ અને વડસાસુની મંડળીમાં ગઇ. ત્યાં પણ કેશવચંદ્ર સંબંધી વાતોના તડાકા ચાલતા હતા. રામચંદ્રશેઠ આવ્યા ન હતા એટલે સઉ તેમની વાટ જોતાં બેઠાં હતાં. જમતી વખતે ગુલાબવહુએ કેશવચંદ્રની રીતભાતનું અવલોકન કર્યું હતું. સાસુ અને વડસાસુ આગળ તેનાં વખાણ કરતાં તેણે કહ્યું કે—'શરીર તો પાતળું છે પણ સ્વભાવે ઘણા ચંચળ—ચતુર છે. વિવેક અને રીતભાતમાં તો સુધરેલાંને પણ

ટક્કર મારે તેવા છે. વાત કરવાની ખુબી અને શીધો સ્વભાવ વગેરે જોઇ મને તો ખાતરી થઇ છે કે-એમના જેવો હોશિઆર સુધરેલો અને ભણેલો બીજો કોઈ આપણી નાતમાં ભાગ્યેજ હશે. આણી તરફના ઘણાયે આવે છે પણ તેમને જમતાંય આવડતું નથી. કોઇ બહુબોલા થઇ ચીબાવલા જેવી કૃત્રિમ ભાષા બોલી બોલીને આપણને હસાવે છે. તેઓ બોલવું ચાલવું ને બેસવું ઉઠવું વગેરે રીતભાતમાં તો કંઇ સમજતા જ નથી. આમનું કામ તો ઓર છે. મેં તો હમણાં જ જાણ્યું કે-એ આપણી નાતના છે. બા, ખીજશો નહિ, પણ મને તો એમ લાગે છે કે-ગજરાબાનાં ગોરમા ફળશે.'

'છાની રહે, એવું બોલીએ નહિ.'

ગુલાબ શરમાઇ ગઇ અને ગજરી આડું જોઇ ઓરડાની બહાર જતી રહી; એટલામાં વળી રામચંદ્ર શેઠ દાદર ચઢયા અને ગુલાબવહુ ઘુંઘટો તાણી દૂર ખશી ગઇ, તથા શેઠાણીએ પણ આડું ઓઢયું.

જીજી! તમે જમ્યાં નથી ?-રામચંદ્ર શેઠે આવતાંજ પૂછ્યું.

'તમારા વગર સઉ બેસી રહ્યાં છે. ચંદુ અને એક, આપણી નાતના કેશવચંદ્ર કરીને આવ્યા છે, તે બે જણ જમ્યા, ગજરી જમી નથી.' ડોશીએ ઉત્તર આપ્યો.

'ચાલો ત્યારે આપણે સઉ સાથે જમી લેઇએ' એમ કહી રામચંદ્ર શેઠ ડગલો ઉતારવા લાગ્યા અને ગજરી પાઘડી લેઇ ઠેકાણે મૂકી આવી.

સઉ સાથે જમવા બેઠાં. ત્યાં ડોશીએ કેશવચંદ્રની અથેતિ હકીકત કહી, તે સાંભળીને શેઠ દીલગીર થયા અને ચાકરને મોકલી તજવીજ કરાવી પણ તેની ઓરડી બંધ છે અને તે ઉંઘી ગયા હશે, એવું તેણે જણાવ્યાથી સવારે મળવાનું રાખ્યું. જમતાં જમતાં રામચંદ્ર શેઠ બોલ્યા કે-'જીજી! ચંદુ પાસ થાય એમ

લાગે છે. એના સાહેબ આજ મળ્યા હતા, તેમણે કહ્યું કે-આશા છે.

'ઈશ્વર એટલું કરી નાંખે તો ગંગા નાહ્યાં. ત્રણ ત્રણ વર્ષ થયાં છોકરો પાસ જ થતો નથી, એ તે પરીક્ષાઓ વળી કેવી ? ગોખી ગોખીને તો બિચારો અડધો થઇ ગયો. તે દિવસે જેકોરવહુએ મને કહ્યું કે-ચંદુ વાંચે છે, ત્યારે બે વાગ્યા હતા. છોકરાં ઊંઘે શું અને વાંચે શું ?

જેકોર શેઠાણી—જીજી ! તમે લડો તેમાં હું તો કહેતી નહિ, પણ કોઈ કોઇ વાર તો રડયું આખી રાત વાંચવાનું ચાલતું અને સવારે બિચારાની આંખો ફૂલી જતી.

શેઠ—મહેનત વગર ફળ કયાં છે? એનો તો શો અભ્યાસ છે? બી. એ. થનારાઓને એક કબાટ ભરાય એટલી ચોપડીઓ વાંચવી પડે છે અને કઠણમાં કઠણ જુદા જુદા ચાર પાંચ વિષયો હોય છે. ચંદુને તો મેં એટલા સારૂં વૈદકમાં નાખ્યો છે.

ડોશી—અમારા વખતમાં એ કશુંએ ન હતું.

ગજરી—દાદીમા ! ત્યારે તમારા વખતમાં આવી સાહ્યબીએ ક્યારે હતી ?

ડોશી—સાહ્યબીનાં શરીર જોને ? તારા બાપના અને ભાઇના શરીરમાં કંઇ ફેર છે? મહેનત કરવી, રળવું અને ભણવું, બધુંએ ખરૂં, પણ આ ભણતરથી તો તોબા ! !

ગજરી એક કોરે ગુલાબના ઘુંઘટામાં મોં ઘાલી ધીરેથી બોલી કે-ડૉક્તર સાહેબનાં ધણિઆણી ! પાસ થશે ત્યારે મને શું આપશો ?

ગુલાબ—હજી પાસ તો થવાં ઘો.

કાલે સાંજે પાસ થશે અને તરત વધામણી લઇશ. એની એ ઘડીએ, આજર નહિ કરૂં.

જેકાર શેઠાણી ગજરીનાં વચન સાંભળી બોલ્યાં કે 'જીજી! જોયું, ગજરી પણ એની ભાભી પાસે વધામણી લેવાની કબુલાત કરાવે છે.' 'ગામમાં પેઠાના સાંસા ને પટેલને ઘેર ઉનાં પાણી.'

ગજરી—સાંસા બાંસા બોલીશ માં. કાલે સાંજે ભાઇ પાસ થયાના ખબર આવ્યા જ જાણજે.

'ખબર આવે ત્યારે ઇનામ લેજે–' શેઠ જમીને બહાર જતાં બોલ્યા. હવે રસોડામાં સ્ત્રી મંડળ જ રહ્યું; તેમાં નણંદે ભાભીને કબુલ કરાવવા માંડયું.

જેકાર—વહુ એને વધામણીની વસ્તુનું નામ પાડો. લાડકી નણંદ હોય તે માગે તો ખરીસ્તો. ગજરીને શૂર ચઢયું.

ગુલાબ—મારો હાર આપીશ જાઓ, ખુશી થાઓ.

જેકાર શેઠાણી—તારી ભાભીએ ખરેખરી ઉદારતા દેખાડી. હવે ઇશ્વરની સ્તુતિ કરજે કે ચંદુભાઇ પાસ થાય.

'એટલા લાભ માટે કંઇ સ્તુતિ કરવાની છે? હું તો હંમેશાં મારા ચંદુભાઇના સારા માટે સ્તુતિ કરૂં છું. ચંદુભાઇ અને ભાભી પાસેથી તો ઇશ્વર કરશે તો એક વર્ષ દહાડામાં આથીએ ઘણું મોટું અને હકનું ઇનામ લઇશ.'

જેકાર શેઠાણી અને ગુલાબની આંખ એક થઇ, બેઉના મુખ ઉપર અવર્ણનીય હાસ્ય પ્રગટયું. ગુલાબે નીચું જોયું, અને શેઠાણી જરાક મોટેથી હસી હાથ ધોઇ ઉભાં થયાં. રસોડામાંથી સ્ત્રીમંડળ વેરાયું. ડોશીને પુરાણ સંભળાવવા માટે પુરાણી આવ્યા. જેકાર શેઠાણી અને શેઠ પણ તે સાંભળવા બેઠાં. દશ અગિઆરે કથા પુરી થઈ અને સઉ સુઇ ગયાં.

ગજરી પથારીમાં સુતી એટલે તેને કંઇક નવું નવું મનમાં ઉંડો હર્ષ કરતું હોય એવું લાગવા માંડ્યું. ઘરનાં તમામ માણસો નવા આવેલા વિદ્યાર્થી સંબંધી મનમાં ને મનમાં વિચાર

કરતાં નિદ્રાવશ થયાં. બીજે દિવસે સવારે રામચંદ્ર શેઠે કેશવચંદ્રને મટતાં સુધી પોતાને ત્યાં રહેવાનું કહ્યું અને કોલેજમાં જવા આવવાને ગાડીનો બંદોબસ્ત કરી આપ્યો. શેઠના મનમાં તેને માટે સારો વિચાર ઉત્પન્ન થયો હતો. ચંદુલાલે દરદીની ખબર લીધી, પાટો છોડીને નવો બાંધ્યો અને કેટલીક વાર વાતો કરી. કેશવચંદ્રથી હવે પગ નીચે મુકાવા માંડ્યો. રાતવાળા ઓસડથી તે લાકડીને ટેકે ઉભો થવા જેટલો હોંશિયાર થયો હતો. કોલેજમાં ગયા વગર ચાલે એમ ન હતું, કારણ કે, અભ્યાસાવધિના મુકરર દિવસોમાં ખોટ પડે એમ હતું.

પ્રકરણ ૩ જું.

આનંદમાં આનંદ.

રામચંદ્ર શેઠના ઘરમાં હાલ કોઇ નિશાળે કે ઓફિસે જનાર નહિ હોવાથી સવારમાં મોડું જમણ થતું, પણ આજ તે વહેલું તૈયાર કરવાનો રસોઇઆને હુકમ મળ્યો. નવ સાડા નવને અમલે રસોઇ થઇ. શેઠ કે ચંદુલાલ કોઇ ઘેર હતા નહિ. જેકોર શેઠાણીએ કેશવચંદ્રને આગ્રહ કરી જમવા બેસાર્યો. પોતે તેની રીતભાત જોવા તથા સ્વાર્થને યોગ્ય કેટલીક વિગત પૂછી લેવા પીરસવા રહ્યાં. શેઠાણીએ આગ્રહ કરી તેને જમાડ્યો અને વિવાહને માટે જોઇતી સઘળી વિગત ધીરે ધીરે પૂછી લીધી. ગુજરી માટે આ ખરેખરો વર છે, એમ કરાય તેટલી ખાતરી કરી. શેઠાણીની પૂછવાની ઢબ અને કેશવચંદ્રની વિગતે જવાબ આપવાની રીતથી જાણવાનું સર્વ જણાયું. તે જમી રહ્યો અને કપડાં પહેરી તૈયાર થયો ત્યાર સોરી ગાડી તૈયાર થઇ આવી. શેઠાણીએ હવે મનથી તેને જમાઇ માની લીધો અને અંતર

આનંદ પામ્યું. શરીરનું આરોગ્ય, ઉમ્મર, કુળ અને વિદ્યા એ સઘળું પોતાની બરોબરીનું જણાયું; કોઇને કંઈ વાંધો કાઢવાનું રહે એવું ન રહ્યું. ચંદુની પ્રીતિમાં કેશવચંદ્રે જાણે અત્યારે જ ભાગ પાડયો, અને પહેલે દિવસે જ શેઠાણીના મનમાં પક્ષપાત થયો. કેશવચંદ્ર નીચે ઉતર્યો, શેઠાણી તેની પાછળ નીચે ગયાં અને ગાડીવાળાને કહ્યું કે–એમને સંભાળીને કોલેજમાં મૂકી આવજે, અને એ જેટલે વાગે કહે તેટલે વાગે ગાડી પાછી ત્યાં લઇ જઇ તેમને પાછા લઇ આવજે. વળી કેશવચંદ્રને કહ્યું કે–કેશવચંદ્ર! ભૈયાને મોકલું, કોલેજની સીડી તમારાથી ચઢાશે? ના હોય તો બે દિવસની રજા લેતા આવજો. પગ ખેંચીને ચાલતાં હરાન થવાશે. કેશવચન્દ્રે કહ્યું કે–ભૈયાની જરૂર નથી અને આવતી કાલે તથા પરમ દિવસે રજાઓ છે. પેલા દહાડાની વાત પેલે દહાડે. જાઓ ત્યારે. શેઠાણી ઉપર ચઢયાં અને ગાડીવાળાએ કોટ તરફ ગાડી હંકારી.

અગિયાર બાર વાગે ઘર કામ સમાપ્ત થયું અને શેઠ તથા ચંદુલાલ જમીને બહાર નીકળી ગયા. જેકોર જમીને સાસુ પાસે ગયાં. ડોશીએ તથા વહુએ કેશવચંદ્ર સંબંધી ઘણીવાર સુધી વાતો કરી. જેકોરે કહેલું વૃતાંત સાંભળી ડોશી બોલી કે–'નક્કી' હવે કોઇને કંઇ પૂછવા જેવું નથી. હું સર્વને ઓળખું છું. એનું કુટુંબ આપણી નાતના માન પ્રમાણે ખાનદાન છે. એના પેલા વડવાને કડી પરગણામાં અધિકાર હતો અને જુના વખતમાં તેણે બે પૈસા એકઠા કર્યા હતા તે ચઢાઉ હતો. તેણે નાતો જાતો અને લહાણું કરી કરીને બધું ઉડાડી દીધું હતું. મેં એના વડવાના લહાણાનાં વાસણ વાપરેલાં છે. નાતો અને લહાણામાં પૈસો વેરાયો અને છોકરો નહિ એટલે ગામડામાં બાપા કહેવાયા. અફીણ ગળે પડયું તેમાં સઘળું જતું રહ્યું અને છેક પાંસઠ વર્ષની વયે છોકરાની આશાએ ફરી પરણ્યા. ઈશ્વરે વંશ રાખ્યો. કેશવચંદ્રનો બાપ થયો અને ડોસો મોટી વયે મરી ગયો.

દેવાદારોએ ઘરબાર લઇ લીધાં અને નવીવહુ તથા છોકરાં હલેતાં હોવાથી નાનમ આવવા ગઇ. પડી એટલે તો પડીસ્તો, વાગેલામાં વાગે–તેમ દેવાદારોએ ગામમાંથી પણ કાઢયાં અને સર્વસ્વ લઇ લીધું. નવીએ પીએરમાં છોકરાને મોટો કર્યો અને મામાએ બેનનું મન રાખવા તેના કુટુંબના મોભા પ્રમાણે ખરચ કરીને ભાણેજને પરણાવ્યો. વહુ ! તેં કહ્યું એટલે મેં એ તો સઘળું જાણ્યું. ઘરબારનાં તો દુઃખી એમાં ફેર નહિ, પણ કુળવાન ને ખાનદાન જેવાં તેવાં નહિ. એમનો દહાડો પાધરો હોય અને આપણે પૂછવા ગયાં હોઇએ તો ના પાડે ? કેશવચંદ્રને બીજાં નાનાં મોટાં ભાઇ બેન છે ? 'હા નાનો ભાઇ અને તેથી નાની બેન છે. ઘરડો બાપ અને ઓરમાન મા છે. નાનો ભાઈ ત્યાં અને પોતે અહીં શેઠીઆ લોકને આશ્રયે અભ્યાસ કરે છે.'

'ત્યારે ઠીક છે. રામચંદ્રને હું કહીશ અને તમે નક્કી કરી નાખો. કરકરૂં છોકરું આજના વખતમાં કુંવારું રહેતું નથી. ઉંઘમાં ઉંઘશો તો જીતી બાજી હારશો. તમે ધણીધણિયાણી હવે કંઇ નાનાં છો ? કાલે છોકરાંને ત્યાં છોકરાં થશે અને હું ક્યાં સુધી બેસી રહેવાની છું. વિચાર કરજો અને વહુને મોઢે વાત પણ કરાવજો. રામચંદ્રને ઠીક લાગે તો એના બાપ ઉપર એકાદ પત્ર પણ લખાવજો. જોજે ભૂલતી, તારી ગજરી બીજે ઠેકાણે સમાશે નહિ. મુંબઇમાં ઉછરેલાં છોકરાં ગામડામાં સમાતાં નથી અને ન સમાય તેમાંએ નવાઈ નથી. મુંબઈમાં ઉછરતાં છોકરાંએ માત્ર સુખ જ જોયેલું હોય છે. તેઓ ગામડાની રાહ રીતભાતમાં રહી શકતાં નથી. ત્યાંની રીતભાત અને ટુંકામાં કહીએ તો સઘળી જાતનો વ્યવસાય તેમને પસંદ પડતો જ નથી. ત્યાં તેમને ગમતું નથી અને ઘણાંને તો ત્યાંનું અનાજ મોંમાં પણ પેસતું નથી. વહુ ! તારી ગજરી તો તેમાં વળી ઓર જ છે. તમે એને લડાવવામાં બાકી રાખી નથી. શેક્યો પાપડ પણ એનાથી ભાગે એમ નથી. મારા મત પ્રમાણે ચાલો તો, આ બાબત

નક્કી કરી નાંખીએ, નહિ તો પશ્ચાત્તાપ થશે. હવે શું ગજરી તમને નાની લાગે છે? તમારા સુધારા તે કેવા? મોટું બૈરૂં કરીને પરણાવવું? અમારાથી તો એ જુની આંખે નવા તમાસા જોવાતા નથી. રામચંદ્ર બહાર ફરે અને દક્ષિણીઓની સુધારાવાળી સોબતમાં રહે, તે એમ ધારે, પણ જેકોર વહુ! તુંય સમજતી નથી? દેશ છોડીએ પણ દેશાચાલ છોડીએ? ગજરીને લઇને ખંભાત ગયાં હોઇએ તો લોક ચુંટી ખાય! ખરૂં કહું તો મને ઉંઘે આવતી નથી અને તમારી ઉપર ઘણી વાર મને કદાપો આવે છે. તમે મોટા વર પસંદ કરો છો, તો આ મોટો છે, ત્યારે હવે વિચાર શો?'

ઘરડાં સાસુનું આ લાંબું ભાષણ સાંભળી જેકોરશેઠાણીને એમ થઇ ગયું કે—જો લગન હોય તો હમણાં જ વિવાહમંગળ કરાવે, પણ શું કરે! હજી તો ચોમાસું હતું. તે નમ્ર થઇ બોલ્યાં કે—'બા! તમે જીવો છો ત્યાં સુધી અમારે શા માટે ચિંતા રાખવી? તમે છો ત્યાં સુધી અમે તમારી આગળ છોકરાં તો? તમે વિચાર કરો અને જેને કહેવું યોગ્ય લાગે તેને કહો. હું તો પહોર સુરત ગઈ અને ત્યાં કેટલાંકે ગજરીના વિવાહ માટે મને ઠપકો દીધો; ત્યારની રોજ કહું છું પણ મને સાંભળે છે કોણ? તમે આજ બોલ્યાં, બાકી ક્યારે એ સંબંધી એમને કહો છો? તમે નહિ કહો તો કોણ કહેશે? હું કહું છું ત્યારે કહે છે કે 'જીજી એની મેળે ગોઠવણ કરતી હશે જ. તું શું કામ ચિંતા કરે છે? આપણી એને ચિંતા છે તો ગજરીને માટે એને કંઈ વિચાર નહિ આવતો હોય?' એ કંઈ પણ લાડ લડાવે કે હું તો કહું કે જમાઇને મીલમાં બે ચાર આનીનો ભાગ ઘાલી આપવાના છો, તે છોકરીને ફટાડો છો! અને હસી કાઢે કે 'એનું ભાગ્ય એની પાસે છે.' ગુલાબવહુ, મંજુ વગેરેને જોઇએ તે મળે, ત્યારે નાનામાં નાની ગજરીને કેમ ના કહેવાય? મંજુની વહુએ હારમોનિયમ શીખવા માંડ્યું ત્યારે

મેં કહ્યું કે–'ગજરી ! તું એવું કંઈ શીખતી બીખતી નહિ. તને હારમોનિઅમવાળું સાસરું નહિ મળે ' બે ત્રણ દિવસ તે ચંદુની મેડીએ ગઈ નહિ, પણ ગુલાબવહુ ગાય તે એનાથી સંભળાય ? એક દહાડો મેડીએ ગઇ અને વહુએ કહ્યું કે–'ગજરાબા ! જુઓ હું તમને સુરમિલાવટ શીખવું" એટલે રોઇ પડી અને મારાં બોલાં વચન સંભારી ડુસકે ચઢી. વહુએ એનો સસરો બેઠા હતા ને એ વાત કહી, ત્યારે એવડા મોટાની આંખમાં ઝળઝળીઆં આવી ગયાં. મને કહે કે 'આ સુખ વૈભવમાં ઉછેરેલી છોકરીને કુવામાં નાખવી પડશે, એમ જ્યારે મને વિચાર આવે છે ત્યારે મારું લોહી બળી જાય છે. જીજીને કહેજો કે–અકુળવાન તો અકુળવાન, પણ કોઇ જરા જીવવાળો વર શોધી કાઢે ?' જીજી ! અમે તમારા છત્રમાં નાતજાતનું શું જાણ્યું છે ? અને ગજરી પરણાવતાં સુધી ઈશ્વર તમને જીવાડે, તો પછી અમારે તેવી બાબતો જાણવાનીએ શી જરૂર છે ? તમે તમારી મેળે સાંજે એ આવે, એટલે તેમને બોલાવી મને કહ્યું તેમ સર્વ કહેજો.'

જેકોરશેઠાણીએ સાસુને સારૂં લગાડી આઘેડ વયે ઘરડાં સાસુ આગળ પોતાનું અજાણપણું દેખાડી નાની વહુના જેવો લહાવો લીધો. ડોશીને સારું લાગ્યું અને બારણે ચાર વાગ્યા. શેઠાણી ઉઠી દર્શન કરવા ગયાં, અને ગુલાબ મેડીએથી ઉતરી સાંજની રસોઇ કરાવવાની ખટપટમાં પડી.

આજ ચંદુલાલનો રિઝલ્ટ જણાવાનો છે તે આપણે ભૂલી જવાનું નથી. 'રસોઇમાં કંઇ નવા જુની કરવી પડશે,' એમ છોક આવતાં ગુલાબવહુ મનમાં બોલી, ખુશ થઇ અને રસોઇઆને બાધે ભારે કહેવા લાગી કે–'ભટ ! રોટલીનો લોટ બાંધશો નહિ. શેઠ આવશે ત્યારે હું તમને કહી જઇશ. રોટલી કરવાના નહિ ઠરે ? 'હું તે જાણું છું શેઠાણી, ચંદુભાઇ આજ પાસ થવાના છે તેમાં, નહિ વારૂ ?' 'હા, એમસ્તો.' 'શેઠાણી ! મને પણ કંઇ ઇનામ અપાવજો. મેં ભાઇની બહુ સેવા બજાવી છે'

'ઠીક છે.' એમ કહી ખુશ મીજાજથી એક ખુરશી મંગાવી તે રસોડાની બારીએ બેઠી. તેણે માર્ગ તરફ જોવા માંડયું, ક્ષણ પર ક્ષણ તેને વધારે અને વધારે આતુર બનાવતી ગઈ. મોટાં શેઠાણીએ દર્શન કરી આવી ગુલાબને બોલાવી. સઉ દિવાનખાનામાં એકઠાં થયાં. મોટી ઘડિઆળમાં ૭ વાગ્યા. 'હજી કંઇ જણાયું નહિ હોય ગુજરી?' જેકોરે પ્રશ્ન કર્યો. 'મેટ્રીક વગેરેનાં પરિણામ મોડાં જણાય છે અને આ તો હમેશાં ત્રણ ચાર વાગે જણાય છે. હમણાં ખબર આપશે. મારા પિતાજી ત્યાંજ ગયા હશે અને હું તો ધારૂં છું કે પહેલવહેલા એજ આવશે. હમણાં જણાશે.' તારી ભાભીએ ઇનામ કાઢી રાખ્યું છે કે નહિ?'

'એ તો એમણે પહેરેલુંજ છે.'

આ બોલ હજી તો ગજરીના મુખમાં હતા, એટલામાં ગાડીનો ઘડઘડાટ સંભળાયો. એકદમ દબડ ધબડ કરતી તે નીચે ગઇ. જેકોર શેઠાણી દાદર ઉપર જઇ ઉભાં અને ગુલાબ ત્રીજા માળના દાદર આગળ સંકોરાઇને એક કોરે ઉભી રહી.

ગજરીને નીચે ઉતરતી જોઇ રામચંદ્રશેઠ બોલ્યા કે—' બેન ! પાસ.' તરત તે પાછી વળી. શેઠ, કેશવચંદ્ર અને ચંદુલાલ તેની પાછળ દાદર ચઢયા. ગજરીએ એનો બાને અને દાદીને આ શુભ સમાચારનો વધામણા ખાધી, એટલામાં શેઠ અને કેશવચંદ્ર દિવાનખાનામાં પેઠા તેનો લાભ લઇ ચંદુલાલે, પોતાના હાથમાંની છડી ગુલાબ વહુને આપતાં કહ્યું કે ' હવે બસ, તમારૂં ધાર્યું થયું, ખુશ થાઓ.'

' તમારી ખુશીએ હું ખુશીજ છું.' એમ કહી છડી લઇ ગુલાબની બે ત્રણ પાંદડીઓ ચુંટી વરને વધાવતી હોય તેમ તેણે તેની ઉપર નાખી. રામચંદ્રશેઠ પાઘડી મુકી ડોશી પાસે જવા દિવાનખાનામાંથી પાછા નીકળતા જણાયા તેથી દંપતી અલ્પ પણ અત્યંત આનંદના વાત કરી છૂટાં પડયાં.

જેકોર શેઠાણી ડોશીના ઓરડામાં બેઠાં હતાં ત્યાં આવી એક ખુરસી ઉપર બેસતાં તે બોલ્યા કે—' જીજી ! ચંદુલાલ પાસ થયો ને નિરાંત થઈ. હવે એ એને ધંધે વળગશે. '

' હા, જેકોરવહુએ મને કહ્યું. ચાલો મનેય નિરાંત થઈ. ચંદુ ક્યાં ગયો ? હજી નથી આવ્યો ? '

' આવ્યો છે. '

જેકોરે બૂમ પાડી કે–' ચંદુલાલ અરે ગુલાબવહુ ! અહીં આવો. ગજરી ! જા ભટને કહે કે કંસાર કરે.'

ગજરી હરખભેર દોડતી રસોડા તરફ ગઈ અને પેલાં ધણી ધણિયાણી ઓરડામાં પેઠાં.

' જીજીને પગે પડો.' જેકોરે કહ્યું.

શરમાતાં શરમાતાં આગમચેરમાં બેઠેલી ડોશીની આગળ જઇ બંનએ મસ્તક નમાવ્યા અને તેણે માથે હાથ મૂકી આશીર્વાદ દીધો. દાદીના પાસે જમીન ઉપર ચંદુલાલ બેઠો અને ગુલાબવહુ અંદરના બારણા આગળ જેકોર શેઠાણી બેઠાં હતાં ત્યાં જઇ ઘુંઘટો કાઢી ઉભી રહી.

રસોઇઆને કહી ગજરી પાછી આવી. આવતાં વાંત તે બોલી કે–' જીજી ! મારાં ભાભી ક્યાં ગયાં ?' ઓરડામાં નજર ફેરવી અને ગુલાબને જેકોરની પાછળ ઉભેલી જોઇ તેની પાસે જઈ બોલી કેઃ–

" ભાભી ! પાસ થયા ચંદુભાઇરે;
મને આપો વધાઇ.
મેળવ્યું ' આર્ટ્ઝ ' પેલા નંબરનું,
સરસ કરી સરસાઇરે, ભાભી આપો વધાઇ. "

ગુલાબે પેલી છડી આગળ ધરી ધીરેથી કહ્યું કે–' પાસ

ચયાની વધામણીમાં મને આ છડી મળી છે. હું તમને તે આપું, લ્યો.'

છડીને નીચે નાખી દેતાં ગજરી બોલી કે:-

" બોલેલો બોલ પળો મારાં ભાભી,
આ, હાર આપો હરખાઇરે, ઝટ આપો વધાઇ.
વડીલમાં વરની ને ઘરમાં ગોરીની,
વાધી વિશેષ વડાઇરે, ભાભી આપો વધાઈ. "

આપનારે મને છડી આપી, પણ મારાથી તેમ થાય ? લ્યો, આ હાર અને પહેલા માસની રીએ તમને અપાવીશ. તમારાથી અને તમારી વધામણીથી મને શું વધારે છે ?'

' થેંકસ, ભાભીસાહેબ, થેંકસ !' ગજરી મંડળીમાં આવી ઉભી અને સઉ હસી પડયાં.

' જીજી ! વહુ મારા જેવી નથી. આ ત્રણ છોકરાં ઉદાર છે. આપણાથી આટ આટલું છે પણ આવી ઉદારતા બતાવી શકાતી નથી, અને આમને તેમ કરતાં વાર લાગતી નથી.'

ગજરી—ઘરમાં ઉદારતા શી ? ભાઈ ભોજાઇ મને કંઇ આપે, એને તું ઉદારતા કહે છે ?

' ના, બેન, ના. '

રામચંદ્ર—એ હારને તું ઠેકાણે રાખજે. ઘરના ઘરેણામાં ભળ્યો તો પછી ભળ્યો જ !

ગજરી—એમ કેમ બને ? મારી બાને સોંપવાનો નથી. મારાં ભાભીની પેટીમાં રખાવીશ.

' તારી બા કરતાં તારી ભાભી વધી ?' ડોશી ખુરસીમાંથી ઉંચી થઇ બોલી.

'જીજી ! મારી બા તો પાકી ઘંટ છે. ભાભીને તો જેમ કહીએ તેમ થાય. બાના ઉપર કંઇ હુકમ કરાય ? અને ના આપે તો એની સામે ફરિયાદ પણ કોને કરીએ ? ભાભીને તો હાલને હાલ ઉભે ઉભે હુકમબંધ આપણે લઇ શકીએ, અને એમના શા ભાર છે કે ના પાડે ? કદી અરજ કરવી પડે તોપણ એમની સામે તો, ભાઇ આગળ, બા આગળ, બાપાજી આગળ અને તમારી આગળ ફરિયાદ કરાય. ભાભી સામે કેટલી બધી કોરટો ઉઘાડી !'

ડોશીએ કહ્યું કે–' ઠીક ઠીક, નણંદ ભોજાઇ વચ્ચે નિરંતર આવોજ પ્રેમ રાખીએ. જ્યાં સંપ ત્યાં જંપ. લોકના ઘરમાં નણંદ ભોજાઇ અને ઉંદર બિલાડી. કેવો કંકાસ ! આપણા ઘરમાં તને અને તારી ભાભીને સુખરૂપ હસતાં બોલતાં જોઇ મારો જીવાત્મા પરમ આનંદ પામે છે. મારા રામચંદ્રના કુટુંબમાં આવો સંપીલો આનંદોત્સવ સર્વદા રહેજો, એમ હું ઇચ્છું છું. તારી માની સહનશીલતાનેય ધન્ય છે. એને એની નણંદે કેટલીક વાર વિતાડેલું પણ એણે કોઇ દહાડો મને કશું કહ્યું નથી. મેંય એને એવે વખતે તો કંઇ કહ્યું હશે, પણ એણે સઘળું અમૃતના ઘુંટની પેઠે પેટમાં જ ઉતારી દીધેલું.'

પોતાનાં વખાણ સાંભળી જેકોરના મનમાં ઘરડી સાસુ માટે ઉમળકો આવ્યો અને વચમાં જ તે બોલી ઉઠયાં કે-' બા, છોકરાંની આગળ શું કહેતાં હશો ? તમારા હાથ નીચે મને જે સુખ મળ્યું છે તેનો મારાથી બદલો વળાય તેમ નથી. તમે મારાં વખાણ કરો, તે મને શરમ લાગે છે. ' રામચંદ્ર તરફ આંગળી કરીને ' આવાં માણસ અને ગંગાસ્વરૂપ આવાં સાસુની તો હું જેટલી સેવા કરૂં તેટલી ઓછી છે.'

રામચંદ્ર—હશે. હવે જમવાની કેટલી વાર છે ? કોઈ આવવાનું છે ?

જેહાર—જીજી ! અત્યારે કોને જમવાનું કહ્યું હોય ? દોસ્તદારોને તો ચંદુ જુદી જ મીજબાની આપશે, અને અહીં સગું કોણ છે કે જેને કહીએ? દેશની વાત તો જુદીસ્તો ! અસકે ને ઠસકે જમાઇને જમવા તેડીનેય લ્હાવો લેવાય ? અહીં શું ?

' ઇશ્વરે અહીંએ આજ તને એવો પ્રસંગ આણી આપ્યો છે.'

' ચંદુ ! જા કેશવચંદ્રને કહે તે નહાય. '

રામચંદ્ર બેઠા હતા તેથી નક્કી કરી લેવરાવવાનો પ્રસંગ જેહારે અત્રે સાધ્યો. ચંદુલાલ ઉઠીને દિવાનખાનામાં ગયો તેની પાછળ ગુલાબ વહુએ ગઇ. ગજરી અધીરા અંતઃકરણે છોકરવાદ દેખાડતી ઉભી રહી, પણ—

' ગજરી, તુંએ જા, તારી ભાભીને એકલાં ફાવશે નહિં. '

ગજરી હવે બહાર નીકળી, પણ રસોડામાં ગઇ નહિ. ચંદુલાલ, કેશવચંદ્ર અને ગુલાબ રસોડા તરફ ગયાં, ત્યારે દિવાનખાનાની બારી આગળ આનંદથી ઘેલી કુમારિકા ઓરડામાં થતી વાતચીત સાંભળવા ઉભી રહી.

ઓરડામાં જેહાર શેઠાણીએ એકાંત જોઇ વાત ઉપાડી કે—
' બા ! મને કહેતાં હતાં તે હવે કહો ? આ એ એકાંતમાં છે.'

' એને મારે કંઇ કહેવાનું નથી. જા, તું તારી મેળે જમાઇને જમવા તેડયો હોય એવા ઉમળકાથી એને જમાડ. રામચંદ્ર, આ વર આપણે કામનો છે. '

' ત્યારે ઠીક. કરી નાખીએ. '

' તું કંઇ તજવીજ કરજે. '

' મને કંઇ નહિ સમજ પડે, જીજી ! '

' વારુ હું કહું તેમ કાગળ તો લખીશને '

' હા '—

જેકોર—જીજી ! હામાં ને હામાં, આ લાગ જતો રહેશે અને બીજે ક્યાંહી નજર પહોંચતી નથી. પછી તમે જાણો.

' જેકોરવહુ, હવે ચિંતા કરીશ નહિ. '

રામચંદ્ર—' મને સવારથી એ વિચાર આવ્યો છે. તમને પસંદ પડયો એટલે થયું. જીજી ! તું કહીશ ત્યારે એના બાપ ઉપર આપણે કાગળ લખીશું. '

' કાલે સવારે. તમારૂં બહુ સોસળું કામ છે, જેકોર શેઠાણી જરા તેજ થઇ બોલ્યાં. '

રામચંદ્ર—ઠીક, એમ. જીજી કહે તો અત્યારે.

' ઠીક છે વિચાર કરીશું. જાઓ જમી લ્યો. ત્રણે જણ સાથે બેસીને જમો. કાલે એ ને ચંદુ જમ્યા હતા. સવારે એ એકલો અને અત્યારે પણ ચંદુ અને એ જમે તે ઠીક નહિ. તું એમની સાથે બેસ. ' જેકોરને—' જા તુંએ લહાવો લે. '

પ્રસન્ન મનથી જેકોર શેઠાણી ઉઠયાં અને રામચંદ્રશેઠ નહાવા ગયા. ગુલાબને બોલાવી અથાણું ચટણી વગેરે પીરસાવ્યાં પછી કહ્યું કે ' હું પીરસવા રહું છું. તમારા સસરાજી જમવા બેસે છે, માટે તમે જાઓ, પાન બીડાં તૈયાર કરો. '

શેઠાણી સોળું પહેરી રસોડામાં આવ્યાં અને ગુલાબ દિવાનખાના આગળ ગઈ ત્યારે—અંદર મોટા મોટા હીંચકા ખાતી ગજરી, ઝીણે અને મધુરે આનંદ ભર્યે રાગે ગાતી હતી. ગુલાબ ક્ષણ ભર બારણામાં ઉભી રહી. પુંઠ હતી એટલે ગજરીએ ભાભીને દીઠી નહિ. ભાઇના પાસ થવાથી અને ઓરડામાં થયેલા પેલા ઠરાવથી ગજરીનો જીવ આનંદમાં હતો. હીંચકો તેને અત્યંત આનંદનાં મોજાંમાં ઝુલાવતો અને ધીરા ઝીણા રાગને આંદોલનથી ઘુંટતો વધતો જતો હતો. ઝ્યાને યોગ્ય કવિતા યાદ આવી હતી અને એની એજ ટૂંકો

હીંચકાના વેગ સાથે વધારે રમણીય થતી હતી. ગુલાબ નણંદના મનનો આનંદ અપરોક્ષ અનુભવતી ઉભી રહી અને નણંદ રાધકાજીના સ્વપ્નનો પેલો રમણીય પ્રસંગ પોતાપર લાગુ પાડી ગાતી જ રહી કેઃ—

" માતાજીરે ! આજે આનંદ મારે અંગેરે,
માતાજીરે ! આજે આનંદ મારે અંગેરે.
માતાજીરે ! રૂપવંતો ગુણવંતો હું નીરખુરે,
આજે આનંદ મારે અંગેરે.
માતાજીરે ! તેં જાણે જમાઈ તેડ્યો જમવાને,
હું લજવાણી ગઇ રમવાને,
આજે આનંદ મારે અંગેરે.
માતાજીરે ! આજે આનંદ મારે અંગેરે.
તેં જાણે જમાઇ તેડ્યો જમવારે.
હું લજવાણી ગઇ રમવાને,
આજે આનંદ મારે અંગેરે. "

ગુજરી ગાનમાં મસ્ત બની ગઇ અને એની એ કડીઓ બાલાતાપની માફક એના હૃદયપદ્મને વધારે અને વધારે પ્રફુલ્લ કરતી ગઈ. આખરે ગુલાબ અંદર ગઇ અને બોલી કે–' બેન ! કેવો મજેનો પ્રસંગ છે. કવિઓ જે મનુષ્યોનાં હૃદય ચીતરે છે તે આનું નામ ! તમે મારી પાસેથી ઇનામ લીધું ને હાલ મારે ઇનામ માગવાનો પ્રસંગ છે નહિ વારૂ ? કન્યા શરમાઇ ગઇ. પગ ઘસરડી હીંચકાના વેગને નરમ પાડી તે ઉભી થઈ. ' ભાભી ! હું ગાતી હતી તે બહાર સંભળાતું હતું ?'

આખો હોલ ગાજી રહ્યો હતો. તમે તાનમાં લીન થઇ ગયાં હતાં એટલે ખબર નહિ રહી હોય ? પણ વાત ઉડાવી દેવાની નથી, બોલો, ઇનામનું શું કહો છો ?

'તમારાથી ઇનામ મંગાય ? ઈનામ માગનારો હોત અને માગ્યું હોત તો આવ આવડું આપત.' એમ કહીને ગજરીએ તેના ખભા ઉપર ટપલી મારી.

"બહુ આનંદમાં જો જો ઘેલાં ના થઇ જાઓ ?"

"ભાભી ! તમેય આમ મશ્કરી કરો છો ? શું છે તે ?"

"કંઈ નહિ. ચાલો આપણે પાન બનાવીએ ?"

બેઉ ગાલીચા ઉપર બેસી પાન કરવા લાગ્યાં. કેટલીક વાર સુધી મૌન રહ્યું, પછી ગુલાબ બોલી કે–' બા, એ તો પ્રેમનો ઉમળકો બંધાયને સરખો હોય ? મશ્કરી ના કરીએ ? તે દહાડે તમારા ભાઇ માથેરાનથી આવ્યા ત્યારે તમે મને કેવી બનાવી હતી ? હવે એ બધાય અનુભવ તમને થશે ? કહ્યું છે ને કે–

"રામબાણ વાગ્યાં હોય તે જાણે,
અજાણ્યાં તો અંદેશા આણે,
રામબાણ વાગ્યાં હોય તે જાણે."

ગજરી છોભી પડી. તેને કંઇક વિમાસણ થઇ. તે નીચું જોઇ ગઇ; એટલે ગુલાબ બોલી કે–' શરમાઓ છો શું કરવા? હોય, એવું એ થાય ? કોઇએ બહાર કંઇ જ સાંભળ્યું નથી, પણ બોલીએ નહિ, એ તો હજી આપણા અંતરની વાત છે.'

'ત્યારે નએ થાયને ?'

'મારાથી કેમ કહેવાય ?'

ગરીબ મુખે નમી પડતી હોય તેમ ગજરી બોલી કે–ભાભી ! એ બાબત તમે બંધ બેસાડજો. મારા સમ તમે તમારાથી થાય તેટલો યત્ન કરજો. બાને અને જીજીને કહેજો. ભાભી ! મને પેલી અંગળાની પેઠે દુઃખમાં પડતી તમે બચાવી લ્યો. હું તમારી જન્મારાની ગુણ ઓશિંગણ થઇશ. એ

અંગળાનું દુઃખ તમે જાણો છોની ? બિચારી કેળના ગર્ભ જેવી સુકુમાર, બોલવે ચાલવે પૂર્ણ નાગરિક અને દેવ પુતળી જેવી રૂપાળી પણ સાસરું ગામડે, એટલે એની નાજુકતા વિવેક, વાણી અને લટકા બધુંય છૂટી પડયું. એનો પતિ બ્રહ્મઅક્ષર જાણતો નથી. આંખે આંસુની ધારા અને એણે જ્યારે મને એના ઘરની રીતભાતનું વર્ણન આપ્યું ત્યારે મારાથી પણ રોઇ જવાયું. બિચારી મુંબઇમાં ઉછરી અને સારી કેળવાઇ એ બધાય ઉપર પાણી ફરી વળ્યું. ગામડાનાં કામ એને કરતાં ફાવે ? ભાભી ! તમે મને અહીં લાડ લડાવીને ઉછેર્યા પછી વાસીદાં વાળતી કરવા માગો છો ? તમે એવાં નિર્દય થશો !

નણંદની આંખમાં આંસુ જોઇ ગુણિઅલ ભાભીનું મન ભરાઇ આવ્યું. તેણે આશ્વાસન આપતાં કહ્યું કે–ગજરાબા ! આંસુ ના પાડશો. તમને હું સુખી કરીશ અને મારી સાથે રાખીશ. વળી મારાથી બનશે તેટલી મહેનત લઇ આ બાબતને નક્કી કરાવરાવીશ. બા, બાપાજી અને જીજી એક મતનાં છે એટલુંજ નહિ, પણ તમારા ભાઇએ એ મતના છે. કાલે રાતે મને કંઇક એવું કહેતા હતા. હું બાને એજ બાબતની ભલામણ કરૂં છું અને નક્કી કરાવરાવીશ. જીજીના બોલ તો તમે કાનોકાન સાંભળ્યાને ?

આટલી વાત થઇ એટલામાં બે અજાણ્યા પુરૂષો ઉપર આવ્યા અને વાતમાં ભંગાણ પડયું. આણી તરફથી રામચંદ્રશેઠ વગેરે જમી ઉઠયા અને ચંદુલાલના મિત્રો પણ ધન્યવાદ દેવા આવવા લાગ્યા; તેની ગડબડમાં અને આનંદમાં નણંદ ભોજાઈ ઉઠી અંદર ગયાં. ચંદુલાલની સાબાશી બોલાઈ. બે ત્રણ દિવસ આનંદમાં અભિનંદનમાં ગયા. ચંદુલાલ અને રામચંદ્ર આગળ ઉપર કેવી રીતે ધંધો ચલાવવો તેનો વિચાર કરવા લાગ્યા, અને આ વર્ગમાં પેલી વાત હંમેશની વાર્તા રૂપ થઇ પડી.

પ્રકરણ ૪ થું.

દૈન્યનો દુર્ગુણ દ્વેષ.

ચંદુલાલની પત્ની જેકોર શેઠાણીની માનીતી વહુ ગુલાબ, તેનો સ્વામી પાસ થયો ત્યારથી આનંદમાં રહેતી હતી. એકવાર જમીને તે પોતાની મેડીએ ચઢી. બપોરનો વખત હતો, પુરુષ વર્ગ બહાર ગયેલો હતો, સાસુ વડસાસુ અને નણંદ નીચે વામકુક્ષી કરતાં હતાં, એટલે વહુ પણ મેડીનાં બારણાં બંધ કરી શાલ ઓઢી પલંગમાં જરા આડી થઇ. તેનું મન અત્યારે પ્રસન્ન હતું. ભવિષ્યમાં 'આમ કરીશું અને તેમ કરીશું.' એવા તરંગ તેના મનમાં ઘૂમી રહ્યા હતા. કાલ્પનિક તરંગો જેમ જેમ વધતા ગયા તેમ તેમ તે વધારે અને વધારે આળસમાં આવતી ગઈ. પોતાનો અપૂર્વ અભ્યુદય તેની ઘેરાતી આંખ આગળ આવીને ખડો થયો. ધન વૈભવના ઢગલા તેની નજરે પડવાં માંડયા. તે પતિનું માન ભોગવતાં આખા સંસાર તંત્રની સ્વતંત્ર રાણી બની રહી. વૈભવસંપન્ન દેખાવો એક પછી એક તેની નિદ્રાળુ આંખ આગળ આવી જવા લાગ્યા. એ દેખાવોમાં એક અલૌકિક દેખાવ પણ ફરતો ફરતો આવ્યો. એક ગરીબ સુશીલ પુરુષ તેની સ્વપ્નસૃષ્ટિમાં આવ્યો. ગુલાબ તેને જોઈ કંઇક શરમાઈ એટલામાં તે તેની પાસે આવીને બોલ્યો કે—'ગુલાબ! તું મને ક્યાં ઓળખે છે? તારા એ દિવસો તો જતા રહ્યા છે. હાલ તું મોટી સમૃદ્ધિની ભોક્તા બની છે અને દુઃખ તને સ્વપ્નમાં પણ દેખા દેતું નથી. આ દુઃખીઓ માણસ, તારી દૃષ્ટિ આગળ પણ કેટલી મહેનતે આવી શક્યો છે? પણ ગુલાબ! એક ક્ષણ વાર તું તેને સાંભળ. તારી શેઠાઇને દૂર કર, પેલી અવસ્થાને યાદ કર, તારું બાલ્ય સંભાર અને પછી મારા સામું જો, એટલે હું કોણ છું, તે તને ઓળખાશે. દુઃખાવસ્થા, તેનો અત્યંત

દુર્લભ પ્રેમ, વિવેક, પરહિતની ઇચ્છા અને સુશીલતા વગેરે ગુણો, સુખને વખતે માણસને સાંભરતા નથી. તારો દોષ નથી. મનુષ્ય માત્ર લક્ષ્મીના મદમાં ઘેલાં થયેલાં છે. પોતાની પૂર્વાવસ્થા ઉપર લક્ષ રાખી વર્તનાર મનુષ્ય તો આ જગતમાં દુર્લભ જ છે. સુખીથી દુઃખીનું દુઃખ કદી પણ સમજાતું નથી. તેને દુઃખનો વિચાર આવતો નથી. દુઃખ જેવું જગતમાં કંઇ હશે, એમ પણ તને લાગતું નથી, પરંતુ જગત કર્ત્તાએ એવી ખુબી રાખી છે કે દિવસ અને રાતની માફક એ બેઉ વસ્તુ ફરતી રહે છે. દુઃખવાળાને સુખ અને સુખવાળાને દુઃખ ચક્રનેમી ન્યાયે આવ્યાજ કરે છે. ઇશ્વર તને દુઃખ ન દેખાડો, પણ પેલી દીન અવસ્થાને સંભાર, જ્યારે તેને પણ ત્રણ દિવસના કડાકા થયા હતા અને તું જાતિનો, કુળનો તથા ધર્મનો ત્યાગ કરવાને તૈયાર થઇ હતી, ત્યારે આ પુરુષે તને કેવો બોધ કર્યો હતો. એનું દુઃખ જો અને તે ઉપર વિચાર કરી, જો કંઈ દયા આવે તો તેને સંભાર. તારા સંભારવાથી જ તે સુખ માની લેશે. એને તારૂં ધન અને સુખ જોઈતાં નથી. એણે તને સારો માર્ગ દેખાડયો છે. તારા ઉપર અપાર આભાર ચઢાવ્યો છે અને તેના બદલામાં તે કંઇ માગતો નથી. તેના કુટુંબ પ્રતિ દિલસોજી રાખ. આમ બોલી એ પુરૂષાકૃતિ પાછી બીજા દેખાવોની માફક ચાલી ગઇ અને ગુલાબ તેનાં વચન સાંભળી પોતાની દુઃખી અવસ્થાના દેખાવોને જોવા લાગી.

સુરત, પોતાના પિતાનું નાનું ઘર, પોતાની બાળકન્યા અવસ્થા તાપીની નાશકારક રેલ, પાણીનું ચઢવું, લોકની દુઃખી હાલત, પોતાના પિતાના ઘરમાં પાણીનું આવવું, તેનો સર સામાન પાયમાલ થવો, માબાપ અને પાડોશી સાથે એક ઝાડ ઉપર ચઢી જવું, વગેરે દેખાવ તેની નજરે પડયા. એક પછી એક એ દેખાવો જોતાં મુંબઈ, અને વર્તમાન સુખ વૈભવ એ સઘળું ભૂલી જઇ દુઃખમાં સતી હોય તેમ શોકમાં દબાઇ ગઈ. તેને

એ વિચારની પરંપરાએ દુઃખી કરી અને કષ્ટના ભાર તળે તેનાથી રોવાઈ જવાયું. રોવાની સાથે ગળે ડુમો ભરાઇ આવ્યો અને શ્વાસ રુંધાતાં એકદમ તે ઝબકીને જાગી ઉઠી. ઉંચો શ્વાસ લેતાં શિવ ! શિવ ! શિવ, ! એમ કહી આંખ ચોળી તેણે ઉંચું જોયું. પલંગ ઉપરથી ઉતરી મુખ ધોઇ આરામચેર ઉપર બેઠી–બેસતાં બેસતાં તે બોલી કે–અહો ! માણસનો જીવ સ્વપ્નમાં કયાં કયાં જતો રહે છે? રંગનાથ, ખરેખર પવિત્ર છોકરો ! એણે મને સહાય કરીને સન્માર્ગ દેખાડેલો. એનાજ પુણ્યનાં ફળ કે આજે હું આ અનુપમ સુખ ભોગવું છું. રંગનાથ, હું નિર્ગુણી છું. ખરેખર હું તારા કુટુંબને ભૂલી ગઇ છું. તારી છબી મેં મારા કબાટમાં ઘાલી મૂકી છે. તે કયાં પડી હશે તેની પણ મને ફીકર નથી? હું સુખમાં દુઃખના દિવસ ભૂલી ગઇ છું. મારું દુષ્ટ મન તારાથી શરમાય છે, તારે શરમાવાનું નથી. તેં મારા યત્નને તોડી પાડી મને અપવિત્ર થતાં બચાવી હતી. શા માટે મારે તારી છબી બહાર મૂકી રોજ એ શીખ તાજી ન રાખવી? લાવ આજે એ છબી શોધી કાઢું અને આજેજ એના ભલાનો યત્ન કરું. એ દુખીઓ છે તે હું જાણું છું, મારે તે ભૂલી જવું જોઇતું નથી. આમ વિચાર કરી તે ખુરશીમાંથી ઉઠી. પલંગના ગાદી તળેથી કુંચીઓનો જુડો કાઢી કબાટ ઉઘાડયું અને જુનાં લુગડાંના ઉંડા ખાનામાંથી રંગનાથની છબી શોધી કાઢી. છબી જોતાં રંગનાથવાળી બધી વાત તેને યાદ આવી. આભારના ભાર નીચે ડબાઇ જતી ગુલાબે કેટલાક ધન્યવાદ દઇ તેની છબીને ડ્રેસિંગ ટેબલ ઉપર મૂકી એટલામાં–' ગુલાબ ભાભીજી ! ઉઘાડો. '

ગુલાબે બારણું ઉઘાડયું એટલે, બે છોકરાં સાથે એક સ્ત્રી અંદર આવી અને બોલી કે–' કાકા પાસ થયાનો છોકરાંએ મિઠાઇ ખાધી, એટલાથીજ બધો આનંદ પૂરો કરવો છે કે શું? ડાક્તર થયા પછી તો મેં એમને જોયા પણ નથી. અત્યારથી જ આમ કરશો, તો અમ જેવાં ગરીબ તમને ગૃહસ્થાઇમાં

સાંભરશે પણ શાનાં ?'

'એમ શું બોલો છો ભાભીજી ! તમારો પ્રેમ વીસરાય ? મોહનભાઇની મૈત્રી તો એમને નાગા ફરતા ત્યારની છે. એમને અને મારે ભેદ હશે પણ મોહનભાઇને અને એમને ભેદ નહિ હોય. મારા તમારા કરતાં તો હજી એમનો પરિચય લાંબો છે ?'

બેસતાં બેસતાં મોહનલાલની વહુ તારાએ કહ્યું કે, હવે તે ઘટી જશે ?'

'ના ના, હજી ચાર પાંચ વર્ષ સુધી તો ઘટશે નહિ. એક દિવસ મોહનભાઇએ જ મને મશ્કરીમાં કહ્યું હતું કે–' ભાભિ ! તમારા કરતાં અમે બહુ સાથે રહ્યા છીએ.'

'હા, એ તો મનેય કહે છે કે, તારા અને ગુલાબભાભીના કરતાં અમો અન્યોન્ય ઘણાં વર્ષ સાથે રહેલા છીએ. કીકુ ! જો આ કાકી ! કેમ બોલાવતો નથી ?'

ગુલાબ નાના છોકરાને ઉપાડી ચુંબન કરીને બોલી કે— રડયો, મોહનભાઈના જેવો મગરૂર છે ? 'બાપ તેવા બેટા.' ઝુલાવીને 'કેમ દીકરા એમ ને ? છોકરો હસી પડયો અને ગુલાબે જોડેની ઓરડીમાંથી એક નારંગી લાવી તેના હાથમાં આપી. છોકરાં છૂટાં- રમવા લાગ્યાં એટલે તારા બોલી કે 'ચંદુભાઇ ! કયાં ગયા છે ? આજે સવારે મારે ઘેર આવવાના હતા અને અમે વરસાદની માફક વાટ જોઈ પણ કંઈ જણાયજ નહિ, એવા કેવાક કામમાં પડયા છે ?'

એ અને એમના પિતાજી ધંધા સંબંધી તજવીજ કરે છે. મકાનો જુએ છે, બપોરે જમીનેય ઉપર આવતા નથી. સવારે નીચે ઉતર્યા તે ઉતર્યા. આ મેડી તો એમને સુવાની વખત થાય ત્યારેજ સાંભરે, અને કહીએ ત્યારે ખીડાય; મારે તો પાસ થયા ન હતા ત્યારે ચાર ઘડી વિનોદ થતો, આ તો ચાર

પાંચ દિવસ થયાં એમને એમ કરે છે અને મોહનભાઇ વગેરે આવે તેય નીચે એમની અને સાસુજીની સાથે વાતો કરીને ચાલ્યા જાય છે. ધંધો ચલાવશે ત્યારે તો કોણ જાણે શુંએ થશે? જરા તમે શિખામણ દેજો.

મારી પાસે આવે ત્યારે હું કંઈ કહુંને ? મેં તો હમણાં દીઠા જ નથી, અને રાત્રે આવે તો તમે ચોડાઓ. ભલે, મળશે ત્યારે વાત કરીશ. હવે ઉજાણીનું શું કહો છો ?

ગુલાબ—કાલે કહેતા હતા કે શનિવારે જવું છે. હવે જે કરે તે ખરું. મોહનભાઇ વગર કંઈ થવાનું છે ? મારા પહેલાં તમે જાણશો.

નીચેથી સાદ થયો એટલે ' બેસો આવું છું.' એમ કહી ગુલાબ નીચે ગઈ. તારા એકલી મેડીમાં રહી. તે નાના છોકરાને લઈ આમ તેમ ફરવા લાગી. ફરતાં ફરતાં રંગનાથની છબી ઉપર નજર પડી. તેણે તે હાથમાં લીધી અને તેમ કરતાંની સાથે તેના મગજમાં અનેક વિચાર થઈ આવ્યા. તે મનમાં બોલી કે, આ કોની છબી હશે ? કેમ અહીં મૂકી હશે ? એ છબી રસભેર જોવાતી હોય એમ લાગે છે. મોટા ઘરનાં બૈરાં કામ-કાજ વગર દહાડો જાય નહિ તો ? સુરતની સ્ત્રીઓ રસિક, ઉત્સાહી, અને હોંશીલી ખરી તો ! ગુલાબભાભીએ સુરતી ને હોંશીલાં છે. આ તેમના મનનું રમકડું હોય ? ચંદુભાઇને શંકા છે તે ખરી હશે ? હરિ, જાણે શું હશે ! કોઇ કોઇના મનમાં કોઈ પેશી નીકળ્યું છે ? રંગનાથની છબીને તેણે જેમ ને તેમ મૂકી દીધી અને પોતે બારીએ જઈ ઉભી રહી.

તારાનો વર એક સામાન્ય નોકરિઆટ ભણ્યો ગણ્યો સંસારની પીડામાં પડેલો અને ગજા પ્રમાણે રળી ખાનાર મોહનલાલ તેને ચાહનાર પતિ હતો, પણ સાસુજીનાં શોખવાળી

તારા જ્યારે ધન વૈભવના ભાવમાં લોભાઈ જતી ત્યારે મનમાં દુભાતી. મોહનલાલ સરલ સ્વભાવનો, સાદો મીલનસાર અને એકમાર્ગી હતો. તારા ગરીબની છોકરી ભણી ગણી ઉચ્ચ સંસ્કારમાં, સુખમાં, સાહ્યબીમાં અને શોખમાં સમજનારી રૂપાળી ને શોખીન સ્ત્રી હતી. બે છોકરાં થયાં તેણે એના મનનો તોર ઉતાર્યો હતો, તોપણ શોખ તો હતો. હજી તે ક્વચિત રંગીલી બનતી પરંતુ આસપાસની સ્થિતિ તેને બોધ આપતી. જેને દુષ્ટ કહીએ એવી અનીતિ એનામાં ન હતી. છોકરાં થતાં પહેલાં ચંદુલાલ સાથે જરા સ્નેહ બંધાયેલો તે ક્વચિત સાંભરી આવે ત્યારે તેના જીવમાં અગ્નિ ઉઠતો પણ એ પોતે સમજુ, અને ઠરેલ થઇ હતી. આણી તરફ ગુલાબ, તેના ધણીને મનગમતી થઈ છે, અને સ્નેહ જામવા આવ્યો છે. ચંદુ પોતે ભણ્યો છે, મોટો થયો છે, વહુવાળો થયો છે. પેલો પ્રેમ તેને સ્મરણ માત્ર રમણીય રહેલો છે. ઉભય એક બીજાને જોઈ સુખ પામે છે, શરમનો અંતરપટ અપરિચયથી અપારદર્શક થઇ ગયો છે. નેત્રમાં રંગ ઉત્પન્ન થાય પણ આગળ વધે નહિ. બેઉનાં મન એ વાત જાણે, હસે, વખતે આનંદ પામે પણ લજ્જામાં રહે આગળ જાય નહિ. એ પ્રેમ અત્યારે તારાને યાદ આવ્યો. ગુલાબનાં ભાગ્ય ઉપર પડેલો રૂપેરી પ્રકાશ તેના મનને જરાક ખટક્યો. પોતાના સ્વામીની મંદાવસ્થાથી ઉત્પન્ન થયેલો અપ્રીતિનો આછો પડછાયો તેના હૃદય ઉપર લિસોટાની માફક આવીને ચાલ્યો ગયો; પરંતુ ચંદુલાલની સાહ્યબીએ તેને બેળે બેળે પ્રેર્યો હોય, વ્યભિચાર રૂપી મહા પિશાચે મનને મલિન કર્યું હોય તેમ તેને રંગનાથની છબીએ ઝેરી બનાવી. તેના મનમાં ભંભેરણીની યોજનાઓ થઇ અને જેના છાપરા તળે પોતે ઉભી હતી તેના ઉપર તેને દ્વેષ આવ્યો. ' ઠીક છે પ્રસંગ આવવા દો.' એવો મનથી ઝેરી ઉછાળો આવ્યો. વળી ' આવી સરસ પ્રીતિ, જે સતત પ્રવાહે વહેતી હતી તેને દૂષી

અને ઝેરીલી બનાવવાનું પાપ તને કેટલું નડશે ?' એમ અંતરાત્માએ તેને સવાલ કર્યો. તે ચોંકી અને અંતરાત્મા પ્રીતિની વકીલાત કરતો હોય તેમ તેના ચોંકવાનો લાભ લઈ દ્વેષનું ખંડન અને મનનું સમાન કરતાં જાણે તેને આમ કહેવા લાગ્યો.

તારા ! તને શું દુઃખ છે ? બીજાના સુખ ઉપર દ્વેષ આણનારનું કદી સારું થતું નથી ? કોઇનું ઘર ભગાવનાર સુખી થાય છે ? તારે પણ તારા કર્માનુસાર સુખ છે. તમે તમારા સુખ જેટલું રળો છો, લોકમાં આબરૂભેર રહો છો, નાની વયે કેલૈયા કુંવર જેવા બે છોકરા હુલાવો છો અને મોટા માણસમાં માન પામો છો, એ ઓછું છે ? તું કોની બરોબરી કરવા જાય છે ? એક ધનાઢ્યની સાથે તું તને સરખાવતી જ નહિ ? મોટાની સાથે પોતાની સરખામણી કરવી અને મનમાં દુઃખ માનવું, એના જેવું વહેરી વહેરીને મારનારું જગતમાં બીજું કંઇ છેજ નહિ. અગ્નિના કરતાં પણ ઇર્ષા વધારે દાહક છે માટે તે ન કર. એમનાં સુખ જોઈ આનંદ પામ. તું દ્વેષથી એનું ભાગ્ય મેળવી શકનારી નથી. એનાં કર્મ જુદાં છે, તારાં જુદાં છે. વળી વિચાર કરી જો કે એક માને પેટ જન્મેલા, એક નિશાળે ભણેલા અને સરખા જ્ઞાનવાળા બે પુરુષના સુખમાં કેટલો અંતર પડે છે ? કર્મને અનુસરી માણસને સુખ દુઃખ પ્રાપ્ત થાય છે. એમાં તારો ઉપાય નથી, તું દુષ્ટ થઈશ માં, એમની પ્રીતિમાં ઝેર રેડીશ માં, તારાથી ગુલાબ થવાવાનું નથી. એ તો અળખામણી થશે, પતિથી દૂર થશે, નઠારી કહેવાશે પણ ઘરની ધણીઆણી જ રહેશે. તારાથી તેમ નહિ થાય ! તું જે સુખ લઇ શકીશ તે ક્ષણિકજ: તારાથી એનાં સુખ વૈભવ નહિ ભોગવાય ? તું મનુષ્ય પ્રયત્નથી માત્ર અશાશ્વત એવા એનાં મદનજન્ય સુખને ક્ષણવાર ભોગવી મોટી અનીતિની કરનાર, દુષ્ટ વ્યભિચારિણી અને વીજળીના ઝબકારા જેવા સુખને માટે ઇશ્વરના દરબારમાં ગુન્હેગાર થઈ

ઉભી રહીશ; માટે તારા! આ તારા વિચારને ખંખેરી નાખ. તારો મોજી જીવ ધનના પડછાયા જોતો હોય તો તેને તું તારા જ્ઞાનથી વાર. જ્ઞાનથી પરમ સુખ પ્રાપ્ત કરાય છે, અજ્ઞાન દુઃખના હેતુ રૂપ છે. વિદ્વાનો કહે છે તે ખોટું નથી કે—

આપથી દુખિઆરાંના, દૃષ્ટાંતે મન વાળવું;
શ્રેષ્ઠ છે એજ સર્વેથી, જ્ઞાને દુઃખ ડબાવવું.

તારા! આ ટૂકો તું નિરંતર તારા હૃદયપટ ઉપર કોરી રાખ, એ તને હંમેશ આશ્વાસન આપશે, સુખ જોવામાં જ સુખ છે. સુખ, કોઈનું સુખ જોઈને ખુશી થવામાં રહેલું છે. પોતે સુખી થઇ ફરવું અને સ્પર્દ્ધામાં પડી પોતાની ઉન્નતિમાં સુખ માનવું, એ વાસ્તવિક સુખ નથી. આ છોકરાઓ સામું જો. એ તારૂં સુખ વાંઝિયાંને ઇર્ષા નહિ કરાવતું હોય? તે જો તારી પેઠે કરે તો તને સારૂં લાગે? આપણે પારકા સુખે બળીએ તો આપણા સુખે બીજું પણ બળે. હંમેશાં જેવો શબ્દ તેવો પ્રતિઘોષ અને જેવી આપણી વૃત્તિ તેવી પ્રતિવૃત્તિ, એમ ખાતરીથી માનજે. નઠારા શબ્દનો નઠારો જ પડઘો પડે છે. છેડે બાંધેલું પાપ ખંખેરી નાંખ. સ્નેહીને સુખે સુખી રહેવાની વૃત્તિ તમને સુખ કરશે. જો એક બીજાનાં સુખ ઉપર બળશો તો બેઉનું બગડશે. તારાથી અનુભવાશે નહિ અને સામાને અનુભવવા દેવાશે નહિ. પીવું નહિ અને પિવાય દેવું નહિ, એમ કરવું એ શું તને સારું લાગે છે? બોલ, તારા! કેમ ગુમ થઇ ગઇ છું; બોલ, પ્રસન્ન થા, અને કર્માનુસાર જે કંઇ તને મળ્યું છે તેમાં આનંદ પામ. સંતોષથી તને મોટી સમૃદ્ધિ કરતાં પણ અધિક સુખ થશે. તેનાં નિશ્ચલ લોચન જાણે કંઈ દેખાતાં જ ન હોય તેમ થઇ રહ્યાં, અને જાગતી અવસ્થામાં ધોળે દિવસે જાણે સ્વપ્ન અનુભવતી હોય તેમ તે બારીમાંથી દિશા તરફ જોઈ રહી. અંતરાત્માએ તેને શીખ દીધી તે જાણે તેને ખરી

લાગી અને આ પોતાના વાદથી પરાજીત થયેલું મન કંઇ સીદતું હોય તેમ મંદ પડયું, એટલામાં બારીના બારણા ઉપર કંઇક અસ્ફુટ અક્ષરાવલી ઉપર તેની નજર પડી. આંખે તે વાંચવાની ઇચ્છા કરી અને જરાક મસ્તક નમાવી જોતાં રંગિત દ્વારફલક ઉપર પેન્સીલની લખેલી ચંદુલાલના અક્ષરની કવિતા જણાઇ. તારાએ તે બેસાડી, નીચે પ્રમાણે વાંચી:—

'કદી ઉભાં રહેતાં રાતે અત્ર, એકાંત વાતાયને;
લેતાં શીળી પવનતણી લેર, ચંદની જોતાં આપણે.
સાંભરે છે સલુણી ! એ વાર, પ્રસંગ, વિજોગમાં;
ત્યારે ચરચર દાઝે છે ચિત્ત, પડું છું હું શોકમાં.'

બે વાર બરાબર વાંચી, સીતાજીના મહીનાનો રાગ બેઠો, અને તારા સમજી. સમજતાં જ તે બોલી ઉઠી કે–'વાહ ! ચંદુભાઇ વાહ ! આ તો એ સુરત ગયાં હતાં ત્યારે તમે લખ્યું હશે ? કેવો મજેનો પ્રસંગ ! આ પ્રમાણે મારાં વહાલાં કેવી મોજ કરતાં હશે ? સ્ત્રી પુરૂષનું એકાંત ! અહો કેવું ભાગ્યશાળી અને સ્મરણ કરતાં પણ સુખાસ્વાદવાળું હોય છે. ગુલાબને ઉપર આવવા દો. હજી તો તારાના મુખમાં આ બોલ હતા, એટલામાં અંદર આવતાં ગુલાબ બોલી કે–તારાભાભીજી ! માફ કરજો, સાસુએ જરા બેસાડી તેથી વાર થઇ ?

'તમને બધું માફ જ છે. જેને હાથેળીમાં હૈયાનો હાર નાચે તેને માફ કરનાર બીજું કોણ હોય ?'

'કેમ એવડું બધું ભાભીજી ?'

'આ જુઓ. અહીં આવી વાચો. તમે વાચ્યું તો હશે પણ ફરીને કહું છું.'

'ના, શું છે ? ત્યાં શું વાચવાનું હોય ?'

ગુલાબ બારીએ ગઇ, વાચ્યું અને હસી પડી. 'મારા સમ, મેં વાચ્યું હોય તો. જુઓને આનું આવું શું લખતા હશે ? નાનું મોટું કોઇ ઉપર આવે ને વાચે તો કેવું લાગે ?'

'સારૂં મજેનું લાગે ? શું ખોટું લખ્યું છે ? જેવું મનને થતું હશે તેવું આબેહુબ લખ્યું છે.'

'મને તો કંઇ સમજાતું નથી. તમે શું હસો છો ?'

'તમે એમને એમ નહિ સમજો. અભણ, અજ્ઞાન અને ભોળાં ખરાંની !'

'આમાં એવું શું છે તે ?'

કંઇ નહિ. બીજું શું હોય તમારા વિયોગનું વર્ણન અને એમનાં ગાંડાં.

'અમારી તો તમે હંમેશાં ટીકા જ કરોછોની ! હજી અમે ગાંડાં કાઢવા જોગ છીએ અને કાઢીએ, એમાં ટીકા શી ?'

'કાઢો નિરાંતે, પછી વચમાં ફાંસ પડશે.'

'ભલેને, એવી ફાંસને માટે જ સઉ થાય છેને !'

'હું તો હંમેશાં કહું છું કે—ચંદુભાઇના પગમાં બેડી પડશે ત્યારે આવો તોર નહિ રહે.'

'મારો તોર નહિ ઉતરે; એમ કહેતા ચંદુલાલ અને મોહનલાલ મેડીમાં દાખલ થયા. બેઉ જણ ઉભાં થયાં. ચંદુલાલ મોટા કીકાને લઇ ખુરશીપર બેઠો, મોહનલાલ સોફાપર પડયો અને બોલ્યો કે, 'ટાઢું પાણી હોય તો લાવો. ?'

'રહો નીચેથી મંગાવું'

'કેમ, મેડીએ પાણીએ ન મળે ?'

તારા—ચંદુભાઈ હમણાં મેડીએ આવું બેસે છે, એટલે ટાઢું પાણી ક્યાંથી હોય ?

ગુલાબના સામું જોઇ ચંદુલાલ બોલ્યો કે–એટલામાં આવી ફરિયાદ થઇ ગઈ કે ?

‘ એમાં ફરિયાદ શાની ? જુવો મોહનભાઈ ! પોતે નવ નવ દશ દશ વાગ્યા વગર આવે નહિ, અને મને દમ ભરાવે છે. ’

મોહનલાલ—‘ એમનો દમ ભરાવવાનો હમણાં વખત છે ?

‘ પણ તે કોના ઉપર, મારી ઉપર ?’

ચંદુલાલ—નાજી ! માફ કરજો, હવે તો અમારે તમારો દમ સાંખવાનો છે.

ગુલાબ શરમાઈ. બહાર ગઈ અને ચાકરને હાંક મારી. પાણી મંગાવ્યું. ચારે જણ બેઠાં અને ગપ્પાં ચાલવા માંડયાં, ત્યાં ગજરી ઉપર આવી બોલી કે–‘ ગાડીવાળો કહે છે કે ભાઇને બહાર જવું છે કે ગાડી છોડી નાંખે ?

ચંદુલાલ—કેમ મોહનલાલ ! આપણે વાડી જોઈ આવીશું ?

મોહનલાલ—મને હમણાં અવકાશ નથી, તમે જોઈ આવો તો ઠીક.

હું એકલો જ જાઉં ? પસંદગીને માટે કોઈ સાથે હોય તો સારું, બે મત હોય તો વિચાર થાય.

તારા—આમને લઈ જાઓ, એટલે વિચાર થશે.

ત્યારે તમેય ચાલોની ?

ગજરી—ચાલો આપણે બધાંય, મહાલક્ષ્મીજીનાં દર્શન પણ કરતાં આવીશું.

ગુલાબ—હા હા, ચાલો તારાભાભીજી! તમે હશો તો ગમ્મત થશે.

મોહનલાલ—ઠીક છે, જાઓ.

ચંદુલાલ—હા ચાલો.

મોહનલાલ સામું જોઇ તારા બોલી કે રસોઇની પછી બૂમ પાડતા નહિ. બહાર જઇએ તે મોડું વહેલું થાય. તમે કહેતા હો તો જાઉં?

ગુલાબ—સાત વાગે આવીને રસોઈ કરવાની ખટપટ કરવાનું શું કરવા રાખો? અહીં જમજો.

ગજરી—હા, હા, તારાભાભી એમ જ રાખો.

મોહનલાલ—એમ કરજો, ચાલો હું જાઉં છું.

ગજરી—સાત વાગે અહીં જ આવજો ભાઈ!

ઠીક છે, જાઓ: મોહનલાલ ઉઠયો અને ચંદુલાલ, ગુલાબ, ગજરી, તારા અને બે છોકરાં મીજબાની માટે વાડી જોવા જવા તૈયાર થવા લાગ્યાં, તારા તૈયાર જ હતી, ગજરી નીચે ગઇ અને ગુલાબ સાડી પહેરી સહેજવારમાં તૈયાર થઈ. સાસુની રજા લેવા ગઇ. ચંદુલાલ તારા ને છોકરાં નીચે ઉતરવાની તૈયારીમાં હતાં એટલામાં રંગનાથની છબી જોઈ તે બોલ્યો કે–' આ અનુપમ છબી કોની છે? તમે લાવ્યાં છો તારાભાભી!

તારાના મનમાં આ સવાલ સાંભળતાં અનેક વિચાર થઇ આવ્યા. શું કહેવું? ગુલાબનું પાપ ફોડી દેવું કે નહિ, એમ તેને મુંઝવણ થઇ. હા નાની વચ્ચે ટુંકો પણ તેને ગુંચવી નાખનારો ઝઘડો, વીજળીના વેગે તેના મગજમાં સંક્ષોભ કરી રહ્યા, અને કંઇ સુઝતું ન હોય તેમ એક પગ મેડીમાં અને બીજો પગ બહાર એમ ઉભી રહી. પાછું વાળી તેણે ચંદુના

સામું જોયું. એકિની આંખો મળી; આઠ ગણા જોરે કામદેવે તારાને ઉશ્કેરી. પૂર્વનો પ્રેમ તાજો થઇ ગયો, તારાની આંખ હસી.

'જુઓ તમારી છે ?' એમ કહી ચંદુલાલ પાસે ગયો એટલે તારા બોલી કે—' મારી નહિ પણ તમારાં પ્રિયાની છે. કાની છે એમ પૂછવાનું શું કારણ છે, મૂકી દો, હોય, માણસ છે, હમણાં મારી અને તમારી આંખોમાં શું શું થઇ રહ્યું હતું ?

કોણ જાણે, કહી ચંદુલાલ પાસે ગયો એટલે તારા બોલી કે–ચાલો ચાલો, વખત થઈ જશે. એવાને એવા કાલા રહ્યા.

તરત બીજો પગ ઉપાડી તે બહાર નીકળી અને નીચે ઉતરી. ચંદુલાલ પેલી છબીને પલંગ તરફ ફેંકી બારણું બંધ કરી નીચે ગયો. સઉ ગાડીમાં બેઠાં. ચંદુલાલ અને ગુલાબ એક પાસે બેઠાં અને ગજરી તથા તારા છોકરાં લઇ તેમની સામે બેઠાં. ગુલાબ નિખાલશ હતી અને પેલાં બે જણ ઉંડા વિચારમાં હતાં. ગાડી ચાલી એટલે ગજરીએ પૂછ્યું કે–' જુઓ તારાભાભી ! મારાં ભાઇ બોજાઈ કેવાં લાગે છે ?'

અહો ! જાણે ઈંદ્ર-ઈંદ્રાણીનું જોડું !

પ્રકરણ ૫ મું.

આત્મ વિચાર.

ગાડી ચાલી. ગુલાબે માર્ગમાં બે ત્રણ વાર જુદી જુદી રીતે કંઇક પ્રસંગ મળતાં ચંદુલાલને જુદા જુદા સવાલ કર્યા પણ તેના બરાબર ઉત્તર મળ્યા નહિ. બધાં સાથે હતાં એટલે ગુલાબે ધાર્યું કે પોતે સભ્યતાને ખાતર બોલતા નહિ હોય.

તેને કંઈ લાગ્યું નહિ પણ ચંદુલાલનું મન પેલી બાબત ઉપર વિચાર કરવા મંડયું. તારાનાં વચનો તેને ખરાં અને પોતાને મેણા રૂપ લાગ્યાં. ગુલાબ તેને અપવિત્ર લાગી અને ખરેખર તે એવી હશે, એમ એક પછી એક જુદે જુદે કાળે બનેલા જુના બનાવોને યાદ કરી તેનાં વર્તનની તે મનમાં ને મનમાં પરીક્ષા કરવા લાગ્યો. ગાડીના વેગના સાથે તેનું મન વિચારના વેગમાં તણાયું અને સઉ મૌન રહી બહાર જોતાં રહ્યાં.

સાગરના કિનારા ઉપર એક વિશાળ બંગલાના પોર્ટીકોમાં જઈ ગાડી ઉભી રહી. ગાડીતે નીચે ઉતરી આવી બારણું ઉઘાડયું. એકદમ ચંદુલાલના મનમાંના વિચાર સમેટાઇ ગયા અને સઘળાં નીચે ઉતરી બંગલામાં ગયાં. દરેક ઠેકાણે ફરી દરેક હોલ, રસોડું મીજલસનો ઓરડો વગેરે જોયું; પછી ફરતાં ફરતાં બાગમાં ગયાં. બાગમાં પેસતાં તારા બોલી કે— "ચંદુભાઈ! આ બંગલો તો બહુ સારો છે. તમારા પચાસ મિત્રો અને સ્ત્રીઓ હશે તોપણ તેમનો સમાવેશ થશે; કેમ ત્યારના કંઈ બોલતા નથી? ઘેર તો કહેતા હતા કે, બે જણ વગર પસંદગીનો વિચાર કેમ થશે."

ગુલાબ—એમનો જીવ કોઇ બહારની બાબતમાં પડી ગયો લાગે છે. ગાડીમાં બે વાર મેં કંઇ કંઇ પૂછ્યું તોપણ બોલ્યા નહિ. આપણે તો સાથે ફરીને જોયું અને સઘળું ઠીક લાગ્યું. એમને ગમ્યું કે નહિ, તે તો એ જાણે?"

ગજરી—મીજલસનો મોટો હોલ બહુ સારો છે; પણ ભાઇના બધાય મિત્રો જો વહુઓ-ભાભીઓ સાથે આવે તો બૈરાંની સગવડ થાય નહિ.

ચંદુલાલ—જુઓ! ગજરીએ કેવો મત આપ્યો. તમે બેઉ હાજી હા કરનારાં છો. હું તમારી પરીક્ષા જોતો હતો.

તારા—મારી પરીક્ષા તો થયેલી છે. અમે વાડી બંગલા અને મોટી મીજલસો ક્યારે જોયેલી કે ખબર પડે? અને ગુલાબભાભીજી તો તમે ગાડીમાં એમને જવાબ આપ્યા નહિ તેથી ગુસ્સે છે.

ગુલાબ—હું તો હમણાં ગુસ્સે જ થતી નથી.

ગજરી—હમણાં કેમ? ભાભી! મેં તો તમને કદીએ ગુસ્સે થયેલાં દીઠાં નથી.

તારા—નણંદને સાક્ષી પૂરતાં પણ ક્યાં વાર લાગે છે?

ચંદુલાલ—તમારે દર્શન કરવા જવું છે કે અહીં જ રાત પાડવી છે?

તારા—તમે નથી આવતા?

'ના તમે જાઓ.' બંગલાના ભૈયા સાથે તેઓ મહાલક્ષ્મીનાં દર્શન કરવા ગયાં, અને માળીએ થોડાં રજની ગંધનાં પુષ્પ આપ્યાં તે લઇ ચંદુલાલ ફુવારાની સામે એક આસન ઉપર બેઠો.

સાંજનો વખત હતો, ધીરો ધીરો દરીઆનો પવન આવતો હતો, પાણીના જોરથી ફુવારો ગોળ ફુદડીએ ફરતો અને જળસીકર ઉડાડતો હતો, મીઠી મીઠી ગુલાબની આછી સુગંધી પવનની લહેરી સાથે આવતી હતી, ફુવારાના હોજમાં લાલ માછલીઓ ચતુરાનાં લોચનની માફક ફરી રહી હતી, બદામના ઝાડ ઉપર પંખીઓ માળામાં ભરાઇ બેઠેલાં હતાં, અને ચોમાસાની પ્રશાંત રાતે જળ દ્રોણીમાં મેઘજળ ટપકતાં હોય તેવો પાસેના બંગલામાંથી ઝીણો ઝીણો ધાતુના ટકોર જેવો પિયાનાનો રણકાર સંભળાતો હતો. ચંદુલાલ ફૂલ સુંઘતો ખુશ મિજાજમાં બેઠો હતો એટલે તેને ધંધાની વાત સાંભરી આવી.

ધંધામાં પડતા પહેલાં માણસને વિચારોની જે મુંઝવણ પડે છે,

તે જાતની ગુંચવણમાં પાસ થયા પછી ચંદુલાલ અને રામચંદ્ર પડેલા હતા. મુંબઇમાં ઘરને આંગણે વૈદાનો ધંધો ચલાવવો કે નોકરી લેવી? એ બે બાબત વચ્ચે બાપ દીકરો હંમેશ વાત કરતા પણ એકે નિશ્ચય ઉપર આવી શકતા નહિ. અત્યારે એકાંત હોવાથી એજ બાબત ચંદુલાલની આગળ આવીને ખડી થઇ. તે મનમાં બોલ્યો કે—અહો! આ બાબત ઉપર કેટલા બધા વિચાર કર્યા? બાપાજી કે હું તેમાં કંઇ નક્કી જ કરી શકતા નથી. મન પોતાની ચંચળતાથી એકવાર આ વસ્તુને સારી કરી દેખાડે છે, તો બીજી પળે બીજી વસ્તુ ઉપર લઇ જઇ તેના લાભ સૂચવે છે. શું કરવું તે નક્કી થતું નથી. મન દોલે ચઢયું હોય તેમ થઇ રહે છે અને વિચારની પરંપરાથી આખરે થાકી જવાય છે. મારે રળવાની કાળજી કરવાની નથી. પિતાજી મારી કમાઇ માટે બેસી રહ્યા નથી; પરંતુ મારું મન મને એમ કહે છે કે, હું મારું પોતાનું ખરચ ચલાવી શકું એટલું રળાય નહિ, ત્યાં સુધી તો કંઇ નહિ. પિતાજીના મનમાં એમ છે કે હું હાલ વધારે ન રળું તો ખેર, પરંતુ આગળ ઉપર જેમાંથી સારો લાભ થાય એવો રસ્તો લેઉં તો સારું. અલબત એ વાત ઘણા અનુભવની છે. એમણે જીવનની જે લડાઇઓ જોઇ છે, તેનું મને સ્વપ્ન પણ નથી, તુંબડી અને કાંબળી લઇને આ ટાપુ ઉપર ઉતરેલા પિતાજીએ જે મોટી સમૃદ્ધિ મેળવી છે, તે અનુભવનો લવ પણ મને નથી. એ ઓછું ભણેલા, કદાપિ સહેજ જુના વિચારના હશે, તથાપિ એમનો અનુભવ બહોળો અને બહુ જનને સન્માર્ગ દેખાડનારો છે. મુંબઇમાં રહી ધંધો ચલાવવો એવો એમનો મત છે, અને તેના ટેકામાં તેઓ જણાવે છે, તે વાસ્તવિક જ છે કે એમને હમણાં મારાં નાણાંની જરૂર નથી. મને જે મળશે તે ખાં પણ જતે દહાડે હું જામી જઇશ. ધંધા રોજગારની બાબતમાં હંમેશ એમ જ બને છે. આરંભમાં તે ઝાઝો લાભ બતાવતાં નથી, દુઃખ અને

સંકોચમાં, તેની ઉપર કંટાળો આવે છે, એ ખરૂં, પરંતુ આખરે એમાંથી લક્ષ્મીના ઢગલા નીકળે છે. નોકરી વહેતા પાણી જેવી છે. મહીના ઉપર ભાગ્ય બંધાઇ જાય છે. મનમાં તેથી વધારે ઓછું મળવાની ચિંતા કે ઉજાગરો રહેતો નથી, અને જેવું ભાગ્ય બંધાય છે તેવું ખરચ રાખી માણસ નચિંતાઇથી રહે છે.

પિતાજીનું મન મને મુંબઇમાં રાખવા તરફ છે, તેનું બીજું કારણ પણ સ્પષ્ટજ છે. એમની વૃદ્ધ આંખો આગળથી એ મને દૂર ગયેલો જોવા ઇચ્છતા નથી. દાદીમા પાકું પાન થઇ રહ્યાં છે અને એમણે બે ત્રણ પેઢી સુધી પહોંચે એટલી સમૃદ્ધિ મેળવી છે. ઘણાં દુ:ખ વેઠી એમણે એમનો–અરે મારો અને મારાં છોકરાં થાય તો તેમનો પણ ચરિતાર્થ કર્યો છે. આવા વૃદ્ધ પિતાજીને હાલ એમ થાય એ સ્વભાવિક છે. મારા અને ગજરીના ઉપરજ તેમનાં બેઉ લોચન ઉઘાડાં છે અથવા મારાવડે પિતાજીની આંખો અને ગજરી વડે માતાજીની આંખો હસે છે. એક પુત્ર તે પુત્રમાં નહિ એવી લોકકથાથી એમનું મન મને સુનો મૂકવા–પરદેશ મોકલવા આનાકાની કરે એ પણ સ્વભાવિક છે. માબાપનો છોકરાં ઉપરનો પ્રેમ વર્ણવાય તેવો નથી. વારૂ એ મને શાને માટે દૂર મોકલે ? એમને શું મારી કમાઇ ઉપર રહેવું છે ? હું ભણ્યો છું પણ ભણ્યો ન હોઉં તોપણ એમને મારા ઉપર અપ્રીતિ થવાની હતી ? કદી નહિ. એમનાં પ્રેમનો મારાથી બદલો વળાય તેમ નથી, ત્યારે મારે એમના જીવને ખોટું લાગે, એમનો જરા પણ જીવ બળે એમ કરવું નથી, પરંતુ મારૂં મન મને જે કહે છે, તે માત્ર એ છે કે–પારકી મા કાન વિંધશે. જગતનો, લોકનો, પરદેશનો અને વ્યવહારનો અતિ ઉત્તમ અનુભવ મને મળશે, માટે પરદેશમાં નોકરી હોય તો તે લેવી. અનુભવને ખાતર જ મારે એ કરવાનું છે. ખરેખર મારા મનની આ વાતો પણ સત્ય છે. શાકના શા ભાવ ચાલે છે તે પણ હું જાણતો નથી. પૈસો જ નહિ

પણ આજીવિકાને જરૂરની વસ્તુઓ કયાં અને કેમ મળે છે, તે પણ મને ખબર નથી. એમના રાજ્યમાં મેં શું અનુભવ્યું છે? ખાઈએ છીએ મોજ કરીએ છીએ અને એમણે મોટા શ્રમે મેળવેલી લક્ષ્મીને વાપરીએ છીએ. મને જ લાડ લડાવે છે એમ નહિ. પણ મારી સ્ત્રીને પણ એ કેટલી મોજ મણાવે છે? આપણી નાતમાં જરા દેખાવડી અને સારી કન્યા - માબાપ વગરની હતી, તે એમણે પસંદ કરી, એના કાકાને ત્યાંથી અહીં લાવી રાખીને ભણાવી. અહીંની મનગમતી રીતભાત, બોલવું, ચાલવું અને પહેરવું ઓઢવું શીખવાડયું; ટુંકામાં એમણે મારે માટે એને અનુકૂલ કરવાને ઓછો શ્રમ લીધો છે? ખરે મારૂં સુખ જોવાને તેઓ આટલું બધું કરે છે અને કરશે. હું તેનો બદલો વાળીશ, તેમની પાસેથી નમી પડીને બે વર્ષની રજા લઇશ પણ મારા અને મારી સ્ત્રીના અનુભવને ખાતર પરદેશ જઇશ. એ પોતે ધારશે તો મને સારીજ નોકરી અપાવશે. મને અનુભવ આપવા તરફ એમનું લક્ષ છે. ‘સાગરપુરના રાજ્યમાં મુખ્ય મેડીકલ ઓફિસરની જગ્યાએ તને મોકલી શકાય એમ છે’ એવું એમણે પહેલેજ દિવસે મને કહ્યું હતું, પરંતુ વાત્સલ્ય અને દાદીમાની સલાહે તેઓ પછી કંઇ બોલ્યા નથી. આજે હું એ બાબત છેડી મારો નકી વિચાર જણાવું. તેમની રજા માગી લઉં અને સાગરપુરના રાજ્યમાં એક અધિકાર ઉપર જાઉં.

દેશી રાજ્યોમાં પણ ઘણા જાતના અનુભવ મળે છે અને માણસોના મનનો અતિ ઉત્તમ અભ્યાસ કરાય છે. રાજ્ય-દ્વારમાં બહુ વિધનાં માણસ હોય છે અને તેમાંથી ભણ્યાગણ્યા માણસને ઘણું શીખવાનું મળે છે. મારે નોકરીનો, દુનિયા-દારીનો અને પરદેશનો અનુભવ તો અવશ્ય લેવો. અહીંઆં મને તે લાભ થવાનો નથી, પિતાજી અને નોકર ચાકરો મને કશું કરવા દેતા નથી. પણ શું પિતાજી બેઠી રહેવાના છે? માથે આવી પડશે ત્યારે બીનઅનુભવે આ સંસારનું ચક્ર

મારાથી કેમ ચલાવી શકાશે? જો પરદેશ નહિ જાઉં, તો હું પછી ક્યારે ઘડાઇશ! માટે પરદેશ તો માણસે અવશ્ય જવું. ગમે તેવો સુખી માણસ હોય તોપણ તેણે દુઃખનો અનુભવ લેવો, સહનશીલતા શીખવી અને આ સુખી દેહને કેટલુંક દુઃખ સહન કરતાં શીખવવું. ક્યારે કેવો વખત આવશે, તે કોને ખબર છે? સ્ત્રી પણ મારા જેવી છે. માતાજીએ એને પોતાની આંખની કીકી જેવી ગણી લાડ લડાવી સુધારી પણ કામ શું શીખવ્યું? ખાટલેથી પાટલે અને પાટલેથી ખાટલે જાય એટલું જ. ચાવીને બોલવું, ફેશનેબલ કપડાં લત્તાં પસંદ કરવાં, ઘરેણાં પહેરવાં ને મન મેળવતાં આવડ્યું તેથી શું? રસોઇઓ એક દિવસ જતો રહે છે અને રાંધવા પેસવું પડે છે ત્યારે એને કેવું લાગે છે? અને જમણમાં પણ કેવા સ્વાદ લાવે છે? એને પણ પરદેશનો અનુભવ મળશે, માટે જરૂર સાગરપુરવાળી નોકરીને માટે હું પિતાજીને આજ આગ્રહ કરૂં. દરબારી નોકરીથી કોઇનું ભલું પણ કરી શકાશે. જે માણસને હાથે બીજાનું હિત થાય છે તેજ જગતમાં અધિકાર પામ્યો ધન્ય છે. તારાભાભીને પણ બિચારીને મોજની બહુ લાલસા છે. અહો! એ ધણી ધણીઆણીએ ઓછાં દુઃખ વેઠયાં છે? ગરીબને ઘેર જન્મેલી ગરીબને ઘેર પડી પણ એને કશું શીખવવું પડે છે? રૂપાળી છે, તંદુરસ્ત છે, બોલવામાં, પહેરવા ઓઢવામાં મુંબઇમાં ઉછરેલાં હોય તેનેય છક્કડ મારે એવી છે. વળી કેવી સુભાગી? વીસ વર્ષની વયમાં બે છોકરા અને તેય કેવા? ગૃહસ્થનાં છોકરાં જોયાં હોય તો ઘડેલ જેવાં નાદાર મુખ ઉપર માખો બમણુની હોય! મોહનના છોકરા એની મા ઉપર પડયા, એમ દાદીમા કહે છે તે ખરૂં છે, ગભરૂ જેવા જાડા, સુંવાળા, હસમુખા અને ગુલાબની પાંદડીનું ઓશીકું હોય એવા સુકમાર? સુખાભિલાષી તારાએ સુખનો અનુભવ લીધો નથી. એનું પણ મારાથી શ્રેય થશે, એમને હું મારાથી બનશે તેટલી મદદ

કરી સુખી કરીશ, સારે ઠેકાણે ચડાવીશ અને જેમ મારાં સુખ જોઇ એ મગ્ન થાય તેમ એમને સુખ વૈભવનો અનુભવ લેતાં જોઇ હું પ્રસન્ન થઇશ, સાગરપુર જવાશે તો સઉ થશે. એવું ખરૂં છે કે પરદેશમાં પ્રીતિ પ્રેમીલી બને છે.

ચંદુલાલ આવા વિચારોમાં રજની ગંધની વાસ લેતો અને મીઠી પવનની લહેર અનુભવતો બેઠો હતો એટલામાં તારાનો પુત્ર આવી તેને વળગી પડયો અને ' કાકા ચાલો અમે આવ્યાં ' એમ કહ્યું. ચંદુલાલ ઉભો થયો, છોકરાને લઇ લીધો અને પોર્ટીકોમાં જઇ સઉ ગાડીમાં બેઠાં. પેલા સુભાગી વિચારો ગાર્ડમાં ચાલુ રહ્યા, દરમિયાન સ્ત્રી વર્ગે જુદી જુદી બાબતપર વાતો કરી અને પ્રસંગોપાત્ ચંદુલાલે તેમાં ભાગ લીધો. ગુલાબ એની મગરૂરીમાં અને પોતાને ઉત્તર નહિ આપેલો તેની રીસમાં ગંભીર રહી. ' અંતઃપુરમાં એકઠાં થઇશું ત્યારે હું એમની ધૂળ કાઢી નાંખીશ, ' એવો ગર્વી વિચાર તેના મગજમાં ઘૂમી રહ્યો હતો. મહાલક્ષ્મીજીનાં દર્શન કરતાં ગજરીએ ' કેશવચંદ્ર વર મેળવજો મંમાયા, માતાજી!' એવો જાણે સંકલ્પ કરી સ્તુતિ કરી હતી અને એજ વિચારમાં તેનું મન ખુશ હતું. પોતાનાં ભાઇ ભોજાઇની માફક પોતે પણ સુખ લઇશું, એવા આનંદના ઉભરામાં તે ગાડીમાં બીજી વાતો પણ મંદ મંદ હસતી હસતી કરતી હતી.

તારા છોકરાં લઈ ઘરડાં માની પાસે ગઇ, ચંદુલાલ મેડીએ ગયો અને ગુલાબ તથા ગજરા પોતપોતાના કામ તરફ વળ્યાં. તારાએ ઓરડામાં પેસતાં કહ્યું કે ' માજીને પગે લાગ્યો નહિ કે કીકુ ? ' છોકરો પરિચિત હોવાથી દોડી જઇ ડોસીના પગમાં પડયો. ડોસીએ માથે હાથ મૂકી ખોળામાં લઇ બેસાડતાં કહ્યું કે ' તારાવહુ ! આજ ઘણે દહાડે જણાઇ, ઘેર બેઠી બેઠી શું કરે છે ?'

તમારા છોકરા એવા છે માજી ! કે, હું તો એક ઘડીએ

નવરી જ પડતી નથી. લઇને બહારેય શું નીકળીએ ? આ મોટા તો આમ તેમ દોડી જાય અને રસ્તામાં કેટલુંય દુઃખ દે છે.

ફીકુ ગાંડીઆ એમ કરાય કે ? હવે જો ફરિયાદ આવશે તો પરસાદનો મગજ નહિ આપું. એમ કહી ડોસીએ થોડો મગજ આપ્યો. તારાવહુ ! તમારા ચંદુભાઇ પાસ થયા કે ?

હા માજી આપના પુણ્ય પ્રતાપે પાસ થયા.

મોહન, તમારી સાથે નહતો ?

ગુલાબભાભીજી, હું, ગજરાબા અને ચંદુભાઇ જ ગયાં હતાં માજી.

એ કામે ગયો હશે. મને તો ચંદુલાલ કરતાં મોહન વહાલો લાગે છે. એ એની મેળે એના કામમાં અને કામમાં જ. કોઇનાં માફક એને ઇસ્કાઈ જ નહિ. સાદાઈમાં જ સાર છે, અને એ ખરૂં સમજ્યો છે. છોકરાં ઝબકી ઉઠે એવાં બુટ પહેરીને ત્રીજા માળ સુધી જવાં, બૈરાંની સાથે બહાર જવાં ને આવવાં, પટિયાં પાડવા ને ખાતાં પીતાં ટપ ટપ મલેછની ભાષા બોલવી, એવું એવું. મને ગમતું નથી. મોહન આવે એવો મારી પાસે આવી બેસે. ડહાપણ અને શાણપણ કોઇના બાપનું છે ? ડોસીએ જુના વિચારો જણાવ્યા.

તારાએ મંછામાના પગ ચાંપવા માંડયા ત્યારે મંછામાએ વળી મોહનલાલનાં વખાણ વધારે કરવા માંડયાં. તારા વિવેકી અને દુશ્મનનાય પેટમાં પેસી જાય તેવી હતી. ચંદુલાલના ઘરમાં સઉ એને ચહાતું હતું. મંછામા તેના ઉપર બહુ પ્રેમ રાખતાં અને અવરનવર રામચંદ્રને કહી કોઇ કોઇ પ્રસંગે મોહનલાલને બે રૂપિયા રળાવતાં. એવા જ રૂપિયામાંથી તારાની પાસે ચાર દાગીના પણ થયા હતા.

રહેવા દે, તારાવહુ ! હું કંઇ બહાર ગઇ નથી.

ઘરમાં એઠું એઠેય તમારા પગ અકડાઇ જાય. માજી !

મોહનલાલ આવ્યા તેમને જોઇ કીકુ બોલ્યો કે—દાદીમા ! મોહનભાઈ આવ્યા.

તારાએ માથું ઓઢયું અને મોહન બોલ્યો કે-મંછામા દર્શન કરી આવ્યાં કે ?

ના દીકરા ! આજ તો હું બહાર ગઇ નથી.

હવે તમારે બહાર જવું નહિ, માજી ! આપણે ઘેર કયાં ઠાકોરજી નથી ?

ગજરી ઓરડામાં આવી બોલી કે-ઓહો મોહનભાઇ તો અહીં ઉભા છે અને ચંદુભાઇ તો પણે જમવાની રાહ જ જોયા કરે છે. '

' ચાલો બેન, હું ત્યાંજ જાઉં છું. ' મોહનલાલ ગયો. ગજરી તેની પુંઠે ચાલી એટલે મંછામા બોલ્યાં કે—ગજરી ! આ છોકરાઓને લેતી જા, એમને મોહન તથા ચંદુની સાથે જમવા બેસાડ. ગજરી તેમને લઇ ગઇ. ડોસીએ તારાની સાથે વાત ચલાવતાં વધાર્યું કે--તારાવહુ ! અમારી વહુને તે કંઈ થશે કે નહિ ? વીસ વરસ તો થયાં હશે. અહો ! એને આણું કરે કેટલાં વરસ થયાં ? રામચંદ્ર અને જેકોરને તો કંઇ લાગે નહિ પણ મને તો એની બહુ ઝંખના થયા કરે છે. પેટનાં પેટ જોઇને જવાય તો સારૂં. મહીનો થઇ જાય કે હું તો ઠાકોરજીને કહું કે જો એમ હશે તો ઠાકોરજી મહારાજ તમારૂં ફુલાણું કરીશ, પણ કંઇ નહિ, એક બે દિવસ વહેલા મોડાય થતા નથી. મહીનો થાય કે જાણે બેઠી જ છે. મને કંઇ અળખામણી લાગતી નથી, સમજીને વહુ ! પણ જાણે શંકા થાય છે કે એવીને એવી તો નહિ રહે ?

નારે માજી! કાલે ઈશ્વર સારો દહાડો દેખાડશે અને તમ જેવાં ભાગ્યશાળીને ઠાકોરજી પેટનાં પેટ જોવા દહાડો આપશે. કોઇને ઉંચ વરસે પણ અઘરણી આવે, એની શંકા લાવવી નહિ. ગુલાબભાભીજી તે માજી! ક્યાં મોટાં થઇ ગયાં? કાલ સવારે એ સુરતથી આવ્યાં અને ઘાઘરી ઓરણાં પહેરી ફરતાં હતાં. ઈશ્વર સઉ સારાં વાનાં કરશે. મારા કાકાજીની દયા ઈશ્વરનેય ડોલાવશે. તમારાં પુણ્ય ફળશે અને પાલણાં બંધાતાં વારે લાગશે નહિ.

મારો રામચંદ્ર લોકના ઉપર દયા રાખે છે તે અમસ્થો નહિ તો! દુઃખ કેવું હોય, તે એણે જોએલું છે. અહો! એણે જે દુઃખ વેઠયાં છે તે આજ કોનાથી વેઠાય એમ છે? નાનો-બાળ માત્ર બાર વર્ષનો, એ મુંબઇ આવેલો, અને તે દાડે તો આ આગગાડીએ નહિ અને આગબોટે નહિ.

નાના, માજી! વીસેક વરસના હશે?

પ્રકરણ ૬ ઠું.

રામચંદ્રનું ચરિત.

ખરેખર બાર વરસનો. મને બરોબર યાદ છે. એ વખત તો હું વીસરતીજ નથી. જનોઇ દેઇને વારોવાર છ મહીને એનો બાપ મરણ પામ્યા અને અમારા ઉપર દુઃખનાં વાદળ તૂટી પડયાં. ત્રણ છોકરીઓ અને એકનો એક રામચંદ્ર. બે છોડીઓ અને રામચંદ્ર પરણાવેલાં અને એક કુંવારી. એ મરી ગયા અને એમના શબ પાછળજ જાણે દેવાદાર મારૂં લોહી ચૂસવા આવ્યા હોય, એમ થયું. સગાં સાગવાંને બે આંખોની શરમ હતી તે જતી રહી. મારે ખુણે રહે રહે, એ લોકને જવાબ આપવો પડે, પણ

રામચંદ્રનો કાકો, મુવો, એક ઘરડું ખોખ હતો. તે બોલેય નહિ. જ્યાં ત્યાં કરી મારા બે દાગીના મુકાવી તેમની ઉત્તરક્રિયા કરાવી; એટલા દહાડા તો આડોશી પાડોશીએ આવ્યાં પણ પછી તો જાણે ખંભાતમાં મારૂં કોઇજ ના હોય, એમ થઇ ગયું. ચાર છોકરાંને—હલતાંને પાંખમાં રાખવાં અને ઘરસંસાર ચલાવવો, એ મને એવું દુર્લભ થઇ પડયું કે નં પૂછો વાત. છોકરાં ઉંઘી જાય એટલે હું એમને સભારી સંભારીને રોઉં. કોણ મને વારે? આખરે એમની એમ કલ્પાંત કરતી કરતી ઉંઘી જાઉં. મારા બે જમાઇઓએ તો એ વખતમાં જમની ગરજ સારી છે. છોકરીઓને તેડી જાય, વળી કાઢી મૂકે, તોફાન કરે અને છોડીઓ બિચારી નબાપી આંસુ ઢાળતી મારી પાસે આવે; પણ ખરે! આ જેકોરવહુના બાપનો આભાર મારાથી ભુલાતો નથી. એ તો અત્યારે સ્વર્ગમાં છે પણ છોકરો પરણાવવો તો એવેજ ઠેકાણે પરણાવવો. બે વરસ મેં લાયલેપાનાં કાઢયાં તે એ વહેવાઇની હુંફે. દશમે વરસે તેમણે સાઠ રૂપીએ રામચંદ્રને ગુમાસ્તી બેસાડયો. રામચન્દ્રે દુધિયા દાંતે ચાકરી લીધી, એક ઘડીએ બિચારો પગ વાળીને બેસે નહિ અને એ વખતની ગુમાસ્તી! ભીંના ઘઉં દળવા અને વાણીઆને ઘેર ગુમાસ્તી કરવી તે બે બરોબર.

એણે બે વરસ બેંચ્યાં એટલામાં બંદર ઉપરનું તેનું કામ જોઇ, કચ્છના એક ખોજા વેપારીએ કહ્યું કે—છોકરા, મુંબઈ જાય તો હું તને બસેંનું વરસ બાંધી આપું. ઠીક છે, હું જોઇશ, વિચાર કરીને એક બે દહાડામાં આપને કહીશ, દરમિઆન કોઇને પૂછતા નહિ શેઠ, એમ કહી રામચંદ્ર ઘેર આવ્યો અને રાતે મને વાત કરી. મેં સાફ ના પાડી, પણ એણે અનેક બાબતો ઉલટા સુલટી સમજાવી અને એટલા નાનાએ મને જે કહ્યું તે બધુંય મારે ગળે ઉતર્યું. હરિ હરિ! જે થવાનું હશે તે થશે. જા ત્યારે, પણ મારાથી તો તને એમ કહેવાતું નથી. મારી હા ભણાવી બાજે

દિવસે એણે પેલા શેઠને હા કહી અને ટુંકુને ટચ બે દહાડામાં જવાનું ઠરાવ્યું. ફળિયામાં વાત થતાં લોક મને ચુંટી ખાવા મંડ્યા. હું ડગી નહિ. મેં જ્યારે બહુ થયું ત્યારે એના સસરાને બોલાવી વાત કરી, તો તેમણે કહ્યું કે ભલે જાય. જુઓ અંબા! સાહસ કર્યા વગર માથે પડેલો બોજો ઓછો થવાનો નથી, અને જ્યાં સુધી ઇશ્વર સાનુકૂળ છે ત્યાં સુધી ઉછળતી આગે હિમ જેવી છે. મને એ બાબતની અડચણ નથી, પણ મારા ઘરમાંથી બહુ આકળી છે. તે કદી તમને કંઇ કહે તો રીસ ચઢવશો નહિ. સુખેથી જવા દો. ઈશ્વર એમને સારો દહાડો દેખાડશે. મારી જેકોરનું ભાગ્ય મોટું છે.

તારાવહુ ! એના સસરાનાં આવાં વચન સાંભળીને મારા પગમાં વધારે જોર આવ્યું. જોત જોતામાં દહાડો જતો રહ્યો અને આખા ગામમાં વાત પ્રસરી ગઈ. રામચંદ્ર જવાનો હતો તેની હું તૈયારી કરતી હતી, એટલામાં સાંજના એની સાસુ મારી પાસે આવી. એનું મોં તો કાળ અંધાર થઇ ગયેલું હતું. પાસે આવી બેઠી અને બોલી કે–રામચંદ્ર ક્યાં ગયા ? મેં કહ્યું કે કંઇ સરસામાન લેવા બહાર ગયો છે.

અંબા, તમારૂં તો વજ્રનું કાળજું છે, પણ મારો જીવ તો ફડક ફડક થાય છે, અને જાણે શું કરૂં એવા ઉહાળા આવે છે. જગતમાં કોઇ ગરીબ હશે કે નહિ ? લોકને માથે દેવાના ડુંગર હોય છે, પણ તમારા જેવું નિર્દય તો કોઇ થતું જ નથી. નાનું બાળ છોકરૂં મુંબઇમાં શું સમજે ? એ શહેર કેવું છે, તે તમે જાણો છો ? વિશ્વાસી લોકનું ગામ છે, અને જ્યાં જુઓ ત્યાં એના એ લોક. આપણે અહીં લાખો માણસની વચ્ચે એક ફિરંગી વિલાયતી નીકળે છે, તો ભર્યા શહેરમાં બૈરાં ઘરમાં પેસી જાય છે, અને એ ત્યાં એકલા કેમ રહેશે ? એ લોકને જોઇને આપણાં કાળજાં ફડફડી જાય. માંસ માટીના ખાનાર લોક, દયાનો તેમનામાં શો અંશ ? મેં મારૂં છોકરૂં નાખ્યું

છે તેથી ખમાયું નહિ ત્યારે આવી છું. લોક મને કેટકેટલું કહે છે, મારી મોટી છોકરીના ઘરની સ્થિતિ કેવી છે? અને ખરૂં કહું તો, કોના ઘરમાં ધન ઉભરાઇ જાય છે. એ તો ઘેરે ઘેર માટીના ચુલા! માટે અંબા વહેવાણ! ડહાયાં થાઓ, અને વિચાર કરો. તમારા છોકરાને ચુલો ફુંકતાંય આવડે છે? અરેરે બાપ! આવડું છોકરૂં બિચારૂં રાંધશે શું? ખાશે શું અને ચાકરી શું કરશે? માથું દુઃખે તો એનું ત્યાં કોણ સગું? દરીઆની વાટ, તેનોય તમને વિચાર આવતો નથી? બીજે ને ત્રીજે વહાણ ને હોડકાં બૂડી જાય છે અને કેટલાય લોકને ઘેર તાળાં પડે છે! મારા ઉપરાંત થઇને મોકલવા હોય તો મોકલો, મારે ને તમારે બોલ્યા વહેવાર નહિ રહે. હાય! હાયરે બાપ! શું માબાપ! રામચંદ્રને હજી પોતિયું પહેરતાં તો આવડતું નથી અને ટાંણે ટચંક અમારે ત્યાં જમવા આવે ત્યારે કુતરાંની બીકે જેકોરના બાપ શેરી બહાર મૂકી આવે ત્યારે! આવા બાળકને મુંબઇ મોકલતાં ભલું તમારૂં કાળજું કહ્યું કરે છે?

જેકોરવહુની માએ તો ઘણુંએ કહ્યું પણ હું મન શાંત રાખી બધું ગળી ગઈ. આખરે જ્યારે તે ઉઠયાં ત્યારે મેં કહ્યું કે—વહેવાણ! તમે ચિંતા કરશો નહિ. તમારા કરતાં રામ-ચંદ્ર મને બહુ વહાલો છે. હું આંધળીની આંખ અને આ છોકરીઓનો ભાઇ, એ એકનો એક જ છે. મારે અહીં કે મુંબઈ, જ્યાં હશે ત્યાં માત્ર એના સામું જ જોવાનું છે. પુરુષ જાત નાનો હોય તોય શું અને મોટો હોય તોય શું? એ હોંશિઆર છે એટલે મારૂં મન બળતું નથી. અંતરાત્મા મને કહે છે કે સારૂં જ થશે, માટે મોકલું છું. સુખ થશે તો મારે ભોગવવું છે કે તમારી જેકોરને? જે થાય છે તે છોકરાંને માટે થાય છે. જે તે કરવું તો પડેસ્તો. લ્યો આવજો વહેવાણ! એમ કહી હું રસોડામાં ગઇ અને વહેવાણ રીસમાં ને રીસમાં ચાલ્યાં ગયાં. એના ગયા પછી મને ઘણું લાગી આવ્યું. હું

રસોડામાં બેઠી બેઠી રોઈ. રામચંદ્ર આવ્યો તેણે મને કહ્યું કે 'બા શું છે?' એટલે મારાથી મોટેથી રોવાઈ જવાયું. રામચંદ્રની આંખમાંથી પણ પાણી નીકળી ગયાં, અને છોકરીઓનાં બિચારીઓનાં મોં ઉતરી ગયાં.

રામચંદ્ર બહાર જઇ બેઠો અને મેં છોકરીઓને મારી પાસે બેસાડી. સઉ એક બીજાના મનમાં દુભાએલા જેવાં ગમગીન થઈ રહ્યાં. બીજે દિવસે નવ વાગે વહાણ ઉપડવાનું હતું, એટલે મેં રામચંદ્રને જમાડયો અને છોકરીઓ સુતી ત્યાર પછી અમે માં દીકરો પોટલાં બાંધવા બેઠાં. યાદ કરી કરીને મેં સઘળું બાંધ્યું. દરમિઆન રામચંદ્ર બોલ્યો કે, 'બા! કોઇ આમ બોલે, કોઇ તેમ બોલે, એમ બધાનું સાંભળીએ તો કંઇ થાય નહિ. જગત કાશીનું કરવત છે. આમનુંએ વહેરે ને તેમનુંએ વહેરે. સઉ સારાનાં ભાગી અને વાહ વાહ કરનાર છે. ચાલતી ગાડીએ બેસનાર સઉ હોય? પણ તું વિચાર કર કે આપણે ગયા વગર છૂટકો છે? અહીં બેશી રહીને શું ખાઇએ? દેશમાં ચીંથરે હાલ રહેવું પણ પરદેશ જવું નહિ, એ તો બાપના કુવામાં બૂડી મરવા જેવો વિચાર છે. પેલા શિયાળામાં એક બ્રાહ્મણ ટહેલ નાખતો હતો તે તને સાંભરે છે? મને તો એના બોલે બોલ યાદ છે અને તે અક્ષરે અક્ષર મોંઢે થઈ ગયા છે કેઃ—

ગૌડી પૂછે ગોડલા, કોણ ભલેરો દેશ;
સંપત હોય તો ઘર ભલાં, નહિ તો ભલો વિદેશ.

તું આમાં કાંઇ ખોટું ન સમજતી. ગરીબ હોઇએ ત્યારે પરદેશ સારો. ત્યાં આપણે ભારે હળવું ગમે તેવું કામ કરીએ તોપણ અડચણ નહિ. દેશમાં તેવુ થાય નહિ.

તારાવહુ! એનાં વચન સાંભળી મેં કહ્યું કે—બાપું!

એ તો ખરૂં પણ પરદેશ તે તો પરદેશસ્તો? માંદા સાજા થઇએ ત્યારે ત્યાં આપણું કોણ? જો રામચંદ્ર! હું તને મારા પેટમાંથી કાઢી પેટને માટે પરદેશ મોકલું છું, પણ પાણીની બહાર માછલી હોય, એવી હું અહીં છું હો! દરેક વહાણે કાગળ લખવાનું ભૂલતો નહિ. વળી તને કહેવું પડે એમ તો નથી પણ કહું છું કે, બાપુ! જીવતો નર ભદ્રા પામશે, એ કહેવત યાદ રાખજે. તારૂં માથું દુઃખે તો ત્યાં ઉભો પણ રહેતો નહિ. દીકરા તું નો તું જાય અને હું નિરાધાર થાઉં? આ નાની બેનો રાન રાન ને પાન પાન થઇ જાય અને લોક મને જીવતીએ રહેવા દે નહિ, માટે આ બધું કહું છું. તું આ બોલ તારા કાળજામાં લખી રાખજે અને શરીર જરાય નરમ લાગતાં ત્યાં ઉભો રહેતો નહિ. વળી એવું હોય ત્યારે પૈસા સામું પણ જોતો નહિ. દેહ છે તો સઉ છે અને દેહ નથી તો કંઇ નથી. પૈસો આપણી જાત પછવાડે છે. ખાધે પીધે કે ઔષધે પૈસો ખરચતાં પાછું વાળીને જોવું નહિ, તેમ તારે અમારી પણ ચિંતા કરવી નહિ. બચે તો બચાવવું, નહિ તો શરીર સાચવીને નોકરી કરવી. વળી એક બદામે પાસે રાખીએ નહિ પૈસો પ્રાણ લેવરાવે છે. લોક પૈસા માટે માણસને મારી નાખતાં વાર લગાડતા નથી. માયાને ભય છે, કાયાને ભય નથી. શેઠના કરોડ રૂપિયા હોય તેને માટી જેવા માનવા. તું તો હજી બાળક છે, પણ કહું છું કે, કોઇના ઘરનાં રહસ્ય જોઇએ નહિ, આડો અવળો રસ્તો લઇએ નહિ, મોટીને મા અને નાનીને બેન ગણી ચાલીએ, તો શત્રુમાંય સમાસ થાય. જેનામાં દુર્ગુણ નથી તેને આ જગતમાં ભયે નથી, તારા બાપ કહેતા કે લક્ષ્મીથી અને સ્ત્રીથી ન ચળે તેને જગતમાં ક્યાંહી કશો ભય જ નથી. એજ તારા બાપનાં વચન હું તને પાછાં આપું છું, અને ખાતરી રાખજે કે એ ખરાં છે. જેને મોહ નથી તે જગતને જીતે છે. પરદેશમાં ગમે તે લોક હોય પણ કોઇની સાથે બોલી બગાડીએ નહિ. આપણો સારો

રસ્તો દેખાડવા જઇએ અને સામાને ખોટા પડે, માટે કોઇને કશુંય કહીએજ નહિ. દીઠે રસ્તે જઇએ અને દીઠે રસ્તે આવીએ, એમાંજ માલ છે. આપણે આપણો ધર્મ અને દેશાચાલ છોડીએ નહિ. તું જાણેજ છે ને કે 'દેશ છોડીએ પણ વેશ કેમ છોડીએ ?'

રામચંદ્ર—બા ! તું મારી તરફની કંઇ ચિંતા કરીશ નહિ. હું કોઇનો ગાંજ્યો જાઉં તેવો નથી. લક્ષ્મીથી હું લલચાઇશ નહિ, અને ધર્મની બાબતમાં તો મને બીજા ધર્મની ઉપર આસ્થા જ પડતી નથી. એવા લોકને હું મોંઢું જ આપતો નથી. ટુંકામાં મારે તને જે કહેવાનું છે તે એજ છે કે તારે મારી બીલકુલ ચિંતા કરવી નહિ. હું માંદો થઇ ત્યાં પડી રહું એવો નથી. પૈસાની ફીકર કરીશ નહિ અને જે હશે તે અહીં મોકલાવીશ. બેનોને તથા જમાઇઓને આપણે જેમ કરતાં કારવતાં આવ્યાં છીએ તેમ કરતી રહેજે. ઇશ્વર કરશે તો આપણે સુખી જ થઇશું. દુઃખનો પણ અંત હોય છે. જગતની કહેણી ખોટી નથી કે—

સુખ કેડે દુઃખ આવશે, દુઃખ કેડે સુખ હોય;
સરખા દિન ચાલે નહિ, જયમ તડકો ને છાંય

આપણે બહુ દુઃખ વેઠ્યાં છે તો ઇશ્વર હવે સુખનો વારો પણ લાવશે. કંઇ દુઃખ વેઠશો નહિ. મહીને મહીને હું મારો પગાર મોકલતો રહીશ.

દીકરા હવે સૂઇ રહે, સવારે વહેલા ઉઠવું છે.

હા, ચાલ તું પણ બાંધી રહીને ?

તારાવહુ ! રામચંદ્ર સૂઇ ગયો પણ મને તો આખી રાત ઊંઘજ આવી નહિ. એવીને એવી આંખે મેં આખી રાત કાઢી અને ચાર વાગે ઉઠી પાછો ચુલો સળગાવ્યો. છોકરીઓ, રામચંદ્ર વગેરે ઉઠ્યાં. દાતણ પાણી કરી રામચંદ્ર વહાણની

સરત કાઢવા બંદર ઉપર ગયો. હું રસોઇ કરતી હતી એટલામાં નાનીએ ઘરમાં દોડી આવી મને કહ્યું કે 'બા! જેકોરભાભી કંઇક લઇને આવે છે. મેં બહાર જોયું એટલામાં જેકોર અંદર આવી અને સોડીઆંમાંથી દાબડો કાઢી બોલી કે બા, મારી બાએ આ દાબડો મોકલ્યો છે. ઓરડામાં પેટીઓ છે ત્યાં મૂકો અને નણંદો સાથે બેસો. મને વહેવાણ ઉપર વહાલ આવ્યું. ગઇ કાલે બોલી તો ગઇ પણ અત્યારે જમાઇને માટે ભાથું કેવું મોકલ્યું? લાવ બોલાવીને પૂછું તો ખરી કે વહેવાણે કંઇ કહાવ્યું છે? 'જેકોર! અહીં આવ જોઇએ!'

આ આવી બા, શું છે? શું આપું?

મારે કંઇ જોઇતું નથી. પણ તારી બાએ શું કહ્યું છે?

મને કહ્યું છે કે મોડી આવજે.

વારૂ! ત્યારે બેસો, જાઓ.

મનમાં હું બોલી કે રામચંદ્રના ગયા પછી જેકોરને મોડી આવજે એમ કહી મોકલી, તેનો શો અર્થ હશે? આ છોકરાં શું સમજે અને શી વાત કરવાનાં હતાં? વહેવાણ બહુ ચીબાવલી દેખાય છે! ભલેને આપણે તો એમને મેળવશું.

નવ વાગ્યા રામચંદ્ર આવ્યો, જેકોર ઓરડામાં પેશી ગઇ. તેણે મારી પાસે આવી પૂછ્યું કે—ખાવાનું થયું? મેં ઉત્તર આપ્યો કે હા થયું છે. જો ઓરડામાં તારી સાસુએ કંઇક મોકલ્યું છે. તે ઓરડામાં ગયો અને નાની ખાવાની લાલચે તેની પાછળ ગઈ. કેટલીક વારે તે અબોટીઉં પહેરી આવ્યો ને મેં ખાવાનું પીરસ્યું. જોતજોતામાં વખત થયો અને એના દોસ્તદારો સાથે તે બંદરપર જવા નીકળ્યો. હું ખુણે હતી એટલે વળાવવા ગઇ નહિ, અને કહેવાનું હતું તે તો રાતે કહ્યું જ હતું. આડોશી પાડોશીને મળી સઉ માર્ગે પડ્યા અને મોટી

પોળ સુધી ગઇ હતી તેણે પાછાં આવી મને કહ્યું કે બા, ભાઇને સસરો પોળે મળ્યા તે એમની સાથે ગયા.

રામચંદ્રના ગયા પછી છોકરાં દીલગીર થઇ ગયાં, નાની રડી ગઈ અને જેકોરની આંખમાંથીએ આંસુ પડયાં. કેટલીક વારે સઉને મેં જમવા બેસાડયાં પણ બરોબર જમ્યાં નહિ.

બાર વાગ્યાને સુમારે જેકોરના બાપ વળાવી પાછા આવ્યા અને મને આશ્વાસન આપી જેકોરને લઈ પોતાને ઘેર ગયા. તેમના ગયા પછી હું મારા કામમાં લાગી. દરમિઆન મનમાં તો જાણે ભડકા લાગતા હોય એમ થયાજ કરતું હતું. રાત પડી અને છોકરાંને વાળુ કરાવી સુવાડયાં, ત્યારે મારા ખોળામાં પેશી નાનીએ કહ્યું—'બા, જેકોરભાભીએ મને મગજ આપ્યું હતું અને ભાઇએ તેમને કહ્યું કે—'આ ઘેર આવતાં જતાં રહેજો; ત્યારે એ રોઇ ગયાં હતાં.' મેં કહ્યું કે ઠીક. પછી છોકરાં ઊંઘી ગયાં અને હું એકલી અમારી દીનદશા ઉપર ખૂબ રોઇ.

તારા—મંછામા, તમે પણ બહુ કષ્ટ વેઠયાં છે હો કે ? ઇશ્વરે તમને દુઃખ પછી સુખ દેખાડયું દેખું ? મારા જેવી અકળાય તેમાં તો શું. તમે કહ્યું એવું દુઃખ તો અમને પડયું નથી; ઇશ્વરનો એટલો આભાર !

મંછા—અરે અમારા વખતનાં દુઃખ તો તમે શું સહી શકો. અમારા વખત તો અમેજ ગાળ્યા, આજના માણુસથી એ ગળાય નહિ ? તમે ચાર વાસણ વધારે માંજો તો કહો કે અમારી તો હાથેલીઓ ઘસાઇ ગઇ, ત્યારે અમેં કેવાં ? અમે તો ઘેર મોટી મોટી નાતો જમાડતાં અને તેનાં વાસણ પણ માંજી નાખતાં ? તમારાં શરીરે અમારાં જેવાં નહિ તો !

પ્રકરણ ૭ મુ.

રંગનું ચટકું.

આ પ્રમાણે મંછા ડોસીએ રામચંદ્રના પરદેશ ગમનની વાત કહી, તે સાંભળીને તારા તો છક થઈ ગઈ. આગલા માણસો સાહસિક, બળવાન ધીરજવાળા અને ખડતલ હતા અને હાલના લોક નિર્બળ, શરીરથી અને મનથી નાજુક તથા અસહનશીલ થતા જાય છે, એમ ડોસીએ તેને સમજાવ્યું એટલામાં ગજરી આવીને બોલી કે—દાદીમા! હવે ચાલો. તારાભાભી! તમે પણ અહીં જ બેશી રહ્યાં? ભાઇઓ અને બાપાજી વગેરે સઉએ જમી લીધું. ચાલો હવે આપણે જમવા બેશીએ.

તારા—જીજીમા! કોઇ વાર આગળ કહેજો. કાકાજીની જીંદગીનો હેવાલ તો ખરેખર સાંભળવા જેવો અને અમારાં જેવાંને બોધ લેવા જેવો છે.

મંછા—તારાં કાકીજીને પૂછજેને? આગળનો એમનો મુંબઇ વાસ તો એ બધોય કહેશે.

તારા—વારૂ, ચાલો ત્યારે. હાથ ઝાલું માજી!

મંછા—નારે, જાઓ હું આવું છું.

તારા અને ગજરી ઓરડાની બહાર નીકળ્યાં એટલે ગુલાબે કહ્યું કે—જાઓ મારાં મેડીમાં સોળું છે તે પહેરી આવો. ઘણીવાર થઈ તમને તો. સાસુજી બેશી રહ્યાં છે.

એ કયાં ગયા?

જો જો, ભૂલાં પડી જતાં?

ના ના હું તો સહેજ પૂછું છું.

મોટા દિવાનખાનમાં સસરાજી છોકરાંને લઇને ગયા અને કંઇક વાત કરવાની હશે તે એમને પણ બોલાવતા ગયા, ત્યાં બેઠા હશે, તમારે કંઈ કામ છે ?

ગુજરી—ચાલો ચાલો, ટાયલાં જવા દો.

તારા ગુલાબની મેડીએ ગઇ અને મુખ ધોઇ સોળું પહેરતી હતી એટલામાં ચંદુલાલ પાન ચાવતો ચાવતો ઉપર ચઢયો. તારા અવળી ફરી સોળું પહેરતી હતી. ગ્યાસનો દીવો બપોરના જેવું અજવાળું પાડી રહ્યો હતો; એટલે સામેના લાઇફસાઇઝના તખતામાં તેનું પ્રતિબિંબ પડ્યું હતું. ચંદુની અને તારાની આંખો બારોબાર તખતાના પ્રતિબિંબમાં એકઠી થઇ. ચંદુલાલ હસી પડયો; તેની સાથેજ તારાથી બોલાઇ જવાયું કે-' જ્યાંને ત્યાં કેમ સામા આવ્યા કરો છો ?' 'સહસાજ આવુ છું અને તમને એમ લાગે છે તો એમ.' તે પાસે ગયો. ઉકાંચળી તારાના માંસલ અને મનોહર શરીરે તેને પરાધીન બનાવી દીધો. વીજળીની ઝડપે તેના શરીરમાં નખશિખ ધમધમાટ થઇ ગયો. અવળે મુખે ઉભેલી તારાને તેણે ભુજાંતરમાં ભીડી દીધી અને 'અરે આ શું થઇ આવ્યું ?' એમ બોલતી ગદેલા જેવી એને પ્રેમાવેશથી દાબી ગંડસ્થળ ઉપર ચુંબન કર્યું. મોહથી પરાજીત થયેલા ચંદુલાલથી બોલાઇ જવાયું કે-' હવે શું કહેવું છે ? કહો.'

ગુજરીએ બૂમ પાડી અને તારા નીચે જઇ જમવા બેઠી. ચંદુલાલના મનમાં આ વખતે ઘણા વિચાર આવ્યા. ક્ષણવાર તેણે વિચાર્યું કે 'મારાથી હવે આવું થવું ન જોઇએ ' અને ક્ષણવારમાં તે વિચાર બદલાઇ ગયા. આમ પરોક્ષ રીતે ચંદુના મનમાં આવ્યું અને બારી આગળ ઉભે ઉભે પવનની લહેર લેવા લાગ્યો. તારાના સ્પર્શથી ગરમ થએલું તેનું રૂધિર શીળા પવનના સપાટાઓથી શાંત પડયું.

આવર્ગ જમી રહ્યા પછી તારાએ ચાકર પાસે પોતાનાં

વસ્ત્ર નીચે મંગાવી પહેર્યાં અને છોકરાંને લઈ ઘેર ગઈ. મોહનલાલ પણ કેટલીક વાર સુધી રામચંદ્રની સાથે ગપ્પાં મારી ઘેર ગયો. ગુલાબ વડસાસુના ઓરડાનાં બારણાં બંધ થયા પછી મેડીએ ચઢી. તે મેડીમાં પેઠી અને ચંદુલાલને આરામચેરમાં ઊંઘતો જોયો. ગાડીમાં ચંદુલાલે તેના સવાલના જવાબ આપ્યા ન હતા તેથી તે ગુસ્સે થએલી હતી. પરંતુ પતિનું મુખ જોઈ તેના હૃદયમાંથી પેલી રીસ જતી રહી. ક્ષણવાર તે ઉભી રહી અને પાસે જઈ નીચી વળી. તેણે ધાર્યું કે ચંદુલાલ ઢોંગ કરતો હશે, તેથી પોતે લહેરમાં આવી અને ખૂબ ન્યાળીને જોયા પછી પ્રેમના ઉમળકાથી તેની આંખ પર ચુંબન કર્યું. ચંદુલાલ જાગ્યો અને બોલ્યો કે—કેમ છે? શું છે? કંઇ કામ છે? ગુલાબને જોતાં જ તેના મનમાં ગુસ્સો થઇ આવ્યો.

કેમ આમ છે, રિસાયા છો?

ચલ, રીસ બીસની વાત ન કર.

હવે ગુલાબે જાણ્યું કે તે ગુસ્સામાં છે. તેને પણ પોતાનો ગુસ્સો ચઢી આવ્યો અને બેઉ એક બીજાથી દૂર દૂરની ખુરસીઓ પર જઇ બેઠાં. ગુલાબ એક ચોપડી લઇ બેઠી. બેઉ જાણે પુસ્તક વાંચતાં હોય એમ લાગતું હતું પણ તેમ ન હતું. બેઉનાં અંતર ગુસ્સાના વિચારોથી ધમધમી રહ્યાં હતાં. ગુલાબનો ગુસ્સો લાડકો હતો અને ચંદુનો ગુસ્સો ખરેખરો હતો. કેટલીક વાર સુધી મૌન રહ્યું અને ઘડિઆળમાં આગેયાર વાગ્યા, એટલે ગુલાબ જ બોલી કે—

અભ્યાસ તો હવે પૂરો થયો. હવે શું કરવા ઉજાગરો કરતા હશો? અગિયાર વાગ્યા સૂવું નથી?

ચંદુલાલે ઉત્તર આપ્યો-'નહિ.' પછી ખુરશીમાંથી પાણી પી તે પલંગપર જઈ સૂતો. હવે ગુલાબ ખરેખરી ચીઢાઇને બોલી કે—

કેમ, હું પાણી પાત નહિ?

ચંદુલાલ હજી બોલ્યો જ નહિ. ગુલાબ નરમ પડી ગઇ. તેનો ગુસ્સો જાણે ઉતરી ગયો. મુખ લેવાઇ ગયું અને ચોપડી ખુરશી ઉપર મૂકી પલંગ આગળ જઇ બોલી કે—કેમ નથી સાંભળતા? શા માટે બોલતા નથી? મારો કંઇ વાંક છે? મોહનભાઇ બેઠા હતા અને મેં કહ્યું, તેથી રિસાયા છો? શુ છે, મને કહો? મારા સમ. જો મારો વાંક હોય તો માફ કરો.

શું છે તે માફ કરું?

ત્યારે કેમ બોલતા નથી?

એમ જ.

એમનું કંઇ કારણ?

તે જાણવાની તમારે શી જરૂર છે?

મારે તે જાણવાની કેમ જરૂર ન હોય? આમ શું બોલો છો? મારે એ જાણવાની જરૂર ન હોય, તો શું બીજાને હોય? તમે ને હું શું જુદાં છીએ?

હા, આજથી જુદાં જ.

આવું વજ્ર જેવું વચન ન બોલો વહાલા, મારાથી એ નથી સંભળાતું. કાનમાં આંગળીઓ ઘાલી ગુલાબ રડી પડી. તેની ધીરજ જતી રહી. તેના અંતરમાંથી રોવું આવ્યું અને આંસુ ભરી આંખે, તેણે મારો વાંક હોય તો માફ કરો; એમ કહી ચંદુના નિતંબ ઉપર મસ્તક નાખી દીધું. ચંદુલાલે તેનું મસ્તક ખસેડી નાખી પાસુ ફેરવ્યું અને ગુલાબે ઘણી આજીજી કરી અને ઘણા કાલાવાલા કર્યા ત્યારે તે બોલ્યો કે—પેલી કોની છબી છે? આજ સુધી તે કયાં હતી? અને શા માટે તે મારાથી છુપી રાખવામાં આવી હતી, તે જ્યાં સુધી મારા જાણવામાં આવ્યું નથી, અથવા મને ખાતરી થઈ નથી, ત્યાં સુધી આ બધી મહેનત, આંસુ પાડવાં અને કાલાવાલા કરવા, તે હું માનવાનો

નથી. એ વાતનો મને સંતોષકારક ખુલાસો મળવો જોઇએ.

હાય હાય ! રંગનાથ, નિર્દોષ રંગનાથ ! તારી છબીએ મને અને તને બેઉને આમની આંખમાં પાપી ઠરાવ્યાં. એમ મનમાં બોલી ગુલાબે તેને કહ્યું કે, અહો ! એ ખુલાસા માટે ખાતરી જોઇએ તો ક્યોને હું આપું ?

નહિ, મારે તેનો ખુલાસો બીજા માણસથી મેળવવો છે.

સુખેથી તેમ કરો. નિર્દોષને ભય નથી. આમ બોલતાં ગુલાબના મનમાં નિર્દોષતાનો ગર્વ આવ્યો.

એમ થાય ત્યાં સુધી આ પલંગમાં પગ દેવાનો અધિકાર નથી.

ગુસ્સાને લીધે પલંગથી દૂર ખસી જઈ, ગુલાબ બોલી કે– ભલે, એ વાતનો નિકાલ આવે ત્યાં સુધી હું પણ ભોંય સૂઈ રહેવાનું વ્રત લઉં છું.

ચંદુલાલ પાસુ ફેરવીને સૂતો અને ગુલાબ પોતાનું છાલ પાથરી જરા દૂર નીચે સૂતી. દીવાને તેમણે ઝાંખો કર્યો નહિ અને ઉભય પોતપોતાના ગુસ્સાભેર સૂતાં, પણ તેમને ઉંઘ આવી નહિ. ચંદુલાલે બે ત્રણ વાર પાસુ ફેરવ્યું પણ વિચારોની પરંપરાથી તેનું મન ભરાઈ ગયેલું હતું એટલે ઉંઘ ન જ આવી. તેને ગુલાબ ઉપર પ્રથમ તો ઘણો જ ગુસ્સો આવ્યો, પણ પછી તેણે આપેલા જવાબ ઉપર વિચાર કરતાં તે નરમ પડયો. આટલી હિમ્મતથી તે બોલે છે ત્યારે કદાપિ મારા મનમાં રહેલો શક ખોટો પણ હોય ! સ્ત્રી જાત છે, લાડકડી છે અને ખાજવાઈ છે, એટલે માત પિતાના જાણવામાં આવશે તો તેઓ મને શું કહેશે ? કદી તે ગુન્હેગાર છે, એમ ધારું તોપણ આટલા બધા તિરસ્કારને યોગ્ય તે છે ? જો ગુલાબ ગુન્હેગાર કે તો હું શું ગુન્હેગાર નથી ? પરણતી વેળાએ એણે જેવું વચન મને આપ્યું છે, તેવું મેં એને નથી આપ્યું ? વરવધૂ બેઉ તે વચન પાળવા બંધાએલાં છે. મનોમન સાક્ષી છે અને એનો ગુન્હો શક પડતો છે. એ નિર્દોષ હોય એમ પણ બને, માટે એનો તિર-

સ્કાર થવો જોઇએ નહિ એક વાત ઉપરથી એને આ પ્રમાણે દુભવવી મને યોગ્ય નથી. અગ્નિની સાક્ષીએ હું અને એ બેઉ એક બીજાના સુખ દુઃખનાં ભાગી થયેલાં છીએ, તો શા માટે તેને આમ કહેવું જોઇએ ? આવા વિચારોથી ચંદુલાલના મનમાં સત્ય ઉતર્યું પણ અભિમાન ગયું નહિ. તેને દયા આવી પણ મનમાં તેનો જીવ એમ બોલ્યો કે—શું હું એને બોલાવું ? એ બોલે તો હું હવે એને માફ કરવા તૈયાર છું. પલંગમાંથી ઉંચા થઇ તેણે નીચે સૂતેલી ગુલાબના મુખ તરફ જોયું. ગુલાબ દુઃખથી ભરેલા નિદ્રામાં હતી. તેની આંખો ગાલ અને ચોળીની બાંય આંસુથી ભીંજાઈ ગયાં હતાં. ઉંધા સૂતે સૂતે હાથ ઉપર મસ્તક ટેકવી ચંદુલાલે વધારે બારીકીથી તેનું મુખ જોવા માંડયું અને નિદ્રામાં પણ અંતરમાં તે રડતી જણાઇ. ક્ષણે ક્ષણે તે દીર્ઘ શ્વાસ લેતી અને ડુસકાં ભરતી હતી. પશ્ચાતાપ પામતા પણ પુરુષના અભિમાનથી તેને જગાડતાં અટકેલા ચંદુલાલે શૂન્ય મને તેના સામું એક ટસે જોવા જ માંડયું, અને એમ જોતાં જોતાં તેના મુખમાંથી પેલી રમણીય ટૂંકો નીકળી કે—

द्यूतेपण:प्रणयकेलि : कंठपाश:

[illegible] परिरंभण [illegible] त××उत्तरीयम्

ગુલાબ બહુ રૂપાળી નહિ તોપણ શકાદાર હતી. ગૃહસ્થાઇને લીધે ફેશનથી તે રઢિઆળી લાગતી. તેના મનની લુગડાં લત્તાં અને ઘરેણાં ગાંઠાંની ઇચ્છાઓ સાસુ સસરા તરફથી પૂરી પડાતી હતી. પોતે મોજીલી, પ્રેમી, પતિને ચહાનારી, ગરીબ ઘરની હોઈ શાળી અને શાંત સ્રી હતી. તેને રીસ અથવા ગુસ્સો આવતો, તે તેના સ્વભાવનો નહિ, પણ પોતાને મળતા માનનો, લાડકવાઈ હોવાનો અને ધન વૈભવની સાહ્યબીના રંગનો હતો. તે ભણેલી અને રસિક સ્રી હતી. તેનું મન હોંશી હોઈ પોતાના સ્વામીના અભ્યુદયમાં અભિમાન લઈ પોતાને સુખી માનનાર હતું. પહેલાં શરૂઆતમાં આમ થતું ત્યારે તેને કંઈ લાગતું નહિ, પરંતુ હાલ

વખત બદલાઈ ગયો હતો. તેણે ઘરમાં કોઇનો ઉંચો સ્વર પણ સાંભળ્યો ન હતો. સઉ તેને માનભેર બોલાવતાં. આડોસીપાડોસી અને ઓળખીતાંમાં તેનું માન હતું. ગુલાબ એવા માનથી છકી ગઈ ન હતી. પણ તેને પોતાની વડાઈનો પોરસ ચઢ્યો હતો. સ્વપ્નમાં પણ ચંદુલાલથી કદી આવાં વચન કહેવાશે, એવું તેને ભાસ્યું ન હતું, તે જ્યારે એકાએક આમ થયું ત્યારે તેને ઘણું જ લાગી આવ્યું. 'હું ભોંય સૂઇ રહેવાનું વ્રત લઉં છું.' એમ જાણે અભિમાનથી બોલી હોય તેમ તે બોલી, પણ જ્યારે નીચે સુતી ત્યારે તેનું મન ગદ્‌ગદ્ થઇ ગયું. આંખોમાંથી શ્રાવણ અને ભાદરવો વહી ચાલ્યા અને 'આમને આ શું થઈ આવ્યું?' એમ ન કલ્પતું મન રૂંધાઈ જવા લાગ્યું. નિઃશબ્દ રૂદનમાં તેણે આંખોનાં નીર ખુટાડી દીધાં. આખરે તે ઉંઘી ગઈ. ચંદુલાલ તેની સામું જોઈ રહી પેલી કવિતા રચતો હતો ત્યારે ઉંઘમાં ને ઉંઘમાં તેણે પાસુ ફેરવ્યું અને બોલી કે, મારો દોષ નથી. હું સીતાની માફક અગ્નિદિવ્ય કરવાને તૈયાર છું, પણ તમે મને લડાવી આવાં વચન સંભળાવો તે સાંભળવાને ખુશી નથી. બહેતર છે કે, હું મરી જાઉં, પણ તમે 'જુદાં છીએ.' એવું બોલો, તે મારાથી જીવતાં સંભળાય નહિ.' તેણે પાસુ ફેરવ્યું અને ઉંચો શ્વાસ ખેંચી ડુસકું ભર્યું.

ચંદુલાલનું મન હવે વધારે ગળી ગયું. તે મનમાં બોલ્યો કે મેં આને બહુ કહ્યું, અને કોઈ દિવસ કહેલું નહિ તેથી એને બહુ લાગી આવ્યું. ઉંઘમાં પણ કહે છે કે હું અગ્નિદિવ્ય લઇશ. ત્યારે હું એને બોલાવું? ના, એ બોલાવશે, તો બોલીશ. તે ફરીને સુતો.

પ્રકરણ ૮ મું.

સુખ દુઃખની બેલી.

પ્રણય કોપ શમ્યો નહિ, રૂશણું અખંડિત રહ્યું અને બેઉ નિદ્રામાં પડયાં. સવારમાં નિયમ પ્રમાણે વહેલી ઉઠી ગુલાબે ચંદુલાલનું મુખ જોયું. મસ્તકવડે પતિના ચરણનો સ્પર્શ કર્યો અને-**त्वमेव भर्त्ता न च विप्रयोगः** એ સીતાનાં વચન બોલી, તે નીચે ઉતરી. તેનું મુખ ઉતરી ગયેલું અને આંખો લાલ હતી. જેકાર શેઠાણીને શક પડયો, પણ ધાર્યું કે હોય, પતિ પત્ની વચ્ચે કંઈ ખટપટ થયેલી હશે. ગજરીએ પણ નિત્યની માફક તેની ભાભીને આનંદમાં દીઠાં નહિ. ગુલાબનું મન તપી ગયેલું હજી શાંત થયું ન હતું. કોઈની પાસે હૃદયનો ભાર ઓછો કર્યા વગર તેને ચેન પડે એમ લાગ્યું નહિ. તેણે ચારે તરફ નજરે દોડાવી પોતાની સખીઓને યાદ કરી જોઈ. છેવટ તેને એમ થયું કે મોંઘીને મળું. નહાઈ ધોઈ તેણે સાસુજીને કહ્યું કે બા ! મારે કામ છે માટે કેવળ ઝવેરીને ત્યાં જાઉં ? હા જાઓ. ભૈયાને સાથે લેતાં જજો. લુગડું પહેરી ગુલાબ તૈયાર થઈ. ચંદુલાલ ઉઠયો ન હતો.

નીચી નજરે માત્ર પોતાના માર્ગને જ જોતી ગુલાબ કેવળ ઝવેરીને ઘેર આવી. સવારનો વખત હતો અને ગુલાબની સખી તેના અંતઃપુરમાંથી બહારે નીકળી ન હતી. ઘરમાં પસતાં પોતાના ભૈયાને ગુલાબે રજા આપી પાછો મોકલ્યો અને ઘાટી ચાકરને પૂછયું કે નાનાં શેઠાણી કયાં છે ? એક નાની છોકરીએ અંદરના હોલમાંથી દોડી આવી ગુલાબને કહ્યું કે મારાં મોંઘીભાભી તો ઉપર છે, તમારે કોને મળવું છે ?

એમને જ મળવું છે, મને નથી ઓળખતાં બેન ?

તમને હું ઓળખું છું પણ નામ ભૂલી ગઇ છું. તમે

મારી ભાભીનાં બેનપણી છો, ખરૂંને. ચાલો ઉપર આવો.

છોકરી આગળ થઈ અને ગુલાબ તેની પાછળ દાદર ચઢી ત્રીજે માળ ગઇ. કેવળ ઝવેરીનું ઘર એક વિશાળ મકાન હતું અને ત્રીજો માળ આખા ઝવેરી બજારનું અવલોકન કરતો હતો. મોટી અગાશી જોડે બે ત્રણ ખંડ પાડી ત્યાં એક મોટો હોલ બનાવેલો હતો. કેવળ ઝવેરીની સમૃદ્ધિની ગણના ન હતી. તેને બે છોકરા અને બે ત્રણ છોકરીઓ વગેરે વસ્તાર હતો. પૈસો અને પનોતાઇ બેઉ ઝવેરીની પાસે હતાં, તેથી લોક તેને સુખીઓ ગણતા હતા. ઝવેરીના નાના છોકરા વીરચંદની પત્ની તે ગુલાબની સખી થતી હતી. ગુલાબ ઉપર ગઇ ત્યારે તે એક સોફા ઉપર અને તેનો પતિ વીરચંદ હિંદોળા ઉપર બેઠેલો હતો. મોંઘી સામેના સોફા ઉપર બેઠી બેઠી રૂપાની પાન પેટી ઉઘાડી બીડી બનાવતી હતી. મોંઘીની નણંદ ને ગુલાબ બેઉ ઉપર આવ્યાં પણ વીરચંદને જોઇ ગુલાબ શરમાઇને બહારના હોલમાં ઉભી રહી. છોકરી તેના ભાઇ પાસે જઇને બેઠી. ગુલાબ આવ્યાની વાત તેણે કહી એટલે વીરચંદ હિંદોળા ઉપરથી ઉઠયો અને મોંઘીએ બારણામાંથી કહ્યું કે આવને બેન, એ તો તારા બનેવી થાય, શરમાય છે શું ?

મારાથી શરમાતાં હોય તો ચાલો હું બહાર જાઉં.

નારે ના, એ તો કંઇ શરમાતી નથી, બેસોને. ચા ઉપર લઈ આવવાનું મેં ભટને કહ્યું છે, તે પીને જજો.

ગુલાબ અને મોંઘી, બે આસનવાળા સોફા ઉપર બેઠાં અને શેઠ અરીસાવાળા આરસના ટેબલ ઉપર પડેલું વર્તમાન પત્ર લઇ પાછા હીંચકે બેસતાં ગુલાબને ઉદ્દેશીને બોલ્યા કે ચંદુલાલ પાસ થયા તે અમે વર્તમાનપત્રોમાં વાંચ્યું અને ખુશી થયા.

અમારા ઘરનું કામ એવું અંધેર છે, એટલે હું સાંભળવાને તૈયાર છું. તમે ક્યારે લોક છો. તમે ખુશ થાઓ એમાં શી નવાઇ. ગુલાબે શરમાતાં શરમાતાં જવાબ આપ્યો.

મોંઘીના સામું જોઈને તે પુનઃ બોલ્યો કે, મારે ને એમને બહુ પરિચય નથી, પણ મેં ઘણે ઠેકાણેથી સાંભળ્યું છે કે, તેઓ બહુ હોંશિઆર છે એકવાર એમને આપણે ઘેર બોલાવજો.

હોંશિઆર અને નિરભિમાની છે. હું કદી જાઉં છું તો કેટલોય વિવેક કરે છે. ગુલાબની સાસુ અને વડસાસુ વગેરે પણ બહુ જ લાયક માણુસો છે.

પોતાનાં સાસરીઆં અને વરનાં વખાણ સાંભળી ગુલાબને સારૂં લાગ્યું. પેલી વાતથી દુઃખાયેલા મનને જાણે રાહિઅત મળી.

બ્રાહ્મણ રૂપાના પ્યાલાઓમાં ચા લાવ્યો અને સર્વે જણે પીધી. પાન બીડી લઈ બહાર જતાં વીરચંદે કહ્યું કે–

જમ્યા વગર હવે જવા દેશો નહિ.

ના ના, મોંઘીબેન મારાં સાસુ લઢે.

હું હમણાં ચાકરને મોકલી તારાં સાસુને કહેવરાવીશ. તારા બનેવીનું એટલુ એ વચન નહિ રાખે કે ?

ગુલાબ મૌન રહી. વીરચંદ હસી બહાર ગયા. મોંઘીની નણંદ અને વર બેઉ નીચે ગયા પછી ગુલાબે કહ્યું કે હું તમને સહેજ મળવા આવી છું અને સાસુજી ધારશે કે કંઈ કારણસર ત્યાં રહી હશે ? અમારે ત્યાં રહેવા માટે લઢશે નહિ. ફીકર ન કરીશ.

ના, એ તો મારી અને તમારી પ્રીતિ જાણે છેને ?

બસ, ત્યારે બેસ, હું નીચે જઈ જરા સાસુજીને મળીને આવું છું. ઉઠીને નીચે જ ઉતરી નથી.

હા, જઈ આવો.

ગુલાબ પોતાની બેનના સમૃદ્ધિ પૂર્ણ અંતઃપુરમાં એકલી પડી, એટલે તેના મનમાં વિચાર આવ્યો કે મોંઘી તો કહે છે કે મારા ઘરમાં ભિજાજનું ઝાડ છે, અને મને તો વીરચંદભાઈ હમેશ બહુ સભ્ય અને વિવેકી જણાયા છે. લક્ષાધિપતિનો

છોકરો જરા આકરા મિજાજનો તો હોયસ્તો ? મોંઘીનો મિજાજ ક્યાં ઓછો છે ? અમસ્થી વીરચંદશાહને મિજાજી કહે છે. એણે તે દિવસે સહજ વાતમાં પેલી દાસીને ઓછું કર્યું હતું ? સાસુજી તો એનો મિજાજ જોઈને સડક થઇ ગયાં, પણ વડસાસુએ કહ્યું કે લક્ષાધિપતિની બેટી અને લક્ષાધિપતિની ધણીઆણી હોય, તે એટલો ફુફવાડો ન રાખે ? વીરચંદશાહને એ તો જાણે ઓળખતાય નથી. આવા માણસોની સાથે તો ઓળખાણ હોય તે સારું.

મોંઘી ઉપર આવી અને બેઉ સખીઓ હિંદોળા પર જઇ બેઠી. મોંઘી અને ગુલાબ વચ્ચે નાનપણનાં સહીપણાં હતાં. ગુલાબ અને તે બેઉ એક શેરીનાં રહેવાની સાથે નિશાળે જનારાં અને સુરતમાં નાનાં નાનાં સાથે રમનારાં હતાં. મુંબઇમાં મોંઘીનો વિશ્રામ ગુલાબ અને ગુલાબનો વિશ્રામ રૂપ મોંઘી હતી. આ બે જણીઓ પોતપોતાના સુખ દુઃખની વાતો કરતી અને ઘણી વાર મોંઘીએ ગુલાબને તે તેના કાકાને ઘેર રહેતી ત્યારે આશ્વાસન આપેલું. મોંઘીના બાપે તે પરણી ત્યારે ગુલાબને સારો ચાંલ્લો અને વરને પોશાક આપ્યો હતો. મોંઘીનો બાપ સુરતનો મોટો ઝવેરી, મુંબઇના બજારમાં તેની બે દુકાનો ચાલે અને ઝવેરીઓમાં ધજ ઝવેરી ગણાય. આવા મોટા માણસની છોકરી સાથે થયેલું સખીપણું કેમ જાળવી રાખવું તે ગુલાબ સારી રીતે જાણતી હતી. મોંઘી વરસેક દિવસ તેના કરતાં મોટી હતી, પરંતુ આજ તો ગુલાબ તેને દાબી ઘાલે એવી જાજરમાન થઈ ગઇ હતી. બે જણીઓ સાથે બેઠી હોય તો જોનાર ગુલાબને મોટી ધારે. મોંઘીનો સ્વભાવ પૈસાને લીધે જરા ગરમ હતો પણ પરણીને મુંબઇ આવી અને વીરચંદશાહનું કપરું રાજ્ય જોયું, ત્યારની જરા નરમ અને શીળી થઇ હતી. ગુલાબ પરણીને મુંબઈ આવી ત્યારે શરૂઆતમાં અને હવેલાઈમાં બેઉ સખીઓને વરના તરફથી જરા કણુકણા જેવું હતું.

મોંઘીનો વર વીરચંદશાહ બડો લ્હેરી હતો. ગાયનો, નાચ, મીજબાનીઓ અને નાટકોનો તેને એવો છંદ હતો કે કેવળ ઝવેરીની ગમે તેટલી સખતાઇ હોવા છતાં, રાતના તે બહાર ચાલી જતો હતો. મોંઘીને વખતે તુંકારા કરતો અથવા તિરસ્કાર કરી ચાલ્યો જતો, ત્યારે ગુલાબ આગળ આંસુ પાડતાં મોંઘી કહેતી કે બેન ! લીલાવતી રાસની લીલા જેવી મારી સ્થિતિ છે. ગુલાબ તેને ધીરજ આપી પોતાની વાત કહેતી. આમ એક બીજાને દુ:ખની વાત કહી તેઓ હળવાં થતાં. ગુલાબની સ્થિતિ તે પછી બદલાઇ ગઇ અને મોંઘીનેએ સુખ થયું, પરંતુ કોઇ કોઇ વાર વીરચંદશાહ મિજાજ ખોઇ દે છે, એમ ગુલાબ આગળ તે ફરિઆદ કર્યા કરતી. આ વખતે વળી ગુલાબને પોતાનું મન ખાલી કરવાનો વખત આવેલો હતો, વાંચનાર તે જાણે છે. હિંદોળે બેસતાંજ મોંઘી બોલી કે, ગુલાબ ! તેં તો આજે ઘણે વખતે આમને જોયા નહિ વારું ?

ના ના, ઘોડે ચઢી આવ્યા ત્યારે જોયા હતા અને અહીંએ બે ત્રણ વાર હું આવેલી ત્યારે સહેજ વાતચીત થયેલી. તમે મિજાજી કહો છો પણ મને તો બીલકુલ એવા લાગતા નથી.

તું હોય અને મને લહે તો તને મિજાજી લાગે ?

ના ના, એમ નહિ મોંઘીબેન, મારો ટુંકો અનુભવ એમ કહે છે.

અરે એ તો હમણાં આવા થયા છે, અને તોય શું ? એક જરા પણ વાંકું પડયું હોય તો હજીએ એવા ને એવા. અમારા લોકમાં વિદ્યા નહિ એટલે નાના હોય તોય સરખા ને મોટા થાય તોય એવાજ. વિવેકમાં જે તું કહેતી હોઉં તો તે ખરૂં છે. એ તો જેમ તું શરમાઇ તેમ એ પણ જરા શરમાયા હશે; નહિ તો વિવેક કરવામાં બાકીએ રાખે નહિ. એમની ખાનદાની કંઇ જાય ? ગઇ પરમ દિને અમારાં સુરતનાં ગોરાણી આવ્યાં હતાં. તે આવ્યાં સહેજ પણ અહીં રાખ્યાં, જમાડયાં અને દશ રૂપીઆ આપ્યા. મારું પણ એમ તો માન રાખે, પણ વારું

હું તો ભૂલી ગઇ બોલ તું અત્યારમાં કેમ આવી છે? તારુ મુખ ઉતરી ગએલું છે, કેમ ચંદુલાલ ભણ્યા ગણ્યા હોવા છતાં કંઈ ફડફડયા કે શું?

ગુલાબને પેલી વાત યાદ આવી, તેના મુખ ઉપર લોહી તરી આવ્યું અને આંખમાં ઝળઝળીઆં ભરાયાં.

મોંઘી-એમ શું કરે છે, કહે તો ખરી?

તારે આ પલંગમાં પગ દેવો નહિ. હું આજથી એકલો છું. આમ બોલતાં ગુલાબની આંખમાં આંસુ આવ્યાં. ફ્રેંચ સેંટથી મઘમઘી રહેલા રૂમાલથી તેનાં આંસુ લૂછી લેતાં તેણે કહ્યું કે, એમ કહેવાનું કંઇ કારણ?

હાય હાય! એને શું છે? એ તો બિચારો મરી ગયો, તું જાણે છે કે નહિ?

ગુલાબ ચોંકી. હાય હાય! બિચારો ગરીબ, રંગનાથ મરી ગયો.

હા, હું તો ધારૂં છું તેને છ મહીના થઇ ગયા હશે. મને ગોરાણીએ પહેલી વાર આવ્યાં ત્યારે જ કહ્યું હતું. હું તને કહેવું ભૂલી ગયેલી. રંગનાથ માટે એમને તારા ઉપર શક આવ્યો છે? જારે જા, ગાંડી! આપણુ ગંગાજળ જેવાં હોઇએ તો એમનો શક શું કરવાનો હતો? મોંઘી અભિમાનભેર બોલી.

પરીક્ષા તપાસ કરે અને ખાતરી થાય ત્યાં સુધી મને બોલાવે નહિ.

ભલે તેમ કરે. કહીએ નહિ કે, તમે સુરત જઇ તપાસ કરી આવો?

મને તો ઓછું આવ્યું તેથી એ ઉઠયા પણ નથી ત્યાર પહેલાં સાસુજીને કહી તમારી પાસે આવી છું.

ઠીક થયું, ચાલ એમને હું અહીં બોલાવી મંગાવું. એટલામાં ગજરી આવી.

એચિંતી તેને જોઇ મોંઘી—આવો બેન ! તમારાં ભાભીને મનાવવા આવ્યાં હશો ? તમારા ભાઇએ મોકલ્યાં કે બાએ ?

ભકકા બોલી મોંઘીએ આમ કહ્યું અને ગુલાબ શરમાઇ ગઈ. ગજરાને પોતાની બેની વચ્ચે બેસાડતાં તે બોલી કે કેમ ગજરાબા ?, કેમ આવવું પડયું ?

ચાલો, મારા ભાઈ બોલાવે છે. લ્યો આ કાગળ આપ્યો છે અને મને કહ્યું છે કે તું તેડીને આવજે.

મોંઘી—તમારા ભાઇ ખરા, ઘડીમાં આમ ફરે અને ઘડીમાં તેમ ફરે. લાવો જોઇએ એ કાગળ.

મોંઘીએ તે ફોડયો અને વાંચીને હસતાં હસતાં ગુલાબને આપ્યો. જો બેઉના નામનો છે.

કંઇ નહિ, તમે મારાથી કયાં જુદાં છો ?

ગુલાબે કાગળ વાંચ્યો, હસી, સ્વામીને એટલું લખવું પડયું તે માટે જાણે પશ્ચાતાપ પામી અને બોલી કે તમને શું કરવાને મોકલ્યાં ? હું આવત નહિ કે ? આવું થાય તેની, મને તો શરમ આવે છે મોંઘીબેન !

ના, ભાભી, તમે ગયાં અને થોડીવારે મારા ભાઇએ જ મને ઉપર બોલાવી કહ્યું કે કયાં છે. ઉપર મોકલ. મેં કહ્યું કે, તે તો ઝવેરીને ઘેર ગયાં છે, ત્યારે કહે કે લે આ કાગળ અને મહેતો શાક લેવા જાય તેની સાથે ઝવેરીને ત્યાં જઇ અહીં તેડી આવ. રાતનાં રિસાયેલાં છે, માટે જરૂર તેડીને આવજે.

જુઓ મોંઘીબેન ! હું રિસાયેલી કે એ, કેવું બોલે છે ?'

ગજરાને—બેન ! તમે જાઓ, અને કહેજો કે ઝવેરીને ત્યાંથી જમીને આવશે, કોણુ રિસાયું છે અને કોણુ મનાયું છે. હમણાં આવત પણ મારા ઘરમાંથી એને જમતા રાખવાનું કહીને બહાર ગયા અને જો આવે તો એમને તમારા આખા ઘર ઉપર ખોટું લાગે. તમે જાઓ, બપોરના હું અને એ બેઉ આવીશું.

મજશીને સમજાવી પાછી મોકલ્યા પછી ઓંધીએ કહ્યું કે–ગુલાબ! તું લાડ કરે છે; પણ ભણેલા માણસનાં મન કેવાં પોચાં હોય છે? એમ કહ્યું તેમાં શું થયું? મને આ કેવાં કેવાં વચનો કહે છે? જો એક તાજી જ વાત કહું તે સાંભળ. હમણાં થોડા દિવસ ઉપર સસરાને કહે કે મારૂં શરીર સારું નથી તે અઠવાડીઉં હું એકલો મહાલક્ષ્મી રહીશ. સાંજના જમીને ગાડી જોડાવીને બે ત્રણ મિત્રો સાથે જાય, તે સવારે દશ વાગે આવે. પછી પાછા બહાર નીકળી જાય અને સાંજના જરા મને મળ્યા ન મળ્યા કરી બંગલે ચાલી જાય. બે ચાર દિવસ એમ ચાલ્યું એટલે મારાથી રહેવાયું નહિ. એક દિવસ રાતના દશ વાગ્યા હતા અને ગાડી તૈયાર હતી, તેથી મેં જેઠાણીની સાથે સાસુજીને કહેવરાવ્યું કે હુંએ મહાલક્ષ્મી જાઉં છું. જ્યારે હું ત્યાં ગઇ ત્યારે તો ઉપર કેટલાક મિત્રોની મીજલસ બેઠેલી અને નાચ થાય. ગાડીમાંથી ઉતરી સીડી આગળ ગઇ અને નાયકણનો રાગ સાંભળી હું તો બળી બળી થઇ ગઇ. ઉપર જવું કે શું કરવું? સાસુજીને કહીને આવેલી તે પાછાં પણ કેમ જવાય? પગ પાછો ખેંચી લઇ નીચે ઓટલા ઉપર ઉભી અને ગાડીવાળો શેઠાણી ઉપર ગયાં, એમ ધારી ગાડીને તબેલામાં હાંકી ગયો. દીવો બળતો હતો પણ હું એકલી મને તો બેન બીક લાગવા માંડી. નીચેનો હોલ બંધ, બેસું પણ કયાં? જરાક વાર ઉભી રહી એટલામાં ઉપરથી માળી આવ્યો તે મને જોઈ આશ્ચર્યમાં પડયો. તેણે ઉપર જઇ એના શેઠને ખબર આપી. અત્તરના ભીંજેલા શેઠ સાહેબ નીચે આવી બોલ્યા કે અત્યારે તમે અહીં કયાંથી?

અહીંજ આવી. મને એકલાં ઘેર નથી ગોઠતું.

ત્યારે નીચે કેમ ઉભાં રહ્યાં?

તમારી મીજલસ બેઠી છે એટલે કયાં આવું?

એમ કેમ? તમને કોઇ અટકાવત?

એવા તો કોના ભાર છે?

પણ કયાં, પુરુષો વચ્ચે આવીને મારાથી બેસાય?

માળી પાસે કુંચીઓનો જુડો મંગાવી, મોટા હોલ જોડેની મેડી ઉઘડાવરાવી. ત્યાં ગયા પછી મને કહે કે, તમે અહીં બેસી સાંભળો. હમણાં બાર વાગતામાં હું પતાવી દેવરાવીશ. આમ કહી પોતે પાછા ત્યાં જઇ બેઠા. નાચરંગ પૂર્ણ તાલમાં ચાલતાં હતાં અને પોતે પણ ખૂબ મોજમાં હતા. શેઠ આવી ગયા અને હોલ ઉઘડયો તેથી એમના મિત્રોમાં મારા આવ્યાની વાત જાહેર થઈ ગઈ. સઉએ પતાવવા માંડયું, એટલે નાયકણ ચેતી ગઇ. થોડી વાર વિરામ લેવાને ગાયન બંધ થયું અને કોફીના કપ મીજલસમાં ગયા. તે સઉને અપાવી બે કપ લેઇ પોતે મારી મેડીમાં આવ્યા અને અમે બે જણ કોફી પીતાં હતાં એટલામાં પેલી નાયકણ આવી. મારા પ્રત્યે તેણે બહુ વિનયભાવ દેખાડી કહ્યું કે—આપની સ્વારી આવી તેથી હું બહુ ખુશ થઈ. આમ કહી તેણે વળી મને સારુ લગાડવા કેટલીક વાર સુધી જુદી જુદી રીતે સવાસલાં કર્યાં. તે ગઇ અને શેઠે ફરીને ગાયન ચાલુ ન કરાવતાં સઉને વિદાય કર્યા. નાયકણને રૂપિયા ઉપરાંત એક વીંટી આપી દીધી. તેના ગયા પછી જ્યારે મેં કહ્યું, ત્યારે મને એવાં સખત વચનો કહ્યાં કે, જો તારા જેવી હું રીસ રાખું તો મરી જાઉં. હું સર્વ સહન કરી રહી, એટલે એમની મેળે શાંત પડયા, અને બીજે દહાડે મને પૂછવા લાગ્યા કે 'તને ખોટું લાગ્યું.' હું પણ એવી કે સમજાવવામાં ફાવી, તેથી ફરીને એવા નાચરંગ કરાવવાનું પણ જ લેવરાવ્યું.

જોને, ગુલાબ, બહુ રિસાળ ન થઇએ. પતિને આપણે હાથ રાખવો એ કંઇ મુશ્કેલ નથી. આપણે કોણ? એની વહુને. વહુને તો વાધે વશ થાય છે, અને લોકમાં કહેવત છે, તે પણ ખરી છે કે, વહુ તો વાઘને પણ વહાલી હોય.

ગુલાબ—મોંઘીબેન! હું રિસાળ નથી. મને તો એમનાં વચન ઉપરથી ખોટું લાગી આવ્યું. એ મને ચહાય છે અને કોમળ હૃદયના છે. મને હુંકારોય કરતા નથી, માત્ર પોતાને

ઉદ્દેશી અમુભ કહે, એટલે મને ખોટું લાગે, છતાં જોને, કેવાં ગજરાબાને તેડવા મોકલ્યાં.

હવે મનાવજે, અને રિઝાવજે એટલે થયું. ચાલ નીચે મારાં સાસુજીને તો મળ. બન્ને સખીઓ નીચે ગઇ અને મોંઘીની સાસુ સાથે વાતમાં પડી.

આણી તરફ ચંદુલાલ ગુલાબ ન આવવાથી દીલગીર થઇ પોતાના કામ ઉપર બહાર ગયો. જેકોરશેઠાણીએ ગજરીને એક બે સવાલ પૂછીને જાણી લીધું કે, કંઇક છે, પરંતુ હોય, 'ધણીધણિઆણીના કજીયામાં આપણે શું કામ પૂછવું.' એમ ધારી તેઓ કંઇ બોલ્યાં નહિ. ત્રણેક વાગે મોંઘી અને ગુલાબ ઘેર આવ્યાં. જેકોર શેઠાણી સાથે બેસી તેમણે કેટલીક વાર સુધી વાત કરી. પછી ચંદુલાલની વાટ જોતી મોંઘી કેટલીક વાર ગુલાબની મેડીએ બેઠી, પરંતુ તે આવ્યો નહિ, ત્યારે ગુલાબને આશ્વાસન આપી સાંજના ઘેર ગઇ. સંધ્યાકાળે ગુલાબ નીચે ઉતરી તેની સાસુ પાસે સાંજની રસોઇને લગતી વાત કરતી હતી, એટલામાં એક સિપાઇ આવ્યો. તેણે જેકોર શેઠાણીને કહ્યું કે, મોટા શેઠે કહાવ્યું છે કે, આજે રાતના નવની ગાડીમાં ચંદુલાલ શેઠને બહાર ગામ જવાનું છે, માટે રસોઇ તથા બીજાં મુસાફરીનાં સાધન તૈયાર રખાવજો. કયાં જવાના છે, તે તું જાણે છે? જેકોર શેઠાણીએ સવાલ કર્યો.

કાઠિઆવાડ તરફ જવાના છે.

વારું, એમ કહી શેઠાણીએ ગુલાબના સામું જોયું ત્યારે ગુલાબના મુખ ઉપર જાણે જુદીજ જાતની લાગણી તરી રહેલી જણુઇ. સિપાઇ આ પ્રમાણે કહીને ગયો અને શેઠાણી મંચ્છા માની પાસે ગયાં એટલે ગુલાબ મનમાં બોલી કે—આ શું? પોતે નહિ ને સસરાજીએ કેમ કહાવ્યું? એ જાણતા હશે કે નહિ. હું કેવી ઘેલી કે ગજરાબા તેડવા આવ્યાં તોય આવી નહિ.

હવે તો ગમે એમ થાય, પણ સાંજના એમને પ્રસન્ન કરીને જ મોકલવા. આ પ્રમાણે વિચાર કરતી, સાસુએ સોંપેલું જોઇતાં કપડાં કાઢી તૈયાર રાખવાનું કામ તે કરતી હતી, એટલામાં ચંદુલાલ આવી જેકારને મળ્યો.

બા, મારે અત્યારે મેલમાં જવાનું છે.

હા, હું તે જાણું છું. મેડીએ તેની તૈયારી થાય છે. જા ઉપર તારાં લુગડાં કાઢે છે તે જોઇ આવી, તારે જોઇતાં હોય તેટલાંની ગોઠવણ કરાવી આવ. હું ભાથાની ગોઠવણને માટે ભટને કહી આવી છું. બે ત્રણ દિવસમાં પાછા આવવાનું છે ને?

હા. બે દિવસમાં પાછો આવીશ.

વારું જા. તું તારી તૈયારી કર. ગરમ કપડાં સાથે રાખજે.

ચંદુલાલ ઉપર આવ્યો અને ગુલાબના મુખ ઉપર શેરડા પડી ગયા. મેડીમાં પગ દેતાં જ ચંદુલાલ ગંભીર થઇ ગયો. ગુલાબ નીચું જોઇ અશરણ હોય તેમ પાસે નજીક જઈ ઉભી રહી. તેની આંખમાંથી ઉનું ઉનું આંસુનું ટીપું અભિમાનમાં રહેલા પણ નજીક આવી ઉભેલા ચંદુલાલના અંગુઠા ઉપર પડયું અને તેણે પ્રેમથી ગદ્‌ગદ થઇ બેઉ હાથ સ્કંધ ઉપર નાખી તેને પોતાની છાતી સાથે ચાંપી દીધી. સમજુ સ્વામીનો સ્પર્શ થતાં જ ગુલાબથી મોટેથી રોવાઇ જવાયું.

અરે! શું છે. નીચે બા અને દાદીમા છે, તે ખબર છે કે નહિ? એમ કહી તેણે મુખ ઉંચું કરવાનો યત્ન કર્યો પણ શોકથી શરમથી લજ્જાથી અને પશ્ચાતાપથી જડ થઇ ગઈ હોય તેમ ગુલાબ હાલી જ નહિ. આંખનાં પાણીએ ચંદુલાલના ખમીસનો પટ ભીંજાયો, માથું ઉઘડી ગયું, કપાળ ઉપરના કુંતલ પસીનાથી અને આંસુથી કપાળે ચોંટી ગયા, અને આખો ચહેરો લાલચોળ થઈ ગયો, પણ ગુલાબથી ઉંચું તો જોવાયું જ નહિ. અરે! કેમ આમ છે? હવે ઘણું થયું ક્ષમા કરો. 'ક્ષમા' શબ્દ

સાંભળતાંજ આંસુથી પગનું પ્રક્ષાલન કરતી તે નીચે બેસી ગઈ અને હુંજ નમેરી નિર્દય છું, હુંજ આવા કોમળ હૃદયને અમસ્તી સંતાપ કરાવનારી છું; એમ બોલી ગુલાબ છેકજ મુલ્લું રડી ગઇ. ચંદુલાલે પાણી લાવી આપીને કહ્યું કે, ઠીક, એમ હશે, પણ હમણાં તો લ્યો આ પાણી પીઓ, અને કાઢેલાં કપડાં વગેરેને ગોઠવી દો. વખત પાણીની માફક ચાલ્યો જાય છે. તેણે પવાલું ગુલાબને હોઠે અડકાડયું એટલે આંખમાંનાં આંસુ તો સુકાયાં ન હતાં, એટલામાં અંતરમાંથી ઉમળકાનું અને ઉંડા પ્રેમનું હસવું આવ્યું. પવાલું તેણે પોતાના હાથમાં લઇ પાણી પીધું અને ગલીની બારીએ જઇ મુખ ધોઇ બારીમાંથી તે જેવી ફરી, કે તરત ચંદુલાલે ટુવાલ આપ્યો, અને ગુલાબ ખરેખર ખડખડાટ હસી પડી.

કેમ ઘેલી ઘેલી થઇ છે કે શું? ઘડીમાં રુવે છે અને ઘડીમાં હસે છે?

હા તમને જોઇને ઘેલી થઇ છું. ગમ્મતમાં આવી જઇ ગુલાબ આમ બોલી તેના પ્રાણનાથને ભેટી પડી અને લાડકણે વચને બોલી કે–આજને આજ જવાના છો? રહેવાય તેમ નથી, કાલે જજોને?

આજ શું છે?

કંઇ નહિ, સહેજ.

એમ કેમ, તમારે કદાપિ ગઇ કાલનાં રૂશણાંને આજ પૂરેપૂરાં ભગાવવવાં હોય. ચંદુલાલે ચુંબન કર્યું અને ગુલાબ બોલી કે, રૂશણાં તો આ ભાગ્યાં.

ચાલો, પેલો પોર્ટમેંટો લાવો. વખત થઇ જશે અને હમણાં બધા આવશે.

ક્યાં જાઓ છો, કેમ જાઓ છો, તે કહો, પછી મૂકીશ.

સમુદ્રપુર જાઉં છું. પરમ દિવસે કે પેસે દિવસે પાછો આવીશ અને આવીશ ત્યારે કહીશ કે કેમ ગયો હતો ?

કેશવચંદ્ર અંદર આવતાં મોટેથી બોલ્યો કે—મી. ચંદુલાલ! નવ વાગ્યાની મેલમાં તમે સમુદ્રપુર જાઓ છો, એમ મેં સાંભળ્યું તે ખરું છે કે ?

હા, જાઉં છું. બે ત્રણ દિવસમાં પાછો આવીશ.

બેઉ જણ વાત કરવા બેઠા એટલે લુગડાં ગોઠવતાં ગોઠવતાં ગુલાબે કહ્યું કે, હવે તો તાપ પડે છે અને એણી તરફ વળી વધારે ગરમી હશે, ત્યારે ઘણાં ગરમ કપડાંની શી જરૂર છે ?

એક બે મૂકો એટલે બસ. જેવી ને તેવી જ બોલચાલ ચાલુ થઇ ગઇ.

કેશવચંદ્ર અને ચંદુલાલ વચ્ચે કેટલીક વાર કાઠિઆવાડનાં રાજવાડાં સંબંધી વાત ચાલી, દરમિઆન ગુલાબે ખુશ મિજાજથી કપડાં ગોઠવી પેટી તૈયાર કરી. તે હવે નીચે ગઇ. રામચંદ્ર શેઠ આવ્યા તેમણે ચંદુલાલ તથા કેશવચંદ્રને પણ નીચે બોલાવ્યા. રામચંદ્ર શેઠે તેમને બેઉને પોતાની પાસે બેસાડી કહ્યું કે-ચંદુલાલ! આજ તું આ મુંબઇ નગરીને છોડી દૂર જાય છે. આ તારું પહેલું પ્રયાણ છે અને ત્યાં તને નવી દુનિયાંમાં ગયો હોઉં, એવું લાગશે. મને એ તરફનો અનુભવ નથી, પરંતુ લોકની વાતો અને વર્તમાનપત્રો વગેરે ઉપરથી જણાતું કાઠિઆવાડનું ચારિત્ર કંઈક વિચિત્ર ખટપટીયું અને લોભનીય છે. પૈસો પેદા કરવા ઇચ્છનાર કેટલાક જણ એણી તરફ નજર દોડાવતા જોવામાં આવે છે, અને છે પણ એમજ. રાજા રજવાડામાં ઠેકાણે પડી જનાર માણસ કદી પણ નાગો ભૂખ્યો રહેતો નથી. આટલા બધાની સાથે વળી એવા પણ કેટલાક દાખલાઓ મારા જોવામાં આવેલા છે કે, જેઓ

કાઠિઆવાડથી પાછા ફરી આવતાં તેને નવગજના નમસ્કાર કરે છે. નાનપણથી મુંબઇમાં ઉછરેલા માણસને એ ભૂમિ બહુજ વિચિત્ર લાગે, એમાં નવાઇ નથી. અહીંની વિદ્યા, સુધારો અને વાત વિચારની છૂટ એ દેશમાં બીલકુલ નથી. કેળવણીનો હજી ત્યાં પ્રારંભ થાય છે. સુધારાની સામે ત્યાંના લોક તિરસ્કારની નજરથી જુએ છે અને આણી તરફના માણસ ઉપર વિશ્વાસ મૂકતાં તેઓ અચકાય છે; એ સંબંધી તને શિખામણ દેવા બેસું તો પાર આવે તેમ નથી; પરંતુ ટુંકામાં માત્ર એટલુંજ કહું છું કે, નીતિનો માર્ગ પકડી સીધા સીધા ચાલવું, લોભ રાખવો નહિ અને બુરાથી દૂર રહેવું. જગતમાં મોટામાં મોટી શિખામણનો આટલામાં જ સમાવેશ થાય છે. નીતિને અનુસરી સારે માર્ગે ચાલનારો સ્વતંત્ર માણસ શરૂઆતમાં કદાપિ કંઇક નાસીપાસ થાય છે, તોપણ આખરે તેનો જય થાય છે. નીતિથી ચાલનાર માણસને કોઇ દુશ્મન થતું નથી, અને જેને માથે દુશ્મન નથી તેને કદી પણ ભય નથી. ઉન્નતિ જોઇ બળનારા દ્વેષી દુશ્મનમાં ગણાય નહિ. તેઓ પ્રાણ લેવાનો કદી પણ યત્ન કરતા નથી. તેઓ માત્ર આપણી ઉન્નતિનો દ્વેષ કરી પોતે પોતાની મેળે બળી મરે છે. કોઇની ઉન્નતિ ઉપર અથવા જય ઉપર આપણે દ્વેષ કરવો નહિ

માણસના પેટ ઉપર પાટું મારવી નહિ. આ બાબત ઉપર હું તને ભાર દઇને કહેવા માગું છું અને તારું પરંપરા કલ્યાણ થાય, એવી શુભેચ્છાથી હું તને કહું છું કે કોઇપણ માણસ ઉપર ઉપકાર કરવા તત્પર રહેવું અને કોઇને પણ રોટલો મળતો હોય તેમાં આડે આવવું નહિ. ભગવાન વેદવ્યાસે કહેલું છે કે—પ્રાણ, ધન અને મનથી માણસ માત્રનું શુભ કરવાની સમજુ માણસે નિરંતર ઇચ્છા કરવી. માણસ માણસનું શુભ કરવાને માટે જ જન્મ લે છે અને જો બારીક નજરે વિચાર કરીએ તો આપણાં પુરાણો આપણને ઇશ્વરના અવતારોથી

બીજો કંઇજ નહિ, પણ એજ બોધ કરે છે, કે, માણસે માણસનું ભલું કરવું. માણસ પોતાની જાતના ભલાંને માટે યત્નવાન રહે તેમાં તે શું વધારે કરે છે? ચંદુલાલ! મારી નાનપણની ગરીબ દશા, તો તેં ઘણીવાર જીજીને અથવા તારી બાને મોઢે સાંભળી હશે. હું જે કંઇ થોડું ઘણું કમાતો તેમાંથી પણ મારા ગજા પ્રમાણે પુણ્ય દાન કરતો, અને આટલી બધી ઉમ્મરમાં મને કદી પણ યાદ નથી કે, મેં કોઈ માણસને માગતો રોટલો અટકે એવું કાર્ય કર્યું હોય. મારું માનવું છે કે, દયાને લીધે જ હું આજ સુખી, સંતોષી અને પનોતો છું. તમે મારા ફરજંદ છો અને તમને હું વારસામાં મારો એજ ગુણ આપવા ઇચ્છું છું કે, માણસ માત્રનું હિત કરવાની હંમેશ વૃત્તિ રાખવી.

ચંદુલાલ! બીજી શિખામણમાં વળી એટલું પણ તારે યાદ રાખવું કે, કદી કોઇ માણસને સુધારવાની કોશીશ કરવા જતાં આપણને ખમવું પડે તોપણ ડરવું નહિ, અને આપણી નીતિને અનુસાર તેને સારો બોધ કરવો. બોધક ઘણાનો શત્રુ બને છે એવી કહેવત છે, પરંતુ આખરે લોક તેનો ગુણ માને છે. આ સઘળી બાબતો પોતાની બુદ્ધિ અને દેશકાળને અનુસરીને કરવાની છે. તેમાં પણ ખાસ કરીને કાઠિઆવાડમાં કરવાનું છે તે એજ કે, કોઇની આઘીપાછી કરવી નહિ. રાજદ્વાર વિચિત્ર હોય છે, તે વાત ખોટી નથી. ગમે તેવો ભણેલો રાજા હોય પણ લોક વ્યવહારથી તે અજાણ્યુ હોય છે. તે ઘણાં ખરાબ માણસોથી વિંટાયેલો રહે છે અને રાજગૃહમાં હંમેશાં એક બીજાનો જીવ લેવાય એવી તરકટી બાબતો ચાલ્યા કરે છે. એવી ખટપટથી દૂર રહેવું. કાઠી રાજાઓનો અનુભવ મને મારા એક મિત્રે જણાવ્યો હતો; અને તેના મત પ્રમાણે જો હું ચાલું તો, તને એ દિશામાં જવા પણ દેઉં નહિ; પરંતુ હોય, સઘળે ઠેકાણે એમ બનતું નથી. તું જેમ તને તારી સદ્બુદ્ધિ સુઝાવે તેમ ચાલજે, અને ન ફાવે ત્યારે અહીં

આવવાનું રાખજે. આજ જા, એ રાજાને મળી આવ, અને જોજે તેની સહી અને સિક્કાનો હુકમ લીધા પછી જ આવજે. રાજાઓની મોંઢાની વાત ઉપર વિશ્વાસ રાખવો નહિ, કારણ કે, અનેક વિષયોમાં પચેલા તેઓ ક્ષણે ક્ષણની વાત ભૂલી જાય છે. ભલે સુખેથી જા, હાલ તને ત્રણસેં રૂપિયાનો પગાર મળશે અને રહેવા માટે ઇસ્પિતાલની પાસે બંગલો મળશે. મેં બધી ગોઠવણ કરી છે, તેમ છતાં પગાર તથા રહેવાની બધી બાબત હુકમમાં લખાવજે. પછી તારી બા વગેરે સાથે આવશે અને ત્યાં તમને ઘર માંડી આપશે, પણ સઘળું નક્કી કરીને આવજે. સાહેબ ઉપર મેં મી૦ જેકબ પાસે પત્ર લખાવ્યો છે, એટલે ચિંતા નથી.

હું અને કેશવચંદ્ર એજ વાત કરતા હતા, પિતાજી.

કેશવચંદ્ર સામું જોઈ શેઠ બોલ્યા કે, કેશવચંદ્ર ! મારું કહેવું ઠીક છેને ?

હાજી, અક્ષરે અક્ષર ખરું છે. એ લોકનો આપણે વિશ્વાસ રાખવો નહિ, કારણ કે તેઓ આપણો વિશ્વાસ રાખતા નથી. ગુજરાતના રાજાઓને માટે તો જે કહીએ તે મનાય ? એક વાત મારા સાંભળવામાં આવી ત્યારે હું તો ચકિત થઈ ગયો હતો. કહે કે, જે દિવાનને સાંજે કઢંગી રીતે રજા આપવાની હતી તે દિવાને લોકમાંથી સાંભળેલી પોતાની વાત બપોરે રાજાને પૂછી, ત્યારે તે એવું બોલ્યો કે, દિવાનજી ! લોકની વાતમાં તમે શા માટે વિશ્વાસ મૂકો છો ? મારે તમને કાઢવા હોય તો શું હું શરમાઉં છું ? એજ રાજાએ આગલી રાતે બીજા દિવાનને પોતાની સહી કરી આપી હતી અને ઉપલી વાત બની તેજ સાંજે નવા દિવાનને ચાર્જ લીધો હતો. આપણા પ્રાચીન સાહિત્યમાં એમના ચારિત્રનું બહુ સારુ વર્ણન છે.

મોહનલાલ આવ્યો. રામચંદ્રે તેને બોલાવી તેનો પણ

અભિપ્રાય લીધો. પછી ચંદુલાલના બીજા મિત્રો આવ્યા અને જવાની તૈયારી થવા માંડી. સઉને બેસાડી ચંદુલાલ તથા રામચંદ્ર વગેરે જમવા ગયા. જમી ઉઠયા પછી ચંદુલાલ કપડાં પહેરી તૈયાર થયો ત્યારે સાડા આઠ વાગ્યા. ગાડી તૈયાર હતી. ગજરીએ ભાઇના કપાળમાં કંકુનો ચાંલ્લો કરી અક્ષત ચોઢયા અને ડોશી જેકોરશેઠાણી શેઠ અને ગજરી વગેરે નીચે સુધી ગયાં. ગુલાબને મળી ચંદુલાલ નીચે ઉતર્યો અને કેશવચંદ્ર તથા મોહનલાલ તેને મૂકવા સ્ટેશન પર ગયા.

પ્રકરણ ૯ મું.

વરની મરજી.

ચંદુલાલ ગયો અને ઘરમાં તેની નોકરી સંબંધી વિચાર થવા લાગ્યા. ગુલાબ તેના મનમાં વિવિધ મનોરથ કરવા લાગી. રજવાડી નોકરીની સાહ્યબી તેની આંખ આગળ તરવા લાગી. ગુલાબ પોતાના આવા વિચારમાં હતી ત્યારે જેકોરશેઠાણી ચંદુલાલ તરફની નિરાંતે હવે ફૂલ ધ્યાન ગજરી તરફ લગાડવા લાગ્યાં. એક દહાડો એકાંતમાં તેમણે રામચંદ્રને કહ્યું કે, હું અને જીજી તમને ગજરીને માટે કેટલુંએ કહીએ છીએ, પણ જુઓને, તમારી આંખ ઉઘડતી નથી. ચાહ પીને મીલમાં, બપોરે જમ્યા કે મીલમાં અને સાંજે વાળું કર્યું કે ફલાણાને મળવું છે, અને ઢીંકણાને મળવું છે, એવી લાલુસ. જેને માટે એ બધું કરો છો તે છોકરાંનું સારે ઠેકાણે પાનું નાખ્યા પછી કરો, એટલે બસ.

તને એમ લાગે છે કે મને ચિંતા થતી નથી. અલબત, તમે અને જીજીએ પેલી વાત કરી ત્યારથી મારી ચિંતા ઓછી

થઈ છે. હવે કેશવચંદ્ર અઠવાડીઆમાં જવાના છે ત્યારે એના બાપ ઉપર કાગળ લખી આપીશું. ગુલાબ વહુની પાસે તું એમનો તો દાણો ચંપાવી જો. છોકરો સારો છે અને જરૂર ભાગ્યશાળી નીકળશે. તારો ચંદુલાલ ઠેકાણે પડયો અને હવે ગજરીને પણ ઠેકાણે નાખીએ છીએ.

ચંદુલાલ મારો શાનો તમારો, અને ગજરી તો મારી જ.

છોકરી માનું અંતર અને દીકરો બાપનું અંતર, માટે તમે તમારા દીકરાનું કર્યું, તેમ હવે મારી દીકરીનું સારુ થાય એમ કરો, એટલે બસ.

આ બી. એ. લગી આવેલો વર છે અને તારે આગળ ભણાવવો હોય તો તેનીએ મને ના નથી. જોઇએ તો બારિસ્ટર બનાવ.

અત્યંત આનંદમાં આવી જઈ જેકોરશેઠાણી બોલ્યાં કે–ના ના, ખરું કહો છો. હોંશિઆર છે. એ બારિસ્ટર થાય, અને વિલાયત જવું પડે કે નહિ?

વિલાયત ગયા વગર ચાલે કે?

ત્યારે તો નહિ.

તેમાં શું છે? શું વિલાયત સારુ નથી?

હશે, થવાનું હશે ત્યારે તેની વાત. આગળથી આનંદ શો? બી. એ. થાય એટલે બસ. હું એટલું અભિમાન લઇને જ સંતોષ પામીશ કે નાતમાં પહેલ વહેલો બી. એ. કોણ? તો કહે, મારો જમાઈ.

બારિસ્ટર કરીશ તો વળી વધારે અભિમાન લેવાશે. પંદર હજારની વાત, એમાં શું વિસાત છે?

ઠીક છે, તે વખતે વાત.

બારિસ્ટર કરવાની વાત હમણાં રહેવા દેવી હોય તો ભલે. વારુ બીજું શું કહેવું છે?

તમે એના બાપને કાગળ લખીને નક્કી કરી નાખો એજ. એ કરવા પાછળ મારો જીવાત્મા લાગી રહ્યો છે અને આવો વર ફરીને મળવાનો નથી. જેમ બને તેમ એ બાબત વહેલી નક્કી કરી નાખવી એવો મારો નિશ્ચય છે અને તે બર લાવો, એટલે આપણે સંસાર પરિપૂર્ણ ઉતર્યા રહ્યા.

હું પણ તારા જેવોજ અભિપ્રાય ધરાવું છું, અને ગજરીનું સારું જ ઠેકાણું પડશે, ચિંતા કરીશ માં. વહુની પાસે કહેવરાવજે એટલે થયું.

તેઓ વચ્ચે આ પ્રમાણે વાતચીત થયા પછી બીજે દિવસે જેકારશેઠાણીએ ગુલાબને તે વાત કહી અને ગુલાબ નણંદનું હિત કરવાને માટે કેશવચંદ્રને ખુલાસે વાત કરવાનો લાગ શોધવા લાગી.

એકવાર સાંજના ચાર વાગ્યા હતા અને કેશવચંદ્ર એક પુસ્તક લઇ ટેલતો ટેલતો વાંચતો અને દિવાનખાનામાં ફરતો હતો એટલામાં ગુલાબ ઉપર ગઈ અને શરમાતાં શરમાતાં બોલી કે, કેશવચંદ્ર, હમણાં બહુ વાચવાનું ચાલે છે કે શું? તમે તો કંઇ ગમ્મત કરાવતા નથી.

મને ઘણો વખત મળે છે, પરંતુ પરિચય ન હોવાથી હું બહુ બોલતો નથી. જો તમને નવરાશ હોય અને મને કંઇ પૂછો તો કહું, મને બોલવાની બહુ ટેવ નથી.

ગુલાબ—અભ્યાસમાં ગમ્મતથી સારી વિશ્રાંતિ મળે છે. ગજરાબાના ભાઇ તો ખાસ કરીને પરીક્ષાઓ પાસે આવતી ત્યારે ગમ્મતમાં વખત કાઢતા.

કેશવચંદ્ર—ખરું છે. અમે પણ મિત્રોમાં સાંજનો તથા સવારનો થોડો થોડો વખત આનંદમાં અને રમતગમતમાં ગાળીએ છીએ. તમને હારમોનિઅમ સારું આવડે છે અને એમાં તમારી કુશળતા જોઇ ઘણીવાર હું મારી મેડીમાં બેઠો

બેહો પ્રસન્ન થાઉં છું. વધારે ખુશ થવા જેવું તો વળી એ છે કે, તમે અંગ્રેજી રાહ પણ તેમાં ઉતારી જાણો છો. ચંદુભાઈને આવડે છે કે નહિ ?

એમને થોડી રાગિણીઓ આવડે છે, પણ વગાડતા નથી. એમને વગાડયા કરતાં સાંભળવાનો બહુ શોખ છે. હવે તમારે પરીક્ષાની કેટલીક વાર છે ? પરીક્ષા પછી કયાં જવાનો વિચાર છે ?

એ ત્રણ માસ મારે ગામ જવું, એમ ધારૂં છું. ઘણા વખતથી મારા પિતાજી અને સગાં વ્હાલાંં મને ગામમાં રહેવાનો આગ્રહ કરે છે.

તમારી તરફ ન્યાતનો જથો સારો છે, હું ધારૂં છું કે ત્યાં બહુ બાળલગ્ન થાય છે.

એ બાબત હાલ સુધરે તેવી નથી. લોક જેમ જેમ ભણતા જશે, તેમ તેમ સુધરશે.

તમેય પરણેલા હશો, નહિ વારુ ?

ના, હજી હું પરણ્યો નથી. બી. એ. થયા પછી એમ થાય તો સારું, એવો મારો વિચાર છે.

ગંભીર મુદ્રાથી ઠાવકા રહી ગુલાબે પૂછ્યું કે—કેશવચંદ્ર અમારૂં ઘર કંઇ વિચાર કરે, તો તે તમને ગમે કે કેમ ?

કેશવચંદ્ર બોલ્યો નહિ. તે આશ્ચર્યમાં પડયો.

કેમ બોલ્યા નહિ ?

એ બાબત કંઈ તમારાથી તેમ મારાથી નક્કી થાય એવી નથી; એ તો આપણાથી મોટાં અને વધારે જોખમદાર માણસના વિચારની વાત છે, એટલે હું શું કહી શકું.

તમે જાણતા જ હશો કે . . . . તે મોટાની આકતરી મરજી જ બોલે.

હા, એ હું સમજું છું, પણ મોટાની વાત જુદી. મોટામાં પણ વળી જોખમદાર માણસનો સમાવેશ કરવો જોઇએ.

હું તમને ખાતરી આપું તો કેમ ?

શું ખાતરી માટે હું એમ કહું છું ? નહિ. તમે કહ્યું ત્યારનો જ હું સમજ્યો છું કે, તમે કોઇ બાબત છેવટની નક્કી કરવાને અધિકારવાળાં નથી, અને તમે જે વાત કરો છો, તે મારી તરફના બીજા વધારે જોખમદાર માણસને થઈ હોય તો વધારે ઠીક.

પણ—

બસ, પણની જરૂર નથી. મારા તરફની બીલકુલ ના નથી. મારો મત તેજ એમનો મત, એમ જાણજો, પરંતુ રીત એવી, માટે આટલું કહું છું.

ત્યારે બસ, એમ કરતાં અમને વાંધો નથી.

ઠીક છે. હું બહુ રીતે આ ઘરનો આભારી થઇશ.

વખત એવો છે કે, તમારા આટલા શબ્દો અમને ઉપકાર રૂપ લાગે છે. તમેજ વિચાર કરોને કે તમારા સિવાય–

ના, એવું બોલશોજ નહિ. આપણે શું જાણીએ છીએ ? **बहुरत्ना वसुन्धरा.**

તમારો વિનય તમને એ વચન બોલાવે છે, પરંતુ અમે, મારાં વડસાસુ જાણે છે અને તે કહે છે તેમ, નાતમાં તમારા જેવું બીજું કોઇપણ નથી. આ માણસને માટે ચિંતા ન રાખશો. કન્યાને માટે પણ કેટલીક વાર પરણનારના મનમાં વિચાર થાય છે, ઘણીવાર માણસ મોટાની કન્યાને લેતાં આનાકાની કરે છે, પરંતુ અમારા ઘરમાં એવું નથી. ઘરડાંના પુન્ય પ્રતાપે અમને ધન સાહ્યબી સઉ મળ્યું છે, પણ તમારા ગામડાના કામમાં પણ એ માણસ જાય તેવું નથી, સુખ જોયેલું છે, સાહ્યબી ભોગવેલી છે, પણ દુઃખ સહન કરવામાં પાછું પડે તેમ નથી. મારાં

વડસાસુની કેળવણી અને શિખામણ એવી છે કે, અમને કામ કરતાં જરાય દુઃખ લાગતું નથી. અમારા પિતરાઇમાં પહોર લગ્ન હતું, ને અમે બધાં ખંભાત ગયાં હતાં. કેશવચંદ્ર ! શું ધારો છો ? હું બેઢે પાણી ભરી લાવતી. એ એમની શિખામણનો અને ઘરની કેળવણીનો પ્રતાપ. અહીં કદી કામ કરાવે ત્યારે મને રીસ ચઢતી, પણ જ્યારે માથે બેઢું લઇ ખંભાતની નાત વચ્ચે થઇ હું નીકળતી અને લોક પ્રેમથી ને આશ્ચર્યથી મારાં વખાણ કરતા ત્યારે ઘુંઘટામાં હસતી હસતી મારાં વડસાસુને આશીર્વાદ દેતી. અને તે વખતે એમની શીખ મને મોટું માન અપાવનારી થઈ પડી તે માટે આભાર માનતી હતી. જુઓ, અમારા ઘરમાં રસોઈઓ છે પણ ગજરાબાને દરેકે દરેક જાતની રસોઈ શીખવી છે. પચીસ માણસની રસોઇ હોય, તોપણ એ અકળાય એવાં નથી.

એ વાત ખરી છે. કેળવણીનું સાર્થક એજ છે, કે દરેક સ્થિતિને યોગ્ય થવું. ગમે તેવો ભણેલો ગણેલો માણસ હોય, પણ દેશકાળ ને પ્રાપ્ત સ્થિતિને બંધબેસતો થતો નથી, તે કેળવાયેલો કહેવાય નહિ. અમે એવી જાતની કેળવણીને પસંદ કરીએ છીએ. મારા પોતાના ટુંકા અનુભવથી પણ હું માનું છું કે, તમારા ઘરની કેળવણી સઘળી સ્થિતિને બંધબેસતી થાય તેવી છે. તમારા ઘર માટે મને અભિમાન છે, પરંતુ તમે જે વાત મારી પાસેથી નક્કી કરી લેવા માગોછો, તે મારાથી થાય તેમ નથી.

ગુલાબને ખાતરી થઇ પરંતુ વાત નક્કી કરવા માટે તેણે યત્ન કર્યો હતો, તે સફળ થયો નહિ. થોડી વાર આડીઅવળી આમ તેમની વાતો કર્યા પછી તે પોતાના કામ તરફ ગઇ.

સંધ્યાકાળ થયો અને કેશવચંદ્ર ચોપડી બંધ કરી એક આરામચેરમાં પડયો. ગુલાબની સાથે થયેલી વાતચીત ઉપર હવે તેણે વિચાર કરવા માંડયો. માણસ માત્રની પોતાના લાભ

માટે પ્રવૃત્તિ હોય છે, અને આ લોકની પણ તેવીજ હિલચાલ છે. કહે છે કે નાતમાં એને યોગ્ય વર નથી, એટલે તેઓ મારી ઉપર નજર નાખે એમાં આશ્ચર્ય જેવું નથી; પણ હું શું આવા ગૃહસ્થની ભણી ગણી ડાહી છોકરીને યોગ્ય છું ? ગજરીની કેળવણી કંઇ ઓછી નથી. તે ગુજરાતી, સંસ્કૃત અને થોડું અંગ્રેજી જાણે છે. સમજુ તેમ રૂપાળી પણ છે, એટલા ઉપરથી મારે એને પરણવાનું નથી પણ ગુલાબે કહ્યું તેમ, એના ઘર સંબંધી કેળવણી પણ ઘણી સારી છે. ગામડાના કામથી તે ડરે તેવી નથી. શરીર અને મન નિર્બળ હોય તે ઠીક નહિ. સુખ હોય તો તે ભોગવવા માટે જેમ લાયક માણસની જરૂર છે, તેમ દુઃખ સહી જાણે નહિ તે પણ શા કામનું ? દુઃખ અને સુખ એ બેઉમાં સમય પ્રમાણે વર્તી જાણે તેજ માણસ કહેવાય. આ માણસ એવું છે, અને હું જે કંઇ જોઉં છું તે ઉપરથી પણ મને ખાતરી થાય છે કે, આ માણસ એવું છે જ. મનુષ્ય કેળવણીથી દરેક સ્થિતિને યોગ્ય બની શકે છે, અને ગજરી એવી છે. તેનું કાઠું નાજુક અને મોટી થતાં ખીલે તેવું છે. એનું મન ઉદાર અને શરીર સુંદર છે, પણ એનો સ્વભાવ કેવો હશે? સ્વભાવ કોઇથી સહજ કળાતો નથી. કેળવણી, વિદ્યા અને સહવાસ સ્વભાવને ફેરવી શકતાં નથી. એક જાતનો જ સહવાસ, સમાન કેળવણી અને રીતભાત હોય, તોપણ બે માણસના સ્વભાવમાં ફેર પડે છે. સ્ત્રી પુરુષ વચ્ચે સ્વભાવનું સામ્ય ન હોય તો સુખ મળે નહિ. ગજરીનો સ્વભાવ કદાપિ સારો હશે, પરંતુ મારા સ્વભાવ સાથે તે મળતો છે, એમ કેમ કહેવાય ? મોટા થયેલા મિત્રો કહે છે કે, વહુઓનો સ્વભાવ સાસરે રહેતી થતાં વય સંધિના સંક્ષોભક કાળમાં તેના પતિના સ્વભાવાનુસાર રૂપ લે છે. આ વાત ખરી હશે, મિત્રોના અનુભવની હશે, પણ પોતાના અનુભવ વગર શા કામની ? અલબત, વયસંધિના વખતમાં સ્વામીને અનુકૂળ થઇ વર્તવાની પરિપાટીથી કન્યાઓ અથવા વહુઓ પોતાના

સ્વામીના સ્વભાવ રૂપી પર્વતની આગળ પાછળ ફરી તેને અનુસરી વહેતી નદીની માફક પોતાનો વોહ પકડે છે. એ વોહ હું ભૂલતો ન હોઉ તો પ્રારંભમાં નહિ, પણ ચોમાસામાં જેમ પેલા પર્વતને હાનિકારક નિવડે, તેમ છોકરાં થયા પછી સ્ત્રીઓનો પેલો અનુવર્તી સ્વભાવ સહેજ ફરતો હશે. ઘણી વાર મોટી ઉમ્મરનાં માણસોમાં જણાતો ફંકાસ આવી રીતેજ ઉત્પન્ન થયેલો હોય છે. હવે મારે મારા સ્વભાવની પણ કંઇક પરીક્ષા કરવી જોઇએ. મિત્રો કહે છે તેમ, એકલા રૂપ તરફ મારો પક્ષપાત નથી. હું ગુણનો પણ જોનાર છું અને સ્વભાવથીજ ગુણવાન માણસ ઉપર મારી સ્નેહાળ વૃત્તિ ખેંચાય છે. રૂપમાં અને બીજાં ભળતાં સાધનો તરફ જોનાર ઘણા હોય છે. રૂપ સામાન્ય રીતિ કન્યાની મુખ્ય લાયકાત ગણાય છે. તે જુવાનને ખેંચનાર, નેત્રને આનંદ આપનાર, અને મનને દૃષ્ટિપાત માત્રથી ખુશ કરનાર છે, પણ ગુણ હૃદયમાં ઉંડી લાગણી ઉત્પન્ન કરે છે. તેની અસર લાંબો કાળ પહોંચે છે. ભવભૂતિ જેવો માણસનાં હૃદય ચીતરવામાં અતિ કુશળ કવિ કહે છે કે—**गुणाः पूजा स्थानं गुणिषु न च लिंगं न च वयः** મારો સ્વભાવ ત્યારે એવો છે, કે જે ગુણ તરફ વળે છે અને તેથી હું ગજરીને ચાહું છુ.

હવે પરણવું કે નહિ ? એ બીજો પ્રશ્ન છે. દરેક કેળવાયેલા માણસને આ પ્રશ્ન થાય છે. ધર્મશાસ્ત્રો ઉપર નજર કરી વિચાર કરીએ તો પરણવું એવો સાર નીકળે છે, કારણ કે દરેક માણસ જગતની વૃદ્ધિ કરવાની પોતાની ફરજ સાથે લેતો આવે છે, અને જો તે કુવારો રહી પ્રજા ઉત્પન્ન ન કરે તો એ ફરજ ન બજાવ્યા માટે દોષિત ઠરે છે. આપણા લોકમાં પુત્ર ઉત્પન્ન કરવાની મોટી અગત્ય બતાવેલી છે. એ અગત્ય એકવાર આ નવી કેળવણી લીધેલો માણસ ન સ્વીકારે તોપણ ઉપર કહ્યું તે અગત્ય તો ખરીજ. મુઆ પછી પોતાનું શ્રાદ્ધ કરનાર મૂકવો અને એ પ્રમાણે ન થાય તો પિતૃઓનો ઉદ્ધાર થાય નહિં;

આમ આપણા શાસ્ત્રકારોનું કહેવું છે. બીજી પ્રજાઓમાં એવો હેતુ છે નહિ તે છતાં તેઓ પરણે છે, અને પ્રજા ઉત્પન્ન કરે છે તેનું શું કારણ ? ઉપર જણાવ્યું તેજ. માણસ જાતમાંજ માત્ર છોકરાં પિતાને સહાય આપે છે. બીજાં પ્રાણીમાં છોકરાંથી માબાપને કંઇ લાભ થતો હોય તેમ જણાતું નથી, છતાં તે પણ સંતાનોત્પત્તિ તો કરે છે. આથી એવું સિદ્ધ થાય કે માણસે અથવા દરેક પ્રાણીએ પોતાની જાતની વૃદ્ધિ કરવાને અર્થે સંસાર માંડવો જોઇએ. ટુંકામાં જેટલાં શાસ્ત્રો અને જેટલી પ્રજાઓ છે તે બધાંના અભિપ્રાય એકત્ર કરી તેમના સિદ્ધાંતનું તોલન કરીએ તોપણ પરણવું, એ તો ખાસ કર્તવ્ય ઠરે છે.

પરણવા સંબંધી મારો વિચાર કેવો છે ? તે આજ વિચાર ઉપર લેવાયું. એક પક્ષ વિરુદ્ધ જાય છે પણ ઘણી વાતો તેના લાભની છે. અને તે ઉપર વિચાર કરી જો હું મારા મનને પૂછું તો અંદરથી એવો પણ કદી ઉત્તર મળે કે પરણવું તે દુઃખને આમંત્રવા બરોબર છે. ગુજરાતમાં સેંકડે એંશી પંચ્યાશી લગ્ન દુઃખ રૂપ થઇ પડે છે. મોટી ઉમ્મરે તેવાં સ્ત્રી પુરુષ એક બીજાની સાથે હળી મળીને ચાલે છે, તોપણ તેમનું બાલ્ય અને જુવાની તો કંકાસમાં જ જાય છે. અસ્તુ. પરણવું હશે ત્યારે તેની વાત.

પ્રકરણ ૧૦ મું.

ક્યાં મન માને?

"એક કોયલડી કાશ્મીર દેશનીરે,
તે તો ભમી ભમી ભૂગોળ ખગોળ;
બીજે કહીં મનડું માન્યું નહીંરે,
એને ખુશીમાં ખામી ન રહી લેશનીરે.
જ્યારે આંખે દીઠી આંબાફળની ઓળ,
બીજે કહીં મનડું માન્યું નહીંરે."

ક૦ દ૦ ડા૦

ગુલાબે ઘરમાં વાત કરી કે 'કેશવચંદ્ર સોમવારે જાય છે' ત્યારથી ગજરીનું મન અધીરું થઇ ગયું. કેશવચંદ્ર સાથે ક્વચિત તે બોલતી હતી, પરંતુ પોતાના પ્રસંગે બોલવું તે કેમ બોલાય? કેશવચંદ્રના પ્રિય મિત્ર મિ. રસિકલાલની વહુ ચંદાને તે બે ત્રણ વાર મળી હતી અને પટાંતરે તેણે જણાવ્યું હતું કે, તે તમને ચહાય છે. એ મને ચહાય છે ત્યારે હુંજ નિઃસ્નેહને કે એમને મળતાં ડરું છું. એમના બીક ક્યાં સુધી રખાવાની. આવતે લગનગાળે પરણીને તરત સાસરે જવું પડશે ત્યારે શરમ ક્યાં રહેશે? પણ અરે! પરણવાનું હજી ક્યાં છે? ક્યારે શિયાળો આવશે અને ક્યારે પરણાશે! મારું એવું ભાગ્ય ક્યાંથી હોય કે હું એમનો હાથ ઝાલીને કૃતાર્થ થાઉં. સઉના ઉદ્યોગ ફળો અને ઈશ્વર મને સહાય થાઓ. નાતમાં આવો વર નથી, એટલે મને અધીરાઈ થાય છે. મને એ ચહાય છે ત્યારે હું એમને ચહાતી નથી? શું કરવા માટે હું શરમાઉં, બસ, એમના જતા પહેલાં મળુંજ. અત્યારે મળું? વખત

અનુકૂળ છે, જીજી કે દાદી કોઇ ઘેર નથી. મેડીએ એ એકલા છે. શા માટે શરમાઉં? આવો વિચાર કરી ગજરી મેડીએ ચઢી.

રવિવારનો દિવસ અને સવારના આઠ નવ વાગ્યા વચ્ચેનો વખત હતો. જેકોર શેઠાણી સાસુ સાથે દર્શન કરવા ગયાં હતાં, ગુલાબ રસોઇની ખટપટમાં હતી અને રામચંદ્ર શેઠ મોટા દિવાનખાનામાં મીલના મહેતાઓ સાથે ચોપડા ઉથલાવતા બેઠા હતા. ચંદુલાલના શયનગૃહની સામે કેશવચંદ્રની મેડી હતી. દેશ જવાનો વિચાર કરતો તે ત્યાં આરામચેરમાં પડેલો હતો. કોઇ આવી ચઢે તો ચંદુભાઇની મેડીએ અમુક પુસ્તક લેવા આવી છું, એમ કહેવાય તેમ હતું તેથી ગજરી ઉપર ચઢી. ચંદુલાલના શયનગૃહમાં ગઇ. ત્યાંથી કેશવચંદ્રની મેડીને ભાવભરી આંખે જોઈ. તે ક્યાં છે અને શું કરે છે તે જોયું, પોતે કેમ બોલવું અને શું કહેવું તેનો વિચાર કર્યો અને તેમ કરતાં વાર થઇ ન હતી, પણ તેને તો પહોર વીતી ગયો હોય એવું લાગ્યું. ચાલ, એમાં શું છે? એ શું કરવાના છે, શા માટે શરમાય છે? એમ તેણે પોતાના મનને ઉત્તેજન આપ્યું, પણ પગથી આગળ ચલાયું નહિ. મેડીના બારણામાં આવતાં દાદરપર દૃષ્ટિ પડી અને 'રખેને કોઇ આવે અને મારી ફજેતી થાય' એમ શંકા આણી મન પાછું પડયું. પ્રેમ તેને બહાર નીકળવા આગળ ધકેલતો હતો અને કુળવાન કન્યાને ગ્યોગ્ય લજ્જા તેને અંદર ખેંચી જતી હતી. બે ત્રણ વાર આમ થયું. મેડી બહાર પગ દે અને પાછો ખેંચી લે, કેશવચંદ્રની ઓરડી તરફ જોઇ ઓઠે આંગળી દઈ પ્રફુલ્લ નેત્રથી આમ તેમ જુએ અને શરમાઇને વળી પાછી પડે. પ્રેમના આવેશે તેને ઉશ્કેરી અને કામદેવે હડસેલો મારી બહાર કાઢી. વીજળીની ઝડપે તે ચંદુલાલની મેડીમાંથી નીકળી અગાશીમાં થઇ કેશવચંદ્રની મેડીમાં દાખલ થઇ, પણ તેમાં પેસતાંજ હઠીલા ઘોડાની માફક તેના પગ જડ થઇ ગયા, મન વિચાર રહિત થઈ રહ્યું અને ગજરી પોતે ક્યાં છે, ક્યાં જાય છે અને શું કરવા

જાય છે, તે કંઇ પણ સમજી શકી નહિ. કન્યા પોતાને અને પોતાના આત્માને ભૂલી ગઇ, ક્ષણવાર ઉભી રહી, વિચારો જતા રહેલા હોવાથી શૂન્ય-ખાલી પડેલા મને ઉભી રહી અને પાછું ભાન લાવી આગળ ચાલવાનું સાહસ કર્યું. કેશવચંદ્ર મેડીના પેલી બાજુએ એક આરામ ખુરશીમાં પડેલો હતો. ગજરીની સ્થિતિ તેનાથી જોવાય તેમ ન હતું, અને એમ હતું તેથીજ તે હિમ્મતથી વળી આગળ ચાલી. તેના પગ પાણી પાણી થઈ ગયા, અને અંગુઠામાંથી ઝણઝણી આવી છેક સાથળ સુધી પહોંચી. વીજળી લગાડી હોય તેમ તે કંપાયમાન થઈ અને શરીર ઉપરનાં રુંવાં ઉભાં થઇ ગયાં. પગ એવા કંપાયમાન થયા કે પાસે જતાંજ કેશવચંદ્રની આરામ ખુરશીની પીઠ તેણે પકડી લીધી અને તેમ કરતાં જુઠા પડેલા હોય તેવા હાથથી ખુરશી પકડતાં બંગડીઓ એક બીજાને અથડાવાથી રણકાર થયો. ખુરશી પકડાઈ ન હોત તો પગનો કંપ તેને અશરણ બનાવી દેત. બંગડીના ઝીણા તીવ્ર અને મનોહર રણકારે કેશવચંદ્રના કાનમાં અમૃત રેડયું. તે આમ જોઈ ઉભો થયો ગજરીએ નીચું જોયું. તેનાં રોમાંચિત અંગ અને પગનો કંપ જોઈ કેશવચંદ્ર ચમક્યો. તેના પગનો કંપ જાણે તેણે ઉછીનો લીધો હોય તેમ કસરત કરવાથી પુષ્ટ થયેલા તેના પગ પણ ઝણકારની સાથે કંપાયમાન થયા. એક ક્ષણવાર બેઉ પ્રીતિને પહેલે પગથીએ ચઢતાં સ્થિર થઇ જઇ ઉભાં રહ્યાં. બેઉ એક બીજાને અને પોતપોતાને ભૂલી ગયાં. કેશવચંદ્રની આંખ ગજરીને નખશીખ જોઇ લઇ તેના વદન ઉપર સ્થિર થઈ. તેના કપોળ ઉપર પ્રસ્વેદ આવી ગયો હતો, ગાલ અને મુખ લાલ થઇ ગયાં હતાં. કેશવચંદ્રના પગનો કંપ શમ્યો અને શરીર ગરમ થયું. પુરુષની ધૃષ્ટતાથી પછી તે બોલ્યો કે—આવ્યાં કેમ અને આવ્યાં તો પછી આમ મૌન થઇને ઉભાં કેમ?

ગજરીથી બોલાયું નહિ. તે નીચું જોઈ રહી, અને બાજો

આવેશ આવી કંપી એટલે કેશવચંદ્ર ફરીને બોલ્યો કે—'કેમ કંપો છો, બોલો, શું છે ?'

તે પાસે ગયો અને ખુરશી ઉપર મૂકેલો તેનો હાથ પોતાના હાથમાં લીધો. કેશવચંદ્ર હાથ પકડતાં જ, તે પુનઃ નખશીખ ધડકતા તારની માફક નાડીઓની કંપારીથી કંપી રહી, રુંવાં ઉભાં થઇ ગયાં. સ્ત્રીનો, કન્યાનો, રૂપવંતી, ગુણવંતી, ભણેલી, સંસ્કાર પામેલી અને ધનવંતાની બેટીનો કમળના દંડ જેવો હાથ પોતાના હાથમાં લેતાં જ કેશવચંદ્ર પોતે ક્યાં, કોના મકાનમાં, કેવી સ્થિતિમા અને ક્યાં ઉભો છે, તે બધું ભૂલી ગયો, એટલુંજ નહિ, પણ પોતે શું કરે છે તે પણ વીસરી ગયો. હાથમાં હાથ લઇ સોનાની લતા હોય તેવી નાજુક કન્યાને તેણે પોતાની તરફ ખેંચી અને તેની કમ્મરે હાથ નાખી અદ્ધર ઉપાડી લીધી. તે અશરણ હોય, પોતાને ઓળખતી ન હોય તેમ કેશવચંદ્રના સ્કંધ ઉપર કર નાખી જડ જેવી થઇ રહી. કેશવચંદ્ર તેને બારણાની સામેથી જરા દૂર ઉપાડી મૂકતાં ચુંબન કરી બોલ્યો કે–' કેમ છે, કેમ બોલતાં નથી? નીચે તો બહુએ મીઠાં મીઠાં વચન બોલો છો.'

કેશવચંદ્રે ચુંબન કરીને તેને નીચે મૂકી એટલામાં તે બોલી કે કેશવચંદ્ર ખસો ખસો, મને મૂકો અને જવા દો.

તમને કોણે રોક્યાં છે ?

ગુજરી ફરીને મૌન થઇ ગઇ. તેણે પાછું નીચું જોયું અને આગળ કંઇપણ બોલી નહિ, એટલે કેશવચંદ્ર બોલ્યો કે–જાઓ, કેમ ઉભાં છો ?

ગુજરીની શરમ અને કંપ ઓછાં થયાં, તેને હિમ્મત આવી અને તેણે પોતાને ઓળખી. હવે તે બોલી કે, આજે થયું તે વીસરશો નહિ, અને વીસરશો તો ઇશ્વરના ગુન્હેગાર થશો.

ઇશ્વરનો ગુન્હેગાર તો થતાં થવાશે, પણ તમારો ગુન્હેગાર તો થયોજ.

મારાં ભાભીએ તમને કહ્યું છે, અને ચંદાભાભીએ મને જે કહ્યું છે, તે આપને યાદ છે ?

યાદ ન હોય તો કેશવચંદ્ર આમ કરે ?

ત્યારે બસ, હું જાઉં છું, ભૂલતા નહિ: હું જાઉં છું.

ગજરી ફરી અને એક ડગ આગળ ભરી બોલી કે, ત્યારે જાઉં છું.

આ વખતની તેની આંખ કેશવચંદ્રે આ જગતમાં આવ્યા પછી પહેલીજ વાર જોઇ. હૃદયના ઉછાળાની સાથે 'હું વાત કહું ઉભાં તે રહોની અલબેલી !' એમ બોલી ફરીને તેણે તેનો હાથ પકડયો. ગજરીએ વાંકી અલોકિક આંખના ઇક્ષણ સાથે તે જોરથી પાછો ખેંચી લેવાનો યત્ન કર્યો એટલે તો પ્રત્યાઘાતનો હેલો આવે તેમ, પુરુષના હાથે જોર કર્યું અને પુનઃ નાજુકબાળા તેના પડખા સરસી ખેંચાઇ ગઇ. કેશવચંદ્રે અંબોડેથી મસ્તક ઉંચકયું એટલે—આ તો નથી ઘટતું, કોઇ આવશે, મૂકો, મને જવા દો, એમ તેણે આનાકાની કરી. બોલ્યું તેની પાસે રહ્યું અને કેશવચંદ્રે ફરીને અધરામૃત લીધું.

તમે કેવા છો, મૂકો, જુઓ કોઇ આવ્યું.

કેશવચંદ્રની ભુજલતામાંથી છૂટી દૂર ઉભી રહી વધારે છૂટથી તે બોલી કે—આ શું ? હું તો આવા નહોતી જાણતી ? હવે મારે વારંવાર શું કહેવું. ?

હવે કહેવા કરવાનું કંઇ જ નથી.

તમારે નથી પણ મારે કહેવાનું છે.

તે સુખેથી કહો. આ દાસ સાંભળશે.

ગજરી હસી ગઈ—અને—અત્યારથી આવું ન બોલો, કોઈ સાંભળશે. તમારું એડ્રેસ આપો અને પત્ર લખજો. હવે ક્યારે આવશો અને ક્યારે મળીશું ?

સરનામાનું કાર્ડ આપતાં કેશવચંદ્ર બોલ્યો કે—હવે આથી વધારે અને મંગળ પ્રસંગે મળીશું.

મશ્કરી નહિ, જરૂર કાગળ લખજો. તમારો પત્ર નહિ આવે તો હું નિરાશ થઈશ. જો જો આ બધું યાદ રાખજો.

ઉભાં રહો, ઉભાં રહો. કેશવચંદ્ર મેડીના બારણા સુધી પાછળ ગયો અને 'ના ના પ્રેમીની વાતોનો તો પારજ ના આવે, કયાં સુધી ઉભી રહું, તમે યાદ રાખજો અને પત્ર લખજો, વળતે વળતે દિવસે હું વાટ જોઇશ.'

મારાં બે વાનાં લઇ જાઓ છો અને એક તો આપતાં જાઓ ?

ગજરી ઉભી રહી બોલી કે—વહાલા, હું સમજતી નથી કે આપ શું કહો છો. હું કયાં બે વાનાં લઈ જાઉં છું ? બોલો બોલો, હવે તો બહુ વાર થઇ.

મારું ચિત્ત અને સરનામું લઇ જાઓ છો, તો તમારું સરનામું તો આપો. હું તમને કયાં કાગળ લખું; કેશવચંદ્ર તેનો હાથ પકડી બોલ્યો.

તે હું આપીશ, મોકલાવીશ, વહાલા, તમે તો અમસ્તી ખોટી કરો છો, બહુ ખોટું કરો છો.

સાંજે મળશો ?

ચંદાભાભીજીને ત્યાં હું જરૂર આવીશ. ચાલો હવે જવા ધો.

ગજરી હસીને સટ દઇ બહાર નીકળી અને કેશવચંદ્ર પાછો ખુરશી ઉપર જઇ બેઠો.

આટલા ટુંકા મેળાપથી ગુજરી પ્રસન્ન થઇ. તેને ખાતરી થઇ અને તે પોતાને કૃતાર્થ માનવા લાગી. તેના હૃદયમાં ખુશીનો ઝરો વહેવા લાગ્યો. કેશવચંદ્ર પણ પરીક્ષાથી પરવારેલો હોવાથી અનુકૂળ અને આવા મોટા ઘર સાથે થનારા સંબંધથી મનમાં રાજી રહેવા લાગ્યો. ચંદુલાલ કાઠિયાવાડમાં નક્કી કરી મુંબઇ આવ્યો. જે દિવસે રાતના કેશવચંદ્રને જવાનું હતું તે દિવસે સવારના તે આવ્યો અને બે ચાર દિવસ રહી સઉએ સાથે જવાશે, એમ ઠરાવ્યું.

પ્રકરણ ૧૧ મું.

મિત્રોનો મેળાપ.

ચંદુલાલ આવ્યો અને નોકરીની બાબત નક્કી થયેલી હોવાથી વાત બહાર પડી. લોકોએ અને મિત્રોએ ચંદુલાલને ધન્યવાદ આપ્યો. ઘરમાં ગુલાબવહુના ભાગ્યનાં મંછામાએ વખાણ કર્યાં. રામચંદ્ર શેઠે હવે ઉજાણીને માટે ચંદુલાલને કહ્યું અને મિત્રોએ મોઢે ચઢીને તે માગેલી એટલે એક બે દિવસમાં તૈયારી કરી પહેલો જ શનિવાર ઠરાવ્યો. મોટા શેઠે ભાગ લીધેલો હોવાથી ઘણા જણને તે માટે આમંત્રવામાં આવ્યા. ચંદુલાલને દોસ્તદારોની ખોટ ન હતી, અને ઘણે ભાગે તેનું મિત્રમંડળ વિશેષે કરીને ગૃહસ્થ સારાં સારાં કુટુંબોના જુવાનોનું બનેલું હતું. સર્વેને આમંત્રણ કરી રામચંદ્રશેઠે સઘળાને અનુકૂળ પડે એવી ગોઠવણ કરાવી.

વાંચક! આ બધું [illegible] મંડળ હતું. તેમાં નાચરંગ થવાના ન હતા. ગમ્મતને માટે હરિકથાનો બંદોબસ્ત થયો

હતો, કારણ કે સુધરેલા અને જુના વિચારના એમ ઉભયને તે અનુકૂળ પડે એમ હતું. શનિવારે સાંજના શેઠ અને ચંદુલાલ વગેરે સઉ વાડીએ ગયા અને પરોણાઓ પણ નોતરેલા વખતે આવ્યા. જમનાર માણુસ થોડું હતું પણ હરિકથામાં ભાગ લેનાર ઘણા હતા. સાત સાડા સાત વાગે જમણુ થયું, ત્યાર પછી નવ વાગે હરિકથાનો પ્રારંભ થયો અને સઉ ભરાયું. શ્રીમંડળ પણ સારૂં મોટું હતું. હરિકથા કરનાર વિદ્વાન પંડિતે મહાભારતનો પ્રસંગ ઉપાડી નાના પ્રકારના રસવાળાં ચરિતો ગાનમાં અને ગદ્યમાં સંભળાવી શ્રોતાઓને પ્રસન્ન કર્યા. બાર એકને અમલે કથા પુરી થઈ અને મોટા મોટા માણસો જેઓ પોતાની ગાડીઓ લઇ આવ્યા હતા તે વેરાઈ ગયા. રામચંદ્ર શેઠ અને એમના ઘરનું ઘરકું મંડળ પણ રાતેજ ઘેર ગયું. માત્ર ચંદુલાલ અને તેનું મિત્રમંડળજ વાડીમાં રહ્યું.

જુદા નાના હોલમાં તેઓએ ગમ્મત ચલાવરાવી. હવે જે ગમ્મત ચાલી તે રસની હતી. મી૦ પ્રેમવલ્લભ નાટકના બે ચાર સારા ગાનાર છોકરાઓને લઈ આવ્યા હતા, તેમની પાસે હવે નાટકનાં ગાયનો શરૂ કરાવરાવ્યાં. ગાયનની વાહ વાહ બોલાઇ અને સુધરેલાઓએ પોતાના વિચાર આપવા માંડયા કે, અનેક જાતની પ્રવૃત્તિમાંથી પસાર થતા માણુસને દિવસમાં એકાદવાર આનંદના સાધનરૂપ ગાયનનો રસ મળવો જરૂરનો છે. કામકાજથી કંટાળેલું મન ગાયનથી પ્રસન્ન થઇ આનંદથી શાન્તિ લે છે, માટે ગાયનની આવશ્યકતા છે. અંગ્રેજ લોકો પણ દિવસના કામથી પરવારી એની મઝા માણે છે. ગાયનમાં હિંદુઓ સર્વોપરી ગણાય છે પરંતુ આપણામાં કેટલાક એવા રિવાજ છે કે, ગાન તાન કરવાં પાલવતાં નથી. રાગડો ખેંચ્યો તેનો તો ભાર બોજજ રહેવાનો નહિ. ચોરી કરનારના કરતાં પણ ગાનાર હલકો. નાટકી છે, મસ્ત છે, ઘેલો છે લુચ્ચો છે અને એને પડખે જોજો ઉભા રહેતા, એવી જ એની વાત થવાની.

પુરુષોથી ગવાય નહિ તો પછી સ્ત્રીઓના તો ભાર શા, કે ગૃહસ્થ ઘરમાં ગાય ? લગ્ન વિવાહમાં નઠારાં ગીતો ગવાય, સાસરિયાં તે હસતાં હસતાં સાંભળે પણ ઘરમાં જો વહુ રાગ કાઢી ગાય તો ભોગજ મળે. આથી આપણો સંસાર કેટલેક ભાગે ઉદાસીન જેવો લાગે છે. આમ કેટલાક વાતો કરવા લાગ્યા, એટલે બીજાઓને ગાયન ગમ્યું નહિ, અને કાન તેણી વાત તરફ ખેંચાયા. ચર્ચા કરવા જેવો વિષય હોવાથી ઘણા તે વાત તરફ વળ્યા, એટલે ગાયન બંધ થયું.

ગાયન ઉપરથી સ્ત્રી કેળવણીનો વિષય ચર્ચાવો શરૂ થયો. એકે કહ્યું કે, સ્ત્રીઓનું ઘર છે અને ઘર તે આનંદનું સ્થાન છે. ઘરમાં થાકયા પાકયા પુરુષને બધી રમણીયતા અને સર્વેદ્રિયોને આનંદ આપનારી વસ્તુઓ વિચાર અને દેખાવ પ્રાપ્ત થવાં જોઇએ. ઘરનો આ ઉદ્દેશ આપણે હિંદુઓ વીસરી ગયા છીએ અને તેને કલેશ કંકાસ અને મહા પીડાનું નરકસ્થાન બનાવી રહ્યા છીએ. આનંદી, સુખી, મોહક, અને પરમ વિરામનું સ્થાન જે ઘર, તે આપણે સ્ત્રીઓને અજ્ઞાન રાખી ભડભડાટ બળતા દવવાળું વન બનાવી બેઠા છીએ. પંખીઓ પણ જે ઘર તરફ આનંદથી ઉડયાં જાય છે તે ઘરથી કંટાળી તથા ત્રાસ પામી કેટલાએ આશા ભર્યા માણસો બાવા અને સંન્યાસી થઈ જાય છે. વળી ઘર મનુષ્ય કેળવણીની પ્રાથમિક શાળા જેવું છે. તેના મહેતાજીઓ સ્ત્રીઓ છે; કારણ કે છોકરાં જે કંઈ શીખે છે તેનો આરંભ માતાના ખોળામાંથી થાય છે. આ મહાન્ શાળાને વાઘ વરૂની બોડ જેવી રાખી તથા તેમાંના ગુરુઓ સ્ત્રીઓને અજ્ઞાન ન રાખી, આપણે જો જગતની સુધરેલી પ્રજાઓની પંક્તિએ જવા માગતા હોઇએ તો તે આશા આકાશ કુસુમવત્ ખોટીજ છે, માટે આપણે પ્રથમ સ્ત્રીઓને કેળવી તથા સુધારીને ઘરને પરમ આનંદનું સ્થાન બનાવવાની જરૂર છે.

આ લાગણી ભર્યા વિચારોને અનુમોદન આપતાં બીજા એક ગૃહસ્થે જણાવ્યું કે-પુરુષો તો માત્ર વાતોજ કરી જાણે છે, જ્યારે ખરો સુધારો તો સ્ત્રીઓ કરે છે. વારંવાર કહેવાતું રહે છે તેમ હું પણ કહું છું કે, જો આપણે સુધારો કરવો હોય અને અધઃપાતે પડેલા દેશને-સંસારને ઉદ્ધારવોજ હોય તો સ્ત્રીઓને ભણાવવી. છોકરીઓને હાલ લખતી વાચતી કરવામાં આવે છે, તેને કેળવણી કહેવી જોઇએ નહિ. વિચારો કેળવાય અને ઉંચા પ્રકારનું જ્ઞાન અપાય, તોજ ફાયદો થાય. સ્ત્રીઓ ભણેલી હશે તો ઘરમાંથી કેળવણી શરૂ થશે અને સારા સંસ્કારવાળાં છોકરાં ઘરમાંથી બહાર પડશે તો તેમની ઉપર ઉંચા વિચારોનો જેટલો ઓપ ચઢાવવા માગીશું તેટલો ચઢશે. દાખલા તરીકે એક ભણેલી સ્ત્રી મંડળવાળું કુટુંબ લ્યો અને તેનું બારીક નજરે અવલોકન કરો, એટલે સમજવામાં આવશે કે, સ્ત્રીઓ જુદી જુદી બાબતોમાં કેવો ત્વરિત સુધારો વધારો કરી શકે છે. ભણેલી સ્ત્રીઓ પોતાનાં છોકરાંનેજ સુધારતી નથી, પણ પોતાના વરને અને ઘરડાંને પણ સુધારે છે. તેઓ એવી રીતે કામ કરે છે કે, એક બીજાની નિંદા થતી નથી અને સામી દેખાદેખી થઈ સુધારો વધે છે. એક કુટુંબમાં છોકરા બધા ભણેલાં હોય પણ વહુઓ અભણ અને અજ્ઞાન આવે તો ભણેલા વર પણ અભણ થાય, ને ભણેલી કન્યાઓ અજ્ઞાન ઘરમાં જાય તો તે ઘર વિદ્યાવાળું થાય. સ્ત્રીઓ વિદ્યાનાં બીજ એવી રીતે વેરે છે કે તે સઘળાં ફળદાયક થઇ સુધારો ઉત્પન્ન કરે છે. ભણેલો માણસ અભણ સ્ત્રીની સાથે જોડાવાથી આખરે અભણ જેવો બને છે, અથવા પોતાના વિચારને વળગી રહી સ્ત્રીનો દોષ કાઢી કંઇ પણ કરવાને પોતાની અશક્તિ બનાવે છે. આપણા લોકમાં સ્ત્રીઓથી ગવાતું નથી, એ વાત ખરી, પણ તેમને ગાતાં શીખવો અને પછી જુઓ કે તેઓ ગાય છે કે નહિ ? વિદ્યા અને શોખ સંસ-

ર્ગથી વધે છે. ભણેલો માણસ અભણમાં પડી પોતાની વિદ્યા ગુમાવે છે. આ તો એક આડી વાત છે, પણ આપણે નથી જોતા કે, કેટલાક જેઓએ યુનિવરસિટીની કેળવણી લીધેલી હોવા છતાં અભણ સાથે રહી અભણ થયા હોય. ભણેલાને ભણેલો મળે ત્યારે જ્ઞાન વધે છે, તેમ તમે જો ગાયનના જાણ હશો અને તમારૂં અર્ધાંગ પણ તે જાણતું થશે તો તમારા ઘરની આડોશ પાડોશની સ્ત્રીઓ પણ તમારૂ અનુકરણ કરશે.

સુધારો કરવા ઇચ્છનારે પોતાના ઘરની સ્ત્રીઓને ભણાવવા માટે પ્રથમ ધ્યાન આપવું. એમ કર્યા વગર કદી પણ સંસાર સુધરવાનો નથી. તેમ કજોડાં અને કંકાસ ઓછા થવાના નથી. સ્ત્રી કેળવણીને બને તેટલી આગળ વધારવા યત્ન કરવો. એમાંથી સઘળાં સુખ ઉત્પન્ન થશે. આજથી કેટલાંક વર્ષ ઉપર જ્યારે કન્યાશાળાઓ નીકળી ત્યારે જે અભણ લોકો છોકરીઓને નિશાળે મોકલવા સામે વાંધો લેતા હતા, તે લોકો હાલ પોતાનાં છોકરાંનાં છોકરાંને ખંતથી નિશાળે મૂકે છે. સ્ત્રીઓમાં કેટલાક સુધારા થયા છે તે તમારી આંખોને જુની કરી નાખી જુઓ, એટલે સ્પષ્ટ સમજાશે. હું તો જ્યારે મારા નાનપણના વખતને યાદ કરી તે વખતના સ્ત્રીસંસાર સાથે આજનો સ્ત્રી સંસાર સરખાવવા બેસું છું ત્યારે મને તો બહુ સુધારો થયેલો નજરે પડે છે. બસ, સ્ત્રીઓને ભણાવવી એજ સંસાર સુધારાનું સુકાન છે.

મોડા સુધી આ પ્રમાણે સુધારાની વાતો અને વાદ વિવાદ કરીને સુતેલા વિદ્વાનો એના એજ વિચારમાં નિદ્રાદેવીને વશ થયા. તેમણે પોતાની નિદ્રાનો અરધો ભાગ પણ લીધો ન હતો એટલામાં સોનેરી કિરણોથી સૂર્યનારાયણે જગતને જગાડયું. ચંદુલાલ મુંબઈ ગયો અને તેના મિત્રો જેઓને ઘેર જઇ આવ્યા વગર છુટકોજ ન હતો. તેઓ પણ બાર વાગે પાછા ફરવાનાં વચન આપી આપીને ગયા. ચંદુલાલની વહુ રસોઈ

કરાવવાની ગોઠવણમાં ઉભી હતી અને બીજું સ્ત્રીમંડળ તેને તેવાં કામ બતાવવાને વિનવતું હતું. એવા કામકાજમાં સવારનો વખત પસાર થઇ ગયો.

બે વાગે મિત્રો અને ઓળખીતા વગેરે પાછા આવ્યા અને ચંદુલાલને માટે ગુલાબને પૂછવામાં આવ્યું ત્યારે તે તેને જગાડવા ગઇ. તેણે બારણું ઉઘાડી ચંદુલાલને જગાડયો, તેની સાથેજ એક ખુણામાં સુઇ રહેલી તારા ગુલાબના ચંદુલાલને જગાડવાના બોલથી જાગી ઉઠી. ચંદુલાલ ઉઠીને બહાર ગયો પરંતુ ગુલાબના મનમાં આથી કંઇક ડબકો પડયો. બેઉ નિર્દોષ હતાં. તારા એકાંત જોઇ આગળથીજ તે ખંડમાં સુતેલી હતી અને ચંદુ તે છે, એમ જાણ્યા વગરજ ત્યાં સુતો હતો, પરંતુ ગુલાબના મનમાં વહેમ પડયો. વહેમ છે તે એક ભૂતના પડછાયા જેવો છે. ભૂતનો પડછાયો વહેમ ખાનારની આંખ આગળ ક્ષણે ક્ષણ મોટોને મોટો થતો જાય છે, તેમ વહેમ ઉત્પન્ન થયા પછી વધતો જાય છે. તેને અને તારાને વાત થઇ પણ ગુલાબનું મન અસ્થિર હોય એમ તારાના સમજવામાં આવ્યું. બેઉ જણુ બહાર ગયાં અને બીજાંની સાથે વાતે વળ્યાં. ગુલાબના મનનો વહેમ ઓળાની માફક વધતો ગયો. તેના મનમાં આવ્યું કે જે માણસ ગાંડું હોય તે સામાને ગાંડું દેખે. એ રસીઆ ને ફક્કડ છે તેથીજ એમને તે દિવસે મારા ઉપર વહેમ આવ્યો હતો. તારા ઉપરનો તેમનો પક્ષપાત શું હું નથી સમજતી ? મનમાં પાપ હોય તે કોઇ દિવસ પણ જણાય. આજ એમનાં બેઉનાં કામ મારા જાણવામાં આવ્યાં, ઠીક છે, હવે હું નિરીક્ષા કરતી રહીશ.

ગુલાબભાભિ ! તમારાં સખી મોંઘીબેન આવ્યાં. ગજરાએ સાદ કર્યો, અને ગુલાબ વિચાર નિદ્રામાંથી જાગી હોય તેમ એકદમ આવકાર આપવા નીચે ગઇ. તેને આદર આપી ઉપર તેડી ગઇ.

થોડીવાર એક બીજા સાથે વાત થયા પછી ચંદુલાલ તેને મળ્યો અને તેઓ વચ્ચે વાતચીત થઇ. ચંદુલાલે જણાવ્યું કે, તમે તે દિવસે મને મળવા ખોટી થયાં પરંતુ કામ પ્રસંગે હું બહાર ગયેલો એટલે મળાયું નહિ.

તમે મોટા માણસ છો, એમ કહી તે હસી. મારા ઘરમાંથી કહે છે કે એમને એકવાર આપણે ત્યાં બોલાવો પણ તમને ક્યારે વખત છે ?

વીરચંદ શેઠને મળવા હું કેવો આતુર છું, તે તમે આમને પૂછો, એટલે માલમ પડશે.

ગુલાબ—મોંઘીબેન ! મેં તમને કહ્યું'તુંનેજ કે એ મારા બનેવીના પરિચય માટે બહુ આતુર છે.

વારૂ, હવે ક્યારે મળવાના ?

આવતી કાલે સાંજના જરૂર હું મળીશ.

સાંજ પડી અને મિત્રો, ઓળખીતાં, સગાં વગેરે જમણમાં ભાગ લેનારું મંડળ એકઠું થયું એટલે ચંદુલાલ અને ગુલાબવહુ બેઉ મળવાના સરભરા કરવાના અને પોતાને માટે સારા શબ્દો ઉચ્ચારનારાંનો ઉપકાર માનવાના કામમાં ગુંથાઈ ગયાં. વખત પાણીના રેલાની માફક ચાલ્યો ગયો. ચંદુલાલ મિત્રોને ઉજાણી આપી પોતાના ઉજમની તૃપ્તિથી પ્રસન્ન થયો.

પ્રકરણ ૧૨ મું.

સારા વરની ખોટ.

કેશવચંદ્રના પિતા ઉપર લખેલા પત્રનો જવાબ આવ્યો અને તેમાં લખેલી બાબત મંચ્છાબાની આગળ વાંચી

સંભળાવવામાં આવી. રાત્રે સઉ સુઇ રહ્યા પછી જ્યારે રામચંદ્ર શેઠ પોતાની વૃદ્ધ માતાની પાસે બેઠા હતા ત્યારે જેકોર શેઠાણી ધીરે રહીને અંદર આવ્યાં અને બોલ્યાં કે જીજી ! પેલા જશે, અને વાત્ત એમની એમ રહી જશે, કંઇ કર્યું કે નહિ ?

રામચંદ્ર શેઠ બોલ્યા કે ઠીક થયું તે યાદ કર્યું. આજે જ એના બાપનો કાગળ આવ્યો છે. ઓફિસવાળા કોટના ખીસામાં છે. જાઓ લઇ આવો. જીજીને વાંચી સંભળાવું.

શેઠાણી દિવાનખાનામાં જઇ પત્ર લઇ આવ્યાં એટલે શેઠે તે નીચે પ્રમાણે વાચી સંભળાવ્યોઃ—

સ્વસ્તિ શ્રી મુંબઇબંદરે મહા શુભસ્થાને રાજેશ્રી રામચંદ્ર દેવશંકર અને બાળગોપાળ સમસ્ત. પ્રતિ × × × થી લા. રામશંકર જગન્નાથના નમસ્કાર વાંચજો. અપરંચ, તમારો કાગળ નંગ એક આવ્યો, તે મળ્યો વાંચી વિગત જાણી. જવાબમાં લખવાનું કે કેશવચંદ્ર મોટો થયો છે, અને બે અક્ષર દેખતા છોકરાનો વિચાર લીધા વગર અમારાથી કંઇ કરાય તેમ નથી. આજનાં છોકરાં આપણું કર્યું માન્ય રાખે કે કેમ તે કહેવાય નહિ, જો કે, કેશવચંદ્ર મેં કર્યું હોય તે ના પાડે એવો તો નથીજ, પણ સહેજ લખ્યું છે. જાની ખાનદાનમાંથી અમને પુછાવ્યું છે તેનો પણ અમે હજી ઉત્તર દીધો નથી. એ તમારી તરફથી આવશે એટલે તમારી અને જાનીવાળી વાત કરી તમને જણાવીશું. પાસે હોય ત્યાં સુધી આઘે જવું ઠીક નહિ એવો અમારો વિચાર છે. જાનીની વહુ એકવાર અમારા ઘરમાં કહી ગયાં હતાં કે, કેશવચંદ્રને ભણાવવા અમે જોઇએ તેટલું ખરચ કરીશું. ઘરમાંથી એને કંઇ જવાબ આપ્યો ન હતો. આવી હકીકત છે, હવે જે થાય તે ખરૂં. હું ઘરડો થયો અને એ ઉમ્મર લાયક છે, એટલે આ વર્ષે કરી નાખવું એવો તો મારો નક્કી વિચાર છે, પછી તો ઇશ્વરેચ્છા.

બીજું તમારી તરફના સમાચાર લખજો, કામ કાજ ફરમાવજો અને કેશવને કહેજો કે પરીક્ષા પછી આણી તરફ આવે. એજ મિતિ.

કાગળ વંચાઈ રહ્યો પણ કોઇ કંઇ બોલ્યું નહિ, એટલે જેકોર શેઠાણી, કે જે કાગળની વાતથી અધીર અને નિરાશ થઇ ગયાં હતાં તે બોલ્યાં કે, જીજી ! જોયું, લોક સારો વર મેળવવાને કેવું કરે છે ? મને તો કંઇ આશા લાગતી નથી. જો મારું માનો તો, શરમ મૂકી કેશવચંદ્રને મોંઢામોંઢ વાત કરો, એનાથી ના પડાશે નહિ. દેશ તરફ જશે તો તો પછી થઇ રહ્યું.

જેકોરને નિરાશ અને ગળગળી થઇ ગયેલી જોઇ મંચ્છામા બોલ્યાં કે—વહુ એમ શું કરે છે ? એ તો ગુજરાત તરફના માણુસ છે, તે ફરેબ દે. તું જાણે કે એકદમ હા પાડી દે. ના, જુના લોક તેવા નથી. આપણે વિચાર કરીશું. હિમ્મત શું હારી જાય છે ? વારૂ, જાનીવાળા કેવા છે રામચંદ્રે ?

રામચંદ્ર—જાનીવાળા હાલ સુખી છે. જુના વખતના ગૃહસ્થ છે અને ત્યાં તથા અહીં તેમની શરાફી પેઢીઓ ચાલે છે. બે ત્રણ લાખની આસામી ગણાય છે.

જેકોર—જીજી ! ગૃહસ્થને શું ? વીસ પચીસ હજાર રૂપિયા છોકરીને નામે ચઢાવી આપવાનું કહે, તો ભલભલો માણુસ લલચાય. મારી ગજરીને માટે કોણ એમ કરનાર છે ?

રામચંદ્ર—ગજરીને પચીસ હજાર રૂપિયાની પહેરામણી આપી પરણાવવી ? જો તને એમજ કરવું ગમતું હોય તો તેમ કર.

જેકોર—ગમે તેમ કરીશ પણ આ વર તો હું જવા દેઇશ નહિ. અંતરનાં ઓળખીતાં પાળખીતાંમાં વાત કરી જે મારી ગજરીને આની સાથે પરણાવીશ, તે વર હવે હું જવા દેઉં ?

જીજી ! તમારે પાલવે તે ગોઠવણ કરો, પણ એમાં વિલંબ ન કરો. મારા ચંદુને કંઇ જોઇતું નથી, બધી સમૃદ્ધિ ઉડાવી દેઉં પણ એને મારા મનથી જમાઇ માન્યો તે માન્યોજ, જેકોરનું મન તપી ગયું.

મંચ્છામાએ કહ્યું કે ઠીક છે. વિચાર કરીશું. આવતી કાલે ચંદુને અને એને જવાનું છે તે માંડીવાળો અને કંઇક વિચાર ઉપર આવ્યા પછી જવાનું રાખો. જેકોરવહુ ઠીક કહે છે. કેશવચંદ્ર અહીં છે ત્યાં સુધી હાથમાં છે, અને ત્યાં ગયો તો પછી ધાર્યું કર્યું કંઇ નહિ થાય.

પ્રકરણ ૧૩ મું.

કુંવારે માંડવે કંસાર.

“કેશવચંદ્રના બે પત્રો આવ્યા છે તે રામાએ તમને આપ્યા કે નહિ?” ચંદાગૌરીએ દિવાનખાનામાં દાખલ થતાંજ રસિકલાલને પૂછ્યું.

હા. તેના ગઇ કાલે આવેલા પત્રોની સાથે તે પણ મૂકયા છે. હું ભૂલી જાઉં તો તમે આજે એ જવાનો છે માટે જરૂર અહીં આવે ત્યારે સંભારજો.

કાલે એ આવ્યા નહતા? કેમ વારૂ! આજથીજ સાસરિયાંમાં લીન થઇ આપણને ભૂલી ગયા કે શું?

‘આપણને ભૂલી ગયા કે શું?’

ના, ના. કંઈ કામ હશે તેથી નહિ આવ્યો હોય?

ચંદાગૌરી અને રસિકલાલ આમ વાત કરતાં હતાં એટલામાં તો કેશવચંદ્ર આવ્યો. તેને જોઈ ચંદાગૌરી પાલવે

મોં ઢાંકી રસિકલાલના સામું જોઇ હસી અને બોલી કે આવો, કેસુભાઇ. ખુરસી ઉપર બેસતાં કેશવચંદ્ર બોલ્યો કે, કેમ વાત બંધ કરી ? મારાથી ખાનગી હોય તો બોલજો ?

'કંઇ નહિ' રસિકલાલે ગંભીર ચહેરે જવાબ આપ્યો પણ ચંદાગૌરી ફરીને હસી.

ના કંઇક છે.

રસિક—આ કહે છે કે, સસરાને ઘેર ધામા નાખી આપણને ભુલી ગયા.

એમને મારી મશ્કરી કરવાની છૂટ છે.

વારૂ, આજે જવાના છો ? ચંદાએ વાત ઉડાવી પૂછ્યું.

હા વિચાર છે.

લે આ તારા કાગળો આવ્યા છે. રસિકલાલે ચાર કાગળ કેશવચંદ્રના હાથમાં મૂકયા. કાગળો હાથમાં લઇ જે ભારે હતો તે કેશવચંદ્રે પહેલો ફોડયો; પણ તેમ કરતાં ભારે વસ્તુ તેમાંથી સરી જઇ નીચે પડી. ચંદાગૌરીએ તે ઉપાડી લેઇ જોઇને કહ્યું કે-વાહરે કેસુભાઇ ! રસિકલાલને જુઓ, આ કોઇની છબી છે ?

રસિકલાલ—છબી છે ?

કેશવચંદ્ર—હું જાણતો નથી. કાગળ વાચી લઇ ચંદાગૌરીના સામું જોઇ-ભાભિ ! આ પત્ર લ્યો અને છબી લાવો.

ચંદાએ પત્ર લઇ છબી આપતાં કહ્યું કે જુઓ આવતી રાણીનાં રૂપ. કેશવચંદ્ર લે તે પહેલાં રસિકલાલે લીધી અને બેઉ સાથે જોવા લાગ્યા.

ચંદાગૌરી કાગળ વાચી રહી પણ તેઓ છબી જોઇ રહ્યા નહિ. ચંદા તેમની પછવાડે ઉભી રહી જોવા લાગી. કેટલીક વાર થઇ પણ કોઇ કંઈ બોલ્યું નહિ ત્યારે ચંદાએજ

રસિકને ખભે હાથ મૂકીને કહ્યું કે–કેસુભાઇ તો છબીમાં લીન થઇ જાય પણ તમેય તેમાં લીન થઇ ગયા કે શું ?

એ તો તમારામાં લીન થયેલા જ છે. કહીને કહેવરાવવા માટે બોલતાં હશો નહિ વાર ? કેસવચંદ્રે મશ્કરી કરી.

રસિકલાલે છબીને ટેબલ ઉપર ઢળતી મૂકતાં કહ્યું કે–આ કન્યાય મને તો કેસુને યોગ્ય લાગે છે. કેમ તમને પસંદ પડે છે. અમારા કરતાં તમે એની ખુબી વિશેષ જાણો.

બૈરાંઓ બૈરીઓની રૂપાળાઇ ન સમજે; એ તો પુરૂષોજ જાણે, કે જેમની આંખો હમેશાં રૂપ શોધ્યા કરતી હોય.

સાંભળ્યું રસિકભાઇ ? કેસવચંદ્રે ટકોર કરી.

મારી આંખે તો માત્ર તમારામાં જ રૂપ દીઠું છે બીજે ઠેકાણે હું તે નથી દેખતો. છતાં તમે આવું ગાંડું બોલો તે ઠીક કે !

એટલામાં માઠું લાગી ગયું. ચંદા નમી પડી.

રસિક–આ કોની છબી છે અને તેની સાથેના પત્રમાં શું લખ્યું છે ?

ચંદા–અમદાવાદના કેસુભાઈની નાતના એક ગૃહસ્થની છોકરીની આ છબી છે અને છોકરીની માએ લખાવેલો પત્ર તેની સાથે છે. છોકરીની મા બડી હોંશિઆર જણાય છે. કેસુભાઇને લલચાવવા તેણે કેવું કેવું લખાવ્યું છે અને કેવો કેવો લોભ બતાવ્યો છે.

રસિક–મોટી પહેરામણી આપવાનું લખ્યું હશે ?

ચંદા–પહેરામણી તો શું પણ કેસુભાઇને બારિસ્ટરનો અભ્યાસ કરવા જોઇએ તેટલા રૂપિયા આપવાનું પણ જણાવ્યું છે. અમદાવાદમાં ઘર લઈ આપવાનું વચન આપ્યું છે અને પોતાની છોકરીનાં કેવાં સારાં વખાણ કર્યાં છે.

કેસવચંદ્ર–એમાં કંઇ નહિ હોય તેથી તો વખાણ કરવાં પડયાં નહિ હોય ? ચંદા–ઉમ્મર નાની છે એટલે એવો અભિપ્રાય અપાય નહિ. હજી તો લખે છે કે હમણાંજ દશમું વર્ષ બેઠું છે. એટલામાં શી હોંશિયારી હોય ?

રસિક–દશ વર્ષની છોકરી સાથે પરણીને હવે કેસુ કયાં સુધી સંસાર લંબાવશે ?

ચંદા–એમને ઉતાવળ નથી અને તમને શું છે ?

કેસવચંદ્ર–મને ઉતાવળ નથી એમ કોણે કહ્યું ?

ચંદાગૌરી હસી પડી અને બોલી કે–જોયું કેસુભાઈ પરણવાને માટે કેવા ઉતાવળા થઇ રહ્યા છે. આ મુંબાઇવાળી કન્યા એમના મનમાં વસી છે તો. ખાસી પંદર વરસની મંગળ ફેરા ફરીને બીજેજ દહાડે ઘર ઉપાડી લે એવી કન્યાને મૂકીને કેસુભાઇ દશ વર્ષનું બાળક લઇ આવે એવા ખરા તો !

કેશવચંદ્ર–હશે, હમણાં એ વાત અને વિનોદનો વખત નથી, ચંદાભાભી. મારે ઘણાં કામ કરવાનાં છે, માટે જવા દો.

ચંદા–આજે અહીં જમીને જજો. સસરાને ઘેર આજ નહિ જમો તો શું ?

કેશવચંદ્ર–ગમે તે બોલો. હમણાં હું સાંભળીશ.

રસિક–હવે રહેવા દો. કેસુ ! જા પણ મને મળ્યા વગર જતો નહિ.

કેશવચંદ્ર–એમ બને ? ઘણું કરીને તો બજારમાંથી પાછો ફરતાંજ અહીં આવુંછું.

રસિક–ભલે જા.

કેશવચંદ્ર ત્યાંથી ઉતરીને ગયો એટલે ચંદાગૌરી બોલી કે, આવો રૂડો વર તેની ઉપર કોણ ના પડાપડી કરે.

અહીંવાળાં મને કેટકેટલું કહે છે અને વારંવાર આજીજી કરે છે કે, એમને મોઢે હા ભણાવશો તો સારું. કન્યા પોતે, નહિ તમે બેઠા હતા ને તે દહાડે આવી હતી, તેણે પણ એકવાર મને લાજ મૂકીને કહ્યું હતું કે–' ચંદાભાભિ! આટલું કામ તમે નહિ કરો.' ખરેખર કેસુભાઇનાં ભાગ્ય ઉઘડવાનાં. કન્યા બહુ રૂપાળી છે. ગુજરાતી અને ઇંગ્રેજી ભણેલી છે, તેમજ કામકાજમાં નટખટ છે. અહીંવાળી સાસુ પણ ઓછી હોંશીલી નથી. મારો તો વિચાર છે કે, કેસુભાઈ અહીં કરે તે સારૂં. વેળા છતું ઘર માંડીને બેસે. આપણે કેદહાડાનાં ઘર સંસારી થયાં છીએ. કેસુભાઇ બિચારા કુંવારા. ચંદા હસીને શરમાઇ ગઈ.

રસિક–આપણે શું બહુ મોટાં થઈ ગયાં?

ચંદા–નહિ ત્યારે? મારી સાથે સાસરે રહેનારીઓના મોં આગળ તો, આજ કેલૈયા કુંવર જેવા બબ્બે છોકરાઓ રમે છે. તમને હજી નાનપણ લાગે છે.

રસિક–તમને છોકરાંની વાત તરત યાદ આવે છે, એમ કેમ?

ચંદા–મને યાદ આવે છે અને હુંજ મારી મેળે બળીઝળી રહું છું, તમને કંઈ કહું છું. તેની આંખમાં પાણી આવી ગયાં.

રસિક—શા માટે ઓછું આણો છો. આપણે કંઇ ઘરડાં થઇ ગયાં નથી?

ચંદા—હું તો ઘરડી થઇ નથી, પણ કાકીજીને મન હું ઘરડી થઇ ગઇ છું. બહાર તેઓ કેવું બોલે છે તે તમે સાંભળો છો? ઘરમાં કોઇ કોઇ વાર મને સંભળાવવાને માટે તે એવું એવું બોલે છે કે, જાણે મરી જઇએ?

રસિક—મેં તો કદી સાંભળ્યું નથી?

ચંદા—તમે શાના સાંભળો? ગઇ વખત આપણે ઘેર ગયાં અને અમુક કામ માટે મેં ચાકરને કહ્યું કે ' જા અમારી મેડી

સાફ કરી નાંખ, કમાણું શેઠ મામાજીને મળીને આવશે ત્યારે ક્યાં બેસશે ?' હું આમ ચાકર સાથે વાત કરતી હતી અને વસંતબા વગેરે સૌ બેઠાં હતાં ને મોટાં કાકીજી રાંધતાં રાંધતાં બોલ્યાં કે ' અંધાવહુ ! સાફબાફ બોલશો નહિ, તમારો ખોળો ક્યારે ગંદો થયો કે સાફ કરાવો છો, હજી તો સાફનું સાફજ છેતો.' સઘળાં બેઠાં હતાં ને આવું બોલ્યાં, તે મને તો એમ થયું કે, જાણે હું શું કરું; જીભ કરડીને મરી જાઉં કે પૃથ્વીમાં સમાઇ જાઉં. તમને કહીએ ત્યારે તમે લઢો. અમે તે શું કરીએ? અમારાં ભાગ્ય ? અંદા ગળગળી થઈ એકદમ રડી પડી. તેની આંખમાંથી ડળક ડળક આંસુ નીકળવા લાગ્યાં. તેનો ગોળ અને સુંદર ચહેરો લાલચોળ થઇ ગયો. આંખો રાતા ઝાકળ ભર્યા કમળના ડોડા જેવી થઇ ગઈ અને મુખ ઉતરી ગયું. રસિક કંઇ બોલ્યો નહિ અને થોડીવાર બેઉ મૌન રહ્યાં. પછી અંદા પાલવથી આંસુ લુછી રસોડામાં ગઇ.

અંદાગૌરી દીલગીર થઇને ગયા પછી રસિકલાલ પણ ગમગીન થઇ ગયો. તે મનમાં બોલ્યો કે—' અહો ! કેવા સંસ્કાર છે ? હિંદુની બાઇડી, ગમે તેટલી ભણી ગણી અને સમજુ હોય, પણ તેને છોકરાંને માટે તો બળતરા થવાની ને થવાનીજ. માણસ જેવા સંસ્કારવાળા ચારિત્રમાં રહે તેવુંજ થાય. શૂરવીર બાળક પણ બિચારાજ્યમાં ઉછર્યું હોય તો છોકરી જેવું થાય, અને સુધરેલો માણસ પણ વહેમી લોકમાં રહે તો વહેમી થઈ જાય. આપણી કન્યાઓના રજ માટે એમ કહેવામાં આવે છે તે ખોટું નથી કે, તેઓ નાગરિક સમવાયમાં રહેવાથીજ બારમે વરસે વેગળી બેસે છે. ગુજરાતનાં ગામડાંની કન્યાઓ સોળ અને અઢાર વર્ષની થાય છે તોપણ ઓતમાં કંઇ સમજતી નથી અને તેમને રજે વહેલું પ્રાપ્ત થતું નથી. તેર તેર વર્ષની ટચુકડીઓને ઉંદર જેટજેટલાં છોકરાં લઇ લઇને જતી દેખે, એટલે આને અસર થાય છે. ખરૂં છે કે, બા અને કાકી પણ

આની તરફ કરડી નજરે જુએ છે પરંતુ તેઓ એમ વિચાર કરતાં નથી, કે આ વીસ વર્ષની થઈ એટલામાં શું વંઝા સિદ્ધ થઇ ચૂકી. સ્ત્રીઓના મનમાં છોકરાં માટે મોટી ઉમેદ રહે છે અને તે ઉમેદમાં જ્યારે તેઓ પોતાથી નાની સખીઓ સાથે પોતાને સરખાવે છે ત્યારે તેમના મનમાં શોક થાય છે. દીલગીર રહેવાથી તેઓ પોતાની તબિયત બગાડે છે. આ શું સમજતી નથી? સૌ સમજે છે, પરંતુ બહારના વાતાવરણના તરંગો એના કોમળ મન ઉપર અથડાઈ અસર કરે છે. હશે, બીજી સ્ત્રીઓના જેવી મોટી લાગણી એને નથી એટલું ઠીક છે, નહિ તો નઠારે રસ્તે દોરાઇ જાય. હજારો સ્ત્રીઓ સંતાનેચ્છાની તીવ્ર લાગણીને અધીન થઈ ધુતારા અને લુચ્ચા લોકના હાથમાં સપડાય છે. સ્ત્રીઓના મનમાંથી આ લાગણી અવશ્ય દૂર થવી જોઇએ.

રસિકલાલ આવા વિચારમાં લીન થઇ રહ્યો હતો એટલામાં ચાકરે આવી તેને નહાવાનું કહ્યું. તે ખુરશી ઉપરથી ઉઠી રસોડામાં ગયો અને ચંદાના સામું જોયું ત્યારે તેની આંખમાં આંસુ તો ન હતાં પરંતુ તેના મન ઉપર દીલગીરીનો છાયો પડી રહેલો હતો. રસિકલાલ તેના સામું જોઇ હસ્યો એટલે ચંદા હશી તો નહિ, પરંતુ બોલી કે, ચાલોની, હવે કોની રાહ જુઓ છો? રોટલી થઇ રહેશે ત્યારે જમવા બેસશો?

હા. હું ને તું સાથે બેસીશું, તું દીલગીર થયેલી છે, એટલે પછી ન ખાય ત્યારે?

હું તો નથી જ જમવાની, કારણ કે મને ઠીક નથી. જોજો પાછા તમે એનો ઉલટો અર્થ લેતા. મેં તમને સવારમાં ચા લેતાંજ કહ્યું હતું. યાદ છે કે નહિ?

એવી ક્યાં સુધી અરુચિ રહેશે?

મને ચીઢવો નહિ. તમે નહાઇ લ્યો. જુઓ રામો જુએ છે?

'વારુ ઠીક છે.' રસિકલાલ નહાવા ગયો અને ચંદા રોટલી

કરવા લાગી, એટલામાં બહારથી એક માણસ આવ્યો તેણે પૂછ્યું કે, ' કેશવચંદ્ર અહીં આવ્યા છે. જો આવે તો કહેજો કે, ચંદુલાલ શેઠે જવાનો વિચાર આજે માંડી વાળ્યો છે અને તમને પણ જવા દેશે નહિ '

ચંદા–વારૂ. તમે ત્યાં ઘરમાં કહેજો કે–કેશવચંદ્ર અહીં જમવાના છે. અમારા ઘરનું નામ જાણો છોની ?

' ના જી. '

ચંદાએ રામને બૂમ મારી એટલામાં રસિકલાલ નહાઇને આવ્યો અને તેણે પેલા માણસને કહ્યું કે ' રામચંદ્રશેઠના ઘરમાં કહેજો કે, કેશવચંદ્ર રસિકલાલને ત્યાં જમવાના છે માટે રાહ જુએ નહિ. ' ' વારૂ ' કહીને પેલો માણસ ગયો એટલે રસિકલાલ ચંદા તરફ જોઇને બોલ્યો કે ત્યારે તો આપણે કેશવચંદ્રની વાટ જુઓ. હું જમી લેઉં તે ઠીક નહિ.

પણ તમારે દીપચંદશાહની પેઢીએ જઇ પેલો હિસાબ કરી આવવાનો છે તે.

કાલે થશે.

ના, કેશવચંદ્ર ક્યારે પરભાર્યા છે. હું રોટલી કરવાની રહેવા દઇશ અને તમે જમીને ત્યાં જઇજ આવો. સાસુજીના ઉપરા ઉપરી કાગળ આવે છે, અને ઘર તરફ પણ હવે થોડું થોડું લક્ષ આપતા જાઓ. તમારે માથે કોણ છે તે કામ કરવાનું કહેશે. સસરાજીના મરણ પછી શું ખરચ થાય છે અને શું નહિ, તેનો તમે હિસાબ રાખો છો ? વાણિયાનો હિસાબ, તમે કકડે બચકે નાણાં ઉપાડો, તમને લાગે નહિ પણ એને ત્યાં તો સરવાળો થતો રહે. દીપચંદશાહની પેઢીમાંથી જે હોય તે હિસાબ કરીને ઉપાડી લાવો. મને એકવાર બાએ કેટલોબધો ઠપકો આપ્યો હતો અને કહ્યું હતું કે ' બાપા ! અમારે હવે શું છે ? બે પૈસા હશે તો તમે વાપરશો ને ભોગવશો ? દીપ-

ચંદશાહની પેઢીએ જે પચ્ચીસ હજાર રૂપયા છે તે પરદેશમાં શું કામ રાખવા ? તારો સસરો જીવતા હતા ત્યાં સુધી ઠીક હતું, કારણ કે તે દીપચંદશાહ અને તેના બાપનેય પહોંચી વળે એવા હતા, પણ હવે એને ત્યાં નાણાં રાખવાં એ મને ઠીક લાગતું નથી. રસિકની પછવાડે થઇ હવે મુંબાઇ જાઓ ત્યારે એનો હિસાબ કરાવજો. આપણે આવવા નીકળ્યાં ત્યારે તમે તો પાછળ હતા એટલે શું જાણો ? કાકીજીએ અને બાએ ફરીને તે વાત મને સંભારી આપી હતી. આજ મુંબાઈ આવ્યે ત્રણ મહીના થયા અને હું હમેશ કહું છું પણ તમારી ઉંઘ ઉડતી નથી. મારાથી કેટલું કહેવાય, માટે આજે તો બસ જાઓ જ. હિસાબ કરીને આવો, પછી બાને પુછાવી જોઇ રૂપિયા ઉપાડી લાવજો.

રસિકલાલ—વાહરે ! ડહાઇ, ખૂબ ભાષણ ચલાવ્યું ?

ચંદાએ શૃંગાર લજ્જા કરી મુખ નીચું નમાવ્યું. જરા હશી અને ફરી બોલી કે, જુઓ ! તમને કહીએ ત્યારે તમે આમ મશ્કરી કરો.

રસિક—મશ્કરી નથી કરતો, ખરેખર, તમે સ્ત્રીઓ અમારા કરતાં નાની વયમાં પણ સાંસારિક બાબતોમાં વધારે દક્ષ અને સમજુ હો છો ?

જાઓ, એવું ન કહો. ચંદાએ શરમાઈ નીચું જોયું.

રસિક—હજી તારા માનવામાં નથી આવતું, હું મશ્કરી નથી કરતો, પણ ખરું જ કહું છું. જોને ચૌદ વર્ષની છોકરી સાસરે જાય છે ત્યારે કેવી ડહાઇ અને સમજુ જણાય છે અને ચૌદ વર્ષના છોકરાઓ, પછી ભણવા ગણવામાં ગમે તેવા હોંશિયાર હોય તોપણ સંસારમાં કંઇ સમજતા જ નથી.

એ દાખલો પણ મારા ઉપર લાવો છો તે હું સમજું છું, હોકે.

ના, હું તો એ દાખલો લેતો ન હતો પરંતુ તેં ઠીક યાદ

આપ્યું. હા, જોને તને આસરે શરખી ત્યારે તું તેર ચોદ વર્ષની હતી અને હું પંદર વર્ષનો હતો પણ કંઇ સમજતો હતો ?

હવે એ વાત રહેવા દો, ચાલો પાટલા ઉપર બેસો, મેં તો થાળી પણ પીરસી દીધી.

રસિકલાલ જમવા બેઠો અને પહેલા આણાની હલેતા રસની ભરેલી ચંદાને લજાવતી અને આનંદ આપતી વાતથી જમણનો વખત આનંદમાં જવા લાગ્યો. રસિકલાલે ચંદા-ગૌરીનું ઉદાસ મન ખુશ કરવાને એ વાતને વધારી વધારીને કહી અને અંદર અંદર શૃંગાર અને રસનાં ટુચકાં મૂકીને તેને રસપ્રદ બનાવી. અરધો કલાક વીતી ગયો અને રસિકલાલે જમી ઉઠતાં કહ્યું કે આવી આવી વાતો કાઢીને વધારે ખવરાવ્યું.

મેં તો એવી વાતો સાંભળી પણ નથી અને મને તે સાંભરતી પણ નથી.

રસિકલાલે દિવાનખાનામાં જઇ કપડાં પહેર્યાં અને પાન ખાધું એટલામાં રસોડું બંધ કરી સોળાભેર ચંદા દિવાન-ખાનામાં આવી. રસિકલાલ ટોપી પહેરી દીપચંદશાહની પેઢીએ જવા નીકળ્યો. ચંદા દાદર સુધી પછવાડે ગઇ અને ટોકી ટોકીને કહ્યું કે, નક્કી કરીને આવજો. હવે વાયદા કરે નહિ.

રસિકલાલના ગયા પછી થોડીવારે કેશવચંદ્ર આવ્યો નહાઇ ધોઇ જમવા બેઠો. ચંદાગૌરીએ રામચંદ્રને ઘેર કહાવી મોકલ્યું હતું તે વગેરે વાત કહી. જમી રહ્યા પછી કેશવચંદ્ર દિવાનખાનામાં જઇ આરામ ખુરશીમાં પડયો. સૂતે સૂતે તેણે આવેલા કાગળો અને છબી સંબંધી વિચાર કરવા માંડયા, ત્યારે આણી તરફ ચંદાગૌરીએ જમી રહી ધાટીને ખાવાનું આપી પોતાનું કેટલુંક કામ આટોપી નાંખ્યું. કેશવચંદ્ર આછી નિદ્રાની લહેરમાં પડયો. ચંદાએ સઘળું સમાપ્ત કર્યું અને દિવાનખાનામાં આવી. તેણે દિવાનખાનામાં આવતાં કેશવચંદ્રને

બોલાવ્યો પણ તે ઉંઘી ગયો હતો. રસ્તા ઉપર પડતી બારીએ જઇ તે બેઠી અને રૂમાલ ગુંથવા માંડયો. લગભગ એક વાગ્યાનો સમય થયો ત્યારે બહારથી ધીરે રહીને બૂમ પાડી ગુલાબવહુ ચંદુલાલ ડોકટરની પત્ની ચંદાગૌરીને મળવા આવી. પહેલાં બે ત્રણ વાર તેઓ એક બીજાને મળેલાં હોવાથી તેમની વચ્ચે સામાન્ય પરિચય પડેલો જ હતો; તેથી ચંદાગૌરી બારીએથી ઉઠી સામી ગઇ અને માનથી તેને બોલાવી દિવાનખાનામાં બેસાડી.

દિવાનખાનામાં પેસતાં પલંગમાં સુતેલા કેશવચંદ્ર સામું જોઈ ગુલાબ બોલી કે, અહીં ઉંઘી ગયા છે કે?

હા, અહીં ઉંઘ્યા છે. તમે આજ જવાનું માંડી વાળ્યુંને?

તમને કહેવરાવ્યું જ હતું તો.

કેમ માંડી વાળ્યું? ચંદાગૌરીએ પૂછ્યું.

અમુક કારણો છે અને તે તમારાથી ખાનગી રાખવાનાં નથી. તમે રજા આપશો એટલે જઇશું.

હું રજા આપું એવું શું છે?

આપણે ખાનગીમાં બેશીએ ત્યારે એ વાત થાય.

ચંદાગૌરી—ચાલોને પેલી ઓરડીમાં બેશીએ. બેઉ જણું દિવાનખાનામાંથી ઉઠીને ઓરડી તરફ ચાલ્યાં ત્યારે ગુલાબની નજર ટેબલ ઉપર પડેલી પેલી અમદાવાદવાળી કન્યાની છબી ઉપર પડી, પરંતુ તેણે તે શું છે? તેની પડપુછ કરી નહિ. ઓરડીમાં જઇ બેઠા પછી કેટલીક વાતો કરી; પછી ગુલાબ બોલી કે, ચંદાબેન! તમારું એક મોટું કામ છે અને મારાં સાસુએ મને અત્યારે ખાસ તમારી પાસે મોકલી છે.

તમે બપોરના બહાર નીકળો પણ નહિ તો? તમે આવ્યાં ત્યારનીજ મને ખબર પડી છે કે, ગુલાબ બેનને કંઇક ખાસ વાત કરવાની હશે.

એ વાત શું છે, તે તમે જાણો છો, અને આપણે એ ત્રણ વાર એની એજ વાત થયેલી છે. મેં અને મારાં સાસુએ વાત કરી, પરંતુ કેશવચંદ્ર અમને ખાતરી આપતા નથી અને મારા સસરાજીએ એમના પિતા ઉપર કાગળ લખ્યો હતો તેનો એવો જવાબ આવ્યો છે કે, મારાં સાસુજી તો બીલકુલ નિરાશ થઇ ગયાં છે. ચંદાબેન ! મેં શું, કે મારી સાસુએ શું. જેને તેને એવી વાત કરેલી કે આમની વેરે ગજરાબાને પરણાવવાનાં છે. અને હવે આ વાત મારી જાય, તો ઠીક નહિ. કેશવચંદ્રના પિતાના કાગળ ઉપરથી જણાય છે કે તેઓ અમારા કરતાં, ત્યાં પાસેનું મળે તો ત્યાંજ કરવા વધારે આતુર છે. ચંદાબેન ! આજ કાલ ગાડી થવાથી દૂર અને પાસેનું શું રહ્યું છે. ચાર ગાઉ ગામડે જવું હોય તો ન જવાય અને પાંચ રૂપિયા નાંખી દીધા એટલે અહીંથી જમીને બેશીએ તો કાલે ત્યાં જમવાને વખતે પહોંચી જવાય, તે કંઇ દૂર કહેવાય ? અમે બીજા લોકના કરતાં સારો રીત રિવાજ કરીએ તેવાં છીએ; એ, શું તમને નથી ખબર. મારાં સાસુજી બહુ હોંશીલાં છે અને અત્યારથી જ કેશવચંદ્રને જોઇને સોસો મોંઢે થઇ જાય છે તે તમે નથી જોતાં ? ગજરાબાને સારે ઠેકાણે નાંખવાને માટે તો તે ગમે તેટલું ખરચ કરવા તૈયાર છે, અને હમેશાં ચિંતા કરે છે. આજ જવાનું બંધ રાખવામાં પણ એજ કારણ છે અને એમનો એવો મત છે કે, કેશવચંદ્ર જાય ત્યાર પહેલાં આ વાત નક્કી કરી લેવી. ચંદાબેન ! અમને સહાય કરવી એ તમારું કામ છે. તમે હા કહો એટલે અમને ખાતરી થાય.

ચંદાગૌરી—ગુલાબબેન ! કેસુભાઇની ઉપર પણ બિચારાની ઉપર આવીજ જાતનો ભાર આવી પડયો છે. હું તો જાણુતી નથી પરંતુ હમણાં હું તમને બતાવીશ; અમદાવાદથી એક કન્યાની છબી આવી છે, સાથે કાગળમાં મોટાં મોટાં પ્રલોભન બતાવ્યાં છે. મારા ઘરમાંથીએ છબી જોઇને કહેતા હતા કે

આ કન્યા નાની છે અને કેસુ ક્યાં સુધી સંસાર લંબાવશે ? મારો મત પણ એવો છે કે, સારાં માણસ સાથે સંબંધ જોડવો. હું તો હમેશાં એમને એજ વાત કહ્યા કરું છું. એમને તમારાં નણંદ અને તમારૂં ઘર પસંદ પડયાં છે, પરંતુ એ બિચારા મનમાંને મનમાં અમુંઝાય છે, તે બીજું કંઇજ નહિ પણ પેલા મુરબ્બી આગળ આ બધી વાતનું સ્પષ્ટીકરણ કેવી રીતે કરવું તે છે. મારાથી બનશે ત્યાં સુધી તો હું તમારા ઘરનુંજ કરાવરાવીશ, અને ગુલાબબેન ! તમને ખબર તો હશેજ, ને હું તો જાણું જ છું કે, તમારાં નણંદ પોતે પણ એમને મળ્યાં છે ?

ગુલાબ—હું તે જાણતી નથી, પરંતુ મળ્યાં હશે. કંઇ એ નાનાં છે ? ચંદાબેન ! તમારા આગળ ખરું કહુંછું કે તેમને પંદરમું વર્ષ ઉતરી સોળમું બેઠું અને ત્રણ મહીનાથી વેગળાં સુદ્ધાં બેસે છે. કંઇ નાનાં છે ? આ વાત હું ને મારી સાસુજ જાણીએ છીએ. જોજો કોઇને કહેતાં ?

આપણા લોકમાં કન્યાઓ નાનપણથી પરણાવી દેવાની એટલે એકાદ કન્યા આમ મોટી થાય ત્યારે લોકો વાતો કરે છે. કહે છે કે, શાસ્ત્રમાં તો સ્ત્રીધર્મમાં આવ્યા પછી પણ એ ત્રણ વર્ષ લગી કુવારાં રહેવાનું કહ્યું છે. ગજરાબા ડાહ્યાં છે ને આ બધું સમજે છે. મને આજીજી કરી કરીને પાલવ પાથરે છે, પણ બેન ! હું શું કરું, મારાથી થાય તેટલું તો હું કરું છું.

ચંદા—શાસ્ત્રમાં તો સારો વર ન મળે તો આખો જન્મારો કુવારાં રહેવાનુંએ કહ્યું છે. આ તો આપણા લોકની ખોટી સમજનું પરિણામ છે. રહો, હું તમને પેલી છબી બતાવું. જુઓ તો ખરાં, એય કન્યા તો સારી છે, તમારી નાતમાંય રતન છે ?

દિવાનખાનામાંથી છબી લઇ આવી ચંદાએ ગુલાબને આપી. ગુલાબ તે જોઇ કેટલીક વાર સુધી તો કંઇ બોલી નહિ; પણ પાછી આપતાં બોલી કે, હોય, કન્યાઓ તો બે ત્રણ

સારી છે. આ તો જેને ને તેને વરના સાંસા પડ્યા છે, એટલે આમ કરવું પડે, શું કરીએ. સૌ સારા ભણેલા ગણેલા વર માગે તે ક્યાંથી મળે ?

ચંદા બોલી કે–તમે કેશવચંદ્રને આ વાત કરો.

ના, હવે હું તેમ નહિ કરૂં. તમેજ એમને નક્કી કરી આપો.

ચંદા–ત્યારે ગુલાબબેન ! એમ કરો. હમણાં બે ત્રણ દિવસ જવાનું બંધ રાખો. આમને તો હું અહીં રાખીશ. હું કે તમે કોઇ પણ વાત કરીએ તેના કરતાં એ બે જણ વચ્ચે વાતચીત અને અનુરાગ થાય તો ઠીક. તમારાં નણંદ એક બે વાર મારે ઘેર આવ્યાં છે, તો મારાથી શું કરવા શરમાય છે ? કેસુભાઇને પરણશે તો પછી મારી શરમ ક્યાં રહેશે ? બબ્બે ઘડી તમે એમને અહીં મોકલતાં રહો. હું એમની શરમ ભાગી નંખાવીશ અને એમની વચ્ચે અનુરાગ થયો તો પછી 'મિયાં બીબી રાજી તો ક્યા કરે મિયાં કાજી !' એવું થશે.

ગુલાબ–પણ તેમ કરતાં કોઇના જાણવામાં આવે તો ?

આમાં શું જાણવામાં આવવાનું છે ? તમે ક્યાં મારે ત્યાં નથી આવતાં ?

ઠીક, એમ કરીએ. સુધરેલાંનો સુધરેલો માર્ગ.

હાસ્તો, સુધરેલો માર્ગ. જેવો રાજા તેવી પ્રજા. ગુલાબ બેન ! યુરોપિયનોનો સુધરેલો કોર્ટિંગનો માર્ગ ખરું પૂછો તો ખોટો નથી. આપણામાંય અસલને વારે વર કન્યાની વચ્ચે અનુરાગ થતો હતો. પણ તમે આ વાત તમારી સાસુબાસુને કહેતાં નહિ. હું ને તમેજ જાણીએ. તમે મનજરાને અહીં મોકલજો, પછી હું છું ને એ છે. એમને એક બીજામાં ઘેલાં બનાવી મૂકીશ. મને પ્રસંગ કાઢતાં અને વાત કરતાં સૌ આવડે છે.

ગુલાબ-એની તો મને ખાતરીજ છે ચંદાબેન.

ચંદા-ત્યારે તમે કે તમારાં સાસુ બીજી કશી ચિંતા કરશો નહિ. આ ગોઠવણ બહુ સારી છે. આપણે કોઇને કંઇજ કહેવું પડશે નહિ. પ્રીતિ પ્રીતિનો માર્ગ કરશે, સમજ્યાંને ગુલાબબેન ! એમનાં મન એક થશે તો પછી કેશવચંદ્રના પિતાનું કે કોઇનું કંઇ પણ ચાલશે નહિ.

ગુલાબ-તમારી વાત ઠીક છે, પરંતુ તેનો ઘાટ તમે સારો ઉતારો ત્યારે સારું, ગજરાબાને અને એમને ખાનગી મુલાકાત થવા દેશો નહિ. એમાંથી કંઇનું કંઈ થાય તો આપણે બનીએ.

ચંદા-તમારે એવી તેવી કંઈ ફીકર રાખવી નહિ. હું બધું સંભાળીને પાકું કામ કરીશ.

ઠીક છે, એમ કરીએ. ગુલાબને આ વાત ગમી. પછી કેટલીક આડી અવળી વાતો કરી અઢી વાગે તેણે રજા લીધી.

પ્રકરણ ૧૪ મું.

નિરાશાનો છાંયો.

चलणो भलो न कोशको, दुहिता भली न एक.

ઘણા દિવસ સુધી જેને માટે મનોરથ કર્યા હતા તે વર રામચંદ્રના ઘરનાંને હવે દુર્લભ લાગ્યો. બે દિવસ તે રસિકલાલને ઘેર રહ્યા, એટલે તેમને વધારે સંશય ઉત્પન્ન થયો. રામચંદ્રની ડોશીને શંકા પડી. તેણે બીજા કોઈ પણ કારણને આગળ નહિ કરતાં પોતાના સહેજ ઉતરતા કુલને મનમાં આણી, કેશવચંદ્રના બાપની 'ના' ઉપર અનેક વિચાર કર્યા. તેને એમજ લાગ્યું કે, ગુજરાત તરફના બ્રાહ્મણો કુળને માટે ઘણું

અભિમાન રાખે છે, અને કેશવચંદ્રનો બાપ ઘરડો છે એટલે તેના મનમાં કુળાભિમાનજ હશે. જાની જેવા કુળવાન અને ખાનદાન કુટુંબની કન્યા આવતી હોય, તો આપણી કન્યાની ના પાડે, એ સ્વાભાવિક છે, એમ તેના મનમાં ખાતરી થઇ. જેમ જેમ વિચાર કરતી ગઇ તેમ તેમ એજ વાત તેને વધારે અને વધારે સાચી લાગતી ગઇ. કેશવચંદ્રના બાપના મનમાં આ વાત હો કે નહિ, પણ અહીં તો જાણે ખરીજ પડી હોય એમ થયું. કેશવચંદ્ર મોટો થયેલો અને ભણેલો ગણેલો હોવાથી તેણે તો સહજ લખ્યું હતું, પરંતુ ડોશીના મનમાં તો ઉપરના વિચારોથી તેનું લખવું 'તળવારના ઘા' જેવી સાફ નાનુંજ સમજાયું. ડોશી તેના મને કલ્પેલા પરિણામથી દીલગીર થઇ, મનમાં ને મનમાં મુંઝાઇ રહી. ઘરડાં માણસોમાં જે અપત્યના કલ્યાણની તીવ્ર લાગણી હોય છે, તે લાગણીએ ડોશીને ઉશ્કેરીને રામચંદ્ર અને જેકોરની ઉપર ક્રોધ ઉપજાવ્યો. આ લોકોએ છોકરીને મોટી કરી અને હજી વર જોયો નહિ ત્યારે આ મુશ્કેલીનો વખત આવ્યો. કેશવચંદ્ર ના કહે તો છોકરીને આંખો મીચીને કુવામાં નાંખવાની. આગળથી આપણા બરાબરિયા સાથે વેશવાળ કરી મૂક્યું હોત અને વરની પાછળ ચાર પૈસા બગાડયા હોત તો કંઇ સંકડામણ આવત જ નહિ. રામચંદ્ર એમ ધરીને બેશી રહ્યા કે, જ્યારે વખત આવશે ત્યારે થઇ રહેશે. એ તો એમ પણ કહેતો કે, વિધિ છે તે કન્યાને અનુરૂપ ભર્ત્તા સદાય આપે છે. વિશ્વાસે બેશી રહ્યાનાં ફળ પરિતાપમાં આવે, તે આપણે જોઇએ છીએ. જેકોરવહુનું મુખ ઉતરી ગયું છે, તે કંઇ બોલતી નથી તેથી મને ઘણી અસર થાય છે. માનેજ દીકરીને માટે લાગણી થાય છે. જેકોરને એમ થાય તેવોજ વખત આવી લાગ્યો છે. છોકરી મોટી થઇ, હવે કંઇ રાખી મુકાય? હરિઇચ્છા હશે તે થશે? મારો ઇષ્ટ દેવ મને વિશ્વાસ આપે છે, પછી તો જે થાય તે ખરૂં.

રામચંદ્રની વૃદ્ધ માતાના મનમાં જ્યારે પૌત્રીને માટે આ પ્રમાણે સંતાપ થતો હતો ત્યારે, જેકોરશેઠાણીના મનમાં કેવું થતું હશે, તેનો વાચકેજ વિચાર કરી લેવો. રામચંદ્રે કેશવચંદ્રના બાપનો કાગળ વાંચી સંભળાવ્યા પછી તેનું મન પડી ગયું હતું. તેની મનોવૃત્તિઓ નાસીપાસીના વિચારો પર વિચાર આવતી ઉશ્કેરાઇ જતી હતી. વખતો વખત તેને ગજરી ઉપર જાણે ક્રોધ આવતો હતો. ભણેલી ગણેલી અને લાડકોડમાં ઉછરેલી છોકરીને માટે વરની ખોટ પડવી, એ માબાપના મનને ઓછું સંતાપ-જનક નથી? એ મુઇ કેટકેટલાય રોગમાંથી બચી? એને માટે વર નહતો ત્યારે ઈશ્વરે એને ઉછેરીજ શું કરવા? પશુ પંખીનાંએ પ્રભુ જ્યારે જોડાં સરજાવે છે, ત્યારે આ છોકરીને કેમ જોડ વગરની સરજી? આ પ્રમાણે તે પોતાના મનમાં અને મનમાં કઢતી અને જીવ બાળતી હતી. રામચંદ્ર અને ચંદુલાલ પણ શાંત પડી ગયા હતા. ઘરનાં મોટાં માણસ આમ વિચારમાં પડી ગયાં તેથી ગજરીના મન ઉપર પણ અસર થઇ. તેણે જ્યારે કાગળની નાશીપાસ કરનારી હકીકત જાણી, ત્યારે તેના મનમાં પણ વિચાર આવ્યો કે, 'હું એમને મળી, અને એક કન્યાને ન બોલાવાય તેને એમણે શા માટે બોલાવી? શું તેમને મારે માટે કંઇ પણ નહિ લાગતું હોય? પુરુષ જાતિ કઠોર મનની હોવાનું એમ કહેવાય છે, તે ખરું હશે કે શું? મને એમણે કેમ કંઇ કહ્યું નહિ? શા માટે એમણે મારો હાથ તેમના હાથમાં લીધો. હવે એ મને ન પરણે તો મારા એક ભવમાં બે ભવ થાય? મારે શું માનવું. યયાતિએ દેવયાનીનો હાથ પકડી તેને વરીડામાંથી બહાર કાઢી, એટલાજ ઉપરથી તે યયાતિને પરણી, તો હું શું હવે બીજાને પરણું? નહિ. હું કદી પણ બીજાને પરણનાર નથી? સતીનું સત્ય ક્યાં છે? મારે ને એમને કંઈ વાત નથી થઇ, તોપણ એમના વગર બીજાને પરણું તો આ મન ક્યમ માને. કેશવચંદ્ર! કેશવચંદ્ર? તમે ગમે તેમ કરો પણ

હું તમારા સિવાય બીજાનો હાથ પકડી, હવે વચનભંગ થનારી નથી ? હું કુંવારી રહીશ, તમારા નામનો જપ કરતીજ આ જીવનને કુંવારું ગાળીશ, પણ જે દેહ તમને અર્પાયો છે તે દેહ બીજાને આપી આર્યદેશની સ્ત્રીઓના અભિમાનરૂપ સ્ત્રી ટેકને લાંછન લગાડીશ નહિ. તમારે જોઇએ તે વિચાર કરજો. તમે મારા નહિ હો, એમ માનવાનું મને કંઇ કારણ નથી, પરંતુ શંકામાં પડેલી વાત મને ચિંતા કરાવે છે. ગઈ કાલના તમે અત્રે આવ્યા નથી, તેનું શું કંઇ કારણ ? ચિંતાથી કંઇ વળવાનું નથી. ગજરી એકલા બેઠી બેઠી આમ વિચાર કરતી હતી એટલામાં ગુલાબ તેના ઓરડામાં દાખલ થઈ ગુલાબનું મન પણ ઘરનાંની માફક મંદ પડી ગયું હતું. ચંદાએ બતાવેલી યુક્તિ તેના લક્ષમાં આવી હતી. ગજરીના મુખ ઉપરનો છાયો તે પામી ગઇ અને બોલી કે, ગજરાબા ! કેમ આજ અહીં જ બેશી રહ્યાં છો ? મારી મેડી તરફ જણાયાંજ નથી ? ઉંઘી ગયાં હતાં કે શું ?

ના, સહેજ જ, ભાભિ ! અહીં સૂતી પરંતુ નિદ્રા આવી નહિ. ઘરમાં ચાલતા વિચારે મને પણ બેફામ જેવી બનાવી દીધી છે.

તમારે તેનો વિચાર કરવો નહિ. એક બાબત, જે મેં અને ચંદાગૌરીએ ગોઠવી છે, તે પ્રમાણે તમારે હવે કરવાનું છે. ગઇ કાલે બાના કહેવાથી હું ચંદાગૌરીને મળવા ગઇ હતી, તમે જાણો છો ?

હા, હું જાણું છું, પરંતુ ત્યાંથી તમે શા સમાચાર લાવ્યાં, તે મારા જાણવામાં નથી.

તમે મળ્યાં નહિ એટલે મેં તમને કહ્યું પણ નહિ. એ વાત એકાંતમાં કરવા જેવી છે. અને બાપાજી વગેરે હોય ત્યારે કંઇ વાત થાય છે ?

વાહ, તે શી વાત છે. હવે તો આપણે એકાંતમાં છીએને ?

હા. જુઓ, ગજરાબા ! મારો અને ચંદાગૌરીનો વિચાર તો એવો છે કે, ચંદાગૌરીને ઘેર જતાં આવતાં રહી તમે જ એમના મનનું હરણ કરી લ્યો.

ભાભિ, ગુલાબભાભિ ! આ ગરીબ બિચારી નણંદની શું કરવાને મશ્કરી કરો છો ?

ના, ગજરાબા ! હું મશ્કરી કરતી નથી, ખરુંજ કહું છું. આ વાત કંઇ મશ્કરી કરવા જેવી છે. ઘેલાં થયાં, હમણાં હસવાનો વખત છે. ચંદાગૌરીની સાથે તો તમને પિછાન થયેલું છે અને તેણે તેમને મદદ કરવાનું મને વચન આપ્યું છે. વળી કેશવચંદ્રને તેમણે ત્રણ ચાર દિવસ રોકયા છે અને બનશે તો તે પોતે તમારી સમક્ષ એવું વચન લઈ લેશે. એ ખાનદાનના ઘરની છે, અને કેશવચંદ્ર, જો એ વચમાં હશે તો કંઇ આડું અવળું બોલી શકશે નહિ. મારું એમજ માનવું છે કે, હમણાં તમે ચંદાને ત્યાં જાઓ. ચંદાગૌરીએ તો ગઈ કાલે જ સાંજે તમને ત્યાં મોકલવાનું મને જણાવ્યું હતું; પરંતુ મને આવતાં વાર થઇ, કારણ કે, હું પેલાં મોતીગૌરીને ઘેર ગઈ અને તેમણે વાતે વળગાડી ઉઠવાજ દીધી નહિ. હવે સાંજનો વખત થયો છે અને તમે આજ એમને મળવા જાઓ. તમારે કેમ વર્તવું, તે હું શું કહું, એ તો ચંદાગૌરી તમને સઘળું બતાવશે. અને એ કહે તેમ કરજો. પરિચયથી માણસનું મન એક થયું તો પછી ગમે તેમ થાય, તોય તે જુદું પડતું નથી.

ગજરી અને ગુલાબ આ પ્રમાણે વાત કરતાં હતાં એટલામાં રસિકલાલના ઘરનો ઘાટીજ આવ્યો. તેણે ગુલાબને કહ્યું કે ' ચંદાશેઠાણીએ કહાવ્યું છે કે, કાલ વાત કરને ગયાં અને ફરીને કોઇ જણાયું નહિ તેનું શું કારણ ? એમને બોલાવે છે.

હા. તું જા, અને એ હમણાં આવશે.

ઘાટીના ગયા પછી, ગુલાબે ગજરાને કહ્યું કે, ગજરાબા !

હવે ઉઠો. ચાલો મારી મેડીએથી કપડાં પહેરીને જાઓ. આપણા ઘાટીને સાથે લેતાં જજો. બા પૂછશે તો હું કહીશ કે બહાર ગયાં છે. એની તમે કંઈ ચિંતા કરશો નહિ.

ગજરીએ જવાબ દીધો કે, ઠીક છે, તમારી મેડીએ આવવાનું શું કારણ છે? મારી પાસે સૌ છે. તમે તમારે જવું હોય ત્યાં ખુશીથી જાઓ.

વખત છે અને બહાર જવાનું થાય માટે સારાં કપડાં લત્તાં પહેરીને જજો.

ગજરી હશી ગઇ, અને નણંદ ભોજાઇ સાથેજ એક ઓરડામાંથી બહાર નીકળી જુદી જુદી બાજુએ ગયાં.

ગજરીના મનમાં અનેક વિચાર આવ્યા. જુવાન કન્યાનું મન, શું પહેરું ને શીશી ટાપાટીપ કરું, અને જાણે કેમ સારી દેખાઉં; એમ, જુદી જુદી ફેશનો ઉપર ફરવા લાગ્યું. છેલ્લામાં છેલ્લી ફેશન પ્રમાણે અને બાપની સમૃદ્ધિને શોભે તેમ અલંકૃત થઇ, વળી વળીને તખતામાં જોઇ જોઇને ખાતરી કરી છેલ્લે તે નીચે ઉતરી ને રસિકલાલને ઘેર ગઇ.

પ્રકરણ ૧૫ મું.

વિવાહનું વચન.

સાંજના ચાર વાગી ગયા હતા. રસિકલાલ તથા કેશવચંદ્ર સૂઇ ઉઠી મુખ ધોઇ, ચાની કેટલીવાર છે? એમ પૂછતા હતા, એટલામાં ઘાટીએ અંદર આવીને ચંદાગૌરીને કહ્યું કે, હમણાં આવશે, એમ કહાવ્યું છે. ઘાટી આટલું કહીને ઉભો રહ્યો એટલે રસિકલાલે પૂછ્યું કે, કોના વિષે વાત કરો છો? કોઇને બોલાવવા મોકલ્યો હતો?

હા, તમારા દોસ્તદારનાં વહુને તેડવા મોકલ્યો હતો ?

રસિકલાલ–તમે બહુ બોલો છો ? અત્યારથી આવું બોલવું ઠીક નહિ. કેશવચંદ્ર એને ન પરણ્યો તો ? તમે બૈરાં લોક બહુ ધાલમેલિયાં થઇ જાઓ છો, અને અનિશ્ચિત મનોરથ કરો છો ?

ના કેમ પરણે ? ના પરણે તો, એમની વાત એ જાણે ?

કેશવચંદ્ર–પણ તમે તે માથે રાખ્યું છે ? એમ હોય તો તે કહી દો.

હવે પરણ્યા વગર ચાલવાનું નથીતો ? હું તો એને ખુશીની સાથે ગજરાવહુ કહીને બોલાવી ચૂકી છું. મને ગમી છે અને એનેજ પરણવું પડશે અમદાવાદવાળા રૂપિયા દેખાડે એટલે તમે બીજા લોકમાં થાય છે તેમ ફરી જાઓ, એવું થવા દેવું નથી. તમારે શું વેચાવું છે ?

કેશવચંદ્ર–પરંતુ આટલો બધો ગુસ્સો શું કરવાને કરો છો ? ધીરાં બોલો. તમે વહુ કહી તે મંજુર

રસિકલાલ–અલબત્ત, આ વાતમાં તારે કેટલોક વિચાર કરવા જેવું હશે, પરંતુ મારો અભિપ્રાય પૂછે તો હું તને અહીં જ કરવાની સલાહ આપું.

પણ જુઓને, તમે બે જણ સાથે રહેલા અને બાળમિત્ર હોવા છતાં હજી એમણે તમને કંઇ પૂછયું છે ? વહુને તો એ પોતે માગી ચૂકયા. હું બધુંય જાણું છું અને સમજું છું.

કેશવચંદ્ર હસ્યો. રસિકલાલ બોલ્યો કે કેસુ ! આ શું કહે છે. મારે મોઢે તો તેં કોઇ દિવસ કશી વાતજ કરી નથી ?

કેશવ—અપૂર્ણું છે, એમાં હું તમને શું કહું. હું કંઇ ઠરાવ ઉપર આવ્યોજ નથી. અહીં કરવું, એવો મારો મત છે, પરંતુ પિતાજીનો અભિપ્રાય જરૂરજ જુદો પડશે. અમદાવાદ એમને પાસે લાગે છે, અને તે તરફ એમનું વલણ હોય એ સ્વાભાવિક છે.

રસિક—એ તો ખરું. પરંતુ અહીંવાળી વાત આમના કહેવા પ્રમાણે ઘણી આગળ વધી છે. તારી તરફથી આ, અને કન્યાની તરફથી એનાં માબાપ તથા ઓળખીતાંએ તનેજ એના વર તરીકે પસંદ કરી જાણે નક્કી કરી દીધું છે. આટલે સુધી ગયેલું બધું તોડી નાંખી અમદાવાદ તરફ કરવું, એ મને તો ઠીક લાગતું નથી. કન્યા નાની છે. ગઇ કાલે પેલી છાપી આવેલી તેને? મારો તો એવો મત છે કે, જો તારે સુખી થવું હોય તો આ ઘર સાથે સંબંધ બાંધવો. તારા પિતાને મારી પાસે લઇ આવજે. હું તેમને ખરી બાબત સમજાવીશ. વિવાહ કરવા. તે કંઈ એક દિવસનું કામ નથી. એમાં શરમ રાખવી અને તે પણ વળી ક્યારે? આપણે સમજણા થયા ત્યાર પછી શરમ રાખીએ, અને માબાપ કુવામાં નાંખે તેય સહન કરીએ, એ તો યોગ્ય નહિ નાના હોઇએ અને પરણાવ્યા હોય તેની વાત જુદી, કારણ કે, તે વખતે આપણને તેની પરીક્ષા હોતી નથી. તું હવે કંઈ બાળક છે? શું તું સારાસાર સમજતો નથી? તારા પિતા તો કહેશે કે, એક ગામડિયણ કુળવાન છે અને મારે તેની સાથે તારું લગ્ન કરવું છે, તો તે તું શું મુંગે મોઢે હા કહીશ? અમદાવાદવાળાં તને ધનનો લોભ દેખાડે તોય તે તરફ ખેંચાઈ જતો નહિ. તું ભણ્યો ગણ્યો છે, તારે પૈસાને શું કરવો છે? કાલે સવારે તું નોકરી લેવા નીકળીશ તોય તને સારી જગ્યા મળશે.

કેશવ—રસિકભાઈ! તેવું કંઇજ નથી? મારા પિતાથી મને પૂછ્યા વગર કંઈ થાય તેમ નથી, પરંતુ મારાથી તેમને કંઇજ કહેવાતું નથી. અલબત, હું આમાં કંઇ નિશ્ચય કરી શકયો નથી, પરંતુ મારું મન આ તરફ છે. આ ઘર સારું છે. એમની રીતભાત અને હોંશથી હું પ્રસન્ન થયો છું. સારા સુધરેલા અને ધનવાન કુટુંબ સાથે સંબંધ બંધાય, તે મને ન ગમે એમ હોય? આપણી રીત પ્રમાણે મને આ બાબતમાં બોલતાં શરમ

લાગે છે. પિતાજીને મોઢે ચઢીને હું શું એમ કહું કે, 'હું તો મુંબાઈજ લગ્ન કરીશ.' ગુંચવણ માત્ર આ છે. આ આગળ પડેલું કુટુંબ છે અને કન્યા પણ-

પણ-શું કેશુભાઇ! કન્યા તમને નથી ગમતી?

ચંદાભાભિ! હજી સાંભળો તો ખરાં, પછી અભિપ્રાય આપજો. મર્યાદા મૂકી મારે ત્યારે શું એમજ કહેવું કે, હું તો મુંબાઇવાળા ઘર સાથે સંબંધ જોડવા ઇચ્છું છું.

એટલું કહેતાં તમે શરમાતા હશો નહિ વારૂ. ચંદાગૌરીએ મજાકની રીતે હશીને કટાક્ષમાં કહેવા માંડયું, ઠીક સમજાવતાં આવડે છે? અમદાવાદવાળાનો અનુભવ લેવો અને કન્યા જોવી, ત્યાર પછી આમને ઉત્તર આપવો, એવું તમારા મનમાં છે. તમે કાલે છબી જોતા હતા તે ઉપરથી હું સમજી છુંતો પણ ખાતરી રાખજો કેસુભાઇ! કે, એ કન્યા ગમે તેવી હશે, તોપણ આની તુલનામાં નહિ મુકાય, અને જન્મારો બગડશે.

રસિક—તમે એની બહુ વકીલાત કરો છો?

શા માટે ના કરું. મને એ પસંદ પડી છે. તમે બે દોસ્તદાર અને અમે બે સખીઓ થઇએ. કેસુભાઈ કોઇ ગામડિયું પકડી લાવે અને તે આ ઘરમાં આવે તો કેવું દેખાય? હું તો એને બોલાવુંએ નહિ, અને કહીં બહાર જવું હોય તો સાથે પણ તેડી જાઉં નહિ. આ કેવી સુઘરેલી અને ફેશનેબલ છે? બોલવા ચાલવામાં જાય તેવી છે કે શું?

કેશવ—ઠીક છે, ચાલો ચા લાવો.

ચાલો, દિવાનખાનામાં બેસો, ત્યાં મંગાવું છું. ચંદા ઉઠી.

રસિકલાલ અને કેશવચંદ્ર દિવાનખાનામાં ગયા. તેમણે એક બીજાના મનના ખુલાસા કરવા માંડયા. રસિકલાલે કેટલીક અગત્યની બાબતો, જે પોતાના અનુભવ ઉપર આવેલી હતી, તેનાં ઉદાહરણ આપી આપીને કેશવચંદ્રને ઉત્તમ અને ભલેલી

ની પસંદ કરવાનો આગ્રહ કર્યો. ચંદાગૌરી ચાના પ્યાલા લાવી અને ત્રણે જણ દિવાનખાના વચ્ચે આરસના ગોળ ટેબલ ઉપર ચા પીવાને બેઠાં. હજી તો તેમણે ચાને મુખે પણ અડકાડી ન હતી એટલામાં ગજરી આવી. તેણે બાટીને પાછો જવાનું કહ્યું, તે ઉપરથી તેનો સાદ ઓળખી ચંદાગૌરીએ ખુરશી ઉપરથી મુખ ફેરવી જોયું. ગજરી દિવાનખાનના બારણામાં આવી પણ ત્રણેને સાથે ચા પીવા બેઠેલાં જોઇ ખમચાઇ.

સંભ્રમથી પાછી ફરતી ગજરીના કાનના હીરાના એરિંગના ઝબકારાથી જાણે તેના સૌભાગ્યનો મોહક ઉત્કર્ષ સૂચવતી હોય, તેમ મંદ હસી કેશવચંદ્ર સામું જોઈ ચંદાગૌરી ખુરશી ઉપરથી ઉભી થઇ બોલી કે, આવોને. આવો તમારીજ રાહ જોઇ બેઠાં છીએ.

ચંદાને પોતાની તરફ આવતી જોઇ ગજરી વધારે આગળ હડી, રસોડા તરફ સુવાની ઓરડી હતી ત્યાં ઓઠે જઇ ઉભી રહી. ચંદાએ પાસે જઇ કહ્યું કે, આવો, આવો, દિવાનખાનામાં આવો, ચાલો.

ના, મારાથી નહિ અવાય, ગજરીએ શરમાતાં શરમાતાં ઉત્તર આપ્યો.

હું જરા છુટી છું, વધારે બોલતી હોઉં તો માફ કરજો, પણ હવે શરમાવાનું કંઇ કારણ નથી. કોનાથી શરમાઓ છો? અમારે ઘેર તમારી શરમને નહિ બને? અમારે અને કેસુભાઇને કેવું છે, તે તમે જાણો છો!

પણ રસિકભાઈ બેઠા છે તેથી હું શરમાઉ છું. એમને તો મેં આજેજ જોયાની?

હશે, ચાલો ચાલો. ચા ઠંડી થઇ જશે.

રસિકલાલે ચંદાગૌરીને બોલાવી અને તે સમજાવી પટાવી શરમાતી અને અંગને અંગમાં સમાવતી ગજરીને દિવાનખા-

નામાં લઇ આવી. બે મિત્રો ટેબલ ઉપર અને ચંદા તથા ગજરી ગાદીતકીએ જઇ બેઠાં. ચંદાએ ઘાંટીને બૂમ મારી બીજો પ્યાલો મંગાવ્યો. રસિકલાલ અને કેશવચંદ્ર ચા પીવા લાગ્યા તે પછી ચંદાએ તથા ગજરીએ પણ પીવા માંડી.

દિવાનખાનામાં મૌન પ્રસર્યું. ગજરી શરમાઇ, તેનું મન અરધું અરધું થઇ ગયું. વાળાને એક હાથે ઉંચી ઝાલી આડું જોઇ તેણે ચા પીધી. ચંદાની આંખો અને મુખ કૌતુકથી કેશવચંદ્ર અને ગજરીની સામે ફર્યાજ કરતાં હતાં. રસિકલાલે ગજરીને જોઇ ન હતી, તે તેને જોઇ પ્રસન્ન થયો. તેના રૂપ તથા ગુણની તેને એક ક્ષણમાં પરીક્ષા થઇ ગઇ. કેશવચંદ્રના ભાગ્યને તે મનમાંને મનમાં ધન્યવાદ દેવા લાગ્યો, હતું પણ તેવુંજ. ચૌદ પંદર વર્ષની તરુણ, ધન વૈભવના તન્મનાટથી ભરેલી ગૃહસ્થની કન્યા, ગૃહસ્થાઇમાં અને લાડકોડમાં ઉછરેલી હોઇ કંઇ નાની ન હતી. તેના ઉપરનાં ઓઢણી ચણિયોજ તેને કન્યા કહેવરાવતાં હતાં. ગજરીનું શરીર જાડું પણ નહિ તેમ પાતળું પણ નહિ, એવું સાધારણ હતું. ઉંચી ને પાતળી સોનાની લાકડી જેવી તે લાગતી. તેનું મુખ ગોળ અને શકાદાર હતું. તેના હાથ પગ તેની સ્વચ્છતા અને ચંચળતા બતાવી આપતા હતા. તેના ઉપર શરમ અને સમજણની છાપ હતી. મુંબાઇનો સુધારો, મુંબાઇની કેળવણી અને મુંબાઇની ફેશન તેનામાં પુરેપુરી હતી. ગજરીનો પોષાક, તેની બેસવાની ઢબ, બોલવાની ગંભીરતા અને ચતુરાઇ, કોઇ પણ કેળવાયેલા વરને તેને પરણવાની ઇચ્છા કરાવે એવાં હતાં, તો પછી કેશવચંદ્ર જેવો રસજ્ઞ તેના તરફ ખેંચાય એમાં શી નવાઇ!

ચા પી રહ્યાં, પણ મૌન ભાગ્યું નહિ. ચંદાગૌરીએ આખરે બોલવું શરૂ કર્યું. ગજરીના એરિંગ સંબંધી કૌસ્તુકથી તેણે વાત ઉપાડી. ઘરેણાં, લુગડાં વગેરે સંબંધી પ્રશ્ન પૂછ્યા અને ધીરા ગંભીર પુરૂષવર્ગની મર્યાદા સાચવતા લજ્જાવાળી

હળવી હલકમર્યા ઉત્તર તેણે દીધા. કેશવચંદ્ર અને રસિકલાલ પોતામાં વાતો કરતા, પરંતુ ગુજરીના બોલ જુદે જુદે ભાવે તેમના કર્ણમાં અથડાતા. પુસ્તક ઉઘાડી તેમાંથી કંઈ વાંચન વાંચતા હોય એમ કરતા ને વાતે વળતા તે તેમની વચ્ચે થતી વાત રસથી સાંભળતા અને ગુજરનાં વચન ઉપરથી, ભાષા ઉપરથી તેની રીતભાત, વિદ્યા અને રૂપનું નિરીક્ષણ કરતા હતા. ચંદાગૌરી વાત લેવામાં અને માણસનું મન ઉકેલાવવામાં બહુ ચતુર હતી. ધીરે ધીરે વાતમાં ને વાતમાં તેણે ગુજરીને, જુદી જુદી બાબતો ઉપર ચઢાવી બોલતી કરીને પછી પૂછયું કે, તમે ઉંચે મને લાજમાં બેઠાં છો એમ વાત કરતાં કેમ ફાવે. મને તોળેલા શબ્દોમાં ઉત્તર આપો અને મનમાં લજવાઓ એમ કેમ બને? આ લોકો બેઠા છે તેથી તમને બેસતાં અને બોલતાં ફાવતું ન હોય, તો ચાલો, આપણે પેલા ઓરડામાં જઇને બેશીએ. ચંદાગૌરી આમ કહીને ઉઠી અને તેને બીજા ઓરડામાં લઇ જઇ વાત કરવા મંડી. ગુજરીની શરમ તેણે બહુ ઉતરાવી અને બહાર લગભગ પાંચ વાગવાનો વખત થયો.

દિવાનખાનામાં બેઠેલા મિત્રોએ તેમના ગયા પછી ખુલ્લે અવાજે કેટલીક વાતો કરી. પાંચને ટકોરે તેમને વિચારમાંથી જગાડયા. કેશવચંદ્ર દિવાનખાનામાંથી ઉઠી પેલી ઓરડીમાં જઇ બોલ્યો કે, ચંદાભાભિ! બહુ વાતોમાં પડયાં હો એમ લાગે છે?

કેશવચંદ્ર અંદર આવતાંજ ગુજરી ખુરશી ઉપરથી ઉભી થઇ ગઇ. ચંદાગૌરી, જે એક સોફામાં સુખથી બેઠેલી હતી તે ટટાર થઇને સ્વસ્થ બેસતાં બોલી કે-આવો ભાઇ! તમને પરણાવવાના છે એટલે મારે વાતો તો કરવીજ પડેને. લોકની કહેવતે નથી જાણતા?

ગુજરી સામેની બારી આગળ જઇ કમળના નાળ જેવા ગોરા ને કોમળ હાથ ઉપર મસ્તક ટેકાવી તથા આંખ કાન અને મનને પાછળ ફેંકતી, કંઇક હસતી ને લજવાતી લાંજ

ઉભી રહી. કેશવચંદ્ર ગુજરી બેઠી હતી તે ખુરશી ઉપર ચંદાની સામે બેઠો. ચંદાગૌરીએ કહ્યું કે, કેસુભાઇ! તમે તે કેવા માણસ છો? હું કહું છું, આ કહે છે, સૌ કહે છે, તેને કોઇને તમે કશું મનજ કાઢી આપતા નથી? બહુ મેલાબા. આ લોકો તમારી પળશી કરી કરીને વાજ આવ્યાં, ગુલાબમેન બિચારાં વાત કરી થાક્યાં પણ તમે તો જાણે કંઈ જવાબજ દેતા નથી. આ તમને મળ્યાં અને તમે બેઉએ કંઇ ગોટો કરી; વાહ કેસુભાઈ! તમે તો મને અક્ષરે કહ્યો નહિ. ત્યારે હવે શું કરવાને આમને તલસાવો છો? આ જુઓને કેવાં થઈ ગયાં? તે દહાડે મને મળ્યાં ત્યારે એમનું શરીર કેવું હતું. બિચારાં તમારે લીધે સુકાઇ સોરાઇ ગયાં તમને તે દયાય છે કે નહિ? આજથી આવા થશો તો આગળ શું પછી કરશો? ગજરા! તમે હવે શું કરવાને મારાથી શરમાઓ છો? આમ જુઓ. ચંદાગૌરી સોફા ઉપરથી ઉઠીને ગજરી આડું જોઈ હશી.

કેશવચંદ્ર—ચંદાભાભિ! એ વાતને વારંવાર પૂછવાનું શું કારણ? મારા ઉપર તમને કે એમને વિશ્વાસ નથી?

ગજરીને ખભે હાથ દઇ—મને તો વિશ્વાસ છે, તમારાં આમને અને એમના ઘરને વિશ્વાસ નથી.

મને તમે એમને અવિશ્વાસ કરવા જેવો ગણાવશો નહિ. જાઓ આજે જ ગુલાબશેઠાણીને કહેવરાવો કે, મારી તરફની બીલકુલ ના નથી, જરૂર જરૂર.

ગજરીના કાનમાં આ શબ્દો મારફતે અમૃત રેડાયું. તેના હૃદયમાં આનંદનો ઉભરો આવ્યો બીજું કંઇજ નહિ બોલતાં આનંદથી મોટા થયેલા સ્વરે આગળ વધી તે બોલી કે, ભાભીજી! હવે મને રજા આપો.

"ફાટયું ગૂમડું વઇદ થયો વેરી.
મોહન વ્હેલા આવજો મથુરાંથી."

પરિહાસ લહેરમાંની ચંદાગૌરીએ લલકાર્યું

એવું કંઇ બોલશો જ માં. મને હવે રજા આપો.

હવે રજા નહિ અપાય, કંસાર જમીને જજો.

ચંદાભાભિ ! એને ના સતાવો, જવા દો, આટલું બધું શું છે ? કેશવચંદ્ર ખુરશી ઉપરથી ઉભો થતાં થતાં બોલ્યો.

તમે પણ બહાર જતા નહિ, રહો. હું આવું ત્યાં સુધી અહીંજ ઉભા રહો. ચંદાગૌરી બહાર ગઇ, રસોડાનું બારણું ઉઘાડી ગોળ અને ધાણા લઇ અંદર આવી. ચંદાગૌરી બહાર ગઇ અને ગોળ લઇ બે મિનિટ પહેલાં તો પાછી આવી દરમિયાન, કેટલીએવાર ગજરીની આંખે ઉંચાં થઇ થઇને કેશવચંદ્રના સામું જોયું, કેટલીએવાર હૃદય હસ્યું અને કેટલીએવાર તારામૈત્રક થયાં. ઉભયનાં મન હશી રહ્યાં.

ચંદાએ ગોળધાણા સાથે ઓરડામાં પેસતાં ' એ અહીં આવોની ' એમ કરી બૂમ પાડી રસિકલાલને પણ બોલાવ્યો. તેના આવતાંની સાથે જ તમારા ' કેસુભાઇનો આ મારી તમારી સમક્ષ વિવાહ થયો, તેના ગોળધાણા લ્યો.

ગજરી રસિકલાલ આવતાં બારી તરફ ફરી ગઇ અને કેશવચંદ્ર બોલ્યો કે, ચંદાભાભિ ! ઘેલાં બેલાં તો થયાં નથીને ?

હશે, એ ઘેલી થઇ હશે તો ઘેલી કહીશું, પણ હું ગોળ ધાણા ખાઉં કે ? '

' હા, હા, ઠીક પૂછ્યું ' ચંદાગૌરી તાળી પાડી હશીને બોલી કે—હું તો એ વાગદાનનો અગત્યનો પ્રશ્નજ ભૂલી ગઇ હતી. એમની રજા લઇને ગોળધાણા ખાવા જોઇએ. તમે કેસુભાઇની રજા લીધી ત્યારે હું કન્યાની રજા લઉં ?

આનંદમાં મગ્ન થયેલી ચંદાગૌરીએ ગજરીની પાસે જઇ તેના હાથમાં ગોળ આપ્યો અને બોલી કે કેમ રજા છે,

ખાઉં કે? આડી નજરે કેશવચંદ્ર અને રસિકલાલની તરફ જોઇ રહેલી ગજરીએ મુખ મલકાવ્યું, અને સૌએ ગોળ ખાણા લીધા. જોજો, હમણાં રામચંદ્ર શેઠને ત્યાં પણ અમૃતના વરસાદ વરસાવી આવું છું, એમ કહી ચંદાગૌરી બોલી કે, ગજરાવહુ! ઉભાં રહો. ચાલો હું પણ કપડાં પહેરી તમારી સાથે તમારે ઘેર આવું છું. રસિકલાલને ‘ આવો મને પેલું કબાટ ઉઘાડી આપો.’ બેઉ જણ પેલાં બેને એકાંત આપી બહાર ગયાં. ચંદાગૌરીના છુટા બોલાપણાથી અને સંશયમાં રહ્યા કરેલી વાતને છેવટની નક્કી કરવાની જરૂરથી ગજરી પણ કન્યાની લજ્જાને હવે ન ધરી રાખતાં હિંમ્મત આણીને બોલી કે, ચંદાભાભીજીનો દાર ખૂબ છે. હવે આમાં કંઇ કહેવાનું છે? કેશવચંદ્ર બોલ્યો કે–તમને વિશ્વાસ ન હતો. હું તો પહેલી મુલાકાતેજ તમારાથી ને તમારા ઘરથી જીતાએલો છું.

દિવાનખાનામાં આવી ચંદાગૌરીએ કપડાં પહેરવા માંડયાં. કેશવચંદ્ર આવ્યો ને ત્રણે જણ વચ્ચે કેટલીક અગત્યની વાતો થઇ. પોતેજ વડી હોય તેમ આદેશક વાણીથી ચંદાગૌરીએ વાત કરી અને આનંદના જોરમાં ને જોરમાં વળી બોલી કે, આ હું ત્યાં જાઉં છું અને જેઠારને ખાતરી આપી આવું છું. જોઉં છું પછી, કે તમે શું કરો છો?

સૂર્ય પશ્ચિમમાં ઉગશે પણ ચંદાભાભીનું વચન નહિ જાય.

રસિક—હશે, તે ખરું છે, પરંતુ આજ કંઇ વાત કરતાં નહિ.

શા માટે ના કરું?

કરજો, કરજો. કેશવચંદ્ર તેને ખુશ કરવાને બોલ્યો; પણ કાલે હું જવાનો છું.

ભલે આજેજ જાઓની.

એમ નહિ.

ત્યારે? આમને કાલે અહીં બોલાવવાં છે એમ.

કેશવચંદ્ર હશીને બોલ્યો કે, હા, એમ.

ઠીક છે. એવું કહી, કપડાં પહેરી ચંદાગૌરી બહાર ગઇ અને ગજરાને બોલાવીને કહ્યું કે, ચાલો, ગજરાબેન કહું કે ગજરાવહુ કહું, કે ગજરાભાભી કહું ?

તમને જે ગમે તે કહો. ગજરીએ મધુરે હસતે મુખે અને આભાર ભર્યા અંતઃકરણે ઉત્તર આપ્યો.

તમે સાંભળ્યું, એમણે કહ્યું કે, કાલે આવજો.

ઠીક છે, તમારી સેવામાં હાજર થઇશ. ગજરીએ આગળ વધતાં મોટે સાદે જવાબ આપ્યો અને બેઉ જણ દાદર ઉતરી ચાલ્યાં. રસ્તા ઉપર આવી આગળ વધતાં માથે ઓઢવાને મિષે ગજરીએ બેવાર ઉંચું જોયું પણ કેશવચંદ્ર બારીએ ન હતો, એટલે આગળ ચાલી, પરંતુ તેનું મન તો પેલી મેડીમાં રહી ગયું.

પ્રકરણ ૧૬ મું.

વિવાહ નક્કી થયો.

ચંદાગૌરીએ ખાતરી આપ્યાથી રામચંદ્રના ઘરનાંને આશા વળી. તેમને નિરાંત થઈ અને જેકોરશેઠાણી રાજી થયાં. જે દિવસે ગજરી ચંદાને મળી, અને ચંદાએ તેને ખાતરી આપી તેજ રાતે જેકોરશેઠાણીએ રામચંદ્રને વાત કરી.

રામચંદ્રને સ્ત્રીઓના કહેવા ઉપર હજી વિશ્વાસ આવ્યો નહિ. તેના મનમાં એમ હતું કે, જાનીવાળાઓએ જ્યારે તેને મદદ નહિ તોપણ આંગળી બતાવીને માર્ગ દાખવ્યો છે, ત્યારે કેશવચંદ્રના બાપથી તેમનું કહેવું ઉથાપાશે નહિ. સ્ત્રીઓની વાતમાં જો કે કંઈ પણ સાર હશે અને કદાપિ કેશવચંદ્રે તેમને

હા ભણી હશે, તથાપિ તેનાથી પણ એના બાપના ઉપરિક થવાશે નહિ. મોઢેથી જેકોરશેઠાણીને શેઠે ખુશાલી બતાવી પરંતુ મનમાં થતા આવા વિચારોએ તેને વાતમાં બેફોમ જેવો પ્રતીત કર્યો. પુરુષોનાં હૃદય વાંચવામાં નૈસર્ગિક કૌશલ્ય ધરાવતી સ્ત્રી જાતિથી તે ગુપ્ત રહ્યું નહિ. રામચંદ્રનું થતી વાતમાં દુર્લક્ષ જોઇ શેઠાણી હસીને બોલ્યાં કે, મોઢે તમે વાત કરો છો, અને મનમાં કંઇ બીજાજ વિચાર ચાલે છે? ગજરાંના વિવાહ કરતાં બીજી કોઇ વાત તમારા મનમાં વધારે અગત્યની હોય, તો બોલોની, હું વળી બીજે પ્રસંગે વાત કરીશ.

તમારી વાતમાં મારું લક્ષ છે અને વિચાર કરું છું તે પણ એનોજ.

હવે તમે બીજો વિચાર કરશોજ નહિ. હવે તો લગનની તૈયારીઓનાજ વિચાર કરજો. આવતી કાલ એ જવાનો છે પણ મેં એવો વિચાર કર્યો છે કે તેને નક્કી કહી દેવું અને માર્ગશીર્ષમાં લગ્ન થાય એમ કરવું.

ભલે, કહેજો.

ના, તમારા મનમાં હજી કંઇક અવિશ્વાસ છે? મારા સમ હજી તમને શું એમ લાગે છે, કે નહિ થાય?

મને જરા શંકા રહે છે. સ્ત્રીઓસરનું કામ તેની ઉપર લગનની તૈયારીઓ કેમ થાય? એનો બાપ ના પાડશે, તો એ શું તેનો ઉપરિક થઇને કરવાનો છે? જાનીવાળાઓ સાથેની જુની મહોબત તેઓ એમને ના પાડીને તોડી નાખશે?

હા, તોડી નાખશે? એ કન્યા તો હજી નાની બાળ છે અને આને તો ઘડીએ ઘુંટ ભરાય છે, સમજ્યા.

ઠીક છે. ઇશ્વર જે કરે તે ખરું, રામચંદ્રે કહ્યું. જેકોર સાથે નકામો વાદ કરવો એ તેને ઠીક લાગ્યું નહિ દરમિયાન ચંદુલાલ આવ્યાથી વાત બંધ થઇ.

બીજે દિવસે કેશવચંદ્રને જવાનો વખત થયો અને ગુલાબ ગજરીને લઈ ચંદાગૌરીને ઘેર ગઇ ત્યાં સુધી, રામચંદ્રના ઘરમાં ફરીને એ વાત નીકળી નહિ. ગુલાબ સાસુને એવું કહીને ગઇ કે, અમે રાતના કેશવચંદ્રના ગયા પછીજ રસિકલાલને ઘેરથી આવીશું. ઘરમાં કોઈ ન હતું અને જેકોરના મનમાં એકવાર કેશવચંદ્રને કંઇક વહાલ ભર્યા વચનો કહેવાની હોંશ હતી. આઠેક વાગ્યાને અમલે ચંદુલાલ બહારથી આવ્યો. પુત્રને જોઇ માતાના મનમાં કેશવચંદ્રને બોલાવવાનો વિચાર સ્ફુરી આવ્યો. તેણે કહ્યું કે, ચંદુ ! તું કેશવચંદ્રને મળ્યો ? શું એ ગાડી ઉપર ગયા ?

બા ! હું તો એ વાતજ ભૂલી ગયો. ગાડી તૈયાર છે, હું જાઉં, એમને મળી આવું.

ચંદુલાલની આવી ભાવના જોઇ જેકોરને કેટલાક ભાવભર્યા વિચાર આવ્યા. કેટલીકવાર હચુપચું કરી તેમણે કહ્યું કે જા, અને વખત હોય તો આપણી ગાડીમાં એમને આણી તરફ પણ લઇ આવજે. હમણાંના મને તો એ મળ્યાજ નથી.

ચાલ જાઉં ત્યારે, ચંદુલાલ નીચે ઉતરી તરત રસિકલાલના ઘર તરફ ગયો, રસિકના ઘર આગળ સ્ટેશન ઉપર જવાની તૈયારી હતી. વિક્ટોરિયા નીચે ઉભી હતી અને ઘાટી સર સામાન લાવી તેમાં મૂકતો હતો. ચંદુલાલની ગાડી આવી અને કોચમેનને ઓળખી કેશવચંદ્રની સાથે આવજો આવજો, જોજો, ભૂલતા, એમ કહેતી ગુલાબવહુ બોલી ઉઠી કે, લ્યો, એય તમને મળવા આવ્યા ? અહો ! ચંદુભાઇએ તસ્દી લીધી. એવું કહેતાં કેશવચંદ્ર હશી ગયો. ચંદાગૌરીએ દાદર ઉતરતાં તેના કપાળમાં કંકુનો ચાંલ્લો કરી વિદાયગીરી આપી ગજરીથી ભાભી હાજર હોવાથી કંઈ પણ બોલાયું નહિ, પરંતુ તેની આંખે તેના રસ્તાનું કુશળ ઇચ્છયું. હૃદયે તેના હૃદયમાં જઇ વાત કરી અને દાદર ઉતરતાં તેની આંખે ફરીને કેશવચંદ્રને તેના મનમાં

રહેલી વાત સંભારી આપી. તે નીચે ઉતર્યો અને સ્ત્રીઓનાં મુખ ઉપરનો આનંદ, સૂર્ય સાથે જેમ તેનાં સોનેરી કિરણો નિસ્તેજ થાય તેમ મંદ પડી ગયો. ગજરીની આંખમાં કનીનિકાને છાઇ રહે એટલું આછું પાણી ભરાયું અને ચંદાગૌરીની પાંપણો પલળી. દાદર આગળથી તેઓ રસ્તા ઉપરની બારીએ ગયાં. કેશવચંદ્ર તથા ચંદુલાલ રામચંદ્રશેઠવાળા બ્રુમમાં બેઠા ત્યારે ચંદાએ વળી ઉતાવળે સાદે કહ્યું કે, કેસુભાઈ ! સંભાળીને જજો. અમારે ઘેર જરૂર જજો; મારાં બાને કહેજો કે, સૌ સારાં છે અને અઠવાડિયા પછી આવશે.

બ્રુમમાંથી મસ્તક બહાર કાઢી કેશવચંદ્રે ઉંચું જોઈ ઉત્તર આપ્યો. છ આંખોને જુદા જુદા ભાવ ભરી જોઇ અને હાથથી 'હો' એમ જણાવ્યું. ગાડીઓ પછી સપાટાબંધ આગળ ચાલી. એક બારોબાર ચર્નિરોડને રસ્તે ગઇ, અને બીજી ભુલેશ્વર તરફ વળી. નજર પહોંચી ત્યાં સુધી સૌ બારીએથી જોઇ રહ્યાં.

ચંદુલાલ કેશવચંદ્રને લઇ પોતાને ઘેર આવ્યો ત્યારે જેકોર તેની વાટ જોઇ ઉભાં હતાં. ગાડીમાંથી ઉતરી બેઉ જણ ઉતાવળા ઉપર ચઢયા. આનંદથી ઉભરાઇ જતે મોઢે સામાં આવતાંજ જેકોરશેઠાણીએ કહ્યું કે, કેશવચંદ્ર ! તમે તો ઘણા દિવસથી જણાયા નહતા. ચંદુનાં જીજી રોજ યાદ કરતાં હતાં. કેશવચંદ્ર હસી ગયો. મંચ્છામાના ઓરડા તરફ તેઓ સૌ ગયાં. કેશવચંદ્ર અંદર પેસતાંજ બોલ્યો કે, મંચ્છામા ! હું અમદાવાદ જોઉં છું.

મંચ્છાડોશી ખુરશીમાંથી ટટાર થયાં અને મોટા તથા જાડા 'મેગનિફાયર' ગ્લાસનાં સોનાનાં ચશ્માં ચઢાવી તેની સામું જોઇ બોલ્યાં કે, બાપુ ! સાંભળીને જજો, મેં તો જાણ્યું કે, હું, તમને જતી વખતે નહિ સાંભરું, પણ સાંભરી તો ખરી. આ ઘરને તમે વિસારશો તોપણ અમે તમને વિસારીશું નહિ. તમને અમારું ચાલશે તો આ ઘર વિસરવા દેઇશું પણ

નહિ. તમને અગત્યની કહેવા જેવી વાત કહેવાયેલી છે, તે લક્ષમાં રાખજો. આ ઘરથી તમો અને અમો સુખી થઇએ એવો વિચાર કરજો. તમારા જેવો મારી વહુને પૂન્ય મળે અને હું નવા જોડાને આશીર્વાદ દેવા પામું, એવી મને બહુ હોંશ છે. મંચ્છાડોશીની આંખમાં બોલતાં બોલતાં આનંદનાં આંસુ આવ્યાં. પાસે ઉભેલાં જેકોરના હૃદયમાં વાત્સલ્યનો ઉભરો આવ્યો. કેશવચંદ્રે નીચા પડી મંચ્છામાને પ્રણામ કર્યા અને કહ્યું કે, ઘરડાંના બોલ કોઇથી ઉથાપાય છે મંચ્છામા! હવે બહુ વખત થયો છે એટલે રજા લઇએ છીએ. સુખેથી જાઓ, ને આનંદ કરો, ડોશીએ ઉમળકાથી માથે હાથ મૂકયો.

કેશવચંદ્ર આગળ થયો એટલે જેકોરશેઠાણીએ ચંદુલાલની પાછળ દાદર સુધી જઇ કેશવચંદ્ર! કાગળપતર લખજો અને મંચ્છામાએ કહ્યું તે યાદ રાખજો. કેશવચંદ્રે શરમથી ઉત્તર આપ્યો નહિ એટલે ફરીને, અને લ્યો, આ વિદાયગીરી, તેણે સામું જોયું અને જેકોરની આંખમાંનું વાત્સલ્ય હર્ષાશ્રુમાં ટપકતું દીઠું. પ્રસન્ન અંતઃકરણે તેણે એક 'ગીની' કેશવચંદ્રના હાથમાં મૂકી અને બેઉ મિત્ર નીચે ઉતરી ગાડીમાં બેઠા. વખત ઘણો થઇ ગયો હતો તેથી ગાડી પછી જોરથી સ્ટેશન તરફ ચલાવી દીધી.

પ્રકરણ ૧૭ મું.

ચંદુનું જવું.

બા, જોશી તો કહે છે કે, આજના જેવો ચોખ્ખો દહાડો આ મહીનામાં કે આવતા મહીનામાં બીજો એકકે નથી. વહુનેય મોકલો, દંપતીને બહુ સારો ચંદ્રમા છે. હવે બોલો, તમારો શો વિચાર છે?

ટટાર થઇ મંચ્છામા બોલ્યાં કે, ભલે, વહુવર બેઉનેય મોકલો. બ્રાહ્મણનું વચન માથે ચઢાવો. તારાવહુને અહીં રાખો અને મોહનને પંદર દહાડા, વહુને ગમતું થાય ત્યાં સુધી રહેવા અને બધી ગોઠવણ કરી આપવા તેમની સાથે મોકલો. આજ સવારના પહોરથી મને સારું અને શુભ દેખાય છે. બહાર જવાથી છોકરાં હોંશિયાર થાય છે, માટે ભલે જવા દ્યો.

મોહન આવ્યા પછી ગજરીને લઇને વળી હું પણ થોડા દહાડા ત્યાં જઇ આવીશ. જેકોરશેઠાણીએ દીકરાવહુનાં ગૃહ રાજ્ય જોવા જવાની હોંશ દેખાડી.

તારાથી તો શું જવાય? ત્યાર સોરો લગનગાળો આવશે, એટલે એમનેજ અહીં બોલાવવાં પડશેને. આ લગનગાળે પણ બેશી રહેવું છે કે શું? મંચ્છામાએ ટાણો માર્યો.

હવે બેશી રહીએ તોય શું? ગજરી મારી મોટી થાય છે. ચંદાગૌરી કહેતી હતી કે, એ વરઘોડિયાંમાં હવે કંઇ વરવાંધો આવવાનો નથી. એ તો પરણ્યાંજ. જેકોરશેઠાણીએ ખાતરી બતાવી.

સાસુ વડસાસુ આમ વાત કરતાં હતાં એટલામાં ધસમસી ગુલાબવહુ અંદર આવી અને શ્વાસ ભરી બોલી કે, જીજી! કેશવચંદ્ર ઉંચે નંબરે પાસ થયા અને તેમને સારાં સારાં ઇનામો અને ચાંદ મળ્યા.

જેકોરે પૂછ્યું કે, તમને કોણે કહ્યું, હજી તો બેએ વાગ્યા નથી. પરીક્ષાનાં પરિણામો તો સાંજે જણાય છે. કોઇએ ગપ મારી ન હોય?

ના, ગપઅપ નથી. રસિકલાલ જોઇ, ખાતરી કરી, કેશવચંદ્રને તાર કરીને ઘેર આવ્યા, અને ચંદાગૌરીએ હું આમ આવતી હતી ત્યાંથી ખાસ બોલાવીને મને કહ્યું. એ તો રસિકલાલને તમને કહેવા મોકલતાં હતાં. ગુલાબવહુએ સાસુની શંકા ભાગી.

મંચ્છાડોશી ઉત્સાહથી આંખો ચગચગાવી હસતે ચહેરે જેકોરની સામું જોઇ બોલ્યાં કે, મેં તને નહિ કહ્યું કે, આજનો દહાડો મને સવારના પહોરથીજ સારો લાગે છે. ચાલો, બહુજ સારું થયું. દીકરોએ ગ્રેજ્યુએટ થયો, અને જમાઇએ તારે તોરણે આવતા પહેલાં ગ્રેજ્યુએટ થયો. રામચંદ્રને હું તો હવે એજ કહીશ કે, ચંદુની માફક એને પણ ઠેકાણે નાખી દે.

એ તો હજી નાનો છે અને આગળ ભણ્યા વગર રહેવાનોજ નથી. એના ઉપર કંઇ આપણું બળ છે. એના બાપને વર્ષ પહોચ્યાં છે એટલે નોકરી લે તો કોણ જાણે, બાકી આપણે કંઇ ઉતાવળ નથી. મંગળ ફેરા ફેરવીને હું તો મારી ગજરીને હજીએ વર્ષ બે વર્ષ મારી પાસે રાખીશ. એને ભણવું હોય તો ભલેને ભણે.

તારી સાસુ કહે છે, તે સાંભળ્યું ગુલાબવહુ ! તને તારી નણંદ મોટી થઇ હોય એમ નથી લાગતું ? મંચ્છાડોશીએ જેકોરના વિચારની વહુ પાંસે તુલના કરાવવાને પ્રશ્ન કર્યો. પોતાના, વહુના અને તેની વહુના, એમ, ત્રણ પેઢીના જમાનાનું ડોશીએ નાનીવહુને મોઢે તારણ માગ્યું. ગુલાબવહુ ગંભીર પણ છુટા મોંની હતી. તે બોલી કે, જીજી ! આપના, મારાં સાસુના અને મારા જમાનામાં આશમાન જમીનનો અંતર પડી ગયો છે. આપ વૃદ્ધોની આમન્યાને લીધે શું કહીએ, બાકી મારા વિચાર તો મારાં સાસુજીથી પણ બે વર્ષ આગળ વધી જાય એવા છે. છોકરો અઢાર ઓગણીસ વર્ષનો થાય ત્યાં સુધી ઉમ્મરે પહોંચ્યો કહેવાય નહિ, અને છોકરી બિચારી તેર ચૌદ વર્ષની થઈ એટલે મોટું બૈરું થઇ ગઇ એમ કેમ કહેવાય, એ કોના ઘરનો ન્યાય ? અમે તો છોકરાઓને પચીસ પચીસ વર્ષના અને છોકરીઓને વીસ વીસ વર્ષની કરવા માગીએ છીએ. ગજરાબાને પંદર વર્ષ થયાં અને મારાં બા, બીજાં બે વર્ષ ખમવાનું કહે છે, એમાં મને તો જરાએ અચંબા જેવું લાગતું નથી. મારું રાજ્ય

હોય તો હું તો ખાસ્સાં અઢાર વીસ વર્ષનાં થવા દેઉં. એમાં શું! આપણા ધર્મમાં તો જીજીમા! વ્યાસજી એકવાર એમ કહેતા હતા કે, આગલા જમાનામાં ખાસ્સી મોટી મોટી થઇનેજ કન્યાઓ પરણતી. સીતા દમયંતી અને દ્રૌપદી જેવી સતીઓ જે સ્વયંવરથી પરણી હતી તે શું, અગિયાર અગિયાર વર્ષની અણસમજુ છોકરીઓ હશે? કન્યા વરને પસંદ કરતી અને પોતાના માબાપને કહેતીએ ખરી કે, ફલાણાની સાથે મને પરણાવો; તે મને ગમે છે.

મંછામા તો પુત્રના પુત્રની વહુનાં આ વચન સાંભળી ગરમ ગરમ થઇ ગયાં; અને ત્યમાંજ બોલી ઉઠયાં કે, એવી નિર્લજતા તો કદાપિ હોયજ નહિ. જેકોરવહુ! તેં એવું સાંભળ્યું છે કે, પરણનારી છોકરી કહે કે, મને ફલાણો ગમે છે અને તેની સાથે પરણાવો. એ તો કન્યાએ રાંડે માથે છેડો નાખ્યોજ કહેવાય. આપણી હિંદુ મરજાદાને માથે ત્યારે તો મીડુંજ મુકાયને.

ગુલાબવહુ બોલતાં શું બોલી તો ખરી પણ વડસાસુનો ચહેરો જોઇ નરમ પડી ગઇ. અને બોલી કે, જીજીમા! અમે એવું ગાઇએ છીએ, અને હું તેનો એવોજ અર્થ સમજું છું. જુઓને આપણા લોક નથી ગાતા કે–" દાદાજી! એ વર જોજો, એ વરે મારાં મન વસ્યાં રે, નિશાળે ભણતેલો દીઠો, અક્ષરે મારાં મન વસ્યાં રે."

મંછામાએ તરતજ અભિપ્રાય આપ્યો કે, ઓહો! એ તો લગનનાં જોડકડાં. ના, ના. જોડકડાં તો નહિ. જેકોરશેઠાણીએ વહુના બચાવમાં અને પોતાના સમર્થનમાં હવે બોલવા માંડયું. જોડકડાં તો નહિ, અને કદાપિ જોડકડાં હોય તોય શું? આગલા જમાનામાં કન્યાઓ ખાસ્સી મોટી અને સમજું સમજે એવી તો થતીજ હશે, નહિ તો સપ્તપદીમાં વરવહુ જે સામસામે પ્રતિજ્ઞાઓ લેછે તે અગિયાર વર્ષની કન્યા શી રીતે લે. હજીએ રાજ દરબારમાં અને ગામડાંમાં કન્યાઓ ખાસ્સી મોટી વયની થાય

છે. બાર તેર કે ચૌદ વર્ષની કન્યા પાસે સંસાર મંડાવવો, એ તો હું જુના વિચારવાળી થઇ જઇને વિચાર કરૂંછું, તોપણ મને ઠીક લાગતું નથી દુધિયા દાંત પડી પણ રહ્યા ન હોય તે પહેલાં છોકરીને સંસારમાં નાખવાથી તો તેનું શરીર અને મન બેઉ બગડી જાય છે, અને સંસાર તેમને સુખકર નહિ પણ સામો દુઃખતર નીવડી આયુષ્યે ઓછું થાય છે. સંસારથી શરીર અને મન તુટી ગયા પછી કદો જીવે તોય શું? હાડપિંજર જેવી અને પવન આવે તો ઉડી જાય એવી આપણે કેટલી બધી સ્ત્રીઓ જોઇએ છીએ. એવાંને સંસાર શું વહાલો લાગતો હશે?

સંસાર વહાલો ન લાગવાથી ત્યારે કોણ વેરાગણ થઇ, તે તો બતાવ. ડોશીમાએ ચીડાઇને જવાબ દીધો.

વસ્તાર વળગ્યો હોય એટલે વેરાગણો તો શી રીતે થાય, પણ મુઆ જેવું જીવન ગાળે. જેકોરે વાતને વાળી દેતાં ઉત્તર આપ્યો; અને ગુલાબ પણ 'ગજરાબા તો ઉપર હશે, નહિ બા? એમ અનુજ્ઞાત્મક પ્રશ્ન કરી ઓરડાની બહાર નીકળવા ગઇ એટલામાં મંચ્છામા બોલ્યાં કે, જો સાંભળ વહુ! તારે પણ આજે જવાનું ઠર્યું છે, તૈયારી કરજે. મોહનલાલ તમારી સાથે આવશે, ને બધો બંદોબસ્ત કરી આપશે.

જેકોર૦—હા, જોશી કહે છે કે, આજનું મુહૂર્ત બહુ સારું છે, અને જીજીમા પણ કહે છે કે મોકલો, માટે તમારે જે તૈયારી કરવી હોય તે કરો. રાતના મેલમાં જવાનું છે.

સાસુ વડસાસુનાં વચન સાંભળી ગુલાબ મનમાં તો ખુશ ખુશ થઈ ગઇ, પણ ઉપરથી ખુશાલી નહિ દેખાડતાં બોલી કે, બેચાર કલાકમાં હું કેવી રીતે તૈયાર થઇ શકીશ? ગજરાબાને હું તો મારી સાથે લઇ જઇશ, આવા ભર્યાભાદર્યા ઘરમાં રહેલી મને એકલીને ત્યાં પરદેશમાં ગમે કેમ?

ગજરીને ના મોકલાય, તારો સાસુ ગજરીને લઇને પછી આવશે. હમણાં મોહનલાલ આવે છે તેને તને ગમતું થાય ત્યાં

સુધી રાખજે. મોહનભાઇથી કે બીજાથી તમારે કયારે ઓઝલ છે કે અનુગમો થાય? અને ચંદુએ કયાં બહાર જવાનો છે? દવાખાનામાંજ રહેવાનું છેને. જાઓ, હવે તૈયારી કરો બેટા, ડોશીએ ટકોર મારી મલમપટો કર્યો.

ગુલાબ હોંશ ભર્યા મને પોતાની મેડીએ ગઈ. તેના ગયા પછી ડોશીએ જેકોરશેઠાણીને કહ્યું કે, તું કંઇ ચિંતા કરતી નહિ. તારી વહુ બડી હોંશિયાર છે. પહેલા નંબરનું ઘર ચલાવશે. જા આપણને શોભે તેવા દાગીના પણ એને આપ. ત્યાં રાજદરબારમાં કહીં જવું આવવું પડે, ત્યારે સારા દાગીના જોઇએ. અહીં મુંબાઇમાં અછોડો કોટમાં નાખ્યો અને હાથે તાંતણા જેવી ચાર બંગડીઓ પહેરી એટલે મોટી શેઠાણીમાં ખપાય, પરંતુ ગુજરાત કાઠિઆવાડમાં તો દાગીનો દાગીના જેવોજ જોઇએ. લુગડાંથી ત્યાં ગૃહસ્થાઇ ગણાશે નહિ સમજીને વહુ. જા, ચાર સારા ભારે દાગીના કાઢી વહુને આપ .

પણ બા! એ દાગીના એમને ગમશે નહિ. મુંબાઇમાં તો ઘેરઘેર હવે આવું થઇ ગયું છે. દાગીના એટલે કંઇજ નહિ. એક ગૃહસ્થની બૈરી પાસેય બસે પાંચસેંના દાગીના અને એક ગરીબની બૈરી પાસેય એ. તમારા અમારા વખતમાં દાગીનાની જે લક્ષ્મી ગણાતી તેવું હવે નથી.

અને તેમાંજ લોકો જોત જોતામાં તુટી જાય છે. વળી મંચ્છામાએ જુના અર્થશાસ્ત્રનાં પાનાં ઉકેલતાં ચલાવ્યું કે, આગળ તો લોકો પોતાની સમૃદ્ધિનો લગભગ ચોથો ભાગ દાગીનામાં રોકતા. દાગીના એટલે ઘરેણુંજ નહિ પણ અણુમહોર્યું. સોનું, પાટલા. અડીની વેળાએ અસલના દાગીના એન રાખતાં. કોઇવાર હું બારીએ બેઠી હોઉં છું અને એકાદ ગૃહસ્થના ઘરનો વરઘોડો જોઉં છું, ત્યારે મને આજની ઉપરચોટિયા ટાપટીપ ઉપર હસવું આવે છે. આગળની જાનો એજ હાલના વરઘોડાને. આગળ એક જાન લુંટાય તો કહેશે કે,

લાખના દાગીના ગયા, અને હાલનો વરઘોડો જોઇએ ત્યારે ભાગ્યે પંદર વીસ હજારના દાગીના નજરે પડે. હાલ દાગીનો ટાપટીપનું ઘરેણું ગણાય છે, અમારા વખતમાં દાગીનો સમૃદ્ધિનો એક મોટો ભાગ ગણાતો.

વળી આજના દાગીનાનું સોનું પણ સારું હોતું નથી. લોક છાશિયાં સોનાં વાપરે છે, તેનું ઉપજે પણ શું ? જેકોરશેઠાણીએ વધાર્યું.

છાશિયા સોનાં વગર મશીન પૉલિસ ચઢે નહિ તો. લોકને જે ને તે ઝગઝગાટ જોઇએ છીએ. ઉપરની ટાપટીપને ઘોળકું. દાગીનો તો એવો જોઇએ કે અડીઓપટીએ જવાબ દે. હાલના લોકને તો ગૃહસ્થાઇ માત્ર દેખાડવી છે, અને તે પણ સામા માણસને આંજીને ધુતવા માટે. અમારા જમાનામાં તો સારી ગૃહસ્થાઇ અને ખાનદાની વગર સારો દાગીનો કે લુગડું પહેરાતુંજ નહિ. આજ તો બાઇસાહેબના દાગીના કરતાં કપડાની કિંમત વધારે. શરીર ઉપર જેટલાના દાગીના ન હોય તેના કરતાં વધારે કિંમતનાં કપડાં હોય; અને તેય કપડાની પોતાની કિંમત નહિ પણ મોંઘી સિલાઇની કિંમત ! આવા આવા ઉપરચોટિયા ફંદ અને ભભકા વધ્યા તેથીજ વેપારમાંથી બરકત ગઈ. કોઇ કોઇની સાખ ન રાખે, એવું થઇ ગયું. તેમાં વળી સારા ભભકાદાર અને બાહોશ ગણાતા લોકોએ ગરીબોને ખોટાં બણુગાં ફુંકાવી ફુંકાવીને મારી નાખ્યા. પોતે આત્મઘાત કર્યો એટલે છુટયા ! મુઆઓને ધર્મ નડતો નથી. આત્મઘાતીને નરકમાં પડવું પડે તેનીએ એમને બીક લાગતી નથી.

સારા સારા અને શેઠિયા ગણાતા લોકોએજ ગરીબને લુંટવા માંડયા ત્યાં શું કરવું. ગાડીઘોડાને વાડીબંગલો જોઇ જોઈને લોક બિચારા ભરમાઇ જાય છે અને જ્યારે પાપનો ઘડો ફૂટે છે ત્યારે લોક ઘણીએ હાયપીટ કરે છે પરંતુ પછી શું વળે ? લે.બે લોકનાં લક્ષણ જાય છે. સામો માણસ તો

ગમે તેવી સફાઈ ટાપટીપ દેખાડે પણ આપણે લોભમાં લપટાઈએ શું કરવા, કે જીવનગાળો ગુમાવીએ? જેકોરશેઠાણીએ આધેડવયનું ડહાપણ બતાવ્યું અને પોતાના શાણપણની કસોટી કરાવવાને આગળ ચલાવ્યું કે, બા! મારા દાગીના એવા ટાપટીપિયા છે? હું તો મારે આપની અને મારાં ઘરડેરાંની શિખામણે મૂળથીજ એ સમજેલી કે, દાગીનો તે તો અવેજ અને છોકરાંનો વારસો.

મંચ્છામા બોલ્યાં કે, તું ડહાપણથી ચાલી તો અત્યારે સુખી છેને? તારા દાગીના અને રામચંદ્રનો રોકડ અવેજ બેય સરખાં છે. બે છોકરા હોય તો બેઉને બે જણાં સરખું આપી શકો. વારૂ, એ વાતને બહલાવીએ અને દાગીનાનો અવેજ ગણતરીએ ચઢાવીએ નહિ. હવે જાઓ વહુને એમાંના બે ચાર સારા ભારે દાગીના કાઢી આપો.

જેકોરશેઠાણી ઉઠતાં હતાં એટલામાં ચંદુલાલ આવ્યો તેણે પણ આનંદ ભર્યે ચહેરે કહ્યું કે, બા! કેશવચંદ્ર ઉંચે નંબરે પાસ થયા. બહુ સારી નામના મેળવી. મેં તેમને તાર કરી મુબારકબાદી આપી છે. વળી કાઠિયાવાડથી મારા પિતાજીની ઑફિસમાં તાર આવ્યો છે અને મારે આજેજ જવાનું છે.

હા, મને ખબર થઈ છે. હું તે જાણું છું અને જોશીને પૂછ્યું તેણે આજનો દહાડો સારો કહ્યો તેથી મેં અને તારી દાદીએ હમણાંજ ગુલાબવહુને તૈયારી કરવાનું કહ્યું. તારાં જીજીની એવી મરજી છે કે, તમે વરવહુ બન્ને સાથે જાઓ. મોહનલાલને સાથે લેતાં જાઓ. એ તમને બધી વ્યવસ્થા કરી આપશે તારાવહુ એ આવે ત્યાં સુધી આપણે ઘેર રહેશે કારણ, મજરીને અને અમને ગમે. મોહનને એટલી ખબર ટેલિફોનથી આપ, અને જા, તુંએ બધી તૈયારી કર. તમે મોટાં અને સમજુ છો એટલે હું હવે શી શિખામણ દઉં, માત્ર એટલુંજ કે, આમરણ જાન અને આબરૂ સંભાળીને રહેજો.

જોત જોતામાં વખત જતો રહ્યો. ગુલાબવહુએ હોંશમાં

ને હોંશમાં પોતાને જવાની બધી ગોઠવણ કરી નાંખી. ગજરીને પેલી વાત કહેવાનું તે ભૂલીજ ગઇ, પણ દીકરીને તેની હોંશીલી માએ તે વાત કરી હતી અને રસિકલાલને ઘેર જઇ તેણે પણ હોંશમાં પોતાના જીવન પ્રભુની પ્રભુતાના હર્ષનો પત્ર લખી કાઢયો હતો. રામચંદ્રશેઠના ઘરમાં આજ આનંદ આનંદ થઇ રહ્યો હતો. ઘરનાં જુવાન અને આશા ભર્યાં માણસોનો આનંદજ ઘરને સ્વર્ગ જેવું બનાવે છે અને ખરેખર, આજ સાંજનો વખત અહીં એવોજ આનંદી થઇ રહેલો હતો. ગુલાબવહુ બહારથી જાણે ગંભીર હોય એમ દેખાડો કરતી હતી, પરંતુ એના મનમાં તો ભવિષ્યની સ્વતંત્રતાના આનંદનાં મોજે મોજાં ઉછળી રહ્યાં હતાં. ગજરાબાના મનમાં પણ તેવોજ આનંદનો ઉદધિ રેલી રહ્યો હતો. તે પણ નાની અને કન્યા હતી એટલે બહારથી તો મર્યાદા ભરેલી ઠાવકી રહેવા યત્ન કરતી હતી પરંતુ પતિની પ્રભુતા સાંભળી તેનું મને ગાંડું ને ઘેલું થઇ ગયું હતું. રસિકલાલને ત્યાંથી આવી એવીજ ધમકારાબંધ તે ભાભીની મેડીએ ચઢી અને અંદર પેસતાંજ બોલી કે, એટલામાંજ નણંદને ભૂલી ગયાં, ત્યારે ત્યાં જઇને તો શું સંભારવાનાં છો ?

આવો, આવો, ગજરાબા ! હું તો તમને કેશવચંદ્ર પાસ થયા તે કહેવાનુંએ ભૂલી ગઇ. મેં જેવું સાંભળ્યું તેવુંજ પહેલવહેલું જીજીમાને અને બાને કહી વધામણી ખાધી અને તમને કહેવા આવતી હતી એટલામાં ઓચિંતુ બાએ અને દાદીએ આજ મનેએ તમારા ભાઇની સાથે જવાનું ઠરાવી દીધું, તે કામમાં ભૂલીજ ગઇ. તમે શું રસિકલાલને ત્યાં જઇ આવ્યાંને ! ગુલાબે પો બાંધીને પ્રશ્ન કર્યો.

તમે કોઇ વાત કહેવી ભૂલી ગયાં હો, તે હું યાદ કરતી નથી. મેં તો તમે પોતે જવાનાં છો તેને ઉદ્દેશીને પૂછ્યું કે, એટલામાં નણંદને ભૂલી ગયાં કે શું ?

નારે બા, નણુંદ અમને ભૂલી જશે, અમારાથી કંઇ નણુંદને ભુલાશે ? અમારે તો નણુંદ નણુદોઇનાં સહેજે કામ પડશે. ગુલાબે પોતાના સારા હ્હાડાનું ભવિષ્યના મનોરથમાં અજાણેજ સૂચન કર્યું, અને નણુંદ હસવાનો પ્રસંગ મળવાથી બીજાજ આનંદમાં ખડખડાટ હસી.

હસો, કહો તો હુંય હસવા લાગું. ભાભીએ નણુંદની મજાક કરતાં કહ્યું.

તમે શું સમજતાં હશો અને હું શું હસતી હોઇશ ભાભી ?

એ તો સૌ સૌનાં મન જાણે. મારા કરતાં તમારે તે વધારે સમજવા જેવું છે. તમારાં બધાંની ગમ્મતમાંથી, સ્નેહમાંથી ને સસરાજીના રાજ્યની શીળી છાયામાંથી બહાર જતાં મારે તો હસવા જેવું શું છે ? હસવા જેવું તમારે છે, ને ઉંડા આનંદથી હસો છો પણ તમેજ.

ભાભીને ઠીક ફેરવી વાળતાં આવડે છે. મંજરીએ ઠાવકે મુખે જવાબ આપ્યો, એટલામાં તારાગૌરી પણ છોકરાને લઇ ત્યાં આવી.

ઓચિંતું આજેજ કયાંથી જવાનું ઠરાવી દીધું. તારાગૌરીએ સવાલ કર્યો.

જુઓને ભાભીજી ! બાએ અને જીજીમાએ એકદમ મનેએ મોકલવાનું નક્કી કર્યું અને તે પણ મને તો છેક ત્રણ વાગે કહ્યું. મારી ઓંવીએનને મળવાનો તો મને વખતે નહિ મળે. જે તે કોઇ મને કહેશે કે કહ્યુંએ નહિ અને મળ્યાંએ નહિ. વાહ ! ગુલાબે ઉત્તર આપ્યો.

તારા બોલી કે, જાઓ, તમારાં બેનને મળી આવો. કાકાજી આવ્યા તેમની ગાડી નીચે તૈયારજ ઉભેલી છે. પાંચ મિનિટમાં મળીને આવતું રહેવાશે.

હા, જાઓ ભાભી. મંજરીએ અનુમોદન આપ્યું.

ગુલાબ અને મોંઘીનાં સખીપણાં કેવાં છે તે વાંચનાર જાણે છે. આવી પ્રિય સખીને મળ્યા વગર પરદેશ જવું તે ગુલાબના મનમાં ખુંચતું હતું. મોંઘી તેને ઠપકો દીધામાં પણ બાકી રાખે તેવી ન હતી. કુદરતી લાગણી અને ભભકાઓથી માણસનો ભય એ બેઉ પ્રીતિમાં પરિચય રખાવનારાં મુખ્ય અંગ છે, તેણે ગુલાબને પ્રેરી. તરતજ તે તૈયાર થઇ અને સાસુની રજા લઇ ગાડી તૈયાર હોવાથી ગઇ. ચંદુલાલ પણ તેના મિત્રોને મળવા ગયો હતો.

ઘરમાં તેમના જવાની બધી તૈયારીઓ થઇ રહી હતી. રામચંદ્રશેઠ દિવાનખાનામાં મોહનલાલને તેમનું-વરવહુનું ઘર જમાવી આપવાની કેટલીક વ્યાવહારિક સૂચનાઓ આપતા હતા એટલામાં જેકોરશેઠાણી એક તાર લઇને દિવાનખાનામાં ગયાં અને બોલ્યાં કે, આ ચંદુનો તાર આવ્યો છે. રામચંદ્રે તાર લઇને મોહનલાલને આપ્યો ને કહ્યું કે, તાર ફોડવામાં હરકત નહિ, જોને મોહન! કોનો છે અને શું છે?

જેકોરશેઠાણી બોલ્યાં કે, જુઓને, રસોઇ થઇ ગઇ છે, સાત વાગવા આવ્યા પણ વરવહુમાંથી કોઇ જણાય છે? ભાઇ મિત્રોને અને વહુ તેમની સખીઓને મળતાં પરવારતાંજ નથી ને આવું ત્યાં ક્યાંથી લાવશે?

તાર ફોડી તે વાંચીને મોહનલાલ બોલ્યો કે, આ તો ચંદુભાઇએ કેશવચંદ્રને પાસ થયાની મુબારકબાદી આપી તેનો તેમણે વળતો ઉપકાર માન્યો તેનો તાર છે. આમ કહી તેણે મોટેથી રામચંદ્રશેઠને તાર વાંચી સંભળાવ્યો.

રામચંદ્રશેઠે હસીને કહ્યું કે, મોહન! તારી કાકીને તેમા અક્ષરે અક્ષરનું ભાષાન્તર કરીને સંભળાવ.

મારે એમાં સાંભળવા જેવું શું છે? જેકોરશેઠાણીએ ઉત્તર આપતાં ચલાવ્યું કે, જુઓને કેવો વિનયી છે. હું ધારું છું કે, આજે પરિણામ જણાવાનું હોવાથી તે પાસ અમદાવાદ

આવ્યો હશે, નહિ તો, ગામડે તાર ક્યારે જાય અને જવાબ ક્યાંથી આવે. રસિકલાલને અને એને એવી ઘરવટ છે કે અમદાવાદે પોતાનું ઘર હોય એમ તે રહે છે, તેથી અમદાવાદ આવેલો હશે. ચંદુએ તાર કર્યો ત્યારે તરત ને તરત તેણે એ તાર કર્યો. છોકરાંનો ઉદય અને તેમનામાં આવો સ્નેહ તથા કલ્લોલતા હોય એ તો મને બહુ ગમે છે.

મોહન—જુઓ, સાંભળો કાકી! અમદાવાદથી તે લખે છે કે તમારા તારને માટે ઉપકાર માનું છું. મારા પિતાને પેલી વાત કબુલ છે.

જેકોરશેઠાણી હસ્યાં અને રામચંદ્રની સામું જોઇ બોલ્યાં કે, લ્યો હવે તમારે કંઇ કહેવાનું છે? બૈરાંસહી વાત તેમાં શો વિશ્વાસ, એમ કહ્યા કરતા હતા તે હવેય માનશો કે નહિ?

મોહન—ન માનવા જેવું શું હતું, આપણા જેવું ઘર એને ક્યાંથી મળે. ગજરીબેનના જેવી સુશીલ, ડહાઈ, ભણેલી ગણેલી કન્યા એને પણ બીજે ક્યાં મળે તેમ હતું કે ના કહે. મેં તો તેજ દિવસે, નહિ કાકી! તમને ખાતરી આપી હતી.

રામચંદ્ર—મોહન! તમારી જુવાનોની એજ ભૂલ થાય છે, કે, તમો હંમેશ પોતાની બાજુને ઉજળી જોઇ બીજી બાજુનો વિચાર કરતા નથી. તમે એવું અભિમાન રાખો છો કે, આપણા જેવું કોણ છે? દુનિયાંમાં આપણા જેવાં બહુએ છે અને આપણે કંઇજ ગણતરીમાં નથી એમ માનવું. હુંજ હોંશિયાર, હુંજ ગૃહસ્થ, એવું મનમાં અહંપદ આણવું નહિ. તારાં કાકીને પૂછ, કે અમારા જેવું અમને ટકોર મારે એવું ઘર એને કન્યા આપવાને અમદાવાદમાં તત્પર છે કે નહિ? વારુ, આ તો બહુ સારું થયું, પણ એવું અભિમાન ન રાખવું કે, આપણા જેવું કોણ છે? ગજરી સારી ભાગ્યશાળી તે આ ચોકઠું બેશી ગયું. હું તો આને હંમેશ કહેતો હતો કે, ઈશ્વર સૌ સૌનું ઘટે તેવું ઠેકાણું ક્યાંજ કરે છે અને તેની ઉપર વિશ્વાસ રાખ.

છોકરો સારો છે તેમ કુટુંબે જીજીના કહેવા પ્રમાણે કુળવાન છે. એનાં માબાપ અને આગળ પાછળનાં કેવાં માણસ હશે તે આપણે જાણતા નથી.

જેકોરશેઠાણીથી રહેવાયું નહિ, તે વચમાંજ બોલી ઉઠયાં કે, એનાં માબાપ અને આગળ પાછળનાં માણસ ગમે તેવાં હશે, તેમાં આપણે શું? તેમની સાથે ક્યારે આપણે માથાસરસા જડયા છે. મેં વર જોયો છે, અને વરમાંથી ઘર થશે. મોતીના દાણા જેવો વર છે. જુઓને કેવી સાબાશીભેર પાસ થયો. મોહનલાલ! ચંદુ આવે એટલે તું સામો તાર કર કે તે સ્ટેશન ઉપર તમોને સવારે મળે.

તારે કંઇ ભેટ બેટ મોકલવી છે? રામચંદ્રશેઠે શેઠાણીને ઉશ્કેરવા જેવો પ્રશ્ન કર્યો.

હા, હા, ભેટ પણ મોકલું. બીજી કોઇ રીતે નહિ તોપણ આપણી જ્ઞાતિના અને આપણે ઘેર થોડા દિવસ રહીને ઉંચે નંબરે માન ભેર પાસ થયેલા એક ગૃહસ્થને ભેટ મોકલાવું તોપણ તે ખોટું નથી.

રામચંદ્ર—બરોબર છે, આપણે ઘેરથી પાસ થયેલા એક વિદ્યાર્થીને ભેટ મોકલવામાં આવે તો તેમાં કંઇ વધારે પડતું કર્યું એવું કહેવાય કિંવા ગણાય નહિ. વારું ચાલો, હવે તૈયારી કરાવો, વખત જાય છે અને ગાડી કંઈ આપણી વાતોની વાટ જોશે નહિ.

ચંદુલાલ અને ગુલાબ તેમનાં સ્નેહીઓને મળીને ઘેર આવ્યાં ત્યારે ઘર આગળ બધી તૈયારી થઇ ગઇ હતી. કેટલાક મિત્રો અને પાડોશની સખીઓ તો તેઓના આવતા પહેલાંજ તેમને વિદાયગીરીનું માન આપવાને આવી પહોંચ્યાં હતાં. તેઓ આવી તેમને મળી ને જમ્યાં એટલામાં જવાનો વખત થયો. રામચંદ્રશેઠ અને ગજરી તેમને સ્ટેશન ઉપર વળાવવા જવા તત્પર થયાં. મંચ્છાડોશી અને જેકોરશેઠાણી

ગળગળાં થઇ ગયાં, તેમ ગુલાબવહુની આંખો પણ છુટા પડતાં ભિંજાઈ. બજરીએ હસતે મુખે ભાઇ મોજાઇને કંકુનો ચાંલ્લો કર્યો અને અંબ્છામાના તથા શેઠાણીના પગમાં મસ્તક નમાવી પ્રણામ કરી વરવહુ શુભાશીષ લઈ દાદર ઉતર્યા. તારાવહુ અને છોકરાં તેમની પાછળ નીચે ગયાં. મોહનલાલ જતો હોવાથી તારાવહુને પણ જરા ઓછું આવ્યું અને મોટો છોકરો તો બજશેઠાઇ સાથે ગાડીમાંજ ચઢી બેઠો. 'આવજો અને કુશળતાના પત્ર લખતાં રહેજો' એમ સર્વે કહેતાંજ રહ્યાં અને ગાડીઓ સ્ટેશન તરફ ચાલી ગઇ.

પ્રકરણ ૧૮ મું.

રજવાડી રહેણી.

પૂર્ણિમાની રાત્રિ છે, બાગમાં ઝીણી ઝીણી ધારનો ફુવારો ઉડી રહ્યો છે અને ચંદનીની અંદર પુષ્પવૃક્ષો ઉપરનાં રંગ બેરંગી પુષ્પો ખીલી નીકળી ચારે તરફ સુવાસ પ્રસારી રહ્યાં છે. મંદ મંદ પવન વહાય છે અને ઘટાદાર વૃક્ષોમાંથી ઝીણો ઝીણો પંખીઓનો કલરવ વાતાવરણને ગણુ ગણાવી રહ્યો છે, ભ્રમરો આમ તેમ ગુંજારવ કરે છે અને અમૃતને વરસાવતાં હોય તેવાં ચંદ્રમાનાં વિશદ ધવલ કિરણો દૂધની ધારાઓની માફક જગતને પોતામાં નવરાવી રહ્યાં છે, તે વખતે, આપણે અત્યાર સુધી મુંબાઇના ધામધુમિયા અને પ્રવૃત્તિમય જીવનના વ્યવસાયી વાંચકને આ શાંત એકાંત રાજવંશી મહેલના રમણીય બાગમાં ફરીને મિ. ચંદુલાલ અને તેના કુટુંબની ખબર લેવાને લઈ જઇએ છીએ. આપણે બાગમાં નજર કરીએ છીએ તે વખતે, ધોળા આરસપહાણના ફુવારાની આસપાસની ફરસબંધી ઉપર ઉત્તમ પ્રકારનાં સુખાસનોમાં

ત્રણુ જણુ વાતો કરતાં બેઠેલાં છે, કે જે ત્રણુ જણુને આપણે ગત પ્રકરણમાં મુંબાઈથી કાઠિયાવાડ તરફ વિદાયગીરી આપી તેમની પાછળ આવેલા છીએ.

આ લોકને કાઠિયાવાડ દેશી રાજ્યમાં આવ્યાને હાલ કેટલાક દિવસ થઈ ગયા છે એટલુંજ નહિ, પરંતુ રાજવંશી કુટુંબમાં સાધારણુ રીતે તેમને સ્નેહ જોડાઈ ગયો છે અને બધી વ્યવસ્થા પણુ થઈ ગયેલી છે. ચંદુલાલને રાજા સાથે અને ગુલાબવહુને મુખ્ય માનિતી રાણી સાથે પરિચય અને સ્નેહ બંધાયો છે. હવે એક બીજાને મળ્યા વગર તેઓનો એક દિવસ પણુ ખાલી જતો નથી. મોહનલાલ જે કામને માટે આવેલો તે કામ કશું બાકી રહ્યું નથી, માત્ર આગ્રહથી તેને 'આજ જજો, કાલ જજો' એમ કહી કહીને રોકી રાખેલો છે. અત્યારે ભોજન કરી ત્રણે જણુ ચંદનીમાં ઘડીવાર હવા ખાવા આવેલાં છે. મોહનલાલે અહીં ફરીને પાછી વાત ઉપાડી કહ્યું કે, ચંદુભાઇ ! ગુલાબભાભિ ! હવે તો મને જવાદ્યો, ઘણા દિવસ થયા અને મારો શેઠ મને રજા આપશે નહિ. અમસ્થી નોકરી ગુમાવવી એમાં શો સાલ. તમોને હવે મારી હાજરીની કંઇ અગત્ય હોય એમ નથી, તો શામાટે મને રોકયા કરો છો ?

ગુલાબવહુ બોલી કે, તમારી હાજરીની અમને તો ઘણી અગત્ય છે. એમ કહો કે, હવે તમને કીકાની બા સાંભર્યા છે. આજે કેશવચંદ્રનો કાગળ આવ્યો છે તે એકાદ બે દિવસમાં અત્રે આવવાનું લખે છે. એ એકાદ અઠવાડિયું અહીં રહેવાનું જણાવે છે. એ અહીં આવે અને તમે જાઓ, તે કેમ બને ? મોહનભાઇ ! એમને અહીં ગમે કેમ ? આ તો એમને કામે જાય અને હું એકલી એમની સાથે શી વાતચીત કરૂં ? વળી લગન તો થયાં નથી છતાં હવે તો એ અમારા પૂજ્ય પરોણા ગણાય, એટલે તેમની સારી બરદાશ ન થાય તો સાસુજીને ઘણું ખોટું લાગે ? અમારે તો હવે એમની સાથે પહેલા કરતાં જરા

વધારે વિવેક અને નમ્રતાથી રહેવું પડશે, માટે એ આવે ત્યાં સુધી રહો, તમે અને એ સાથે જજો. તારાભાભીજીને હાલ હું કાગળ લખીશ.

ચંદુલાલ ફરવાને ખુરશી ઉપરથી ઉઠતાં બોલ્યો કે, બરાબર છે, કેશવચંદ્ર અને તું સાથે જજો. તું અહીં હોઇશ તો એમને ગમ્મત પડશે. કેશવચંદ્રને અને તને રાજાજીની મુલાકાતે કરાવીશું. હું તને કહેવાનો તો ન હતો, પરંતુ પ્રસંગ નીકળ્યો ત્યારે કહું છું કે, તારું અહીં કંઈ ઠેકાણું થાય એવી તજવીજ કરવાનો મારો વિચાર છે અને જો કે મેં ઉપર ઉપરથી તો કેટલીક વાતચીત કરી છે પરંતુ તને મેળવ્યો નથી. કેશવચંદ્ર આવશે ત્યારે પ્રસંગ ભેગો પ્રસંગ મળતાં રાજા સાથે મુલાકાત કરાવરાવીશ.

ગુલાબવહુ આતુર થઇ વચમાંજ બોલી ઉઠી કે, કંઇ કરો તો સારું કરજો, પાણીમાં બેશી જતા નહિ. ઓદ્ધાની અને ઉંચા પગારની જગા હોય તો ગોઠવણ કરજો, નહિ તો બેશી રહેજો. મોહનભાઇને મુંબાઇજ સારું છે.

મોહન—મુંબાઇ સારું છે તે માત્ર તમારા ઘરને લીધે, નહિ તો મુંબાઇમાં નોકરી મળી તે માટે તો હું ને એ બેઉ અમારું દુર્ભાગ્ય માનીએ છીએ. આવાં રજવાડામાં કંઇ થતું હોય તો સારું, પછી ભલેને સાધારણ જગા હોય.

ચંદુ—ના, ના, સાધારણ જગા તો નહિ. મોહનલાલ એ તો જેવી કિમ્મત કરીએ તેવી થાય. પહેલેથી ઉંચી કિમ્મત અંકાય તે ઉંચુંજ રહે અને નીચી પાયરીએ બેઠું તે પછી એજ પાયરીએ રહે.

ગુલાબ—અલબત, મોહનભાઇ! મુંબાઇથી કંટાળી જેવી તેવી જગાએ ન બેશી જતા, એ તો પહેલે સપાટે જેવા અંકાશો તેવા રહેશો. બધા વ્યવહારમાં એમ છે, માટે સારી જગાનીજ ધારણા રાખજો. તારાભાભીજીની બિચારાંની ઉમેદો અને

ઓરિયા સફળ થાય એવી જગા મળે તો લેજો, નહિ તો મુંબાઈ છેજને ? અહીં રજવાડામાં તો મારે તેની તરવાર, કોણ પૂછે છે કે, ફલાણા ભાઈની લાયકાત શું ?

ચંદુ—આમના વચનમાં મોહન ! સ્વાભાવિક સત્ય રહેલું છે. આપણે ઘણીવાર તે સમજી કિંવા માની શકતા નથી, પરંતુ મોહનલાલ ! પુરુષ વ્યવસાયથી દૂર રહેલી સ્ત્રીઓ પણ આવી બાબતો એમની મેળે જુદા જુદા અનુભવોને લીધે સમજી જાય છે. લાયકાત કંઈજ નહિ પરંતુ એક ખોટું બહાનું અને સંજોગોને નહિ જોનારનો ખાલી ભય માત્ર છે. હું લાયકાતને નહિ પરંતુ સંજોગોને માનું છું અને તે જો અનુકૂલ હોય તો વગર લાયકાતનો માણસ પણ ઉંચે ઓધ્ધે ચઢી જાય, એ ખરું છે.

ત્યારે શું ભણવું ગણવું તે નકામું છે ? અને જો એમ હોય તો પછી લોકો ભણવા ગણવા પાછળ આટલો બધો શ્રમ શા માટે લે ? મોહનલાલે બહુ સાદો સવાલ કર્યો.

ચંદુ—રળવાને માટે કિંવા ઉંચે ઓધ્ધે ચઢવાને માટેજ ભણવા ગણવાનું નથી, ભણવા ગણવાથી તે પ્રાપ્ત થાય છે ખરાં, પરંતુ તેમાં એજ હેતુ છે એમ માનવાનું કંઈ કારણ નથી. ભણનારાઓએ તો માત્ર આત્મોન્નતિનો વિચાર રાખવો જોઈએ. મનુષ્યોને માટે જ્ઞાન દરેક રીતે અતિ ઉપયોગી છે. પરંતુ લોકો તેને રળવાના કે સારી પાયરીએ ચઢવાના એકલાજ હેતુ રૂપ માને તો તે ખોટું છે. જ્યારે વિદ્યાનો આટલો પ્રચાર ન હતો અને લોકો સામાન્ય જ્ઞાનથીજ જીવન ગાળતા હતા ત્યારે પણ તેમનામાં ઘણા.ક માણસો ગૃહસ્થ અને ઘણાક માણસો ઓધ્ધેદાર તો હતાજ; અર્થાત્ ઉંચા પ્રકારની કેળવણી હોય ત્યાંજ ધન અને ઓધ્ધો હોય, એમ છેજ નહિ, એ તો સંજોગોને લઈ પ્રાપ્ત થાય છે અને તેમાં જો સારી કેળવણી હોય તો તેની શોભામાં ઓર વધારો થાય છે. ભણવા ગણવામાં સુભાગ્યનો હેતુ રાખનારાઓ દુર્ભાગ્યે પ્રતિકૂલ સંજોગોમાં

પડી પોતાના ભણતર માટે પશ્ચાતાપ કરે છે. આવા માણસો ભણ્યા તોય શું અને ન ભણ્યા હોય તોય શું ? આગળના જમાનાના બ્રાહ્મણો ધનને અને હોદ્દાને તુચ્છ ગણતા હતા. તેઓ માત્ર આત્મોન્નતિને માટેજ ભણતા હતા અને એજ હેતુ હું તો કેળવણી લેવામાં રહેલો સમજું છું.

ગુલાબ જે ધ્યાનથી આ બધું સાંભળી રહી હતી તે બોલી કે, તમે ન ભણ્યા હોત તો આ હોદ્દા ઉપર આવતકે ? મોહનલાલ હસ્યો.

ચંદુલાલ બોલ્યો કે, નહિ હું આ હોદ્દા ઉપર આવત નહિ એ ખરું, તેમ એ પણ ખોટું નથી કે, મારા કરતાં બહુ ઉચ્ચે નંબરે પાસ થયેલા મારા ગોઠિયાઓ આવો હોદ્દો પ્રાપ્ત કરવાથી બેનસીબ રહેલા છે. મને આ પ્રકારના સંજોગો મળી આવ્યા અને હું આ હોદ્દે ચઢ્યો અને ઉંચી લાયકાત હોવા છતાં તેમને આવા સંજોગોનો જોગ ન આવ્યો તેથી તેઓ જ્યાં ને ત્યાં રહી ગયા. ભણતર નહિ પરંતુ સંજોગોજ જીવનમાં તો માણસને મોટો નાનો બનાવે છે. એકજ ગુરુના બે સમાન જ્ઞાનવાળા વિદ્યાર્થીઓ જીવનમાં સમાન સૌભાગ્યને પ્રાપ્ત કરી શકતા નથી.

ગુલાબ—લાયકાતને માનો કે સંજોગોને માનો, પણ મોહનભાઇને આપણી સાથે રખાય તેમ કરો અને જ્યારે આપણી સાથે રખાય તેમ કરો, ત્યારે આપણા જેવાજ બનાવો, કારણ કે સમાનની મૈત્રી હોય તોજ શોભે.

મોહનલાલ બોલ્યો કે, અલબત, તમારી સાથે અને તમારાજ ઓળખાણમાં રહેવાનું હોય ત્યાં તો તમારા કરતાં બહુ ઉતરતી જગાએ રહેવાનું હું પસંદ પણ કરું નહિ.

ગુલાબ—ત્યારે તો મોહનભાઈ! તમે પોતે પણ તમારા ભાઇની માફક લાયકાતને નહિ માનનારાજ કહેવાઓ.

ચંદુ—મેં આગળ કહ્યું તેમ લાયકાતનો વિચાર એ તો એક

ખાલી ભય અને બહાનું માત્ર છે. બહુ મોટી મોટી જગાઓ પર લાયકાત વગરના માણસોની યોજના થયેલી મેં સાંભળી છે અને સાધારણ બુદ્ધિનો માણસ પણ એવી જગાએ ગયા પછી પોતાની પરિસ્થિતિ સંભાળી લે છે. ન્યાય વૈદક વગેરે જે અમુક એકજ બાબતના ખાસ અભ્યાસની અગત્યવાળાં ખાતાં છે તેમાં તે તે બાબતના જ્ઞાનની જરૂર છે, બાકીની બીજી બધી બાબતો સામાન્ય બુદ્ધિમત્તાથી ચલાવાય છે અને તેને માટે કંઇ ખાસ અભ્યાસની જરૂર રહેતી નથી. એક જડજનો ઓધ્ધો કાયદો નહિ જાણનારને અપાય નહિ એ ખરું પરંતુ જડજ કરતાં પણ ઉંચો દિવાનનો ઓધ્ધો એક બુદ્ધિમાનને અપાય અને તે સુખેથી ચલાવી શકે.

મોહનભાઇ ! તમારા ભાઇએ તો તમને દિવાન બનાવવા ધાર્યા ત્યારે તો એક અઠવાડિયું રહીજ જાઓ.

મોહન—એક અઠવાડિયું રાખવાની પછી શી જરૂર છે, હંમેશજ સાથે રહીશું નહિ ?

ચંદુ—મોહનલાલને દિવાનની જગા મળે એમાં તમે મશ્કરી સમજતાં નહિ, આજ નહિ ને ચાર દહાડે તે મળેજ.

તે કેમ ? ગુલાબે પ્રશ્ન કર્યો.

ચંદુ—મારો એવો વિચાર છે કે, આપણા રાજકુંવરના શિક્ષક તરીકે મોહનલાલની ગોઠવણ કરવી.

આ શબ્દો સાંભળતાંજ ગુલાબ બોલી ઉઠી કે, ખરેખર એમ થાય તો તો મોહનભાઇ એકવાર દિવાન થાય. રાજાના કુંવરોના શિક્ષકોને માટેજ કાઠિયાવાડમાં તો જાણે એ ઓદ્ધા નિર્માણ થયેલા હોય એવું છે. જ્યાં ને ત્યાં કુંવરનો શિક્ષક કુંવર રાજા થાય એટલે વહેલો મોડો દિવાન થાય ને થાયજ.

મોહન—શું લાયકાત વગરેજ ?

ગુલાબ—મોહનભાઇ ! હવે લાયકાતની તો વાતજ કરશો માં. લાયકાત એ કંઇ વસ્તુજ નથી. રાજાના કુંવરોના શિક્ષક થયા

એટલે લાયકાત મેળવતાં કેટલી વાર! વિલાયતનો એકાદ આંટો મારી આવવો, અને પારકે પૈસે મોટા મોટાઓ સાથે મોટી મોટી લાગવગો મેળવવી, એ કંઇ મુશ્કેલ કામ નથી. કુંવરને જેમ રાજાપણાની લાયકાત મળતી જાય તેમ શિક્ષકને દિવાન-પણાની લાયકાત મળતી જાય અને પછી બેડો પાર!

ચંદુ—ગમે તેમ કહો, પણ એવું થાય છે ખરું. એકલાં દેશી-રાજ્યોમાંજ નહિ પણ બીજે ઠેકાણે પણ એમ થાય છે. જ્યાં લાયકાતની મોટી મોટી વાતો કરવામાં આવે છે ત્યાં પણ સંજોગો કોઇને અનુકૂળ હોય તો તે ફાવીજ જાય છે અને ફાવ્યો એટલે તો તે યોગ્યજ ગણાય છે.

ગુલાબ—ગણાય છે એમ ન કહો, તેને લાયક ગણવો પડે છે અને લાયક ગણાવવાનો યત્ન પણ થાય છે. જેમ કરવું પડે તેમ કરે એવા મોહનભાઇ છે, તમે તમારી મેળે ગોઠવણ કરોને.

અને તારાભાભી વળી મોહનના કરતાં ક્યારે જાય તેવાં છે. ચંદુલાલે મશ્કરી કરી.

તારાભાભીજી તો રજવાડામાં ખરેખરાં ભળી જાય તેવાં છે; પણ નહિ, આમ વાત કરવામાંજ વસ્તુને ઉડાડવના નહિ. જો રાજાજીની સાથે તમને કંઇ વાતચીત થઇ હોય તો પછી વગર વિલંબે ચોકઠું બેસાડી દો. મોહનભાઇને હવે એ વાત નક્કી થતાં સુધી હું જવા દેવાની નથી.

ચંદુ—મારે બે વાર રાજાજી સાથે એ સંબંધી વાત થઇ છે. તેમણે મને મોહનલાલને મળવાનું કહ્યું છે. આવતી કાલે જો વખત મળશે તો ફરીને એકવાર વાત કરીશ અને પછી મોહનને મેળવંશ.

આ પ્રમાણે વાતચીત ચાલી રહી હતી એટલામાં દરવાને આવીને કહ્યું કે, સાહેબ! દરબારમાંથી ગાડી આવી છે અને સાથે એક વડારણ આ ચિઠ્ઠી લઇ આવી છે. ચંદુલાલ ચિઠ્ઠી લઇ દીવા આગળ ગયો અને તે વાંચતાં જણાયું કે, તેને તાબડ-

તોબ રાજમહેલમાં બોલાવેલો છે. ચિઠ્ઠીમાં વિશેષ હકીકત ન હતી તેથી ચંદુલાલે ગુલાબને કહ્યું કે, મારે શું લઇ જવું ! તે સમજ પડે માટે તમે વડારણને પૂછી આવો.

ગુલાબ તરત ગાડી આગળ ગઇ અને વડારણને પૂછી અંદર આવી બોલી કે—કસુવાવડનાં જે કંઈ ઔષધ અને ઓજાર લઇ જવાનાં હોય તે લઇ જાઓ. મને તો જાણે તમારી સાથે આવું એમ લાગે છે, દેવરાણી માટે વડારણે જે કહ્યું તે ઉપરથી બહુ લાગણી મને થઇ આવી છે. તે પીડાય છે અને રાજાજી ચિંતાતુર થઇ ગયા છે.

મોહનલાલ બોલ્યો કે, જાઓ. જનાનામાં પુરુષ ડૉકટરને જવા દેશે નહિ. સાંભળેલી હકીકત ઉપરથી કામ કરવું પડે તે કરતાં તમે ચંદુભાઇને ખરી હકીકત લાવી આપવાને ત્યાં બહુ ઉપયોગી થઇ પડશો. આપણે કયારે જનાનો છે કે શરમાઇએ. ચંદુલાલે આ વિચાર પસંદ કર્યો.

ચંદુલાલ તૈયાર થયો દરમિયાન તેનો માણસ 'બેગ' પણ તૈયાર કરી લાવ્યો. ગુલાબ અત્યારે બેગ લઈ તેની સાથે સ્ત્રી ડૉકટર બની, અને બેઉ હમણાં આવીએ છીએ, એમ કહીને વડારણ સાથે રાજમહેલ તરફ ગયાં.

પ્રકરણ ૧૯ મું.

બંગલાની બલા.

દરબાર તરફથી ચંદુલાલને રહેવા મળેલો બંગલો જુના જમાનાનો રાજમહેલ હતો. મોટાં મોટાં ઝાડો, ભાગી ગયેલા ફુવારાઓ, બેઠકો અને જીર્ણ થઈ ગયેલાં કેટલાંક બાંધકામોવાળા વિશાળ કંપાઉંડની વચ્ચે તે નવો બાંધેલો હતો. તેમાં ઉંચા

પરસાળનું બાંયતળિયું અને એક માળ હતો. બાંયતળિયે ચારે તરફ પગથિયાંવાળો ઓટલો અને ઓસરી, તથા બબ્બે બાજુએ બબ્બે ઓરડીઓ અને વચમાં મોટું દિવાનખાનું હતું. મેડા ઉપરના ખંડ પણ તેવાજ હતા; ફેર માત્ર એટલોજ કે દિવાનખાનું સહેજ નાનું કરી બાજુના ઓરડાઓ સુવાને માટે મોટા કરેલા હતા. તે દરેક ઓરડાનાં છજાં બાગના વરંડા ઉપર પડતાં હતાં. બંગલાના આગલા વરંડા ઉપર બે માણસો હંમેશ ચોકી માટે બેશી રહેતા. આ માણસોને બારણાં બંધ કરી સાવધાન રહી ચોકી કરવાનું કહી મોહનલાલ મેડે ચઢી દિવાનખાનામાં જઈ બેઠો. બધે ઠેકાણે દીવા બળતા હતા અને ઉઘાડી બારીઓમાંથી મંદ શીળો અને સુગંધીદાર પવન આવતો હતો. મોહનલાલ દિવાનખાનામાં બેઠો કે તરત પાછલા પ્રકરણમાં થયેલી વાત તેને યાદ આવી. પોતાના સુદિવસ સંબંધી વિચાર હવે તેના મનમાં ચાલવા માંડયા.

સુભાગી વિચારોમાં તેનું મન આમ તેમ સુખ શોધતાં શોધતાં થાકી ગયું, આંખમાં ઉંઘનું ઘેન ભરાયું અને આરામખુરશીમાંજ તે અરધ નિદ્રાવસ્થામાં પડયો. તેના વિચારો જે જાગૃતાવસ્થામાં હતા તેજ પાછા સ્વપ્નરૂપી નવા સંસારમાં દશ્યમાન થયા. અંતરાત્મા તે સ્વપ્નસૃષ્ટિમાં રાજવૈભવ અને સહાયબીની મોજમાં સુખ લેવા લાગ્યો. જેમ જેમ રાત્રિ વધતી ગઇ તેમ તેમ દીવા ઝાંખા થવા માંડયા અને નીચે બેઠેલા પહેરેગીરો પણ બેઠાબેઠાજ ઉંઘી ગયા.

રાત્રિ શાંત અને નિર્મળ હતી. ચંદનીએ દિશાઓને ચાંદીનાં પતરાંથી મઢી લીધી હતી અને કવચિત ધીરા પવનની લહરીઓથી ઝાડનાં પાંદડાં હાલતાં ત્યારે ડાળીઓ ઉપરનાં પંખીઓ પાંખ ફડફડાવતાં, તે સિવાય સર્વત્ર નીરવતા વ્યાપી રહી હતી. ઉંચાં મોટાં વૃક્ષોની છાયા વચ્ચે કહીં કહીં બાગમાં અને બાગની બહાર સઘળે ચંદનીનું ખુલ્લું અજવાળું સ્ફુરી રહ્યું

હતું તોપણ બંગલામાં છાયાને લીધે કહીં કહીં અંધારું હતું. દીવા ઝાંખા પડી ગયા હતા. મોહનલાલ મનોહર વૈભવી સુખના સ્વપ્નમાં દિવાનખાનામાં ખુરશી પરજ ઉંઘતો હતો. પોતાની આસપાસ શું થાય છે તેની તેને કશી ખબર ન હતી. શાસ્ત્રના દૃષ્ટિસૃષ્ટિ વાદમાં કહેલું છે તેમ માણુસ નિત્ય નિત્ય નવો અને આંખ મીચતાં ને ઉઘાડતાં નવી નવી સૃષ્ટિ જોતો રહે છે, એટલે કે ઇન્દ્રિયોની સાવધાનતા અને આત્માની સાક્ષીને સમયે સમયેજ જીવ સૃષ્ટિને પળે પળે નવા રૂપમાં દેખે છે અને ઉંઘમાં પાછો પોતે ઉત્પન્ન કરેલી નવીજ સૃષ્ટિના સુખ અથવા દુઃખમાં પડી બહારની બાબતો ભૂલી જાય છે. ઉંઘમાં પડેલો સ્થૂલ દેહ શા સંસ્કાર પામે છે. તે પણ તે જાણી કે જોઇ શકતો નથી. ઉંઘ પ્રાકૃત ને નૈમિત્તિક મરણજ છે અને તેમાંથી જાગૃત થતાં જીવ જાણે નવોજ અવતાર લે છે. મોહનલાલનું સ્થૂલ અત્યારે એવી ઐહિક સંજ્ઞામાં ન હતું. તેનો જીવ પોતાના સૂક્ષ્મ દેહની મારફતે અનેક દિવસો અને અનેક રાત્રિઓવાળો નવો કાળ અને નવી સૃષ્ટિ ઉત્પન્ન કરી તેમાં પોતાના સંસ્કારો અને સ્મૃતિઓને અનુસાર વિહાર કરતો હતો.

રાત્રિની ઘણી ઘડીઓ વીતી ગઇ હતી. ચંદનીનું અજવાળું મોટાં ઝાડોની છાયા બંગલા ઉપર પડવાથી ઓછું થઇ ગયું હતું. દીવાઓ ઘણા ખરા હોલવાઈ ગયા હતા અને જે જૂજ બળતા રહ્યા હતા તે પણ પોતાના પાત્રની આસપાસ થોડો પ્રકાશ આપે એવા થઇ ગયા હતા. આ વખતે સ્વપ્નમાં કોઇ જાતના સુખાંતરાયથી મોહનલાલ ઓચિંતો જાગી ઉઠયો. અકડાઇ ગયેલાં અંગને પ્રસારીને આંખ ઉઘાડી ત્યારે મોટા ટેબલની સામેના સુંદર સોફા ઉપર તેણે સ્વપ્નમાં પણ નહિ જોયેલી એવી અલૌકિક રૂપસંપન્ન બે સુંદરીઓને બેઠેલી દીઠી. મોહનલાલ જાગૃત તો ખરેખરો થયો ; પરંતુ તાજા સ્વપ્નના અને પ્રત્યક્ષ થયેલા દેખાવોથી તે સંભ્રમમાં પડ્યો. તેને જાગૃત થયા છતાં જેને શુદ્ધ સંજ્ઞા

કહીએ તે પ્રાપ્ત થયેલી ન હતી. ઉઘાડેલી આંખ મીચી વળી ફરીને ઉઘાડી ત્યારે પેલી બે સ્ત્રીઓમાંની એક તેના જોવામાં આવી નહિ. 'આ શું? હું જાગું છું, સ્વપ્ન જોઉં છું કે ઉંઘું છું?' એવા વિચારથી તેણે ફરીને આંખ ચોળી ને ઉઘાડી ત્યારે સોફા ઉપરની સ્ત્રી, જે ભર યૌવનમાં આવેલી એક પ્રૌઢ રાજકુમારિકા હતી તેને કાઠિયાવાડી અત્યંત મોટા પનાના અંબરનો પાલવ ઘસરડતી પોતાની પાસે થઇને ચંદુલાલ જે ઓરડામાં સુતો હતો તે તરફ જતાં જોઇ. તે મોહનલાલની સામું જોતી જોતી તેની ખુરશીને ઘસાઇને ધીરે ધીરે અલસગમને ચાલી ગઇ, પરંતુ મોહનલાલથી તેને અટકાવાઈ પણ નહિ અને એક શબ્દ પુછાયો પણ નહિ. સોફા ઉપરથી ઉઠી મોટા દિવાનખાનાને ચીરી તે ચંદુના ઓરડામાં દાખલ થઇ ત્યાં સુધી મોહનલાલ તેની સામું જોઇ રહ્યો અને તેણે પણ બે ત્રણ વાર ગંભીર ચહેરે પાછું વાળી વાળીને તેની સામું જોયું.

મોહનલાલ ચિત્રાર્પિત હોય એવો થઇ ગયો. દિવાનખાનામાંથી તેના ગયાને કેટલોક વખત થયો ત્યાં સુધી તેને કંઇ પણ સમજ પડી નહિ, મેં સ્વપ્નમાં શું શું જોયું અને આ જાગૃતાવસ્થામાં પાછું શું જોયું?' એમ તેણે પોતે પોતાને બે ત્રણ વાર પ્રશ્ન કર્યો પણ કંઇ સમજાયું નહિ. તેના શરીર ઉપર પગથી તે માથા લગી બે ત્રણ વાર રોમોદ્ગમ થયો અને ભય તથા આશ્ચર્યમાં તે ગરક થઇ ગયો. આ ચમત્કારથી ચકિત થઇ ગયેલો મોહનલાલ ગભરાટમાં કેટલીક વાર એમને એમ પડી રહ્યો, પરંતુ જેમ જેમ શુદ્ધ સંજ્ઞામાં આવતો ગયો તેમ તેમ તેને ભય લાગવા માંડ્યો. ભયને લીધે તે ગભરાઇ ગયો, વળી હિમ્મત આણી, ફરીને તેને આખે શરીરે રોમોદ્ગમ થયો અને છેલ્લે પુરુષની હિમ્મત પકડી પોતાની ખુરશીમાંથી ઉઠીને તેણે પાસેમાં પાસેનો જે દીવો હતો તે તેજ કરી ખુંખારો કર્યો.

મોહનલાલ ખુંખાર્યો એટલે નીચે બેઠાંબેઠાં ઉંઘતા પહે-

રેગીરે જાગૃત થઈ પૂછ્યું કે, ભાઇસાહેબ હજુ આવ્યા નહિ તેથી હવે તો એમ લાગે છે કે કદાચ ત્યાંજ રાત રહેશે. આપને કંઇ કામ છે ભાઇ ?

પહેરેગીરને બોલતો સાંભળી મોહનલાલને હિંમત આવી. તેના શરીર ઉપર એક ઝણુઝણી વળી ફરીને આવી ગઈ. માનસિંગને તેણે બોલાવ્યો. માનસિંગ તેનું ફાનસ તેજ કરી ઉપર આવ્યો અને બોલ્યો કે-સાહેબ ! આપ હજુ સુતા નથી ? કેમ ઉઠયા, શું કામ છે ?

કેટલા વાગ્યા છે ?

અઢીનો અમલ થયો હશે સાહેબ ! હું તેથીજ કહું છું કે ભાઇ સાહેબ હવે અત્યારે પાછા આવશે નહિ. આપ નિરાંતે સુઇ જાઓ. અહીં કશો ભય નથી.

આ છેલ્લાં વચન માનસિંગના મુખમાંથી નીકળતાંજ ફરીને એકવાર મોહનલાલનાં રુંવાં ઉભાં થયાં અને પગે ઝણુઝણી આવી.

માનસિંગ જુનો અને ઘરડો નોકર હતો. તેને આ બંગલામાં એક બલા હોવાનું માલમ હતું. જુદા જુદા નોકરો તરફથી ઘણી ઘણી અજબ વાતો તેણે સાંભળેલી પણ હતી. તે બોલ્યો કે, સાહેબ ! આપ કેમ ઝબકેલા હો તેવા લાગો છો ? કોઇ વાતે વહેમ ખાતા નહિ. અમે તો ઘણાં વર્ષ થયાં અહીં રહીએ છીએ પણ કોઇ દહાડો કશી બલાનું બળ જોયું નથી. ગામડિયા અજ્ઞાન પહેરેગીરે આશ્વાસન આપતાં મોહનલાલના મનમાં સામો વધારે વહેમ ઉત્પન્ન કર્યો. આડકતરી રીતે તેણે બંગલામાં ભૂત પ્રેતનો વાસ હોવાનું જણાવ્યું. મોહનલાલથી હવે એકલા સુઇ જવાય એમ ન હતું, છતાં હિમ્મતથી તેને જણાવ્યું કે, માનસિંગજી ! અમે ઇંગ્રેજી ભણેલા કશા વહેમને માનતા નથી એટલે તેનો તો મને કશો ભય લાગતો નથી પણ ચોર ચખારનો ભય લાગે. તમે હવે અત્યારે ઉપર સુઓ તો કેમ ?

આ રંગમહેલના ખંડોમાં અમ લોકથી સુવાય નહિ બાપા ! આપને ઓચારઓચારથી જુંઇ ભારે લાગી હોય તો હું ફાનસ લઇને દાદરામાં બેઠો છું; આપ સુખેથી સુઇ જાઓ. દરબારી મકાનોમાં ચોર ચખારનો ભય તમ લોકે કદી પણ રાખવો નહિ.

મોહનલાલને આ ગોઠવણ ગમી એટલે વાતને વધારે નહિ ચહેરતાં તેણે એ ગોઠવણ બહાલ રાખી. માનસિંગ મહા મહેનતે છાતી કઠણ કરી બેઠો ને મોહન પોતાના ખંડમાં જઈ ઉઘાડે બારણેજ સુઈ ગયો. જુદી જુદી અનેક દલીલોથી તેણે પોતાના મનને ધીરજ આપવા માંડી અને દલીલો કરતાં કરતાંજ રાત ઘણી ગયેલી અને થાકેલો હોવાથી તે ઉંઘી ગયો.

પ્રકરણ ૨૦ મું.

બેદી બનાવ.

મોહનભાઇ ! મુંબાઇ તે તો મુંબાઇજ છે, સ્વતંત્રતાનું સ્વર્ગ. આતો 'પંચ બોલે તે પરમેશ્વર' એટલે કે લોકો કાઠિયાવાડને પ્રપંચનું ઘર કહે છે તે ખરેખર પ્રપંચનું ઘરજ છે. મુંબાઇની સાદી રહેણી કરણીના લોકને અહીં નજ ફાવે ? ગુલાબે રસોડામાંથી મોહનલાલને કહ્યું.

દરબારી નોકર ચાકરો ન હતા અને મોહનલાલ એકલોજ દિવાનખાનામાં 'પેપર' વાંચતો બેઠેલો હતો. રાણીની સારવાર કરવાને જઇ આવ્યા પછી ખુલ્લે મને વાત કરવાનો અને અભિપ્રાય આપવાનો દરબારી નોકર ચાકરોની હાજરીથી ગુલાબને બીલકુલ પ્રસંગ મળ્યો ન હતો, તે અત્યારે એકાંત જોઇ આ પ્રમાણે કહેવા લાગી. મોહનલાલ પેપર ટેબલ ઉપર મૂકી રસોડામાં ગયો અને તેની સામે એક ખુરશી ઉપર બેસી બોલ્યો

કે, ગુલાબભાભી ! ભિંતને પણ અહીં તો કાન હોય છે માટે આ દેશમાં કંઇ બોલવુંજ નહિ.

આપણાથી તો ભડભડિયાં થઇ જવાય છે મોહનભાઇ ! અહીં તો ફરવા હરવા સામે જેમ જનાનાને લીધે અટકાવ છે, તેમ બોલવા કે વાતચીત કરવા સામે પણ મોટો અટકાવ દેખું ! દરબારમાં જાઉં છું ત્યાં પણ હું તો સર્વેને ગાળી ગાળીને તોળેલા શબ્દોમાંજ બોલતાં સાંભળું છું. હું તો મારે ભડભડિયાપણાથી વાત કરૂં છું અને જેમ આવે તેમ છૂટથી બોલું છું. ઘણીવાર દેવરાણી મને બોલતી જોઇ હસે છે. હું ધારૂં છું કે મારા બોલવાને લીધે તે હસતાં હશે નહિ વારૂ ?

મોહનલાલ હસ્યો અને બોલ્યો કે, તમે તો દરબારમાં તમારી કિમ્મત અંકાવી નાંખી લાગે છે. સ્ત્રીઓ માટે ફરવા હરવાની અને બોલવાની રીત અહીં બહુ પરિમિત છે. જેમને છુટાં ફરતાં અને બોલતાં તેઓ જુએ છે તેમને માટે તરેહવાર વિચાર બાંધે છે.

આ જંગલી અને પ્રપંચી લોક મારે માટે ગમે તે વિચાર બાંધે તેની મને કંઇ દરકાર નથી મોહનભાઇ ! સામો હું તેમને માટે ખરાબ વિચાર લઉં છું. જનાનો એક અંધારો કુવો છે અને તેમાં રહેનાર જગતમાંથી મનુષ્યને મળતા શિક્ષણથી ખરેખર બેનસીબજ રહે છે. કેશવચંદ્રે એકવાર વાત કરતાં કરતાં કહ્યું હતું કે, અંગ્રેજ લોકો કહે છે કે, માણુસને માણુસમંથી જેટલું શીખવાનું મળે છે તેટલું બીજા કશામાંથી–મોટી શાળાઓમાંથી પણ નથી મળતું; તેમ હું પણ માનું છું કે, આપણે છૂટથી હરનારાં ફરનારાં અને વિવિધ પ્રકારના લોકના પરિચયમાં રહેનારાં જે શીખીએ છીએ તેમાંનું કશું તેઓ જાણતાં નથી. દાસ વર્ગની અજ્ઞાન સ્ત્રીઓ તેમની આગળ બહારની જે કંઇ વાતો અને બાબતો લઇ જાય તેજ તેઓ જાણે છે. એમના જનાનાની મર્યાદાને તેઓ દુનિયાંનો અંત સમજે છે. જના-

નાની બંધી બાંધનારે જે ખાસ કારણથી તે બાંધી તે તો જરાએ જળવાતી નથી; એમ આપણે સાંભળ્યું છે અને અહીં મેં તે પ્રત્યક્ષ જોયું પણ ખરૂં. નીતિ રીતિનું જે પરિપાલન આપણા છુટા અને ખુલ્લા દ્વારના સ્ત્રી સંસારમાં થાય છે તે જનાનાઓમાં થતું નથી. જનાનાઓમાં તો દુર્ગુણોનુંજ સામ્રાજ્ય ચાલે છે. જે દેશોમાં જનાનો છે તે બધા દેશોમાં સ્ત્રીઓની અધમ અવસ્થા અને અનીતિ સંભળાય છે. મોહનભાઇ! સ્ત્રીઓને સૃષ્ટિથી દૂર કરવામાં આવી હોય એવું આ છે. મને તો થોડા અનુભવથી પણ જનાના ઉપર બહુ ખરાબ વિચાર ઉત્પન્ન થયો છે અને આવું તો મને નહિ ગોઠે.

તમે મને આ વાતાવરણમાં નાંખવા માગો છો તે કેમ ત્યારે? મોહનલાલે પ્રશ્ન કર્યો.

ગુલાબ હશીને બોલી કે, મોહનભાઇ! અમલ, મોજશોખ, વૈભવ અને ધન એટલાં વાનાં અહીં બહુ સારાં છે. એ કોઇને પણ લોભાવ્યા વગર રહેતાં નથી. આ રાજ્યોમાં સારા હોદ્દા ઉપર રહેલા માણસોને પછી બીજે ઠેકાણે ગોઠતું નથી તેનું કારણ આજ છે. અહીં હુકમતનું કામ, બાકી આસાએસ અને ધન ઢગલે મળે તે કોને ખોટું લાગે? આટલા માટે તમને અહીં નાંખવાનો વિચાર થાય; નહિ તો અહીંથી તમે કંઇ ગુણી થાઓ નહિ મુંબાઇમાં જે સ્ફુર્તિ ને સર્વ સામાન્ય ગુણગ્રહણ કરવાનો અવકાશ છે તે અહીં નથી ખાવું પીવું અમલ ચલાવવો, નાના પ્રકારના વૈભવ ભોગવવા અને સાથે પૈસો એકઠો કરવો એ, અહીંનું પ્રલોભન છે. તારાભાભીજીને એવી લાલસા છે તેથી તમે અહીં ઠેકાણે પડો તો સારું, એવો અમારો અભિપ્રાય છે.

પણ તમે અહીં રહેવાનાં કે નહિ? મને અહીં નાંખી તમે ચાલ્યાં જાઓ તે તો ઠીક નહિ. અમે પણ અમલ બજવણી, મોજશોખ કે ધન વૈભવ કરતાં સારા વાતાવરણનેજ પસંદ કરનાર છીએ. અલબત, ધનના સંકોચને લીધે કીકાની બાને

સારી નોકરીની ભાવના થાય પરંતુ તેય ગુણગ્રાહી છે. એકલા વૈભવને કે એકલા ધનનેજ ચહાનારી નથી.

'વહુને કોણે વખાણ્યાં, તો કહે કે, વહુના વરે' એવું ન કરો મોહનભાઇ! તારાભાભીજીને હું ક્યાં નથી ઓળખતી? મોજશોખ અને વૈભવ તો એમને બહુજ પસંદ પડે છે. વળી આ તરફનું તે અમલમાં ભળેલું હોઇ માણસ માત્રને પ્રિય લાગે એવું છે. તારાભાભીજીનેજ નહિ પણ મનેય પસંદ પડે છે, પણ મારો અનુભવ તેમાં મને 'લક્કડના લાડુ ખાય તે પણ પસ્તાય અને ન ખાય તે પણ પસ્તાય' એ કહેવતની માફક અણુમની બનાવે છે.

તમને કડવો અંગત અનુભવ થયો હોય એમ લાગે છે? તમારો એ અનુભવ શું છે? તે કહો તો ખરાં. મોહનલાલે વાત કઢાવવાનો યત્ન કરવા માંડયો. ગુલાબ બી ગયેલી અને કંઇ પણ જણાવવું તે જીવનું જોખમ કરાવે એવું છે, એમ સમજી ગયેલી હોવાથી અમુક ખાસ અનુભવની વાત તો જણાવે એવી ન હતી; પરંતુ મોંઘમ તેણે ફરીને પણ પાછું એટલુંજ કહ્યું કે, મોહનભાઇ! કોઈ ખાસ બનાવ તો બન્યો નથી, પરંતુ હું રોજ ત્યાં ચાલતાં કાવતરાંને લીધે આવા ઉદ્ગાર કાઢું છું.

કંઇક થાકેલે અને કંઈક ઉદાસ ચહેરે ચંદુલાલ છેક અંદર સુધી આવ્યો અને ગુલાબ તરફ જોઇ બોલ્યો કે, મહેનત વ્યર્થ ગઇ અને થવાનું હતું તે થઇ ગયું. "અરર!" એવો શોકોદ્ગાર કાઢી ગુલાબ ખિન્ન થઈ ગઇ; એટલે મોહનલાલે પૂછ્યું કે, શું પતી રહ્યું?

હા, ચંદુલાલે જવાબ આપ્યો, હું છેવટની નક્કી તપાસ અને ખાતરી કરી જે કંઇ કરવાનું હોય તે કરવાની રજા આપીને આવ્યો.

અરેરે! આશા ભરી બિચારી ગભરું ગાય જેવી સ્ત્રી રાંડોના કાવતરાને ભોગ પડી નાશ પામી. હાય હાય! જનાનાની

પાપી જાજો શું ન કરે ! આવી ઉપરથી મીઠાં અને અંદરથી કાતીલ ઝેરી હૃદયની સ્ત્રીઓજ જનાનામાં પાકતી હશે, એવું તો હું સ્વપ્ને પણ માનતી ન હતી.

ચૂપ, ભિંતને પણ કાન હોય છે, અને જનાના સંબંધી વાતની વરાળ પણ જો બહાર જાય તો મોટો અનર્થ ઉત્પન્ન કરે છે, માટે એક શબ્દ પણ ઉચ્ચારવો નહિ. ભડભડિયો સ્વભાવ અને લાગણીને વશ થઇ બોલવું, એ આવાં સ્થાનોમાં જીવ સટો-સટનો સોદો ગણાય; માટે મુખમાંથી સારો ખોટો બોલ કાઢવો નહિ. આમ કહી ચંદુલાલ રસોડામાંથી પાછો ફરી દિવાનખાનામાં ગયો. મોહનલાલ તેની પાછળ દિવાનખાનામાં જઈ ટપાલ આવી હતી તે વાંચવા બેઠો.

ચંદુલાલ નહાઇને આવ્યો અને મોહનલાલ જમવા ઉઠે છે એટલામાં નીચેથી માનસિંહ શ્વાસ ભર્યો ઉપર આવ્યો અને બોલ્યો કે—ભાઇ સાહેબ ! ઝાંપા આગળ મહેરબાન જનાબે આલી એજંટ સાહેબની ગાડી આવીને ઉભી છે અને તે આપને બોલાવે છે.

જમવાની તૈયારી છે માટે તમે જમવા બેસો અને મોહનભાઇને મોકલો તે સાહેબને જવાબ દઇ આવે. તમે જમ્યા વગર જતા નહિ. ગુલાબે રસોડામાંથી જણાવ્યું. મોહનલાલ ‘બરોબર છે’ એમ કહી પાઘડી પહેરી સાહેબને મળવા ગયો અને ચંદુલાલ જમવા બેઠો.

બંગલાના નોકરો અને સિપાઇઓ તો આથી અજબજ થઇ ગયા, પણ મુંબાઈમાં યુરોપિયનોના સહવાસને લીધે આમને તો કંઈજ લાગ્યું નહિ—મોહનલાલે ગાડી આગળ જઇ ચંદુલાલ જમવા બેઠાનું જણાવ્યું એટલે સાહેબે ‘જલદી મોકલો’ એમ કહી પોતાની ગાડી હકાવી અને મોહનલાલ પાછો આવ્યો.

કેમ, સાહેબ ગયા ? ગુલાબે તેને ઉપર ચઢતાંવાંત પૂછ્યું.

હા, ગયા. હવે ચંદુભાઇ તમે જાઓ. તે રાજમહેલમાં ગયો છે અને તમને સત્વર ત્યાં બોલાવે છે. મોહનલાલે ઉત્તર આપ્યો.

સાહેબ કેમ ત્યાં ગયા અને આમને કેમ ત્યાં બોલાવ્યા છે, તે કંઈ સમજાયું મોહનભાઈ !

ના, મારે ને તેને એવી કંઇ વાતચીત થઇ નથી. મેં તો ગુડમોર્નિંગ કરી ચંદુભાઇ જમવા બેઠા છે એટલુંજ કહ્યું; અને તેણે ઠીક જલદી મોકલો, એટલોજ ઉત્તર આપીને ગાડી હકાવી. એના મુખ ઉપર પણ કંઇ લાગણીઓનો આવેશ હોય એવું મને તો લાગ્યું નહિ.

ચંદુલાલે પાઘડી પહેરતાં પહેરતાં જણાવ્યું કે, લાગણીઓ શાની હોય ? તપાસ કરાવી ઠેકાણે પાડવાની રજા આપશે. આ કંઇ શકમંદ મરણ નથી. વારૂ, મારી ગાડી તૈયારજ છે તેથી હું હવે જાઉં છું. તે આગળ ચાલ્યો એટલે ગુલાબે બે ડગલાં તેની પાછળ જઈ કહ્યું કે, મને હમણાં જે શિખામણ તમે દેતા હતા, તે હું તમને પાછી સુંપરત કરું છું. કોઇ જાતની પંચાતીમાં ઉંડા ઉતરશો નહિ. તમારા ધંધાને લગતું જેટલું હોય તેટલું કરીને દૂર રહેજો. કેમ મોહનભાઇ ! તમે બોલતા નથી ?

ઠીક છે. ચાલો હું જાઉં છું. મોહનભાઇ, તમે જમી લ્યો. ચંદુલાલ નીચે ઉતર્યો અને ગુલાબ પાછી ફરી રસોડામાં ગઇ.

મોહનલાલ જમી ઉઠયો અને દિવાનખાનામાં આવી વાંચવા બેઠો. તે આ વાતની કંઇ વિગત જાણતો ન હતો, એટલે તેને કશો વિચાર પણ આ સંબંધી આવતો ન હતો. ગુલાબ જે સઘળી વાત જાણતી હતી અને ચંદુલાલના કરતાં પણ જનાનાની અંદરના ભાગમાં રાત્રિ ગાળેલી હોવાથી ત્યાં બનતા બનાવો વિશેષ તેના જાણવામાં આવેલા હતા, તેથી તેના મનમાં ઉપરાઉપરી નવા નવા તરંગો ઉઠતા હતા. તે વિચાર કરતી અને પોતાને જેનો આટલા ટુંક વખતમાં ખૂબ પરિચય પડયો હતો તે માણસના મરણ માટે ઉશ્કેરાતી તે જમીને વહેલી

વહેલી દિવાનખાનામાં આવી. મોહનલાલ આગળ બધી વાત કરી દેવાના તેને ઉભરા આવતા હતા, પણ વળી વળીને તે દાબી રાખતી હતી. તેણે જનાનામાં ફરતાં અને ઉંઘને મિષે પલંગમાં પડયા છતાં ઉન્નિદ્રાવસ્થામાં આસપાસ થતી વાતચીતથી ઘણું રહસ્ય સાંભળેલું હતું. ચંદુલાલ તેમાંનું કંઇ પણ જાણતો ન હતો. ચંદુલાલને મળવાનો તેને અવકાશ મળ્યો ન હતો, કે જેથી તે પોતાનું હૃદય ખાલી કરે. તેણે પાન લીધું અને મોહનલાલની સામું જોઇ બોલી કે, તમે પણ આજ કેમ કંઇ બોલતા નથી? શું બન્યું, તે તમે કંઇ જાણો છો કે નહિ?

નવી રાણીને કસુવાવડ જેવું થયું અને તેમાંથી એનો બિચારીનો દેહપાત થયો, એટલુંજ અત્યાર સુધી મારા સમજવામાં આવ્યું છે. બહુ ખોટું થયું. આ સિવાય બીજું કંઈ હું જાણતો નથી; અને તમે કે ચંદુ નવરાં પડયાં નથી અને મને કશી વાતે તમે કરી નથી, એટલે આથી વિશેષ શું જાણું, તે કહો?

બસ એટલુંજ, જે તે બન્યું છે હો મોહનભાઇ. રાણીની લાયકાત અને સ્નેહ મને રડાવી દે છે, તો પછી જેઓ એના હમેશના પરિચયવાળાં હશે તેમને અત્યારે કેવું લાગતું હશે. અરેરે! બિચારીને ગર્ભ રહ્યો તે એનો જીવ લેવાનેજ રહ્યો, એમજ કહેવાયને? છ મહીના ઉપર તો રાજાની સાથે તે મુંબાઇ આવી હતી અને મારી મોંઘીબેનને ત્યાંથી કેવું કીમતી અને મજેનું જવાહીર ખરીદ કર્યું હતું. મોંઘીબેન બે ત્રણ વાર એને મળ્યાં હતાં; અને જ્યારે મેં કહ્યું કે, મોંઘીબેન તો મારી બાળપણની સખી અને સગી બેન કરતાં પણ વધારે છે, ત્યારનાં તો એ મને સખી તરીકેજ ગણતાં હતાં. મને જોઇને તો બિચારી રાજી રાજી થઈ જતી. લુંડીઓ અને દાસીઓને રજા આપી દઈ કલાકોના કલાકો સુધી ખાનગીમાં મારી સાથે વાતો કરતી, મને જવાહીર તથા કપડાં લત્તાં દેખાડતી,

અને રાજાજી તેની ઉપર કેવો પ્યાર રાખે છે, તે બધું એક સખીની માફક કહેતી. ખરેખર રાણી તો રાણીજ હતાં. બહારના આ સંસારનાં પણ એ જાણ હતાં. આપણાં ખાનદાન અને સારાં ઘરોમાં વહુઓને કેવી રીતે રાખવામાં આવે છે અને હલકી વર્ણના લોકોમાં તેમની ઉપર કેવો જુલમ ગુજરે છે, તેથી એ અજ્ઞાત ન હતાં. નાનપણમાં થોડું ભણ્યાં હતાં પરંતુ જનાનામાં વાંચનમાં વખત ગાળી ગાળીને સારાં અભ્યાસી બન્યાં હતાં. પહેરવા ઓઢવામાં રજવાડી રજપૂત રીત રાખતાં હતાં તેમ છતાં આપણો ગુર્જરી અને દક્ષણી પહેરવેશ પણ મજેનો પહેરી જાણતાં. શરીર ઉપર ઘરેણાં ખડકીનેજ નહિ પણ સાફસુફ રહીને અને સારા સંસ્કારથી શોભાયમાન થઇ રહેવાય છે, એવું તે સમજતાં હતાં.

ત્યારે તમે કેમ ગુલાબભાભી, જનાના ઉપર ઉભરા કાઢો છો ? મોહનલાલે તેને વખાણ કરતી સાંભળીને સામો પ્રશ્ન કર્યો.

મોહનભાઇ ! અમુક વ્યક્તિને લઇ હું જનાના માટે ઉભરો કાઢતી નથી, પરંતુ સ્ત્રીઓને આજન્મ પર્યંત કેદ રાખવાના એ બુરા રિવાજ ઉપર મારા ઉભરા કાઢું છું. તમારો મોટો કીકો મારી સાથે હોય તોપણ તેને જનાનખાનામાં આવવા દે નહિ, આવો સખત ત્યાં પ્રતિબંધ છે. એક તરફથી આમ નિર્દોષ બાળકોને અટકાવવામાં આવે છે ત્યારે બીજી તરફથી ન ખમાય એવી નિર્લજતા ચાલતી જોવામાં આવે છે. હલકા અને અભણ લોકો તેની અંદર ઝેર અને પ્રપંચની જાળો ઉભી કરે છે તથા તેમાંનાં નિર્દોષ માણસોને દુર્ગુણોમાં કાવતરાંમાં અને એક બીજાની સામે મોટા દ્વેષથી ઉશ્કેરી મૂકી જનાનાને નરક બનાવી મૂકે છે અને તેથીજ મોહનભાઇ ! હું તેને નિંદું છું. એમાં કોઇ વ્યક્તિ વિશેષનો હું કંઇ દોષ કાઢતી નથી.

પણ તેમાંના દુર્ગુણો, પ્રપંચો અને અનીતિઓને આટલી

બધી અખત ભાષામાં ઝાડી નાખવાનું તમને કંઈ રણ મ છે, કે અમસ્તાંજ ? મોહનલાલે વાત કઢાવવાને ફરી પૂછ્યું.

ના, મને કંઈ કારણ મળ્યું નથી. માત્ર મારા અવલોકનથી મારી સન્નિધાએ મને જે જણાયું તેજ ઉપર હું મારા વિચાર આપું છું, ગુલાબે પોતાના મનમાં ઉછળી રહેલા વિચારોને દાબી ઉત્તર આપ્યો અને મોહનલાલ આગળ શું પૂછે છે તે જોતી ચૂપ રહી. તેના મનમાંથી આટલા પણ વિચાર બહાર નીકળી ગયા તે માટે તેને જરા પશ્ચાતાપ થયો. તેણે પોતે પોતાને કહ્યું કે આ મુંબાઈ નથી, આ તો એક એવી જગા છે કે જ્યાં કશો અભિપ્રાય અપાયજ નહિ. સારાને સારું કહેવામાં આવે તો પણ જ્યાં વહેમ પડે છે ત્યાં ખોટાને ખોટું તો કહેવાયજ કેમ ? સાધારણ સત્ય પણ એવું છે કે, કાણાને કાણું કહેવું નહિ, તો કાણાનું રાજ્ય હોય ત્યાં કાણાની વાતજ કેમ થાય ? મુંબાઈનું વાતાવરણ જુદું છે એ હું વારંવાર ભૂલી જાઉં છું. મરનાર રાણીજીએ પણ મને એક બે વાર ટોકી હતી કે, તમારે મુંબાઈનું ભડભડિયાપણું અહીં ન રાખવું, અને ગજરાબાના ભાઇ તો મને નિત્ય ટોકયાજ કરે છે. તેમ છતાં મારાથી મનમાં આવે તેવા અભિપ્રાયો આપી જવાય છે તે ઠીક નહિ; પણ હશે, મેં કયારે પારકા માણસ આગળ કશો અભિપ્રાય આપ્યો છે. મોહનભાઇ આગળ અભિપ્રાય આપીએ કે કશી વાત કરીએ તેમાં શો બાધ છે ? અલબત, કોઇ સાંભળે તો ખોટું, માટે અહીં એવી વાતો કરવાની ટેવજ રાખવી નહિ, તે સારૂં.

આ પ્રમાણે ગુલાબ પોતાના મનમાં પોતાને શિખામણ દેતી મૌન બેઠી હતી એટલામાં એક અજાણ્યો માણસ દાદર ચઢી ઉપર આવ્યો. ગુલાબને જોઇને તે અને તેને જોઇને ગુલાબ ચોંકયાં. મોહનલાલે ઉભા થઇ પેલા માણસને અંદર બોલાવ્યો એટલે ગુલાબ જોડેના ઓરડામાં જઈ તેઓની વાત સાંભળતી બારીના પડદા આગળ ઉભી રહી.

'નીચે કોઇ નથી સાહેબ !' પેલા માણસે મોહનલાલને સવાલ કર્યો, તેનો ઉત્તર આપી મોહનલાલે પૂછ્યું કે, તમને કોનું કામ છે ? તેણે કહ્યું કે, 'મોહનલાલભાઇનું કામ છે.' 'તેજ હું' એવો મોહનલાલે જવાબ દીધો એટલે તેણે સલામ કરી ખીસામાંથી એક કાગળ કાઢી તેના હાથમાં આપતાં કહ્યું કે, ડોકતર સાહેબે આ કાગળ આપને હાથોહાથ પહોંચાડવા મને આપ્યો છે. વળી મોઢે તેમણે કહાવ્યું છે કે, તેમને ઘેર આવતાં મોડું વહેલું થાય તો ચિંતા કરશો નહિ. તેઓ સાહેબની સાથે બહાર ગયા છે. રાજમહેલમાં નથી.

રાજમહેલમાં શું થયું અને કેમ તેઓ સાહેબની સાથે ગયા, વગેરે પૂછવાનું મોહનલાલને મન થયું, પરંતુ તરતજ તેણે 'ચોળચુંથ કરવી ઠીક નહિ' એમ વિચારી કહ્યું કે, ઠીક, તમે રાજમહેલમાંથી આવ્યા હશો ?

'હાજી, હું રાજમહેલમાં મહેતાગીરી કરું છું. સાહેબ બહાદુરની ગાડીમાંથી ઉતરી ડોકતર સાહેબ નામદાર ઠાકોર સાહેબને ખાનગીમાં મળવા આવ્યા હતા. થોડીક મિનિટ વાતચીત કરી બહાર નીકળ્યા અને સીડી ઉતરતાં ઉતરતાં નામદાર ઠાકોર સાહેબના દેખતાંજ તેમણે મને બોલાવી આ પત્ર આપને હાથોહાથ પહોંચાડી આવવાનું ફરમાવ્યું અને ઉતાવળે ત્યાંથી ચાલી ગયા.'

ઠીક, જાઓ. મોહનલાલે પેલા માણસને રૂખસદ આપી અને પોતે પાછો ફરી ગુલાબને બોલાવે એટલામાં તો અતિ આતુર મને તેજ તેની સામે આવી અને બોલી કે, મોહનભાઈ ! જુઓને કાગળમાં શું છે ?

મોહનલાલ પોતાનું સરનામું જોઇ કાગળ આમ તેમ ફેરવી બોલ્યો કે, ગુલાબભાભિ ! માનો ન માનો પણ કાગળ ફૂટેલો છે અને કોઇએ તે વાંચી ફરીને બીડી મોકલ્યો છે.

નાના, એમ ન હોય, એ તો તમારા ભાઇજ ગડબડિયા છે

અને ઉતાવળમાં બીડયો હશે તેથી તમને વહેમ જાય છે. હશે, તમારા નામનો છે અને સરનામાના અક્ષર એમના છે માટે ફોડો અને જુઓ તો ખરા કે શું લખે છે?

મોહનલાલે કાગળ ફોડયો તો તેમની અજાયબી વચ્ચે તેમાંથી કાગળબાગળ નહિ પરંતુ પાંચ પાંચ હજારની બે નોટો નીકળી. બે ત્રણ વાર પરખીઢિયું જોયું પણ તેમાંથી એક નાની સરખી ચબરખી પણ મળી નહિ. બન્ને જણ આમ તેમ નોટોને ઉથલાવી ઉથલાવી જોઇ તેની ઉપર એક હરફ લખેલો નહિ હોવાથી આશ્ચર્ય પામ્યાં અને એક બીજાના મુખ સામું જોઇ રહ્યાં.

પ્રકરણ ૨૦ મું.

ખરાનું ખોટું.

ઉંઘ નહિ આવવાથી ગુલાબ જાગે છે. ચંદુલાલ લસલસાટ ઉંઘી ગયો છે, લગભગ મધ્ય રાત્રિ થવાથી ચારે તરફ સોપો પડી રહેલો છે અને ઝાંખા થતા દીવા સામું ટગર ટગર જોતી ગુલાબ વિચાર કરે છે. તે દીલગીર નથી, હર્ષાન્વિત નથી તેમ બીલકુલ શાંત પણ નથી. ઉંઘ જતી રહેવાથી તેના મનમાં વિચારની એક પછી એક ઘટમાળ ચાલ્યાજ કરે છે. કેટલાક વિચારો ફરી ગયા પછી તેને મોહનલાલ ઓચિંતું કામ આવવાને લીધે મુંબાઇ ગયો તેનો વિચાર આવ્યો અને તે મનમાં અને મનમાં બોલી કે, અહો! પુરુષ જાત છતાં મોહનભાઇ બહુ બીકણ અને પોચા મનના જણાયા. ગરીબ માબાપનાં છોકરાં બધીજ રીતે ગરીબ હોય તે ખરું. મોહનભાઇ બિચારા આલસ અને ગરીબ એમાં તો શક નહિ. હું સ્ત્રી જાત છતાં અને આ સુખી માબાપના એકના એક પુત્ર અને લાડકોડમાં ઉછરેલા હોવા છતાં એમના કરતાં બહુ સહનશીલ અને સખત મનના

છે. ભણુવા ગણુવાથી પણુ માણુસ બાહોશ પક્કું તેમ કાબેલ થાય છે. દુઃખને અને સાંસારિક પ્રપંચના વાવાઝોડાનો સપાટો સહન કરવાની હિમ્મતવાળું બને છે. સાદા ને સિદ્ધા શિક્ષણવાળા બિચારા ભોળિયા નીવડે છે. મોહનભાઇ તેમાંના એક છે. એમને અહીં નોકરી અપાવી હોય તો એક દહાડો પણ નિભાવાય નહિ. જરાજરામાં ડરી જાય એનાથી તે પછી શું બને? ધીરજ રાખવી ઉપરીનો મિજાજ કે તોફાના પવનનો સપાટો સહી લેવો જોઇએ. એમ ન બને તો નોકરી બજે નહિ. 'કામ કરના વકરસે' એ કહેવત ખરી છે.

પેલો કાગળ ફોડતાં અને નોટો જોતાં એમના તો હોંશ કોંશ ઉડીજ ગયા હતા. તેમણે તો મોટી આફત આવશે એવો ભય દેખાડી મારીએ હિમ્મત ગડગડાવી દીધી હતી, પણ નહિ, હું શું કરવાને ડરૂં. આપણે કયારે ચોરી કરવા ગયાં હતાં. અજગર પહોળું મોં રાખી રસ્તામાં પડી રહે છે અને ઈશ્વરજ તેને આજીવિકા મળી રહે તે માટે હીનભાગી પ્રાણીનો પગ તેના મોંમાં મુકાવે છે. આપણે જે લક્ષ્મીને માટે માબાપ ભાઇભાંડુ છોડીને આશાથી પરદેશ આવ્યાં છીએ તે આશાના ફળ રૂપજ એ નોટો કાં ન હોય? મોહનભાઈ તો ખરેખર તેનો નાશ કરત, પણ મેં હિમ્મતથી તે ઉઠાવી. એવા ભોળા અને સિદ્ધા સ્વભાવના માણુસ કોઇના આશ્રય વગર રહી શકે નહિતો? આ કેશવચંદ્ર અ.૦ાા છે પણ કેવા બાહોશ છે. જે ઓરડા માટે મોહનભાઇ વહેમાયા હતા તેજ ઓરડામાં એ સૂઇ રહે છે? વળી દિવાનખાનામાં તો ઘણીએ વાર રાતના હું એકલી આરામચેરમાં ઉંઘી જાઉં છું. મને કોઇ દિવસ કશો વહેમ આવતો નથી અને જમીને ભારે લાગતી નથી.

ગુલાબ સુતી સુતી આવી રીતે પોતાની હોંશિયારી અને નિડરતાની ડૂલ મારતી હતી, એટલામાં 'મને તો જમીને ભારે લાગતી નથી' એ વાક્ય પુરું થતાંની સાથેજ તેના વિચારો

મગજમાંથી ઉડી ગયા, તે નિઃશબ્દ શૂન્ય મનની બની રહી. વિચારો ઉડી ગયા તે ગયાજ, ફરીને આવ્યા નહિ. તેને વાતાવરણ કંઇક ભારે અને દિવાનખાનામાં કંઇક હીલચાલ થતી હોય એવો વહેમ પડયો. તે ઘણુંએ મનને બીજી બાબત ઉપર લઇ જવાને મથી, તેણે ઘણી ઘણી રીતે પોતાને ધીરજ આપીને હોંશિયારી આણવાનો યત્ન કર્યો, પણ મન બીજી બાજુએ ગયું નહિ અને વહેમ વધતો ને વધતો ચાલ્યો. દિવાનખાના તરફ તેના કાન અને મન લાગી રહ્યાં તે રહ્યાંજ.

નવા વિચારો આવ્યા નહિ અને વહેમ વધતો ચાલ્યો તેમ તેમ શરીર ઉપર નખશિખ રહી રહીને ઝણઝણિયો આવવા માંડી. આંખને પણ નહિ પલકાવતાં કેટલીક વાર તે શાંત પડી રહી, પછી તેણે એભેએભે મનને વહેમનું ખંડન કરી બળ આપ્યું. દિવાનખાનામાં શું થાય છે તે જોવાને હિમ્મત આણી ધીરે રહીને બેઠી થઈ. પલંગમાંથી ઉતરી દીવાને તેજ કરી દિવાનખાનામાં પડતી બારીના તરડાયેલા કાચમાંથી બારણાને આઢેથી ઝીણી નજરે તેણે જોવા માંડયું. દિવાનખાનાનો દીવો બહુજ નિસ્તેજ થઇ ગયો હતો, તરડમાંથી મહા મહેનતે થોડું જોઇ શકાતું હતું, છતાં ગુલાબ આતુરતાથી છાતી કઠણ કરી તે જોતી ઉભી. બહુવાર જોઇ રહી પણ કંઇ દેખાયું નહિ, તેના મને હિમ્મત લેતાં પાછું ચલાવ્યું કે, વહેમ છે તેજ ભૂત છે, બાકી ઈશ્વરની સૃષ્ટિમાં ભૂતબુત જેવું કશું છેજ નહિ. જો હું હિમ્મત ધરીને આટલી તપાસ કરવા ન ઉઠી હોત તો શું માનત? હું પણ મોહનભાઇની માફક વહેમ ખાઇ જાત. તે હજી તો આવા આશ્વાસક પોતાની હિમ્મતના શબ્દો પોતાને કહેતી હતી એટલામાં સામેની ઓરડીનું બારણું ધીમેથી ઉઘડયું અને એક ભરજુવાન રાજકન્યા ઝાંઝરના ઝમકાર કરતી અને કાચી કેરી જેવા લીલા અંબરનો મૂલ્યવાન પાલવ રમાડતી રમાડતી હાથિણીની માફક ડોલતી ચાલે દિવાનખાનામાં આવી. રાજકન્યા

એવી રૂપાળી, જાજરમાન અને પ્રૌઢ ઉન્નત અંગની રજપુતાણી હતી કે, ગુલાબ તો તેને જોતાંજ પોતાને ભૂલી ગઈ. ભૂતપ્રેત જેવો વહેમ જાણે તે વિસરી ગઇ અને પ્રત્યક્ષ ખરેખરું હોય તેવી ફોમથી તે તેનું રૂપ અને હીલચાલ જોવા લાગી. મદથી અકડાતા અંગે તે ધીરે ધીરે દિવાનખાનામાં આમ તેમ ફરવા લાગી. તેણે આમ તેમ એક બે આંટા માર્યા એટલામાં એક દાસી સોનાની રકાબીમાં પાન લઇ અંદર આવી. તેણે સામે મોઢે રકાબી તેની સામે ધરી નહિ, પરંતુ સાથે ચાલવા માંડયું. ચાલતાં ચાલતાં હાથ લંબાવી રકાબી તેની સામે ધરી. રાજકન્યાએ તરત પાછું વાળીને જોયું અને ગુસ્સે થઇ. તિરસ્કાર અને ગુસ્સાના આવેશથી તેનું ગોરું ગોળમટોળ માંસલ મુખ લાલચોળ થઇ ગયું અને એક ઝપટ મારી તેણે દાસીના હાથમાંની રકાબી ઉડાવી દીધી. રાજકન્યાના ક્રોધને લીધે દાસી તરત ત્યાંથી અદૃશ્ય થઇ ગઇ દિવાનખાનાની કયી બાજુએ અને કયાં થઇને કયાં ગઇ તે તેના જોવામાં આવ્યું નહિ. ગુલાબને હવે ચમત્કારિક અસર થઇ. બારીક નજરે તે પેલી રાજકન્યા શું કરે છે તે જોવા લાગી. તે ગુસ્સાથી આમ તેમ જોઇ દિવાનખાનાની વચ્ચે ઉભી રહી. વિફરેલી વાઘણ જેવી તે બહુજ ભયંકર દેખાવા માંડી. પાનની રકાબી તરફ જોઇ વળી વળીને તે ક્રોધના આવેશમાં અને આવેશમાં કંઇ બોલી, પરંતુ ગુલાબથી તે સમજાયું નહિ. તેણે આમ તેમ જોઈ કમ્મરમાંથી કટાર કાઢી અને ગુલાબના શરીર ઉપર ફરીને ઝણઝણી આવી. બીજી કોઈ સ્ત્રી હોત તો તેનાથી આ દેખાવ જોવાત નહિ, પણ ગુલાબ તો ઘણાં દુઃખ સુખ જોઈ ઉછરેલી હતી અને એક ઈશ્વરજ કરતા હરતા છે બીજા કોઇથી કંઇજ થઇ શકતું નથી એવી ખાતરી તેને પડેલાં સંકટોમાંથી પાર પડતાં થયેલી હતી તેથી હિમ્મતથી જોતી રહી.

રાજકન્યાનો ક્રોધ શોકમાં પરિણામ પામ્યો. તેની કાળી

રૂપાળી મોટી આંખોમાંથી આંસુ પડ્યાં, તેનું મુખ કરમાઇ ગયું અને તે દિવાનખાના વચ્ચે બેશી કટાર ભોંય ઉપર મૂકી ઇશ્વરસ્તુતિ કરવા લાગી. આંસુ વહેતી આંખ મીચી ન મીચી કરી ગંભીર થઇ હાથ જોડી બે ત્રણ વાર શરીર નમાવી ઇશ્વરને નમસ્કાર કરી તેણે પોતાનો હાથ કટાર તરફ લંબાવ્યો કે તરતજ આત્મઘાત કરવાનો તેનો મનસુબો ગુલાબ સમજી ગઇ. નાટકમાં જેમ માણસ ખરાખોટાની સમજ કોઇકવાર અદ્ભુતતામાં લીન થઈ ભૂલી જાય છે, તેમ ગુલાબ પણ આ અદ્ભુત દેખાવ જોઇ ભ્રાંતિમાં ખરા ખોટાનું ભાન ભૂલી ગઇ. એક જુવાન રાજકન્યા જેનો દેખાવ કોઇને પણ દયા ઉશકેરે એવો હતો તેને આત્મઘાતને માટે કટાર તરફ હાથ લંબાવતી જોતાંજ ગુલાબ બારણું ઉઘાડી દિવાનખાનામાં તેની તરફ દોડી ગઇ.

રાજકન્યા એકદમ ઉભી થઇ અને ‘ મને ન વારો, મારા માનસિક દુઃખનો પાર નથી, હું તમને મળીશ અને બધી હકીકત કહીશ, મને ન વારો. ’ એમ કહી એકદમ ત્યાંથી અદૃશ્ય થઈ. જાગતી આંખે અને શુદ્ધ ભાન-સમજણમાં જોયેલું સાંભળેલું અને સાક્ષાત્ અનુભવેલું આ બધું પોતાની આગળથી એકદમ અદૃશ્ય થતાંજ ‘ બાપરે આ શું ? ’ એવી ગુલાબથી અત્યંત ભયભરી બૂમ પડાઇ ગઇ અને કેશવચંદ્ર તથા ચંદુલાલ તેમના ઓરડામાંથી આવે ત્યાર પહેલાં તો ધબ દઇને ઉભેથી નીચે પડી બેભાન થઇ ગઇ.

એક તરફથી ચંદુલાલ અને બીજી તરફથી કેશવચંદ્ર અને નીચેથી માનસિંહ પહેરેગીર દિવાનખાનામાં દોડી આવ્યા. ચંદુલાલે નીચે બેશી તેનું માથું પોતાના ખોળામાં લઇ આંખો દબાવી અને ધોતરથી કપાળ ઉપરનો પસીનો લુછી નાખ્યો.

આમને તો ફીટ આવતી હોય, એવું હું જાણતો નથી, ચંદુભાઇ ! આજેજ ઓચિંતી ફીટ કેમ આવી ? કેશવચંદ્રે પૂછ્યું અને ચંદુલાલે ઉત્તર આપ્યો કે, ફીટ તો કદીએ આવી

નથી. આજ એ એમ કહેતી હતી કે, મને ઉંઘ નથી આવતી. રાતે જાગી હશે અને ચોપડી લેવા દિવાનખાનામાં આવતાં બીની હશે. માનસિંહ ! ઓશીકું લાવ.

માનસિંહે ઓશીકું આપ્યું તેની ઉપર ગુલાબનું માથું મૂકી ચંદુલાલ દવા લેવા ગયો અને કેશવચંદ્રે પાસે બેશી ધીરે ધીરે તેના મુખ ઉપર પવન નાખવા માંડયો.

ચંદુલાલ દવા લઇને આવ્યો નહિ ત્યાર પહેલાં તો ગુલાબને સંજ્ઞા આવી. આંખ ઉઘાડી જોતાં કેશવચંદ્રને પવન નાખતો જોઇ ખરેખરી ખબરદારીથી જાણે કંઇજ બન્યું ન હોય અને તંદુરસ્ત ઉંઘમાંથી જાગૃત થઇ હોય તેમ તે બોલી કે, ' શાલિગ્રામ પાસે મરી ચટાવ્યાં ? પોતે કયાં છે ? ' ગુલાબ તરત બેઠી થઇ. માનસિંહ દૂર ખશી ગયો અને કેશવચંદ્રે કહ્યું કે ' શા માટે બેઠાં થયાં. કંઇ ફીકર નહિ, શાંત થાઓ, અને જરા આરામ લ્યો. '

મને કંઇ થયું નથી, હું કંઈ માંદી નથી, કેશવચંદ્ર ! આપણે ન માનીએ એવી વસ્તુ મને આજ પ્રત્યક્ષ જોવામાં આવી તેના વિસ્મય અને મારા સાહસના ભયથી મને જરા ' શોક ' લાગ્યો તેથી આમ થયું, બાકી કંઇજ નથી. તમે પંખો રહેવા દ્યો. માનસિંહ જાઓ તમે નીચે, અહીં કંઇ કામ નથી. ગુલાબે ખરેખરી હોંશિયારીથી આ પ્રમાણે કહ્યું એટલે માનસિંહ વિચાર કરતો કરતો નીચે ગયો અને કેશવચંદ્રે ઉભા થઇ ચંદુલાલને હાંક મારી. દવાના પ્યાલા સાથે તે દિવાનખાનામાં આવ્યો એટલે ગુલાબે ઉભાં થઇ કહ્યું કે, મારે તો દવાબવા કંઇ પીવી નથી. મને કંઇજ થયું નથી, એ તો સહજ મન ઉપર એક જાતની ઓચિંતી અસર થઈ આવી હતી. હું પૂર્ણ હોંશિયાર અને તંદુરસ્ત છું. કેટલા વાગ્યા ? તે ખુરશી ઉપર બેઠી અને નાડી જોવાને તથા આશ્વાસન આપવાને તેનો હાથ કાંડા આગળથી પકડી ચંદુલાલ પણ તેની પાસેની ખુરશી ઉપર બેઠો.

પાંચ વાગ્યા, વહાણું વહયું છે, એમ કહી કેશવચંદ્ર પણ તે દંપતી સામે બેઠો અને બોલ્યો કે, તમને તો આવું કદી થતું નહિ અને ઓચિંતું આજ આમ કેમ થયું ? અહીં આવ્યા પછી કોઈ વાર આ પ્રમાણે જીવ ફર્યો હતો કે આજેજ ?

કદી નહિ, અને આજે પણ જીવ ફર્યો નથી તેમ મને કંઇ ફીટ કે હિસ્ટીરિયા જેવું થઇ આવ્યું હોય એમ પણ નથી. મને કુદરતી રીતેજ આજ અજંપો થઇ આવ્યાથી ઉંઘ આવી ન હતી અને તે બાદ અવનવો એક ચમત્કાર જોવામાં આવ્યો અને તે એકદમ અદશ્ય થયો તેથી હું ચમકી. એની અસરથી આમ થઇ આવ્યું, ગુલાબે ખુલાસો કર્યો.

પણ તમે દિવાનખાનામાં કેવી રીતે આવ્યાં ? ચંદુલાલે પૂછ્યું.

મારી મેળે દિવાનખાનામાં ચમત્કાર હતો તે જોવા અને ખાતરી કરવા આવી હતી. ખાતરી થઇ, અરે ખાતરી થઇ શું ? મારે અને તેને વાતચીત થઇ અને ઓચિંતું તે અદશ્ય થયું તેવોજ મને 'શોક' લાગ્યો. મારાથી પડી જવાયું. બીજું કંઇ પણ થયું નથી. હું તંદુરસ્ત છું. ગુલાબે આમ કહી તેમને ધીરજ આપી, પોતાનો હાથ પતિના હાથમાંથી ખેંચી લીધો.

તમે તંદુરસ્ત છો પણ લોહી તપી ગયું છે, નાડી બહુ ધબકારાથી ચાલે છે અને મન ઉશ્કેરાયેલું લાગે છે. અહીંના વહેમી લોકમાં આવતાં તમને પણ વહેમી અસર થઇ. સ્ત્રી સ્વભાવ તે આખરે સ્ત્રી સ્વભાવજ. સ્ત્રીઓને મોટા મોટા હક આપવા સામે જે વાંધો રજુ કરવામાં આવે છે તે ખરો છે. સ્ત્રીઓ ગમે તેટલી કેળવાયેલી અને બાહોશ હોય તોપણ તેઓ આસપાસના વાતાવરણથી રંગાઇ જાય છે અને લાગણીઓને કાબુમાં રાખી શકતી નથી. પુરુષમાં જે બળ છે તે તેના મક્કમ સ્વભાવના નિશ્ચયનું છે. સારી કિંવા ખોટી કોઇ પણ પરિસ્થિતિમાં પુરુષ રંગાઇ જતો નથી અને આસપાસની

અમે તેવી હાલત પણ તેની લાગણીઓને એકદમ ઉશ્કેરી શકતી નથી. તમને આ થયું તે પણ કુદરતી છે અને તે તમારા સ્ત્રીસ્વભાવને ખુલ્લો કરી આપે છે. ચંદુલાલે આમ કહી ગુલાબની વાતને હશીં કાઢી એટલુંજ નહિ પરંતુ કેશવચંદ્રે પણ કહ્યું કે, લાંબી રાત સુધી ઉંઘ નહિ આવવાને લીધે અને શાંત રાત્રિના વખતમાં એક પછી એક વિચારો આવતા રહેવાને લીધે તમારું મન અને આંખો વગેરે થાકી જવાથી તમને ભ્રમ થયો હશે. ઉજાગરાથી એવું થાય છે, વહેમાવું નહિ. જો વહેમાશો તો પછી વહેમ વધતો જશે. મન કાયર થઇ ગયેલું હોય અને ઉજાગરાને લીધે આંખોએ લીલાં પીળાં વળતાં હોય ત્યારે અવનવા દેખાવ દેખાય, એ શું તમે નથી જાણતાં? અજ્ઞાન અને ગામડિયા લોકના જેવી તમે વાત કરો અને માનો, તે અમારાથી કેમ કબુલ થાય?

કેશવચંદ્ર! તમે પણ એમની ગાડીએ બેશી જાઓ છો? મારા વિચાર કેવા છે, તે તમે કે એ શું નથી જાણતા? પુરુષના કરતાં પણ વધારે ધીરજ અને તપાસ કરવાના મક્કમ ઠરાવથી ખરેખરી જાગૃતાવસ્થામાં મેં સાહસ કરી અનુભવ લીધો અને તે ખરેખર ખરો પડયો. મોહનભાઇએ મને ઇસારો કર્યો ત્યારે તમારીજ માફક મેં એમને હશી કાઢયા હતા મેં સુતે સુતે દિવાનખાનાનો સણસણાટ સાંભળ્યો. હું ઉઠી બારીની તરડમાંથી મેં કેટલીકવાર સુધી એક જુવાન સ્ત્રીને દિવાનખાનામાં ફરતી જોઇ, બીજી સ્ત્રીએ આવી તેને પાન આપવાનું કર્યું ને તે ગુસ્સે થઇ. તેણે પાનની રકાબી ઉડાવી દીધી અને પેલી સ્ત્રી અલોપ થઇ ગઈ. તે પછી કેટલી વારે હું બારણું ઉઘાડી દિવાનખાનામાં ગઇ. તેણે સામે મોઢે મારી સાથે વાત કરી અને આ બધું તમે સ્વપ્નમાં બન્યું હશે એમ કહી મને ખોટી વહેમી કે ભ્રમિત કહો તે કેમ બને? ગજરાબાના ભાઇને તો મૂળથી એવી ટેવજ છે કે, હું કહું તે માનવુંજ નહિ, અને મારી

વાતને માલ વગરની ગણી ઉડાવી દેવી, પરંતુ તમેમ મારી વાતને વહેમ કે ભ્રમ કહો છો, એ શું ?

હું તમારી વાત સાંભળું અને માનું તો જગતમાં ઘેલો ન કહેવાઉં ? તમને સ્વપ્ન આવ્યું તેમાં તમે એ બધું દીઠું અનુભવ્યું અને તેના જોરમાં ઉઠીને બારણું ઉઘાડી દિવાન ખાનામાં ગયાં, ત્યાં ઉંઘ ઉડી જઇ જાગ્રત થયાં અને પડી ગયાં. ઘણુંએ માણુસ ઉંઘમાં ઉઠીને હિંડવા માંડે છે અને કેટલુંક હિંડયા પછી જાગ્રત થાય છે. સ્વપ્નના બનાવોમા એક-તાર થઈ ગયેલું મન ઘણીએ વાર સંજ્ઞા પ્રાપ્ત થયા છતાં પણ પોતે સ્વપ્નના બનાવને ચિંતે છે અને તેની અસર નાચે હોય એમ માને છે. તમને સ્વપ્નની ભારે અસર થયેલી હોવાથી તમે જાગૃત થયા છતાં પણ હજી તમને બધું સ્વપ્નવત લાગે છે. કેટલોક વખત જશે અને બીજા કામકાજમાં પડશો ત્યારે એ વાત ભૂલી જવાશે અને તે સ્વપ્ન હતું, એમ તમે તમારી મેળેજ કબુલ કરશો. ચાલો હવે સવાર થયું છે. નોકરને બોલાવી ચા અગર કોફી કરાવો. તે પીશો એટલે હોંશિયારી આવશે. ઉંઘ નહિ આવવાથી કેટલીક વાર માણુસ ગાંડું થઇ જાય છે, સમજ્યાં. બેઉ જણે આમ કહી ગુલાબનું આશ્વાસન કરી વાતને ઉડાવી દીધી.

પ્રકરણ ૨૨ મું.

ગુલાબનો અનુભવ.

પેલા બનાવમાં કંઇક કાવતરું તો હશે, મને શક પડયો હતો અને સાહેબને પણ નનામી ચિઠ્ઠી કોઇએ લખી હતી. હું મારા પ્રથમ રિપોર્ટને વળગી રહ્યો તેથી એ બધી

બાબત પતી ગઈ. હવે હું તમને પૂછુછું કે, શું તમને એ બાબત કંઈ વહેમ પડયો હતો ? શા માટે તમે જનાનાનાં કારસ્તાનો માટે તે દિવસે એટલું બધું લાગણીથી બોલત હતાં ? ચંદુલાલે એકાંતમાં બીજી કેટલીક વાતો કર્યા પછી ગુલાબને આ પ્રમાણે સવાલ કર્યો.

હું જ્યારથી દેવરાણીને મળી ત્યારથીજ તેની સામે મોટી રાણીનો કટ્ટો વેરભાવ પામી ગઈ હતી. મોટી રાણી ઉપર ઉપરથી સગી બેનના કરતાં પણ વધારે ભાવ દેખાડતાં હતાં પરંતુ તેની તરફની ખવાસણો અને દાસીઓનાં વર્તનથી મને શક પડયો હતો. દેવરાણી પણ બિચારી મને કહેતી હતી કે, તેને ગર્ભ છે એવું જાણવામાં આવ્યા પછી તેઓનાં મુખ પડી ગયાં છે અને મને એમનો ભય રહે છે. એના કુંવરનાં માન ઉતરે અને દેવરાણીને કુંવર થાય અને તે સારો નીવડે તો રાજાજી કે સરકાર તેને પસંદ કરે અને મોટીનો કુંવર રખડી પડે, એવા ભયથી તેઓ મારી સામે કંઇ અભિચાર કરે તો મારો જીવ જાય. હું કહેતી કે, તમે ખાલી ભય રાખો છો ? કોઇના અભિચાર ચાલતા નથી, અને ઝેર દેવું તે કંઇ સહેલું કામ નથી. મારાં આવાં આશ્વાસનને તે હશી કાઢતાં અને કહેતાં કે, જનાનાની રાણીઓ, ખવાસણો અને દાસીઓ એવા કાળા હૃદયની રાક્ષસીઓ હોય છે કે તમારાથી તેમના મનનો પારજ પમાય નહિ. અસ્તુ, દેવરાણીને કસુવાવડ જેવું થયું તે શું કુદરતી હતું, એમ તમે કહોછો ? મંત્ર તંત્રનો અભિચાર નહિ પણ કોઇક વિચિત્ર વિષપ્રયોગનો તે પરિણામ હતો એમ મને મોટી રાણીની અને તેની દાસીઓની રીતભાત ઉપરથી આપણે ત્યાં ગયાં કે તરત સમજાઇ ગયું હતું. એ લોકો કેવા ભયંકર અને કારી વિષપ્રયોગો કરે છે કે જે આપણાથી સમજાય નહિ. એ લોકના કાવતરાથીજ દેવરાણીને કસુવાવડ થઇ હતી અને ક્ષણે ક્ષણ તેઓ તેના મરણની રાહ જોતાં હતાં.

રખેને કોઇ દવા લાગુ થાય અને તે બચે, એવો તેમને ભય રહેતો. મોટી રાણીને અંતરમાં હસતી અને આંખોએ રડતી જોઇ મને એટલું બધું આશ્ચર્ય લાગતું હતું કે, અરેરે ! આ હૃદયો કોણે ઘડયાં હશે. હું થોડીવાર સુતી પણ ઉંઘ આવી નહિ અને મેં જોડેના ખંડમાં વડારણોને કંઇ કાવતરાની મતલબની વાતો કરતાં સાંભળી. મારૂં મન એ ખટપટ અને ભયંકર કાવતરાથી ઉશ્કેરાઈ ગયું હતુ. મને આવા જનાનાઓ ઉપર હવે કદી પણ વિશ્વાસ આવશે નહિ. શું તમને કંઇજ શક પડયો ન હતો ?

પ્રથમ તો મને શક પડયો ન હતો, પરંતુ છેવટનાં કેટલાંક ચિહ્નો ઉપરથી અને રાજાના શક પડતા ઉદ્‌ગારથી મને વહેમ ગયો હતો. સાહેબ અને રાજા વચ્ચે પણ એવીજ કંઇ વાત થઇ હતી, એવું પાછળથી સાંભળવામાં આવ્યું, પણ મેં ખાતરી આપી તે પછી સાહેબને કશો વહેમ રહ્યો ન હતો, અને તે દિવસ પછી મારા સાંભળવામાં કંઇ આવ્યું પણ નથી. તમે એકાદ બે વાર તે પછી રાણીવાસમાં જઇ આવ્યાં ત્યાં તમારા સાંભળવામાં કંઇ આવ્યું છે ?

ના, મને તેઓ દેવરાણીના પક્ષની સમજી ગયેલાં હોવાથી મારે કાને આવે એવું કંઇ પણ બોલતાં નથી. દેવરાણી તરફનાં માણસોએ દગો થયો એવા ઉદ્‌ગાર સાથે ખરખરો કર્યો હતો. આવા સ્થાનમાં રહેવું જોખમ ભરેલું તો ખરૂંને ? આપણે પણ તેમની ઇતરાજીમાં આવ્યાં હોઇએ તો હસતાં હસતાંમાં મારી નાખે કે નહિ ? પાદશાહો હસતે મોઢે કાતેલ ઝેરની પાનબીડીઓ આપતા એમ વાંચેલું તે અહીં મેં જાતે જોયું. હું તો ત્યાંનાં પાનબાન ખાતીજ નથી. આપણે માટે તો મુંબાઇજ સારૂં. જે લોક કુટિલ હોય તેમને અહીં ફાવે ! આપણા જેવાં સિદ્ધે રસ્તે કામ કરનાર અને જેવું દેખીએ તેવું માનનારનું અહીં કામ નહિ. આ લોકો તો જોતજોતામાં જીવ લઇ લે.

ગુલાબે દરબારી નોકરી અને દરબારી મુલકમાં રહેવા સામે પોતાનો સખત અણગમો બતાવ્યો.

ચંદુલાલને દરબારી ખટપટનો અનુભવ થયો ન હતો, તેમ જનાનાઓમાં કેવાં કાળાંધોળાં અને ભયંકર કાવતરાં થાય છે તથા તેની અંદરનાં માણસો કેવાં ઝેરી હોય છે તે પણ તેણે જાણ્યું ન હતું; પણ ગુલાબ સાધારણ રીતે ચંચળ અને ઝીણી નજરની સ્ત્રી હોવાથી તે બધું સમજી ગઈ હતી. ચંદુલાલે પોતાને અનુભવ નહિ હોવાથી જણાવ્યું કે, તમે સહેજ વાતમાં વહેમ ખાઈ જાઓ એવાં છો; અને જેમાં વહેમ પડયો તેમાં અતેરું દેખાયા કરે એ વળી સ્વાભાવિક છે. મને કોઇ ખટપટી કે કાવા દાવા કરતું લાગતું નથી. ખોટા ખોટા વહેમ લઇને કુતર્ક કરીએ તો ક્યાંહી રહેવાય નહિ. હમેશ ચોક્ખી નજરે જોવું અને ચોક્ખા હૃદયનાં રહેવું.

ગુલાબ હવે ચીઢાઇ ગઈ અને બોલી કે, ભલે, તમે સરલ હૃદયના હો, પણ બીજી કોઇ વાત જાણોછો? હું સ્ત્રી જાત છું પણ મોહનભાઇ હોત તો તમને ખાતરી કરાવત કે આપણી સામે કેવું કાવતરું થયું હતું અને તે કેવા ડરી ગયા હતા.

'આપણી સામે કાવતરું' આ તું શું બોલે છે? મને તો લાગે છે કે મુંબાઇમાં હતી તે તું નહિ. દરબારી ખટપટ કાવતરાં અને ભૂત પ્રેત વગેરે બાબતો અહીંજ હું તને બોલતી સાંભળું છું. હશે, કહે તો ખરી કે આપણી સામે શું કાવતરું થયું હતું અને તમે બે જણે તેને કેવી રીતે ઉડાવી દીધું?

તે દિવસે દરબારમાંથી તમે અમારી ઉપર કંઇ ચિઠ્ઠી લખી હતી?

નહિ?

યાદ કરો યાદ. તમારા હસ્તાક્ષર મેં અને મોહનભાઇએ બેઉએ ઓળખ્યા હતા?

ચંદુલાલ યાદ કરી બોલ્યો કે હા, હા, ચિઠ્ઠી લખી હતી પણ મેંજ તે પાછી ફાડી નાંખી હતી.

પરબીડિયું ફાડી નાંખ્યું હતું. ?

ના, તે કદાપિ રહી ગયું હશે. મેં તેની ઉપર મોહનનું સરનામું કર્યું હતું.

ત્યારે એજ.

પણ તેનું શું ? પરબીડિયું કોઇએ કદાપિ તમારી ઉપર મોકલી આપ્યું હોય; એવી ભૂલ થાય એ સ્વાભાવિક છે. ઘણીએ વાર ટપાલમાં એવા ખાલી પત્ર આવે છે.

ના, પરબીડિયું ખાલી ન હતું. તે બીડેલું અને તેની અંદર છળ હતું. મોહનભાઇના હાંજા તે જોઇ ગડગડી ગયા હતા.

એવું શું હતું અને આજ સુધી કેમ કંઇ બોલ્યાં નહિ ?

મોહનભાઇની પાસેથી લઇ મેં તે ઠેકાણે કર્યું. તેઓ પછી ભૂલી ગયા અને મેં તમને કે એમને કશું જણાવ્યુંજ નહિ.

હશે, હવે મને કહો. તમારો અનુભવ મને એટલું નવું શીખવાડશે. મારા હસ્તાક્ષરનું પરબીડિયું બીજી વસ્તુ સાથે તમને મળે એ તો અલબત કાવતરા જેવું કહેવાય.

એક માણસ તમારા હસ્તાક્ષરે સરનામું કરેલો કાગળ તે દિવસે અહીં લઇ આવ્યો અને મોહનભાઇએ તે ફોડીને જોયું તો તેમાંથી પાંચ પાંચ હજારની બે ચલણી નોટો નીકળી.

ચંદુલાલ—અજબ ! એ તો ભયંકર કાવતરું ! એથી તો મોટી મુશ્કેલી ઉભી થાય. વારું પછી શું થયું ?

શું થાય, મોહનભાઇએ કહ્યું કે બાળી મૂકો.

તેમ કર્યુંને ? ઠીક, મોહન પહોંચેલો તો ખરો. ચંદુલાલ તેનાં વખાણ કરી મગરબી લીધી.

ના, ના, એમ શા માટે કરે ?

ત્યારે શું રાખી મૂકી ? અને તે ક્યાં છે ?

ગુલાબે કહ્યું કે, જો રાખી મૂકી હોત અને અહીં હોત તો તો અલબત મુસીબતમાંજ આવી પડત; પરંતુ મેં પહેલેથી વિચાર કરી તે મુંબાઇ મોંઘીબેન ઉપર મોકલાવી દીધી. મોકલતાં મેં લખ્યું હતું કે તેની બધી બાજુએ કોરું કંકુ લગાડી જોજો. મોંઘીએ તેમ કર્યું હતું અને તે લખે છે કે બેઉની પાછળ કંકુ લગાડતાં આપણને આપી, એવું વંચાયું હતું. તેણે ભિંના કપડાથી લુછી લુછી તે કાઢી નાંખ્યું અને પછી ઠેકાણે કરી. કહો તમે મોટા પગારદાર કે હું ? તમે ક્યારે એટલું એકઠું કરવાના !

એ તો ખોટું !

ગુલાબ–ખોટું ખોટું કંઇ નહિ. જેણે તે મોકલી તેણે આપણને ફસાવા મોકલી કે અમસ્થી ?

કંકુ લગાડ્યા જેટલાં દૂર નજર પહોચાડી પણ બહુ ખુલી નંબરની બાબત યાદ રહી નહિ ? એવી મોટી નોટના નંબર ગમે ત્યાં પણ ચોપડે નોંધાયા વગર નહિ રહ્યા હોય અને તે કોઇની પણ ચોરી ખુલ્લી કરી આપશે.

કોઇની ચોરી ? આપણને શું છે ? અને તેમ છતાં હું તે બાબત ભૂલી ગઇ નથી. એની પણ મેં પેરવી કરી છે. એ નોટો કોણે મોકલી કેમ આવી અને શું થયું તેની તપાસ કરતાં મને બધું જણાયું છે. દગા કીસિકા સગા નહિ, તેમ તેને થયું છે. જો તે માણસના હાથમાં બાજી રહી હોત તો ક્યારનીએ તજવીજ થઇ હોત, પરંતુ તેની આંખોમાં ધૂળ પડી છે.

જનાનખાનાને તમે નિંદો છો પણ તેમાંથી તમને કેવો અનુભવ થયો, તે વિચારી જુઓ. અનુભવ ને લાભ બેઉ.

માણસનો જીવે જાય અને લાભે થાય, જનાનખાનામાં

કાવતરાં એક તરેહનાં નહિ પણ તરેહ તરેહવારનાં ચાલે છે. એ બધો અનુભવ મને થઇ ગયો. કાવાબાજ માણસોમાં અને જોખમ ભરેલા સ્થાનમાં હવે મારે રહેવું નથી. કોઇ પ્રસંગ આવે કે રાજીનામું આપી દો. ઘેર બેઠે ધંધો થાય એવી બાપાજીએ તમને શિખામણ દીધી છે તો પછી ગુલામગીરી જેવી નોકરી શા માટે કરો છો ?

સેવાધર્મ શીખવા માટે, ચંદુલાલે ઉત્તર આપ્યો.

સેવાને હું એકેક તરેહના ધર્મમાં ગણતી નથી. પરમેશ્વરની પણ સેવા સારી નહિ. જુઓને શાપિત વિષ્ણુના પાર્ષદોએ સેવા પસંદ કરી હતી કે વેરભાવ ? સેવા કરનાર કદી પોતાના સેવ્ય માટે સંતોષ બતાવતો નથી અને સેવ્ય, સેવક ગમે તેટલી સેવા કરે તોપણ તેનાથી પ્રસન્ન થતો નથી. કયો નોકર શેઠથી સંતોષ પામ્યો અને કયા શેઠે નોકરની કદર કરી, તે બતાવો ? હું તો જે ને તે નોકરને કળકળતા અને શેઠોને માટે બડબડતા સાંભળું છું. આપણા ધર્મમાં તો સેવાને શ્વાવૃત્તિ કહી તેનાથી દૂર રહેવાનુંજ કહેલું છે.

તમે સ્વાર્થ સરી ગયો સમજીને તો આમ બોલતાં નથી ? જો એટલામાં સ્વાર્થ સરી ગયો માનતાં હો તો ભૂલ થાય છે ? બાંધ્યાં પાણી સાગરનાંય ખૂટે છે અને વહેતાં પાણીનાં ઝરણાં હમેશ લીલાં રહે છે માટે વહેતાં પાણી અને ચાલુ કમાણી હોય તેજ મોટા ભંડાર કરતાં સારી. ચાલુ પૈસો ટકો મળે અને ચાલુ ઉદ્યોગ રહે એના જેવું બીજું શું ? બેઠે બેઠે ખાતાં તો ભંડારે ખૂટી જાય અને નવરા બેઠાથી મન અને શરીર ખરાબ થઇ જાય. અમે પુરુષો તો ઉદ્યોગ પર હોઇએ તેજ સારું.

પુરુષોજ નહિ પણ સ્ત્રીઓએ પણ ઉદ્યોગી રહેવું, એ તો મારો સિદ્ધાંત છે, પરંતુ કનિષ્ઠ નોકરીમાં ઉદ્યોગ જેવું શું છે ? એ તો બીજી રીતે બેસી રહ્યા જેવું છે, કારણ કે તેમાં નોકરીન

માનસિક અને શારીરિક હિલચાલ પરસ્વાધીન રહે છે. હશે, આપની આગળ એનો હું લાંબો વાદવિવાદ કરવા માગતી નથી પણ મારો એવો વિચાર છે કે, આ પ્રપંચી પ્રદેશને જેમ બને તેમ વહેલો છોડવો. મેં તો મોહનભાઇને પણ મારો અભિપ્રાય જણાવ્યો છે.

તમને અનુભવ થયો પણ મને થયો નથી ત્યાં સુધી હું શા માટે નોકરી છોડું ? મને સારો અનુભવ થયો છે તમને કદાપિ નઠારો થયો તો શું. તમારું અરધાંગ છું એટલે મારા અનુભવને તમે તમારો માની લઇને મારું કહ્યું કેમ ન કરો. ગુલાબ ઉભી થઇ અને બોલી કે, જુઓ દિવાનખાનામાં કોઇ આવ્યું લાગે છે.

આ બધું તેણે સાંભળ્યું હશે તો ?

તો વળી પંચાતી. ગુલાબ આગળ વધી કેશવચંદ્રની ઓરડી તરફ ગઇ અને ચંદુલાલ દિવાનખાનામાં ગયો.

પ્રકરણ ૨૩ મું.

લગ્નની તૈયારી.

ગુલાબે પૂછ્યું કે, આજ તો તમારા બે ત્રણ કાગળો આવ્યા છે કેશવચંદ્ર ! મુંબાઇ તરફના કંઇ સમાચાર છે કે નહિ ?

મુંબાઇ તરફના સમાચાર તમને પ્રવાસ કરાવે એવા છે. ચંદુભાઇ ઉપર આજ કાગળ હશે અને તમે જાણીને મને પૂછતાં હો એમ લાગે છે. આજ કાલમાં તમારું ઘર ખંભાત જનાર છે. મારા મિત્રો તરફના કાગળોમાં રસિકલાલનો કાગળ છે તેમાં પણ એજ સમાચાર છે. ત્રીજો કાગળ મારા ઘર તરફથી આવેલો છે તે મને જેમ બને તેમ જલદી ઘેર

બોલાવે છે, આટલાજ સમાચાર છે એથી કંઇ વિશેષ હોય તો કહો ? કેશવચંદ્રે પોતાના કાગળોનો સાર કહીને વધારે જાણવાની ઇચ્છાથી સામો પ્રશ્ન કર્યો.

એમનો કાગળ મેં ફોડયો નથી, એ આવશે ત્યારે વાંચશે. તમારા કાગળોમાંનો એક કાગળ ગજરાબાનો લખેલો છે, તે જાણીને મેં આટલું પૂછ્યું. મારાં વડસાસુનો વિચાર જેમ બને તેમ જલદી લગ્ન કરી નાખવાનો છે એટલે અલબત, તેઓ ખંભાત જવાનાં હશે અને તેઓ જશે તો તો મને પણ જલદી ત્યાંજ બોલાવશે. આ થોડો વખત અહીં એકલા ચલાવી લેશો. શું કરીએ હું મહીનો વહેલી જઇશ. લગ્ન પહેલાં હું મુંબાઈ ગઇ હોત તો ઠીક, પણ હવે તો તેમ બનશે નહિ. દાદીમા બહુજ ઉતાવળાં થઇ ગયાં છે એટલે સસરાજી શું કરે ?

બહુ ઉતાવળ કરે છે, એ તો તમારું કહેવું ખરું છે. મારા પિતાજીએ આંમાં શું કરવું ને શું નહિ ? તેનો બધો ભાર મારી ઉપર નાખી દીધો છે અને મને રસિકલાલ અને ચંદ્રાભાભી વગર કોઇ સલાહ અને સહાય આપનાર નથી, મારો વિચાર જો બને તો એકાદ દિવસ મુંબાઈ જઇ આવવાનો છે, કારણ કે, રસિકને અમદાવાદ તેડી લાવ્યા વગર મારાથી કંઇ થઇ શકશે નહિ. આપણા લોકના રિવાજો અને રીતભાતો હોય તે તો કરવા જોઇએને ?

ગુલાબ બડી ચતુર સ્ત્રી હતી. તે આટલામાં બધું સમજી ગઇ અને બોલી કે, કેશવચંદ્ર ! રીતરિવાજ તો કરવા પડે, પણ સૌ સૌના ગજા પ્રમાણે થાય, એમાં કંઇ ખાસ તણાઇને કરવા જેવું ન હોય ? એક કુટુંબ માતબર હોય અને એક સાધારણ સ્થિતિનું હોય; એવું ઠેક ઠેકાણે આપણે જોઇએ છીએ. તમે જે રીતરિવાજ કરશો તેના કરતાં બમણો અને તમણો બદલો મળી રહેશે. મારાં સાસુ બહુ હોંશીલાં છે તે તમે ક્યાં

નથી જાણતા, પણ અલબત તમારે તમારી શોભા અને ઘર પ્રમાણે કરવું જોઇશે. રસિકલાલનું જે કામ હોય તે મને કહેજો, હું મારાથી બનશે તેટલી તમને સહાય કરીશ, અને તે મારી પાસેથી નહિ પરંતુ મારી મોટી બેનને ત્યાંથી બારોબાર તેમ કરાવીશ, એવી તેવી કશી ચિંતા રાખશો નહિ. કેશવચંદ્રનું હૃદય વાંચી ગુલાબે ખુલાસો કર્યો, પરંતુ કેશવચંદ્ર એવો અણસમજુ ન હતો કે જે સાળાની વહુની આ કાર્યમાં મદદ લે. તેણે તરતજ જવાબ આપ્યો કે, ના ના, એવી કશી ચિંતા મારા મનમાં નથી. પૈસોટકો અને ઘરેણુંગાંઠું જે કંઇ જોઇશે તે રસિકભાઇને ત્યાંથી મારે લેવાનાં છે અને બધી ગોઠવણ અમદાવાદમાં રસિકભાઇનાં બા તરફથીજ થવાની છે; એમાં તો કંઇ ચિંતા જેવું નથી. આ કાર્ય બધું એ લોકોજ કરવાનાં છે; પણ મારે તેમને તમારા તરફથી થતી ઉતાવળિયા ગોઠવણ જણાવવી જોઇએ.

એ તો મારાં ગજરાબાએ ચંદાગૌરીને ક્યારનીએ જણાવી હશે અને ચંદાગૌરીને તમારે કશું કહેવું પડશે નહિ? એ એવાં ખબડદાર છે કે અમને ટકોર મારે, એવી ગોઠવણ મુંબાઇથીજ કરતાં આવશે. એ ખંભાત આવશે કે નહિ?

શા માટે નહિ? એમનેજ તમારે વહેવાઇ તરીકેનું માન અને સત્કાર આપવાનાં છે બીજાને નહિ. તમારી તરફ જેવાં તમે છો તેવાંજ અમારી તરફનાં ચંદાભાભી છે—મારા કુટુંબમાં બીજું કોઇ એવું માણસ નથી કે જે મારા તરફની આટલી લાગણી અને આટલો ઉત્સાહ ધરાવતું હોય. મારા પિતાજી વૃદ્ધ છે અને મારાં ભાઇ બેન મારાથી નાનાં છે. અમારા બીજા પિતરાઇ કુટુંબીઓ જાતે આવશે પરંતુ રસિકલાલ અને અમદાવાદના મારા બીજા મિત્રોજ જાનના સંભાવિતોમાં ગણાશે. તમારી સુધરેલી અને ધનાઢ્ય દિલચાલો ઝીલવાને યોગ્ય માણસો એ લોકોજ રહેશે. મારી તરફથી બધું કાર્ય

મુંદ્રાભાભીને સોંપવાનો મારો વિચાર છે કારણ કે, મને ખબર મળ્યા છે તે પ્રમાણે તમારાં સાસુ પોતાનું બધું કામ તમને સોંપવાનાં છે, એટલે મુંબાઇની શેઠાણીની સામે શેઠાણી હોય તોજ શોભે. કેશવચંદ્રે હસીને મજાક કરી.

ગુલાબ આ વચનો સાંભળી મનમાં ફુલાઇ. તે બોલી કે, ગજરાબાએ તમને બધું લખ્યું હશે. હું જાણું તો. સાસુજી મને આગળથી કહેતાંજ હતાં કે, ગજરીને તમારે પરણાવવાની છે. દાદીમાને એની બહુજ હોંશ છે અને આ ઉતાવળ કરાવે છે તે પણ એજ. મારે હાથે આવો સારો અવસર આવે છે તે ઈશ્વર શોભાવો અને તેને સુભાગી બનાવો, એજ મારી અંતઃકરણની આશિષ છે. કેશવચંદ્ર! આપણા હિંદુ લોકોના સંસાર દુઃખિયા છે અને કલેશ કંકાસને લીધે ડમાઇ ગયેલાં આપણાં ઘરો વન જેવાં થઇ ગયાં છે. નવો સુધારો અને નવા વિચારો તેમ સ્નેહ, આનંદ અને સૌભાગ્ય વધે એવુંજ હવે આપણે ઇચ્છવું જોઇએ. જ્યારે આપણાં ઘરો આનંદથી પરિપૂર્ણ થશે ત્યારેજ તેમાંથી આનંદી અને સુખી પ્રજા ઉત્પન્ન થશે. લગ્ન વિવાહના અવસરો જે સારામાં સારા અવસરો કહેવાય, તેમાં પણ આપણા લોકો ઝઘડા અને કલેશ કરે છે અને સુખ સ્નેહને ઠેકાણે દુઃખ અને કલેશથી શુભ આનંદી અવસરને હીણો બનાવે છે, એવા વિચારો અને દુઃખકર રીતરિવાજો જાય અને બધું આનંદી અને સ્નેહાળ દાખલ થાય, એવો સારો દહાડો આ નવીન વિદ્યા આપણને દેખાડો.

કેશવચંદ્ર બોલ્યો કે, તમારા આવા સારા વિચારો સાંભળી મને બહુ આનંદ થાય છે. આપણા દેશમાં ગમે તે કારણ હો, પરંતુ એ તો આપણે ઠામે ઠામ જોઇએ છીએ કે, કોઇકજ જુગતે જોડું બંધાયેલું હોય છે. એક ઠેકાણે કન્યા સારી તો વર ખોટો, અને બીજે ઠેકાણે વર સારો તો કન્યા નઠારી; વળી ત્રીજે ઠેકાણે જોઇએ તો ઘરનાં માણસો નઠારાં અને રાત્રિ

દિવસનો ક્લેશ કંકાસ ! બધી રીતે સરખી લાયકાતવાળાં કુટુંબો અને સરખી લાયકાતવાળાં વરકન્યા એક બીજા ઉપર સ્નેહ સહિત જોડાય તો તેમાંથી સુખનો ઉદય થાય. એક ઝીણા માણસે કહ્યું છે કે બીજે કહીંજ નહિ પરંતુ આલોકમાંજ સ્વર્ગ અને નરક બેઉ છે. જ્યાં કલેશ કંકાસ અને અણબનાવના રડાકુટા છે તે ઘર નરકજ જાણવું. જ્યાં આનંદ રેલે છે તે સ્વર્ગ છે. મનુ ભગવાને કહ્યું છે કે, જ્યાં સ્ત્રીઓને માનપાન છે ત્યાં દેવતાઓ રમે છે. આવાં ઘર આપણા હિંદુ સંસારમાં ક્યાં છે ?

ગુલાબ—અલબત, નથી. પણ નહિ, કેશવચંદ્ર ! મુંબાઇમાં રહેતાં કેટલાંક કુટુંબો કે જેમાં આજની વિદ્યાનો સારો પ્રચાર છે તે તમે સુખી જોયાં નથી ? હું માનું છું કે, હાલની કેળવણી એવો સુભાગી દિવસ આપણને નહિ તો આપણાં છોકરાંને અવશ્ય દેખાડશેજ. મનુષ્યના મનનો મેલ કાપવામાં જ્ઞાનના જેવો બીજો કોઇ સારો સાબુ નથી. એનો પ્રચાર થવા માંડયો છે એટલે કલેશ કંકાસો અને કુટિલ સાંસારિક કાવાદાવા અને ઝઘડાઓનો નાશ થશે. ઘરડાંઓ હવે આગળની માફક આંખો મીચીને વરકન્યાના સંબંધ બાંધતા નથી. અમારા ઘરમાં હું એવું જોઉં છું. અમને આનંદ માણતાં જોઇ મારાં વડસાસુ સાસુ અને ગજરાબા ખુશી થતાંજ મેં હમેશ જોયાં છે. અમે બેજણ પણ અમારામાં અન્યોન્ય એકતાર છીએ અને મારાં નણંદે તમારી સાથે જોડાઇ અમારી માફક આનંદ આનંદ કરો, એ જોવાને અમે આતુર છીએ. તમે ક્યારે તમારે ગામ જઇ રહેવાના છો કે, ગજરાબાને અણગમો થાય અથવા તમારાં બા અને બેનોનાં વચનથી કે વર્તનથી તેમના આનંદમાં ખતરો પડે. તમો પણ અમારી માફક સુખી અને આનંદી જીવન ગાળશો અને ઈશ્વર તમારા ઘરને સ્વર્ગ તુલ્ય બનાવશે.

આ પ્રમાણે ગુલાબ અને કેશવચંદ્ર હિંદુસંસારને સ્વર્ગરૂપ થયેલો જોવાની વાતો કરતાં હતાં એટલામાં માનસિંહે ઉપર આવીને કહ્યું કે, કેશવચંદ્રભાઇ! ડાકતરસાહેબ તમોને ફરવા જવાને માટે બોલાવે છે. તેઓ દરબારમાં છે અને આપને ત્યાં તેડી જવાને એક માણસ અહીં આવેલો છે. કેશવચંદ્ર ખુરશી ઉપરથી ઉઠયો અને પોતાની ઓરડીમાં જઇ કોટપાટલુન પહેરી તયાર થઇ આવ્યો. ગુલાબે કહ્યું કે, કેશવચંદ્ર! મોહનભાઇ તો દરબારને મળ્યા વગર ગયા, પરંતુ તમને તો એમણે દરબારનો પરિચય પડાવ્યો. તમને રાજાજી કેવા લાગે છે?

તમારા દરબાર હું ધારતો હતો તેવા જુના જમાનાના દરબાર નથી. એમને સારા સંસ્કાર થયેલા લાગે છે. સ્વભાવ પણ આનંદી છે. એક સામાન્ય માણસ સાથે પણ હસીને વાત કરે છે અને સૌને સાંભળે છે. રાજામાં જે મુખ્ય ગુણ હોવા જોઇએ તે એમનામાં છે.

અરે! એમનાં નવી રાણી, જે હમણાં થોડા દિવસ ઉપરજ મરી ગયાં, તે તો એવાં સારાં રજપુતાણી હતાં કે, હું તેમના સ્વભાવને વશજ થઇ ગઇ હતી. જાઓ, બહુ મોડું કરશો નહિ. રાજાજી જ્યારે ગામ બહાર બાગમાં ફરવા જાય છે ત્યારે બહુ મોડું કરે છે. તમે ને એ બહુ ખોટી થતા નહિ. સંધ્યાકાળ સોરા રજા લઇને આવતા રહેજો. ગુલાબ દાદર સુધી આમ કહેતી કહેતી ગઇ. કેશવચંદ્ર પેલા માણસ સાથે ફરવા ગયો ત્યાર પછી રસોઇઆને વરધી આપી દિવાન-ખાનામાં ઘરગતુ કામ લઇ બેઠી.

સાસુ સસરા અને ગજરાબા સૌ ભાગ્યશાળી તો ખરાં, ગુલાબ મનમાં બોલી, ભાગ્યશાળી તો ખરાં કે, આવો રૂપાળો ને ભણેલો ગણેલો વર મળ્યો કયાંહી ઠેકાણુંએ ન હતું, ત્યાં કયાંથી જડી આવ્યો. ખરું છે કે ભાગ્યશાળીને ભૂત રળે. ભાગ્યશાળીને ભૂત રળે, આ કહેતી કહેવાતાની સાથે એને પેલી

રાતવાળી વાત યાદ આવી અને તેના મનમાં વિચાર ઉઠયો કે સાળું ! એ શું મેં જોયું અને સાંભળ્યું ? કેશવચંદ્ર નથી માનતા ને આએ મને બનાવે છે, ત્યારે ખરું શું ? મેં જાતે જોયું, સાંભળ્યું અને અનુભવ્યું તે બધોએ ભ્રમ ! નાના, એમ તો શું હોય ? કેશવચંદ્રે પેલા પંચતંત્રવાળા બકરું લઈ જનાર બ્રાહ્મણની વાતનું દૃષ્ટાંત આપીને કહ્યું કે, કેટલીકવાર સામાના વારંવાર કહ્યાથી ખરાને ખોટું અને ખોટાને આપણે ખરાણે પણ ભ્રમમાં પડી જઈ ખરું માનીએ છીએ. આપણે બાંડી માણસ રાત દહાડો ભૂતપ્રેતની વાતો સાંભળેલી એટલે આપણાથી એવું મનાઈ જાય. વિચાર કરી એમ બને ? મને અહીં કોણે ભરમાવી. મોહનભાઈએ ઈસારો માત્ર કર્યો હતો અને મેં તો સામા તેમને હસી કાઢયા હતા. હું જાગતી હતી, પલંગ માંથી ઉઠી, તરડમાંથી કેટલીએ વાર લગી મેં જાગતી જોયા જેવીએ જોયા કર્યું. જાગતીજ હું બારણું ઉઘાડી દિવાનખાનામાં તેને આત્મઘાત કરતી અટકાવવા દોડી ગઈ અને તેણે મોઢામોઢ મને કહ્યું, કાનોકાન મેં સાંભળ્યું, ઉઘાડી આંખે મેં જોયું અને શું બધો ભ્રમ ! કેશવચંદ્ર કે એ ગમે તે કહે પણ મારું મન કયમ માને ? જાગતામાં ને ઉંઘતામાં, સ્વપ્નમાં અને પ્રત્યક્ષમાં હું શું તફાવત પાડી શકું નહિ ? મેં જોયું, મોહનભાઈએ જોયું અને અહિંના રહેનારા જુએ છે એ બધુંએ ખોટું ? ખાલી વહેમનો એળો ! અને એ ખરા ? ના ના, હું એમ માનુંજ કેમ ? ગુલાબ મનમાં આમ બોલી વિચાર કરતી હોય તેમ થોડી વાર ચૂપ રહી, દરમિયાન તેનો જીવ તંદ્રાથી ઉંડો ઉતરી ગયો અને જાગતી ઉંઘતી હોય એવી સ્થિતિમાં પડી.

તે જાગતી ઉંઘતી હોય એવી સ્થિતિમાં પડી અને તેને વિચારને અનુસરતું સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તે અને પેલી રાજકુમારિકા ભેગાં થયાં. તેમણે ખૂબ વાતો કરી અને છેવટ તે ત્યાંથી જાણે ઉઠી એટલામાં રાજકુમારિકાના અંતઃપુરમાં પુરુષ

અને તે પણ ચંદુલાલ હોય એવું તેને જણાયું. કંઇ મિષ કાઢી તે રાજકુમારિકા સાથે વાતો કરતી ઉભી અને નજર અંદર રાખતી રહી. તેનો શક જાણે ખરો લાગવા માંડયો અને વાતોમાં નહિ પરંતુ તેનું મન પેલી બાજુએ હતું તે રાજકુમારિકા સમજી ગઇ. ગુલાબને અંતઃપુરમાં જઇ ચંદુલાલને પકડવાની ઇચ્છા થઇ અને તેનું મગજ ગરમ વિચારોથી ધમધમી ગયું. વાતમાં ને વાતમાં જોરમેર તેણે સ્વમમાંજ પેલી રાજકુમારિકાને છચોક પૂછયું કે, તમારા અંતઃપુરમાં કોણ છે? જેવી ધૃષ્ટતાથી અને જોરથી રાજકુમારિકાએ જવાબ દીધો કે, એ ચંદુલાલ છે અને હવે તમારે અને એમને કંઇ લાગતું વળગતું નથી એમ જાણજો. આજ સુધી માણેલા સુખે હવે સંતોષ પકડો અને મઝા કરો આવા શબ્દો સાંભળી ગુલાબ ગરમ થઇ ગઇ અને તેને ઉતાવળે ધમકાવવા જતાંજ ઉચ્ચારના જોસના આંચકાથી જાગી ઉઠી. તેણે આમ તેમ. જોયું ત્યારે છેક સંધ્યાકાળ થઇ ગયો હતો, અંધારૂં પડયું હતું. પછી ચાકરને બોલાવી બત્તી મંગાવી અને જાગતાં ઉંઘતી હોય એવી દશામાં અનુભવેલા ભ્રમજનક વિચારોને ખંખેરી નાંખી કામ કરવા લાગી.

તે રસોડામાં ગઇ ચાકરે બધે દીવાબત્તી કરી નાંખ્યાં અને રસોડાનો ચાકરડીએ સાંજની રસોઇની શેઠાણી બતાવે તેમ તૈયારી કરવા માંડી. સંધ્યાકાળ વીતી જઇ રાત્રિ પડી. વખત એ વખત મટી ગયો પરંતુ ગુલાબનું મન શાંત થઇ હમેશની આનંદી ને કામગરી સ્થિતિમાં આવ્યું નહિ. તે ધુમરાયેલા જેવી, ખિન્ન હોય તેવી અને જાણે વિચારોથી ગુંચવાઇ ગયેલી અથવા અર્ધનિદ્રાવસ્થામાં હોય એવીજ લાગતી પોતાનું કામ કરવા લાગી. ચાકરડીને તેની આ સ્થિતિ સમજાઇ ગઇ. કેટલીકવાર લગી તેનું વર્તન જોયા પછી તેણે પૂછયું કે, બા! ક્વેળાની ઉંઘને લીધે તમે આમ લાગો છો કે શરીરને ઠીક નથી?

કેમ અર્હી એવો સવાલ કરે છે? શરીર તને ઠીક નથી લાગતું? ગુલાબે પોતાની સ્થિતિ જાણવાને સામો પ્રશ્ન કર્યો.

શરીર તો સારું લાગે છે બા, પણ આપનું મન ઠેકાણે હોય એમ લાગતું નથી. મોટી ગુંચવણના વિચારોમાં કે ઉંઘના અસરમાં હો એમ લાગે છે તેથી પૂછ્યું. ગરમ મશાલો નાંખીને કહો તો ચા કરી આપું. વખત થયો છે અને ડાક્તર સાહેબ પણ હવે આવતા હશે, કહો ચા મૂકું?

ગુલાબ પોતે પેલા વિચારો કાઢી નાંખવાને મથતી હતી અને મનને કામમાં લગાડવા યત્ન કરતી હતી પરંતુ વિચારો અને તેનાથી ઉત્પન્ન થયેલી ઉદાસીનતા જતી ન હતી. બીજા માણસની સાથે વાતચીત કરવા માંડતાં એ સ્થિતિમાં ફેર પડતો જણાયો તેથી બોલી કે, હા, ગરમ મશાલો નાંખીને ચા કર અને તું કંઇ નવા જુની વાત ચલાવ એટલે હું હમેશની હાલતમાં આવી જાઉં. દિવાનખાનામાં અડધી ઉંઘતી જાગતી હોઉં એમ ઘણીવાર બેસી રહી તેથી મને અણગમા જેવું થયું છે. મારો જીવ બળ્યા કરે છે, બીજું કંઇ નથી.

કવેળાએ એકલાં બેસવાથી, વાતચીત કરનાર કોઇ નહિ હોવાથી અને ઉંઘની આળસ ભરાય પણ ઉંઘાય નહિ ત્યારે એવું થાય છે. હમણાં વળી આપને અણગમો થાય એવું છે, એટલે કંઇ ફીકર નહિ, જરા ચા પીશો એટલે હોંશિયારી આવશે. કોઇ ન હોય તો અમે તમારી તહેનાતમાં છીએ. જને, માટે અમારા સાથે કંઇ આડી અવળી વાતચીત કરવી પણ એકલાં બેસવું નહિ એકલાં બેઠાથી માણસને સારા નઠારા વિચાર આવે છે અને મન ઉદાસીમાં પડી જાય છે.

'આપને અણગમો થાય એવું છે' એ ચાકરડીના વચને ગુલાબને વળી કેટલાક વિચાર ઉત્પન્ન કર્યા. એની સાથે છુટથી એવી વાત કરવી કે ન કરવી, તે સંબંધી મનમાં કંઇક ગડભાંગ થઇ, પરંતુ છેલ્લે તેણે તેને પૂછ્યું કે, મને

'અનુગમે થાય એવું છે' એમ તું કેમ બોલી ?

હું આપની સાથે રહું છું તે મને ખબર ના પડે બા ? એવો જવાબ આપતાં તે હસી અને ગુલાબ જે પેલી વહેમી વાત તે જાણતી હશે અને તેને ઉદ્દેશીને આમ બોલતી હશે, એવું ધારતી હતી તે બીજું સમજવાનું સમજી જઇ તથા પોતાને જેને માટે શંકા હતી તે વાતની બીજાથી ખાતરી થતી જોઈ બોલી કે, હા, મને હમણાં હમણાં એવું બહુવાર થાય છે. સહેજ બેઠી હોઉં તોય કંઇને કંઇ વિચારમાં પડી જાઉં છું. ઘણીવાર ગમગીન થઇ જવાય છે.

એ તો કુદરતી છે બાઇ. આપે ગમ્મતમાં રહેવું, શું સાધન નથી કે આપે એકલાં પડવું, એકલાં બેસવું અને નકામા વિચાર કરવા. ચાકરડીએ ઉત્તર આપ્યો.

ગાડીનો ગડગડાટ સાંભળી ગુલાબે કહ્યું કે, ચાલ હવે પાણીમાં ચા નાંખ, ડોકતર આવી પહોંચ્યા. પોતે ઉભી થઇ દિવાનખાનામાં સામી ગઇ. ડોકતર ચંદુલાલ અને કેશવચંદ્ર ઉપર આવ્યા પણ કંઈજ બોલ્યા વગર ડોકતર એક સોફા ઉપર બેસી ગયો. ગુલાબ તે કંઇ બોલ્યો નહિ તેથી પાછી સહેજ વિચારમાં પડી પરંતુ કેશવચંદ્રે તરતજ તેને કોરે બોલાવીને કહ્યું કે, ચંદુભાઇના જીવને સુખ નથી. અમો ફરતા હતા દરમિયાન તે ઓચિંતા ઉભા રહી ગયા, સહેજ કંપારી ખાધી અને રસ્તા ઉપર બેસી ગયા. મેં તરતજ આંખો ઉપર હાથ દીધો અને તે પાછા સંજ્ઞામાં આવ્યા, ઉભા થયા અને અમે પાછા વળી ગાડીમાં જઇ બેઠા. ગાડીમાં મેં તેમને શું થાય છે, તે વારંવાર પૂછ્યું, પરંતુ સમજાવી શકયા નહિ. બોલે છે ચાલે છે અને હોંશિયાર છે પણ મન ઉપર એકદમ કંઇક ભારે અસર થઇ ગઇ હોય એવું લાગે છે.

ગુલાબે સોફા આગળ ચંદુલાલની સામું જોયું. તેણે સામું જોયું પણ કંઇ બોલ્યો નહિ. તેના મુખમાંથી પાણી

નીકળી ગયું તે પાલવથી લુછી નાંખતાં ગુલાબ તેની જોડે સોફા ઉપર બેઠી અને માથેથી પાઘડી લઇ કેશવચંદ્રને આપી કોટનાં બુટન કાઢી પોતાના ખોળામાં મસ્તક મુકાવી પાલવે પવન નાંખતી નાંખતી બોલી કે, શું થાય છે? કેમ કંઇ બોલતા નથી? તેણે ફરીને કપાળ ઉપરથી પરસેવો લુછી નાંખ્યો અને આંખો ઉપર હાથ મૂકયો.

ચંદુલાલ જેને દાદર ચઢવાથી જરા વધારે પરિશ્રમ પહોંચ્યો હતો તે, ગુલાબના આશ્વાસનથી શાંત પડી ધીરેથી બોલ્યો કે, મારા મન ઉપર એકદમ કોઈ જાતની અસર થઇ ગઇ છે અને જીવ ઉંડો ઉતરી જાય છે. એ સિવાય મને બીજું કંઇ થયું નથી, બોલવાથી પણ હું થાકી જાઉં છું.

પણ એકદમ એવું શાથી થયું? તમે ડોકતર છો અને તમારાથી સમજાય નહિ એ શું? ઠપકો આપતી હોય તેમ ગુલાબે લાગણીથી સવાલ કર્યો. ચંદુલાલે તેનો ઉત્તર આપ્યો નહિ પણ કેશવચંદ્ર બોલ્યો કે, એમને બોલાવો નહિ, આરામ લેવા દો.

મને પણ હમણાં એવુંજ થયું હતું. ગરમ મશાલો નાંખી ચા તઇયાર કરાવી છે તે જો પીએ તો પાઇએ, પછી ભલે આરામ લે. ચંદુલાલના કપાળ ઉપર વહાલ ભર્યો હાથ ફેરવતાં ફેરવતાં તે બોલી કે, કેમ ચા લાવું?

હા, લાવો. ચંદુલાલે જવાબ આપ્યો અને બેઠા થવાનો યત્ન કર્યો. ગુલાબે ટેકો આપી બેઠો કરી કોટ કાઢી નાંખ્યો. માણસ ચા લઇ આવ્યો તે સોફા નજીક ત્રિપાઇ ઉપર મુકાવી ગુલાબે રકાબીમાં લઇ ઘુંટડે ઘુંટડે તેને પાઇ. 'હવે તમે પીઓ' એમ કહી ચંદુલાલે આંખો મીચી સોફા ઉપર માથું ટેકવ્યું.

ગુલાબ અને કેશવચંદ્રે ચા પી બારીએ જઇ કેટલીક વાતો કરી, જેમાં કેશવચંદ્રે તેને સમજાવ્યું કે, બીજું કંઇજ નહિ

પરંતુ સહેજ વાયુ જેવું થયું હોય એમ લાગે છે. મગજ ઉપર ઓચિંતી કંઇક અસર થઇ ગઇ છે. આપણા કરતાં એ વધારે સમજે અને તેજ કહે છે કે, 'મને મગજ ઉપર કંઇક અસર થઇ છે.' શારીરિક વ્યાધિ નથી. તમને પણ એમણે એજ કહ્યુંને? મને તો એમ લાગે છે કે, આપણે એમને સુવાડી દઇએ. સારી ઉંઘ લેવાથી જેટલો આરામ મળશે એટલો બીજા કશાથી નહિ મળે.

ભલે, એમ કરીએ; પણ કેશવચંદ્ર! મને તો એ થાય છે કે, અમને પતિપત્નીને બેઉને એકજ વખતે મગજ ઉપર એક સરખી આવીજ અસર કયાંથી થઇ? તમારા કહેવા ઉપરથી તો મને જે વખતે અહીં અસર થઇ તેજ વખતે એમને ત્યાં થયેલી લાગે છે. આ શું?

તમારો ને એમનો આત્મા એકને? કેશવચંદ્રે મીઠી મશ્કરી કરી પણ ગુલાબથી અત્યારે તે સમજાઇ નહિ.

થોડું કંઇક ખવડાવીશું? ગુલાબે કેશવચંદ્રને પૂછ્યું.

ના, અત્યારે કંઇજ નહિ. હવે એમને આરામ લેવા દો. સારી ઉંઘ લીધાથી સવારે ઠીક થઇ જશે.

ચાલો ત્યારે તમે જમી લો. ગુલાબ ઉઠી ને બેઉ જણ રસોડામાં ગયાં. દિવાનખાનામાં ચંદુલાલ ઉંઘમાં પડયો. ગુલાબના મનમાં ચિંતા ભર્યા વિચારો આવ્યા કરતા હતા. તેણે ખાધું ન ખાધું કરી લઇ કામ આટોપી નંખાવ્યું. જમ્યા પછી કેટલોક વાર દિવાનખાનામાં તેમણે વાતો કરી પણ ચંદુલાલ તો ઉંઘતોજ રહ્યો. દસ વાગે કેશવચંદ્ર સુવા ગયો અને ગુલાબ એકલી પડી. તે ઘડી ઘડી સોફા ઉપરથી ઉઠતી ચંદુલાલ આગળ જતી, તેના મુખ સામું જોતી કપાળે હાથ મૂકી ગરમી તપાસતી અને વળી પાછી સોફા ઉપર જઇ બેસતી અથવા જરા આડી થતી હતી. તેને ઉંઘ આવીજ નહિ. આમ કરતાં કરતાં બાર વાગી ગયા પણ ચંદુલાલ એક

વખત જાગ્રત થયો નહિ. પાણીએ માગ્યું નહિ અને પાસું ફેરવવાને હાલ્યોએ નહિ. ગુલાબની ધીરજ તેથી જતી રહી. તેણે પાસે જઇ શરીર ઉપર બધે હાથ ફેરવ્યો અને બોલી કે, જરા તાવ છે. પાણી પાઉં ?

ચંદુલાલ જાગ્રત થયો, પાસું ફેરવ્યું અને ગુલાબે ફરીને પૂછ્યું કે, પાણી લાવું ?

મને ઉંઘવા દે, ફીકર ના કર, મને ઉંઘવા દે.

પાંચ કલાક ઉંઘ્યા, હવે કહો તો ખરા કે તમને શું થયું છે ? તમને ઉંઘ બહુ ઓછી છે અને આજ ઉંઘ શાથી આવે છે ? હું વહેમાઉં છું. ચંદુલાલે જવાબ આપ્યો નહિ પરંતુ તેને બોલતી સાંભળી કેશવચંદ્ર બારણું ઉઘાડી અંદર આવ્યો અને બોલ્યો કે, કેમ હવે જરા ઠીક છે કે ?

જ્યારથી સુતા છે ત્યારથી બસ આમ ઉંઘેજ છે મેં અકળાઇને હમણાં પાણી પાઉં એમ કહી જગાડ્યા ત્યારેજ માત્ર પાસું ફેરવ્યું. ના, મને ઉંઘવા દે. આમ કહી પાછા ઉંઘવા લાગ્યા. આમની ઉંઘ બહુ થોડી છે અને આટલા બધા ઉંઘે છે કેમ ? આ રજવાડું છે અને કોઇએ કંઇ ખવડાવ્યું તો નહિ હોય ? મને વહેમ આવે છે.

ના, ના, આમ વહેમાઓ નહિ. જાઓ, પેલા ખંડમાં જઇ સુઇ જાઓ, હું અહીં બેઠો બેઠો વાંચું છું. ફીકર રાખતાં નહિ. ચંદુભાઇ જેવા સીધા સ્વભાવના માણસને રજવાડામાં કે ઠગોના ટોળામાં પણ કોઇ દુશ્મન થાય તેમ નથી. તમે હમણાં વહેમી થઈ ગયાં છો એટલે આવા ખોટા ખોટા વિચાર આવે છે. મુંબાઇની માફક ખુલ્લા દીલનાં બની જાઓ, જાઓ. સુઈ જાઓ, હું બેઠો છું. ઉજાગરાથી વળી તમારી તબિયત બગડશે. કેશવચંદ્રે આમ કહી તથા ઘણો આગ્રહ કરી ગુલાબને આરામ લેવા મોકલી.

પ્રકરણ ૨૪ મું.

ગુલાબ કંટાળી.

અવનવા બનાવો બનતા રહેવાથી વહેમી થઇ ગયેલી અને વિચારોથી થાકી ગયેલી ગુલાબ બીજા ખંડમાં જઇ સુતી પરંતુ નિદ્રા આવી નહિ. દેવરાણી ઉપર ગુજરેલી આફત, પેલી બલાવાળા એ વખત બનેલા બનાવો અને જનાનખાનાનાં કાવતરાંના વિચારો એક પછી એક તેના મનમાં ફરવા લાગ્યા. શરીરમાં અને આંખોમાં આળસ ભરાયું પરંતુ મન શાંત પડ્યું નહિ. પોતાના સ્વામી ઉપર કોઇએ વિષપ્રયોગ તો કર્યો નહિ હોય, એવો વહેમ તેને વારંવાર આવ્યા કરતો. એમાંથી કંઇ અવનવો બનાવ બને તો પોતાની કેવી દશા થાય, એવા વિચારો પ્રકટાવી તેને ભયભીત બનાવી દેતો હતો. આમ તેમ પાસાં ફેરવ્યા કરતી, ઘડીમાં જાગતી, ઘડીમાં આળસ જેવી ઉંઘમાં પડતી અને વળી વિચારોની ઉશ્કેરણીથી જાગ્રત થતી ગુલાબ રાત્રિની ઘડીઓ ગાળવા લાગી.

બીજી તરફ ચંદુલાલના ખંડમાં તે લસલસાટ ઉંઘતો હતો અને કેશવચંદ્ર આરામચેરમાં પડ્યો પડ્યો પાછળના દીવાના તેજથી વાંચતો હતો. કલાક દોઢ કલાક તેણે વાંચ્યું. પછી વાંચનમાંના વિચારોનું મનન કરવા માંડતાં તેને ઉંઘ આવવા માંડી. ગુલાબને સુવા મોકલી પોતે દરદીના સંભાળમાં બેઠો છે; તે યાદ કરી ખુરશીમાંથી ઉઠ્યો અને આમ તેમ કેટલીકવાર ફેરા આંટા માર્યા. પુસ્તકના વિચારો તેના વિચારો સાથે એકતાર થઇ ગયા હતા અને અભ્યાસના સહવાસને લીધે હવે તે વિચારોની તેના મનમાં તુલના થવા માંડી હતી. કંઇક ગણતો, કંઇક મનમાં ને મનમાં બોલતો અને ફરતાં ફરતાં ઓચિંતો ઉભો રહી જતો તે થોડી થોડી વારે ખુરશીમાં બેસતો, ચોપડી ઉઘાડી તેમાંના વિચારોને ફરીને વાંચી જતો. અને વળી

વિચાર કરતાં કરતાં આંખમાં ઉંઘ ભરાય કે તરત ઉભો થઇ ટેહલવા માંડતો હતો. આ પ્રમાણે કરી તેણે ઉંઘને રોકવાનો બહુવાર યત્ન કર્યો પરંતુ આખરે તે ખુરશીમાં બેઠો અને વિચાર કરતાં કરતાં પોતાની ફરજ ભૂલી જઇ ઉંઘી ગયો. રોકેલી ઉંઘ એવા જોરમાં આવી કે તેને પોતાની ફરજનું ભાનજ રહ્યું નહિ.

ત્રણ વાગી ગયા હતા. જીવજંતનો અવાજ સરખો પણ કહી થતો ન હતો. રાત્રીના શૈત્યથી શીળો થયેલો મોટા પરોઢને સૂચવતો પવન ધીરે ધીરે વહાતો હતો. સર્વત્ર એવી શાંતિ અને નીરવતા વ્યાપી રહી હતી કે એક ટાંકણી પડે તોપણ તેનો અવાજ સંભળાય. માણસને અને પ્રાણીને વિરામ આપનારી હોવા છતાં રાત્રિ કેટલીક રીતે બહુ ભયંકર હોઇ તેમાં આ જગતના ઘણા ઘણા ચમત્કારો હરહમેશ બનતા રહે છે. જેવી દિવસની ઉજવળતા અને ધમાલ હોય છે તેવીજ રાત્રિની મલીનતા અને શાંતિ હોય છે. જાગીને જોનારને તે બહુ આશ્ચર્ય પમાડે છે. માનસિક વ્યાપાર જેવો રાત્રિની શાંતતામાં ચાલે છે તેવો દિવસની વ્યવસાયી અને ગડબડિયા ઘડીઓમાં ચાલતો નથી. ઉંચા અને નીચા, પ્રવૃત્તિના અને નિવૃત્તિના, તથા સારાં અને ખોટાં કામોના વિચારો શાંત રાત્રીએજ મનમાં ઉત્પન્ન થાય છે. સૃષ્ટિની અદ્ભુતતા રાત્રિએ મનુષ્યને સમજાય છે. સારાં ખોટાં કર્મનો ઇનસાફ રાત્રિની શાંતતાને વખતેજ મન બુદ્ધિ સાથે રહી કરે છે. રાત્રિનો પાછલો ભાગ સૌથી વધારે શાંત હોય છે અને તેજ વખતમાં કેશવચંદ્ર નિદ્રામાં પડયો એટલે તેના મનમાં બુદ્ધિએ મર્યાદામાં રાખેલા વિચારો છુટથી સ્ફુરવા માંડયા. વિવાહ કરવાની હોંસ, અનુકૂલ વધૂ મળવાથી થયેલી આશા પુરતી અને સારા પૈસાદાર કુટુંબ સાથે થયેલા સંબંધના સંતોષની ખુશાલીએ તેના મનને વિચારોથી ભરી નાંખ્યું હતું, એટલુંજ નહિ પરંતુ દિવસે

પણ એકાંત મળતાં જે મન અનેક મનોરથ કરી કરીને પોતાને અહોભાગ્ય માનતું હતું તે મન આજ રાત્રિના એકાંતમાં અને શાંતિના સ્વચ્છંદ ખેલનમાં એવા તો રમણીય મનોરથ કરવા લાગ્યું કે, આશા ભર્યો જીવ કલ્પનાઓમાં અનુભવાતા સુખમાં આ સંસારને સ્વગ માની તેમાં પ્રાકૃત પરમાનંદ માનવા લાગ્યો. મનમાં વિલસી રહેલા મનોરથો મુખ માર્ગે સહુ-સાજ કદી કદી ઉચ્ચરાઇ જતા હતા, પરંતુ તે સાંભળનાર તેના આત્મા સિવાય બીજું કોઇ અહીં ન હતું. ચંદુલાલ ગાઢ નિંદ્રામાં પડયો હતો તે પડયોજ હતો.

દાદર, દિવાનખાનું, ચંદુલાલ સુતો હતો તે ખંડ અને બીજાં બારી બારણાં ખુલ્લાં હતાં. દીવાઓ પણ બધા બળતાજ રાખવામાં આવેલા હતા. કશી ભીડાભીડ કે બંદોબસ્ત કરેલો ન હતો, કારણ કે માનસિંહ વગેરેને જ્યારે સરત કાઢવી હોય ત્યારે અવર નવર ઉપર આવી નજર નાંખી જવાનું ગુલાબે ફરમાવેલું હતું. પહેલી રાતની શરૂઆતમાં એક પહે-રેગીરે ઉપર આવી સરત કાઢી હતી અને માનસિંહ પાછલી રાતના પહેરા ઉપર હતો એટલે તે જણાયો ન હતો. એક વાગે પહેરો બદલાયો ત્યારથી માનસિંહ દરવાજા ઉપર બેઠો હતો પરંતુ આગલી ઉંઘની આળસમાં અને ઉપર સૌ શાંત જણાયાથી તેણે હજી સરત કાઢી ન હતી. ચારનો ટકોરો થયો અને તે ઝુપતી નિદ્રાની આળસમાંથી જાગ્રત થયો. ઉભા થઈ આમ તેમ જોઈ તેણે દાદર સામું જોયું. ડોકતર સાહેબની તબિયતની સરત કાઢવાનો વિચાર કર્યો. જાડા કાઠિયાવાડી જોડા પગમાંથી કાઢી નાંખ્યા અને પગરવથી કોઇની નિદ્રામાં કે શાંતિમાં ખલેલ થાય નહિ તેમ બહુજ ધીરે સાવચેતી રાખી તેણે દાદર ઉપર-ચઢવા માંડયું. સંભાળી સંભાળને પગ મૂકતો અને જરા પણ અવાજ થાય નહિ તેની સંભાળ રાખતો તે ઉપર ચઢયો. દિવાનખાનામાં દાખલ થયો. ત્યાં ચારે બાજુ

નજર કરી અને પછી બરોબર સામે બારણેથી ઉત્તરના ખંડમાં જવું અને તેમની શાંતિમાં વિઘ્ન પાડવું ઠીક નહિ લાગ્યાથી તેણે દિવાનખાનાની ભીંતની નજીક રહી તેના ખંડના બારણા તરફ બહુજ ધીરેથી હિંડવા માંડયું.

ચંદુલાલના ખંડનું બારણું ખુલ્લું હતું, વચલી હાંડીમાં ઝગઝગાટ દીવો બળતો હતો, દીવાના પૂર્ણ અજવાળામાં આરામ ખુરશી પડી હતી અને તેમાં કેશવચંદ્ર ઉંઘી ગયો હતો. ખંડના એક ખુણા તરફ મોટો પલંગ હતો તેમાં ચંદુલાલ સુતો હતો અને તે પણ આપણે આગળ જણાવ્યું તેમ ગાઢ નિંદ્રામાં હતો. જોડેનો બીજો ખંડ જેનું એક બારણું દિવાનખાનામાં અને એક ચંદુલાલના ખંડમાં પડતું હતું તેમાં પણ કલમદાનમાંથી દીવો બળતો જણાતો હતો. ગુલાબે તેનાં બારણાં ખાલી બંધ કરેલાં હતાં. માનસિંહ બહુજ ધીરે ભીંત નજીક ચાલતો ચાલતો ચંદુલાલના ખંડ તરફ જતો હતો. જતાં તે આમ તેમ જોતો અને સંભાળતો કે જેથી અવાજ થાય નહિ. બાગમાં પડતી બારી આગળ જઇ પહોંચતાં તેણે બીજી બાજુની ચંદુલાલના ખંડની બારી જે તે તરફ પડતી હતી તેણી તરફ જોયું પણ બંધ જણાઈ. બાગમાં નજર ફેંકી તો સઘળું શાંત અને આછા પ્રભાતના ધુમ્મસથી ઘેરાયેલું વાતાવરણ જણાયું 'કોઇ જાગે છે?' આમ જાણવા તે આ બારી આગળ થોડી વાર ઉભો રહ્યો. કાન માંડી માંડીને કંઇ અવાજ આવે છે કે નહિ તે સાંભળવાનો પ્રયત્ન કર્યો પરંતુ સૌ ઉંઘી ગયેલાં હતાં અને સંપૂર્ણ નીરવતા વ્યાપી રહેલી હતી. દૂર કહીં આછો ક્વચિત ક્વચિત્ કુકડાંનો અવાજ સંભળાતો હતો. થોડીવાર બારીમાં ઉભા રહી ચંદુલાલના ખંડની અને બહારના વાતાવરણની નિરીક્ષા કરી તે પાછો આગળ વધ્યો. ખંડના ઉઘાડા મુખ્ય બારણા આગળ પહોચ્યો. દિવાનખાના તરફ અને તે ખંડ તરફ એક બેવાર

જોયું અને પછી સાથે હાથ દઇ માથું લંબાવી અંદર અંદુલાલના પલંગ સામે નજર નાંખી.

ગરીબ બિચારો ગરાસિયો, અંદર નજર કરતાંજ આભો બની ગયો. માથું પાછું ખેંચી લઇ તે મનમાં બોલ્યો કે, ઘરની અંદર નજર રાખવાનું આપણું કામ નહિ. કોઇ દેખે તો ચોરમાં ખપીએ અને મોટા લોક જાણે તો લુચ્ચામાં ગણાઇએ. ઘરમાં ખાનગીમાં માણસ ગમે તેમ બેઠયાં ઉઠયાં હોય, તેમાં વળી આ રાતને વખતે ઉપરી અધિકારીના જનાના તરફ જોવું એ તો માથું ગુમાવવા જવું સાહસ! આપણો ધર્મ દેવડીએ બેસી પહેરો રાખવાનો કે ચિઠ્ઠી ચપાટી હોય તે પહોંચાડી આવવાનો, આપણો ધર્મ અધિકારીના ખાનગી ઓરડામાં નજર કરવાનો નહિ. નિખાલસ મનના ગરાસિયાને બિચારાને આમ વિચાર આવ્યો પણ તેની નજરે જે પડયું હતું તેણે તેના એ વિચારને ઉથલાવી નાંખી ફરીને જોવાનું મન કરાવ્યું. હશે અધરમ તો અધરમ, પણ સાહેબની શી હાલત છે અને તેમના શરીરને આરામ લાગે છે કે નહિ એટલી તપાસ તો કરવી. ઉપર આવ્યો, બારણાં ઉઘાડાં છે અને દીવા બળે છે તો બાઇને પૂછયું. જરા થોભી વિચાર કરી-પણ કોને પૂછું? પલંગ ઉપર બેઠેલાં એ ગુલાબબાઇ હોય એમ લાગ્યું નહિ. ગુલાબબાઇ તો સાદાં મુંબાઇ તરફનાં આબાદ નવી ઢબનાં બાઇ છે અને આ તો મને કાઠી રજપુતાણી જેવું લાગ્યું. શરીર નાજુક અને મોઢુ નાનું નથી. ડોકતર સાહેબની તબિયત સીક છે તેવે વખતે વળી સારો પોષાક સજેલો પણ શાનો હોય? લાવ જોઉં તો ખરો. આમ વિચાર કરી આગળપાછળ જોઇ ફરીને તેણે પલંગ તરફ નજર કરી ધારીને જોયું. પગમાં મોજડીઓ, સોનાનાં સાંકળાં, શરીરે બનારસી ઓઢણી, કપાળે મોતી અને હીરા જડિત દામણી અને શરીરે પ્રૌઢ તથા મોટા રાજવંશી બાજરમાન દેખાવની સ્ત્રી તેની નજરે પડી. પગ

લબડતા રાખી તે પલંગમાં બેઠેલી અને ઉંઘતા ડૉકતરના મોં સામે જોઇ રહેલી માનસિંહને જણાઇ. તેના શરીર ઉપર રુંવાં ઉભાં થયાં, કંપારી આવી અને તરતજ તે ત્યાંથી નજર ખેંચી લઇ પાછો ફર્યો. વળી વળીને પાછળ જોતો, ડરતો અને જરા પણ ગણુસારો થાય નહિ તેમ ધીરેથી પણ ઉતાવળે ડગ ભરતો તે દિવાનખાનામાં થઇ એકદમ દાદર ઉતરી પડયો. દાદર ઉતર્યા પછી તેના જીવમાં જીવ આવ્યો અને તે મનમાં ને મનમાં બોલ્યો કે, અરેરે ! બિચારાં પરદેશી પંખેરુ, આ જાળમાં સપડાયાં ! રાંડ એનું લોહી ચૂંપી ખાશે. આ બલાના સપાટામાંથી હવે આ ઉગરશે નહિ. આગળ કેટલાય જણના આ બલાએ ભોગ લીધેલા છે અને કારભારી લોક તે જાણે છે તેમ છતાં આ બિચારાં નિર્દોષ અજાણ્યાં જુવાન ગભરુ તથા આશા ભર્યાં માણસોને અહીં શા માટે રહેવા મોકલ્યાં હશે ? હવે બચે નહિ ! રામ ! રામ !

ઘડિયાળમાં પાંચ વાગ્યા અને ગુલાબ બેઠી થઈ. હવે તો બહુવાર થઇ, લાવ ઉઠાડું અને પૂછું કે આરામ થયો છે કે નહિ ? છ સાત કલાક થયાં ઉંઘે છે એટલે જગાડવામાં કંઈ હરકત નથી; આવો વિચાર કરી તે ઉભી થઇ અને જેવી ખંડમાં પેસવા જાય છે તેવોજ પેલીને પલંગ ઉપર બેઠેલી જોઇ ચમકી અને કેશવચંદ્ર ! કેશવચંદ્ર ! એમ બૂમ પાડી ઉઠી. કેશવચંદ્ર એકદમ જાગ્રત થઈ ગયો અને બોલ્યો કે, કેમ, કેમ ! શું છે ? કેમ આવડી મોટી બૂમ પાડી ઉઠયાં ? ચંદુભાઇ તો ઉંઘે છે. ગુલાબ પલંગ સામું જોઇ બોલી કે, અરે ! આ શું ? પલંગ ઉપર પેલી બેઠી હતી તે એટલામાં કયાં અલોપ થઇ ગઈ. કેશવચંદ્ર હસ્યો અને બોલ્યો કે, જાઓ જાઓ મારા સાહેબ, કોઇનું કાળજું ફાટી જાય એવી બૂમ શું પાડો છો ? પલંગ ઉપર કોણ બેઠેલું હોય ? આવાં કેવાં વહેમી !

ગુલાબ છોભી પડી ગઇ. તે કંઈ બોલી નહિ પણ તેનાં

અંગ ધ્રૂજી ગયાં, એટલામાં માનસિંહ, જે નીચે આજ બાબત વિચાર કરતો હતો તે ઉપર આવ્યો અને બોલ્યો કે, ભાઇ સાહેબ ! બાઇ કહે છે તે ખરુ છે. આપ ખુરસીમાં ઉંઘી ગયા હતા અને હમણાં, અડધા કલાક ઉપરજ હું ભાઇસાહેબની તબિયતની ખબર કાઢવા ઉપર આવ્યો હતો. પલંગ ઉપર તે વખતે મેં એક જુવાન સ્ત્રીને બેઠેલી જોઇ હતી. પહેલા તો મેં ધાર્યું કે બાઇસાહેબ પોતે બેઠાં હશે, પરંતુ ધારીને જોતાં તે નહિ પણ બીજું કોઇજ છે એવી મારી ખાતરી થઇ. હું બીન્યો એટલે આપને જગાડયા વગરજ નીચે ચાલી ગયો. હજુ તો હું વિચાર કરું છું એટલામાં બાઇએ બૂમ પાડી અને આપ જાગ્યા. વાત ખરી છે, સાહેબ ! કંઇક બલા જેવું અતેરું છે.

માનસિંહના ખુલાસાથી ગુલાબને ટેકો મળ્યો. તે બોલી કે, કેશવચંદ્ર હું બીલકુલ વહેમી નથી. મેં બે ત્રણવાર મારી સંપૂર્ણ જાગ્રતાવસ્થામાં આવા બનાવ બનતા જોયા અને બસ, હવે તો હું આવતી રાત અહીં રહેવાનીજ નથી. નોકરીનાં મને તલભાર પણ દરકાર નથી. આજ બપોરની ગાડીએજ મારે તો તમને સૌને લઇને અહીંથી ઉપડી જવું છે. તાર લખી આપો. માનસિંહ મુકાવી આવશે. બસ, મારો નિશ્ચય તે નિશ્ચયજ. ગજરાબાના ભાઇને પૂછવાની પણ મને જરૂર નથી.

પ્રકરણ ૨૫ મું.

સંસાર કલેશમય છે.

ચંદુલાલ અને ગુલાબની સાથે કાઠિયાવાડ છોડયાને બે મહીના થઇ ગયા, પણ તેમના તરફથી કંઇ સમાચાર કેશવચંદ્રને મળ્યા નહિ. તે ધારેલી ક્રેહ્લી પરીક્ષામાં પાસ

થયો. એક ક્લેશ મટયો અને ૧૨ ગુવાની પંચાતીનો બીજો ક્લેશ તેની આગળ ઉપસ્થિત થયો. આમાં ઉજળું ભવિષ્ય દેખાયું. માતાપિતાની મરજી નહિ હોવા છતાં પોતે આગ્રહ કર્યો અને તેમણે કબુલ રાખ્યું. બધી ગોઠવણ અને તૈયારીઓ થઇ; તેમાં દૈવે ઓચિંતું વિઘ્ન નાંખ્યું. તે દિવસ ઉગે ને રાહ જુએ કે આજ કાગળ આવશે કાલ આવશે, પણ કાગળપત્તર કંઇજ આવ્યું નહિ અને બે માસ નીકળી ગયા.

કેશવચંદ્ર મનમાં ને મનમાં કલ્પાંત કરી શાંત રહેતો, પણ તેનાં માતપિતા આવા મૌનથી શાંત રહી શકયાં નહિ. તેઓની હિમ્મત જતી રહી. તેમણે જાનીને ઘેર વિવાહ કરવાનો ઠરાવ કર્યો અને એક દિવસ જમતાં જમતાં તેના પિતાએ કહ્યું કે, ભાઇ! એ તો પાણી જેમ વહેતું હોય તેમજ વહે. આપણે મનોરથ કરીએ તે શા કામના? જ્યાં જેનો દાળ હોય ત્યાં તે ઉતરે. આપણો ને એમનો દાળજ નહિ ત્યાં આશા રાખીને ખાલી બેસી રહીએ એમાં શો માલ! મેં અને તારી બાએ હવે તો નિશ્ચયજ કર્યો છે કે, જાનીવાળાને હા કહી દેવી અને ત્યાં કરવું. તું અમને હવે વચન બેવચન કરાવતો નહિ. તેની માએ વચમાં ટાપસી પુરી કે, વચન બેવચન કરાવવા જેવું કેશુ કરેજ નહિ. જુઓને બે મહીના થયા એમનો કાગળ ઉત્તરે છે? આપણે કયારે કન્યાની ખોટ છે કે આંખો તાણીને વાટ જોયા કરીએ? જાનીનું ઘર અને કન્યા બેઉ સારાં છે. આવો પાસેનો સંબંધ મૂકીને આપણે તે પરદેશ શું કરવાને જવું પડે? એ તો કેશુને ભાવ હતો તેથી હું કશું બોલી નહિ. હવે તો મારે એ કન્યા સ્વર્ગનો કકડો લઇને આવે, તોય ન જોઇએ. કેશવચંદ્ર કંઇ બોલ્યો નહિ.

તે જમીને ઉપર ગયો અને પાછલા ઓરડાની બારી આગળ એક પુસ્તક લઇ બેઠો. એકાદ બે પાનાં વાંચ્યાં પણ મન લાગ્યું નહિ, પુસ્તક બંધ કરી ખાટલામાં પડયો. બારીની

સામે લીમડાનું ઝાડ હતું, ઝીણો ઝીણો પવન આવતો હતો અને દૂર પાદરની અમરાઇઓમાં બોલતી કોકિલાઓનો ટહુકો ક્વચિત સંભળાતો હતો. આટલો બધો ઉત્સાહ અને અસાધારણ ઉતાવળ હોવા છતાં એ લોકો કેમ આમ છેકજ મૌન ચાઇ બેઠાં? ચંદુલાલની તબિયતના પણ કંઇ સમાચાર લખ્યા નહિ. શું એમનો વિચાર ફરી ગયો હશે? રસિક લખે છે કે ત્યાંએ કંઈ સમાચાર નથી. આ શું? ચંદુલાલની તબિયતના સમાચાર જાણવાને બહાને હું કાગળ લખું; પણ તેય લાંબો વખત થઈ જવાને લીધે ઠીક લાગતું નથી. કહેશે એ મહીને સમાચાર કેમ પૂછે છે? મિસ્ટ્રી! અજબ છે! માતા પિતાની માફક મારે પણ એ વિચાર મનમાંથી કાઢી નાંખવો? થોડી વાર મૌન રહી, હા, મારે પણ એ વિચાર હાલ તરત તો પડતો મૂકવોજ યોગ્ય છે. કન્યાવાળાથી પૂછપરછ થાય કંઇ વરવાળાથી થાય? વળી ત્યાં શું ચાલે છે અને શા વર્તમાન છે, તે જાણ્યા વગર કેમ કોઇ બાબત લખાય? આમ મનમાં ને મનમાં વિચાર કરતાં કરતાં તેને જરા આળસ આવી. આંખો બેઠે બેઠે મીચાવા માંડી અને આખરે તે મીઠી ઉંઘમાં પડ્યો.

કેશવચંદ્ર પરીક્ષામાં પાસ થયો ત્યારથી જાનીના ઘરનાંએ પોતાની બધી લાગવગ તેને હાથ કરવામાં ચલાવવા માંડી હતી. તેના પિતા ઉપર દબાણ આણ્યું હતું અને તેની માને સારી પહેરામણી વગેરેની લાલચોમાં લલચાવવામાં આવી હતી. જુના વિચારનાં અને ગામડાનાં રહેવાસી, જુની રીત પ્રમાણે કન્યા ભણેલી છે કે અભણ, રૂપાળી છે કે સાધારણ, તે કશા ઉપર ધ્યાન આપતાં ન હતાં. સારા ખાનદાન, પોતાને યોગ્ય કુળવાન અને લીલા ઘરમાંથી તેઓ ગમે તેવી કન્યા હોય તોપણ લેવાને આતુર હતાં; અને તેમને સંબંધ કરવાને યોગ્ય જે યોગ્યતાઓ જોઇતી હતી તે બધી જાનીના ઘરમાં હતી.

મોટા થયેલા અને ભણેલા છોકરાને તેઓ દબાવીને કહી શકયાં ન હતાં, પરંતુ જ્યાં તેણે ધાર્યું હતું ત્યાંનું આ પ્રમાણે મૌન જોઇ હવે તેમને જોર આવ્યું. કેશવચંદ્ર મુંબાઇથી આવ્યા પછી પખવાડિયામાં લગન થશે, એવી વાત તેમણે બહાર કરેલી હતી. છોકરો આવ્યો અને લાબો વખત થયો પણ કંઇ જણાયું નહિ તેથી સગાં અને ઓળખીતાં મિષે મિષે ટકોર કરવા લાગ્યાં. તેની મા ઉશ્કેરાઇ ગઈ. કેશવચંદ્ર પોતે પણ સગાંના આડકતરા લગન સંબંધી પ્રશ્નથી કદી કદી ઝંખાતો હતો. સગાં સાગવાં અને આડોસી પાડોસીનાં વચનો ઉપરથી જેમ બને તેમ વહેલાં લગન કરી નાંખવાને ડોસોડોસી તૈયાર થઇ ગયાં. માત્ર કેશવચંદ્રને કહેવાનીજ બાકી હતી. આજ જમતાં જમતાં વાત કરી અને તે કંઈ બોલ્યો નહિ, તેથી તેની માએ તે ઉપર ગયા પછી તરતજ ડોસાને કહ્યું કે, હવે લગનનો દિવસ નક્કી કરી નાંખો અને જાનીને કહેવડાવો

હવે હમણાં લગ્ન થાય નહિ. વૈશાખમાં જે થાય તે ખરું. એવો ડોસાએ જવાબ આપ્યો. કેશવચંદ્રની માના મનમાં પક્કો નિશ્ચય હતો અને ડોસાના વિચાર પણ મક્કમ છે, એમ આજ તેના જાણવામાં આવ્યું; પણ મિનારખ બેઠેલાં હોવાથી હાલ તે પોતાના વિચાર અમલમાં મૂકી શકી નહિ. મુંબાઇવાળાં શું ધારતાં હતાં અને શું થયું, કેશવચંદ્ર શું ધારતો હતો ને શું થયું અને તેનાં માત પિતા પણ શું ધારે છે અને શું થશે, કોઇ જાણતું નથી. કેશવચંદ્રના મનમાં આ નાસીપાસીની અસર થઇ હતી. જ્યારે જ્યારે તેને એ વિચાર ખુંચ્યા કરતો હતો. સંસારમાં સુખ નથી અને સુખ છે તો તે દુઃખની સાથે ભેળવાયેલું માત્ર માની લેવાનુંજ સુખ છે. સંસાર ખોટો અને એક આત્માજ ખરો, એટલા બધા વેદાંતી વિચારો ઉપર તેનું મન ગયું ન

હતું પરંતુ હાલ નિરાશાના અને તેથી ઉત્પન્ન થતા વિષાદમાં તેને એ પ્રાચીન વૈરાગીમત ઉપર કોઇ કોઈ વાર વિચાર થઇ આવતો હતો, અને અભ્યાસ તરીકે વચેલા તત્ત્વજ્ઞાનનાં પાનાં ફેરવવાનું મન પણ થઇ જતું. ગામડામાં અભ્યાસ પુરો થઇ ગયા પછી બેસી રહેવામાં તેનો કાળ જતો ન હતો. પોતાના મિત્રોની મારફત કેટલેક ઠેકાણે સારી જગાને માટે યત્ન કર્યા હતા, પરંતુ જેમ લગ્નનું કંઇ જણાયું ન હતું, તેમ તેનું પણ કંઇ જણાયું ન હતું.

નોકરી મળવામાં ગમે તેટલી મુશ્કેલીઓ હોવા છતાં પણ પોતાની વિદ્યા અને કામ કરવાની શક્તિનો વિશ્વાસ હોવાથી ગમે તે વખતે અને ગમે ત્યારે સપાટાબંધ તે મેળવી લેવાની તેને હિમ્મત હતી. નાનપણથી અત્યાર સુધી તેણે ભણવામાં જગતને જોયું ન હતું, એટલે કોઇ કોઇ વાર તેને એવો વિચાર થઇ આવતો કે, કહીંક મુસાફરી કરવી અને જગત કેવું છે તે જોવું. આ વિચાર ઘણાં વર્ષો થયાં તેના મનમાં રમી રહ્યો હતો; પરંતુ અવકાશ મળ્યો ન હતો અને મુસાફરીએ નીકળાયું પણ ન હતું. ચંદુલાલને મળવા તે કાઠિયાવાડ ગયો પણ ત્યાં વિઘ્ન આવી પડયાથી પાછા ફરવું પડયું. લગ્નની તૈયારીની વાતો ચાલી તેમાં વળી એ વિચાર વિસારે પડયો; પરંતુ હાલ બધી રીતે અવકાશ હોવાથી એ વિચાર તેના મનમાં વારંવાર આવવા લાગ્યા. કેવી રીતે અને કયાં મુસાફરીએ જવું, તેનો વિચાર જયારે તે કરતો ત્યારે ધન અને બીજાં સાધનનો સંકોચ આડે આવતો હતો.

હમણાં નવરા અને નિરાશાના કંટાળો આપનાર વખતમાં તેને વારંવાર એ વિચારો આવ્યા કરતા. વારંવાર તેણે મુશ્કેલીઓને કેમ પહોંચી વળવું તે માટે જુદા જુદા અનેક માર્ગો ઉપર તર્ક ચલાવ્યા હતા. તે કોઇ કોઇ વાર વિચાર કરી કરીને એવા નિશ્ચય ઉપર ઉતરી પડતો હતો કે, ઘેરથી મુંબાઇ

જવાને માટે નીકળવું અને થોડીક રેલવે મુસાફરી કર્યા પછી ગામડામાં ફરતા ફરતા અને સામાન્ય તથા અજ્ઞાન ખેડુત વગેરે લોકોના અનુભવ લેતા લેતા ઉત્તર હિંદુસ્તાન તરફ નીકળી જવું. જ્યારે ઠીક ન લાગે ત્યારે પાછા રેલવે માર્ગે પાછા ફરી જવું. પરંતુ ગામડિયા લોકોનો અને પગ રસ્તે મુસાફરી કરવાનો, સુખ દુઃખનો અનુભવ લેવો. આ વિચારો ખૂબ ઘોળાઇને તેના મનમાં આ વખતે દઢ થયા. એકાદ બે દિવસ પછી 'હું થોડો વખત બહાર ગામ જઇ આવું,' એમ કહી તે ઘેરથી નીકળી પડયો.

પ્રકરણ ૨૬ મું.

ખંભાતની ખબર.

અરરર! મારા પણ કર્મના ભોગસ્તો? કેટલી મોટી હોંસથી અને કેવા મોટા સમારંભની તૈયારી સાથે અહીં આવ્યાં. દૈવે ઓચિંતું કયાંથી તેમાં આવું મોટું ને ભયંકર વાદળ કુટુંબ ઉપર નાંખી દીધું! બબ્બે મહીના થયા ઘરનું કોઇ માણસ સુખે ભોજન કરવા પામતું નથી, ભાઇની ઘેલછા અને મંદવાડને લીધે કોઇને કંઇ સૂઝતું પણ નથી. મુંબાઇથી સારામાં સારા ડોકટરો આવી ગયા અને પિતાજીએ હજારો રૂપિયા ખરચી નાંખ્યા. પણ કશાની ટાંકીજ લાગતી નથી. રાત્રિ દિવસ ભાઇની જિંદગીના જોખમનો વલોપાત ચાલે ત્યાં બીજી વાતને અવકાશ પણ કયાંથી હોય! મારે માટે તો બને હવે નિશ્ચય વળી ગયો છે. તે દિવસે એ એમ કહેતી પણ હતી કે, 'ભલેને મારી ગજરી હવે મોટી થાય, મને તેનો કંઈ ફીકર નથી.' અલબત, મનેય એવો વિશ્વાસ છે, પરંતુ તેમને કાગળપત્તર લખવો જોઇએ, તે પણ

કોઈથી લખાશે નથી. ભાભીને મેં એકાદ બે વાર કહ્યું કે, 'ભાભિ ! તમે કાગળ લખી એમને જણાવો કે, અહીં આમ છે.' ભાભી ગણગણતાં નથી અને શું ગણગણે ! તેના બિચારીના જીવના પડી છે. મેં કાઠિયાવાડ એમને અને ચંદાભાભીને મુંબાઈ કાગળ લખ્યો હતો તેના જવાબો આવ્યા નહિ, એટલે હવે મારો હાથે ચાલતો નથી, કે કાગળ લખું ? એમના મનમાં મારે માટે અને ઘરનાંને માટે કેવો વિચાર આવ્યો હશે ? અહીં ખંભાતમાં એવું કોણ મારું છે, કે જેની મારફતે હું પણ કંઇ લખાવું અથવા તેમને અહીંના વર્તમાન જણાવરાવું ? ખરેખર એવી મુશ્કેલી, એવી ચિંતા અને એવો બારીક વખત આવી લાગ્યો છે કે, જેમાંથી કશો રસ્તોજ સૂઝે નહિ.

આ પ્રમાણે ગજરી એકવાર ખંભાતમાં તેના પિતાના વખતના જુના ઘરના માળ ઉપર બેઠી બેઠી વિચાર કરતી હતી એટલામાં ગુલાબ થાકેલી અને કાયર જેવી લાગતી ત્યાં આવી. ગજરીને એકલી બેઠેલી જોઇ તેનાથી રહી જવાયું. ધીરે ગરીબડે અવાજે તે બોલી કે, "ગજરાબા, ગજરાબા ! હાય હાય આવું ને આવું ક્યાં સુધી ચાલશે ? અરેરે ! આપણું શું થશે ? હું અભાગિણી મૂઇ, પણ આ ઘરડેરાં બિચારાં કેવા તલસે છે. એમના કલ્પાંતનીએ દૈવને દયા આવતી નથી. દહાડે દહાડે કેસ બગડતો જાય છે કે સુધરતો તે તો કહો ? તમને શું લાગે છે બહેન ! અજાણ્યા અપરિચિત પણ સગાં અને નાતથી ભરેલા ગામમાં આપણે કોના આગળ હૃદય ખાલી કરીએ અને કોને કહીએ ? બે દિવસ થયા મેં તમારા ભાઇનું મોઢુંએ જોયું નથી તમે જરા બાને અને દાદીને કહોને, કે, 'હું ને મારાં ભાભી બે કલાક એમની સેવામાં બેસીએ અને તમે આરામ લો.' દાદીમા, બા, બાપાજી અને બીજાં સગાં ભરાયેલાં હોવાથી મારાથી ત્યાં શી રીતે

જવાય ? બ્હેન ! મને આજે બહુ અકળામણ થઇ આવી છે. તમે તમારા વીરાનું મોં જોવાની મને ગમે તેમ કરીને ગોઠવણ કરી આપો. તમે શું જાણો છે, મેં ગઇ કાલનું અન્ન પણ મોઢામાં ઘાલ્યું નથી અને મારો જીવ ઘુંટાઈ જાય છે" આમ કહી નણંદની કોટે વળગી ગુલાબ ખૂબ રડી

નણંદ પણ ભાભીની સાથે રડી પડી. બેઉ જણ રડી રડીને થાકી ગયાં અને ગુલાબ તો નિઃસત્ત્વ થઇ ગઇ હોય તેમ તકિયાપર ઢળી પડી. ગજરીએ ડુસકાં લેતાં લેતાં પોતાની ઓઢણીને પાલવે તેનું મુખ લુછી કહ્યું કે, ભાભિ ! આમ નાના છોકરાની માફક શું કરો છો ? કાલ સાજા થઇ જશે. ઘરડાં માબાપની અને અશરણ જેવાં આપણી દૈવને દયા આવશે. તમારું ભાગ્ય ભાભિ એવું નથી. તમારો કાંતિ અને સૌભાગ્યનું તેજ અમને ભાઇનું જીવન દેખાડે છે, અને તમેજ પાછાં હિમ્મત હારી જઇ અમને રડાઓ છો ? બે દિવસ થયા ભાઇને ઠીક છે. તમને જોઈ એમનો જીવ દુખાય તેથી ત્યાં આવવા દેતાં નથી, એમ મને જણાયું છે. ચાલો હમણાં હું દાદીમા અને બાને કહું છું કે 'મને અને ભાભીને ભાઇની પાસે બેસવા દો અને તમે થોડીવાર આરામ લો.' શું તેઓ નથી સમજતાં ? સમજે છે. અહીંના લોક ન સમજે, પરંતુ મેં કહ્યું તેજ કંઇ કારણથી તેઓ તમને દૂર રાખે છે. આમ કહી ઉઠીને તે પાણી લઇ આવી. ભોજાઇને પાણી પાઇ તેનું મન ઠેકાણે આણ્યું અને પછી બોલી કે "ભાઇને શું છે ? મારા પિતાજીનાં પુણ્ય આડે આવ્યા વગર રહેજ નહિ દાદીમાનું મન જરાએ ડરતું નથી. એ તો બાપાજી તમારી માફક જ્યારે ઢીલા થઇ જાય છે ત્યારે એમજ કહે છે કે, **नहि कल्याणकृत कश्चित् दुर्गातिं तातगच्छति.** હું પણ તમને એમજ કહું છું ભાભિ ! કે તમારું સૌભાગ્ય તપતું છે અને ઇશ્વર ઉપર વિશ્વાસ

રાખો દરદ ભયંકર છે અને ભાભિ ! તમે કાં નથી જાણતાં કે, આવે તે ઘોડાને વેગે ને જાય કીડીને વેગે. હવે વળતાં પાણી થયાં છે એમ જોવા આવનાર સૌ કોઇ કહે છે, માટે ધીરજ રાખો. ચાલો આપણે નીચે જઇએ. હમણાંજ ચાલો મારા ભાઇના આગળ હું તમને લઇ જાઉં.

નણંદ ભોજાઇ મુખ લુછી નીચે આવ્યાં ત્યારે, તેમની નજીકનાં બે ત્રણ સગાં જોઇને પાછાં ફરતાં હતાં તેમને વળાવવા મંછામા અને રામચંદ્ર બહાર નીકળ્યાં હતાં. ભોજાઇના હૈડાહાટ રોવાથી ગજરી ઉશ્કેરાઇ ગયેલી હતી. તે પોતાની જનેતાની પાંસે જઇ બોલી કે બા ! તને તે હું શું કહું ? તું પણ કંઇ સમજતી નથી. બે દિવસ થયા મારાં ભાભીએ ભાઇનું મોઢું સરખું જોયું નથી અને મોઢું જોયું નથી ત્યારે અન્તે ઓડે અડકાડયું નથી. દાદીમાને અને બાપાજીને તુંએ એટલું ના કહે, કે તેઓ થોડીવાર આરામ લે અને અમે ભાઇની સેવામાં બેસીએ. જા, હવે તું બહાર જઇ દાદીમા અને મારા પિતાજીને જરા બીજા ઓરડામાં આરામ લેવાનું કહે ' બારણા તરફ જઇ " આવો ભાભિ આપણે અહીં બેસીએ " એમ કહી ગજરી તેની ભોજાઇને અંદર બોલાવી ગઇ અને જેઠાણી બહાર ગયાં

ચંદુલાલ બીજી તરફ પાસુ ફેરવી પલંગમાં સુતેલો હતો. ગુલાબ અંદર આવીને જે તરફ તેનું મો હતું તે તરફ ગઇ. તેની આંખો આંસુએ ભરાઇ ગઇ હતી તેથી કંઇ બોલી નહિ. તેના પગ આગળ પલંગને અઢેલી ઉભી રહી. પાલવથી આંસુ લુછી નાંખ્યાં ને આગળ વધી, પણ ચંદુલાલની આંખો મીચેલી હતી એટલે કોણી પલંગપર મૂકી એક પાસુ નીચું નમાવી તેના મુખ સામું જોઇ ઉભી. ગજરી બારણાને આડું કરી ચંદુલાલની જે તરફ પીઠ હતી તે તરફ પડેલી ખુરસી ઉપર બેઠી. ચંદુલાલના મુખ સામે ગુલાબનું મુખ હતું

અને આંખમાંથી ડળક ડળક આંસુ પડતાં હતાં. ગજરીની આંખમાં તે સ્નેહીને આંસુ ભરાયાં, પણ હિમ્મત રાખી તે ધીર રહીને બોલી કે, ભાભિ, ગુલાબભાભિ! આમ કરવાને વારને અને ભાઇના જીવને દુઃખ કરવાને માટે આપણે અહીં આવ્યાં છીએ. આંખો લુછી નાંખો અને ખુરસી ઉપર બેસો. જાગે છે કે નહિ?

ક્યાં છે તમારા એ ભાઇ! એકવાર આંખ ઉઘાડીને તરત મીચી દીધી. ગજરાબા! કોણ કહે છે કે, 'સારું છે?' મને જુએ અને સારું હોય અથવા મને ઓળખી હોય, તો આંખ મીચે? કદી નહિ, ગજરાબા, તમારા એ ભાઇ તો ઇશ્વર આપણી સામું જુએ ત્યારેજ છે. એમ હું માનું. જુઓ તમે બોલાવો જોઇએ. તમને ઓળખે છે કે નહિ? ગુલાબે ગળગળા ધીરા સ્વરે આમ કહ્યું એટલે ગજરીએ ભાઇની પીઠ આગળ નીચાં નમી કપાળે હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું કે " ભાઇ! ભાઇ! આ જુઓને મારાં ભાભી તમને બોલાવે છે. ક્યારનાં રડે છે અને તમે આંખે ઉઘાડતા નથી?" આટલું કહેતાં કહેતાં તેણે રડી દીધું અને ગુલાબની આંખોમાંથી પણ પાછાં આંસુ પડવા માંડયાં. ચંદુલાલ સળવળ્યો. આંખ સહેજસાજ ઉઘાડી પણ ગજરીને કે ગુલાબને ઓળખ્યાં નહિ. પાસુ ફેરવવું હોય એમ તેમને સમજાયું. બેઉ નણંદ ભોજાઇએ આંસુ ભરેલી આંખે અને પાણી પાણી થઇ જતા ઢીલા મને હળવેથી તેને ચતો કર્યો. પાસાભેર થયા પછી તેની અનીચ્છા જણાતાં તેમણે તેને ચતોજ સુવા દીધો. ગુલાબે ઓઢવાનું પગથી તે છાતી લગી ઠીક કર્યું. અને કપાળ ઉપર ધીરે ધીરે હાથ ફેરવવા માંડયો. આટલું ફર્યાનો થાક ઓછો થયા પછી તેણે આંખ ઉઘાડી. એકવાર ગુલાબ સામું અને બીજીવાર ગજરી સામું જોઇ ટગરટગર ઉભે જોવા માંડયું. તેની બેઉ બાજુએ બેઉ નણંદ ભોજાઇ પલંગ ઉપર તેની

સામું જોઇ બેઠેલાં હતાં અને 'હમણાં કંઇક બોલશે' એમ ધારતાં હતાં, પરંતુ બે ત્રણ મિનિટ થઇ, ઉઘાડી આંખે સુતેલો હોવા છતાં પણ તે કશુંએ બોલ્યો નહિ. ગજરીએ ફરીને તેની સામું જોઇ કહ્યું કે "ભાઇ ! આ કોણ છે ?"

નગભાઇ જેટલું આણવા દે એટલું ઓછામાં ઓછું હાસ્ય મુખ ઉપર લાવી બહુજ ક્ષીણ ને ઉંડા ધીરા અવાજથી તે બોલ્યો કે "તારાં ભાભી. એમ કેમ પૂછે છે ગજરાબહેન !" તેના મુખમાંથી આટલા બોલ નીકળતાં વાંત "મને માફ કરજો, ગજરાબા, મારા, તમારી ગરીબડી ભોજાઇના અવિવેકને માફ કરજો, બહેન ! માફ કરજો." એમ ગાંડાની પેઠે બોલતી ગુલાબે પતિની હડપચી ઉપર ચુંબન લઇ "વહાલા ! હવે મારાથી નથી રહેવાતું. હું અભાગિણી તમારી આ સ્થિતિ જોવાને કેમ જીવું છું. તમને દુઃખ દેઉં છું ને જાતે પણ રિબાઉં છું" તે ‑ડી પડી. મોઢું પાલવથી ઢાંકી દીધું અને રૂદનના જોરને દબાવવાથી મોટાં ડુસકાં લેતી ખસીને ખુરસીમાં બેસી ગઇ. ચંદુલાલે ગજરીના સામું જોયું અને ધીરેથી કહ્યું કે "બહેન ! તું કેમ આને સમજાવતી નથી ? શા માટે આ રડે છે ?" તેણે ગુલાબની તરફ નજર ફેરવી, એટલે ગજરી બોલી કે, "ભાભિ ! તમારે આમ કરવું હોય તો તો ચાલો બા બહાર. બાપાજી ને બા મને લઢે. તમે તો સમજતાંજ નથી. આ તો ભાઇની તબિયત સંભાળવાનું નહિ પણ સંતાપવાનું કહેવાય. આમ કરો ત્યારે તો મારાથી અહીં નહિ બેસાય. જુઓ, ભાઇને કપાળે પરસેવો થઈ આવ્યો અને ભમર ઉપરના ચામડી ચઢી ગઇ. તેમને ખોટું લાગ્યું." ગુલાબે મુખ લુછી ખુરસી ઉપરથી ઉઠી ચંદુલાલનું કપાળ લુછી નાંખ્યું અને હલકે હાથે પાલવથી પવન નાંખવા લાગી. જરા આરામ લઈ, એક બે વાર ભમર સંકોચી તેણે ધીરેથી આંખ ઉઘાડી ગુલાબ સામું જોઇ મુખ ઉપર ફરી હાસ્ય આણ્યું, બેનની સામે જોયું અને

પછી ધીરેથી બોલ્યો કે, "બેન, ગજરાબા! તારી ભાભીને તું હિમ્મત આપતી નથી? આ તો કેવીએ જાતનો મંદવાડ છે. હું ડોકતર છું પણ કંઈ સમજીજ શકતો નથી. જ્યારથી મને આ થયું છે ત્યારથી બીજું કંઇ નહિ પરંતુ એજ થયું છે કે, હું મારી સંપૂર્ણ સંજ્ઞામાં અને સ્વાસ્થ્યમાં આવીજ શકતો નથી. મારો જીવ જાણે ઉંડો ઉંડો ક્યાંનો ક્યાંહી ઉતરી પડે છે અને બહારથી તમને ઉંઘતો હોઉં એવું લાગ્યા કરે છે. શું મારું મન ઠેકાણે નથી? મને કંઇ રોગ છે? લોકો અને ડોક્તરો શું કહે છે?" ચંદુલાલ આટલું બોલી થાકવાથી પાછો આંખ મીચી ગયો.

સાંભળ્યું ભાભિ! ભાઇ બધું સમજે છે. બા, બાપાજી અને દાદીની સાથે એ શી વાત કરે? આપણે બેઠાં હોઇએ તો એમને ગમે.

ગજરી આગળ બોલવા જતી હતી એટલામાં તેણે ફરીને આંખ ઉઘાડી ગુલાબને પૂછ્યું કે "તમને કેમ લાગે છે?"

ગુલાબ હસી અને બોલી કે "તમને પહેલાંના કરતાં ઘણું સારું છે; પણ તમે બોલો ચાલો નહિ ત્યારે અમને ખોટું લાગેને? તમે ડોકતર થઇ તમારો રોગ સમજતા નથી, તેમ તમને મુંબાઇથી જોઇ જનાર મોટા ડોક્તરો પણ કંઇ સમજતા નથી અને "ધારે ધારે સારું થશે," એવું કહે છે સારું થતું નથી, તમે પોતે શુદ્ધિમાં રહેતા નથી અને કોઇ કોઇવાર એવું એવું લવો છો કે, અમો ડરી જઇએ. અહીંના લોક વાગગટ જેવું કહે છે. બાપાજી જાણે નહિ તેમ તેનોએ બાએ ઉપાય કર્યો. જપ કરાવ્યા, મંતરજંતર ને દોરાધાગા કર્યા પણ કશાની ટેકીજ લાગતી નથી, એ શું? ગજરાબાને તમે પૂછો છો પણ બોને હુંજ કહું કે, તમારું મન ઠેકાણે નથી અને રોગે છે. તવ મન સારાં હોય તે [illegible] આમ પથારી વશ થઇ જાય? પહેલાં તો કાંજી, દૂધ, ફળ વગેરે કંઇક લેતા,

પણ હવે તો તેઓ પરાણે લો છો ? પેટમાં કંઇ જાય નહિ એટલે શક્તિએ ક્યાંથી રહે અને મને કેમ ઉંડું ઉતરી જાય નહિ ?

ગુજરાબેન ! તારી ભાભી મને ઠપકો દે છે. પણ એણે મને ક્યારે ખવડાવ્યું ? અમસ્થીજ બોલે છે ને ? ચંદુલાલ હસ્યો.

તમે કહો ત્યારે ખવડાવું. કેટલે મહીને આજ આટલું બોલ્યા. મને કેવું સારું લાગ્યું. કહો તમારે શું ખાવું છે ? ગુલાબે બધું દુ:ખ ને શોક સંતાપ ભૂલી જઇ આનંદભેર તેને પ્રશ્ન પૂછયો. પથ્ય હશે એવું સૌ મારે હથે તૈયાર કરીશ અને મારે હાથેજ જમાડીશ, બોલો શું જમવું છે ?

હું કયારે રસોઇ જમું છું, મને ફળફળાદિ આપવામાં આવે છે માટે તે ખવડાવ, ખવડાવ્યાનો અર્થ એ કે, વહાલથી તું મને જે પથ્ય હોય તે મારી પાસે બેસી વાતચીત કરતી અને હસતી હસતી થોડે થોડે ખવડાવતી રહે. મને ઠપકો દે છે પણ તુંજ બધું ભૂલી જઇ બહાવરી બની ગઇ છે. માંદા માણસની પાસે બેસવું અને ગમ્મતમાં તેને ખવડાવવું તથા તેના મનને આનંદ મળે એમ કરવું, એ તો વૈદકમાં મોટામા મોટું ઔષધ કહેવાય છે. જેવું તને સારું લાગ્યું તેવું મને પણ આજ તમે બે જણ મારી પાસે બેઠાં તેથી સારું લાગે છે. ચંદુલાલે મંદવાડમાં કદી પણ નહિ કરેલા એવા રીતે વાત કરી, તંદુરસ્તીનો સુધારો અને હોંશિયારી દેખાડયાં ગુજરાબેન અને તુ જ્યારે મારી પાસે હો ત્યારે મને 'એટહોમ' લાગે છે, તે તને ખબર નથી ? મુંબાપના મારા અભ્યાસના દિવસો અને આપણી એ બધાં ગમ્મતો શું એટલામાં તું વિસરી ગઇ ?

વિસરી ગઇ એટલુંજ નહિ, પણ હું તો તમારા મંદવાડથી ઘેલીજ થઇ ગઇ. હું કયાં છું, શું કરું છું, અને કેમ જીવું છું, તેનુંએ મને ભાન નથી. બોલો હવે તમને શું

ખવડાવું ? બહુ બોલશો તો વળી થાકી જવાશે.

દરાખના બે દાણા લાવ. ચંદુલાલે જરા થાકથી જવાબ આપ્યો. ગુલાબ ઉઠીને લીલી દરાખનો ડાબડો લઈ આવી, પણ ગજરીએ કહ્યું કે. રહો ભાભિ ! હું બાને પૂછી આવું ? લીલી દરાખ એમને નહિ ખવાતાં હોય તો ? "હમણાં ફળફળાદિ ખવડાવે છે તે હું જોઉં છું બહેન," ગુલાબે જવાબ દીધો અને એક બહુજ પાકેલી દરાખનો દાણો લઇ ચંદુલાલના મોંમાં આપ્યો. એક બે દાણા તેણે સારી રીતે ચૂસીને ખાધા પણ ત્રીજો દાણો ચૂસતા શ્વાસના જોરદાર ખેંચાણને લીધે દરાખમાંનો ગરનો લોચો એકદમ ગળામાં જતો રહ્યો. બોલવાથી દરાખ ચૂસવાથી અને આનંદથી ઉશ્કેરાયેલા તંતુઓના જોરથી થાકી ગયેલા દરદી ગરને ગળામાં ઉતારી કે બહાર કાઢી શક્યો નહિ. એકદમ શ્વાસ રુંધાવા લાગ્યો. તેણે આંખો ચઢાવી દીધી. ગુલાબ અને ગજરી બેઉ ગભરાઇ ગયાં; અને "બા, બા," એમ કહી મોટેથી ગજરીએ બે ત્રણ બૂમ પાડયાથી જેકોરશેઠાણી અને રામચંદ્ર હાંફળાંફાંફળાં અંદર દોડી આવ્યાં. ચંદુલાલ રુંધાઇ જતો, બહેબાકળો, કપાળે પસીનો આવી ગયેલો અને ફાટી ગયેલી નિસ્તેજ આંખે ચતો સુતેલો તેમને જણાયો. "ગજરી શું થયું ? કેમ એકદમ આમ થયું ?" એવું પૂછતાં રામચંદ્રે ઓસીકા તળે હાથ ઘાલી તેને બેઠો કર્યો. ગુલાબ જ ખવાણી પડી પશ્ચાતાપ કરતી જરા દૂર ખસી ગઇ.

પ્રકરણ ૨૭ મું.

તારા અને ચંદા.

આવો, આવો, તારાગૌરી ! આજ ઘણે મહીને તમે તો દેખાયાં. ચંદુલાલના સમાચાર પહેલાં મને કહો ?

એ લોકોને અહીંથી ગયાને ચાર મહીના થઇ ગયા, અને મંદવાડ બહુ લંબાયો દેખું ! કંઇ મટયા ઉપર છે કે કેમ ? ચંદાગૌરીએ ગુંથણની દડી અને સોય આરસપહાણના ટેબલ પર મૂકી છોકરાને તારાગૌરીની કેડમાંથી લઇ લેઇ બહુ આતુરતાથી આમ પ્રશ્ન કર્યો. તારાગૌરી કેશવચંદ્રની ખબર કાઢવાને આવી હતી અને ચંદાગૌરીને "લગન થાય તેમ છે કે નહિ ?" તે જાણવું હતું. ચંદુલાલ માંદો થઇ કાઠિયાવાડથી બારોબાર ખંભાત ગયો અને તેના મંદવાડને લીધે લગન અટક્યું; એટલી ખબર તેને ત્રણેક મહીના ઉપર મળી હતી; તે પછી કંઇ સમાચાર મળ્યા ન હતા. હમણાં કેટલાક દિવસની ચિંતા થયા પછી કેશવચંદ્રનો પત્ર મળ્યો હતો, પણ તેમાંની વાતે દીલગીર થવા જેવી હતી. આવાં ઘણાંક કારણને લીધે, ચંદાગૌરી અને તારાગૌરીની આ મુલાકાત બેઉ બાજુએ અગત્ય ધરાવતી હતી. ગાદી ઉપર તારાગૌરી બેઠી અને ચંદાગૌરી, બીજો છોકરો જે ધીરે ધીરે દાદર ચઢતો હતો તેને લેવા ગઇ

ઘણા દિવસથી તમારી પાસે આવવાનો વિચાર કરતી હતી પણ અવાતું ન હતું. છેલ્લા પંદર દિવસ થયાં એ ખંભાત ગયા હતા એટલે મારાથી કહિંએ બહાર જવાતું નહિ. ગઇ કાલે સવારેજ એ આવ્યા. ચંદુભાઇની તબિયત પંદરેક દિવસ ઉપર વધારે બગડી ગયાનો તાર આવ્યો તેથી એ બેઠા હતા ત્યાંથી ઉઠીને એકદમ ત્યાં ગયા હતા. કહે છે કે, હવે તો સારું છે. કીકાના ભાઇજી કહે છે કે, માંદગી શારીરિક રોગ કરતાં વળગાટ જેવી વધારે છે. ડૉકતરો અને વૈદો કંઇ ખાસ રોગ બતાવતા નથી, પણ એમ કહે છે કે, મગજ ઉપર કોઇ જાતની અસર થયેલી છે "જાણે એ ચંદુભાઇજ નહિ," એમ એતો કહે છે. મનનું ઠેકાણું નથી. ઘેનમાં પડેલા હોય એમ સદા પડી રહે છે. ક્વચિત સારી વાતચીત કરે છે અને ક્વચિત શૂન્યમુન્ય માત્ર પડી રહે છે. ખોરાક બીલકુલ લેવાતો નથી. શરીર

ધસાઈને હાડપિંજર જેવું થઈ ગયું છે. ડોસોડોશી, દાદીમા અને ગુલાબભાભીજીની આંખોમાંથી કદીએ આંસુ સુકાતાં નથી. આવી ગમગીની અને મુશ્કેલીમાં ભાભીજીને વળી સારો દહાડો છે. અંબામા ઝૂરી ઝૂરીને અને બળાપો કરી કરીને મરી જાય છે. ચંદાગૌરી! પૈસોએ રડયો કંઈ કામ લાગતો નથી. સુખ પૈસામાંએ નથી. સુખ તો માત્ર સારા સમધાત નસીબમાં છે. આમના કુટુંબ ઉપર ઓચિંતુ દુઃખનું વાદળ ધસી પડયું તે દુશ્મનના હૃદયમાં પણ દયા ઉત્પન્ન કરે છે. ગજરાબાને પરણાવવાની કેવી કેવી હોંસો હતી. જેકોરબાને કેવો મજેનો ઝુમણિયો વિવાહ કરવો હતો અને કેવો ઓરિયો લેવાને ગુલાબભાભીજી તલપી રહ્યાં હતાં. અરેરે! બધુંય અત્યારે તો ખાટું ઝેર થઈ ગયું છે. તારાગૌરીએ આંખમાંથી આંસુ કાઢી ઉંડો નિઃશ્વાસ નાંખ્યો.

શું કરીએ બહેન, માણસનું ધાર્યું કંઇ થાય છે? આપણે માણસ તો અમસ્તાંજ અભિમાન કરીએ છીએ કે, ફલાણું તો મેં કર્યું અને ઢીંકણું તો ફલાણો કરશે. ઇશ્વરની ઇચ્છા વગર એક પાન પણ હાલતું નથી. ગુલાબને બિચારાંને અસરણીની કેટલી હોંસ, અને તે આવી ત્યારે કેવો વખત! અરેરે! દેવનેએ દયા આવે એવી વાત છે, પણ શું કરીએ, એમાં માણસનો કંઇ ઉપાય નથી. હિમ્મત અને ધીરજ રાખી ઈશ્વર જે કરે તે સહન કરવું. ચંદાગૌરીએ તેને આશ્વાસન આપતાં આ રીતે સમદુઃખતા જણાવી.

અલબત, આપણાથી જીવ બાળ્યા ઉપરાંત શું થાય છે? પણ ચંદાબહેન. એ કહેતા હતા કે, ઘરનાં બધાં માણસ એવાં કાયર અને એવાં શોકગ્રસ્ત થઇ ગયાં છે કે, જાણે એ સુખી અને આનંદી કુટુંબજ નહિ. જેકોરબાએ બહુ આગ્રહથી અને ત્યાં તેડાવી છે. ઘરમાંથી એ આવ્યા ત્યારના કહે છે કે, 'અમે તેમ થાય પણ તું જા. સ્નેહીઓના દુઃખમાં ભાગ લેવો એ

સ્નેહીનો ધર્મ છે, અને અત્યારે તેમને સહાય કરવાની બહુ જરૂર છે. તું જાઈશ તો ગુલાબભાભીને આશ્વાસન લેવાનું સ્થાન થઇ પડીશ.' મારે આ બે છોકરાં લઇને જવું, એટલે તેમને સહાય કરવાની તો રહી, પરંતુ સામી પીડા ઉત્પન્ન કરનારી થઇ પડું, તેથી મારું મન ના કહે છે. શું કરવું, તે કંઇ મને સઝતું નથી.

કીકાના બાપ કહે છે તે યોગ્ય છે. છોકરાં તો સૌને ઘડી વાર ગમ્મત રૂપ થઇ પડશે, પીડા શાની છે? તમે ગુલાબ બહેનને વાત કરવા અને દુઃખ ભાર ઓછો કરવાને ઉપયોગી થઈ પડશો, માટે હું પણ તમને સલાહ આપું છું કે જાઓ. આવા વખતમાં તમ જેવાં સ્નેહીઓ પાસે હોય એ મોટું આશ્વાસન કહેવાય. જરૂર જાઓ.

ચંદાગૌરીએ ઘાટીને બોલાવી છોકરાંને માટે ખાવાનું મંગાવ્યું, અને ચા મૂકવાની તૈયારી કરવા માંડી તારાગૌરીએ ઉઠી ચંદા જે ગુંથણ ગુંથતી હતી તે જોયું અને છોકરાંને છબીઓ વગેરે દેખાડી દિવાનખાનામાં રમતે વળગાડયાં. દિવાનખાનું બે ઓરડી વગેરે જોયું. આમ તેમ ડોકિયું કરી તે બોલી કે, ચંદાબહેન! તમારું ઘર તો સારું છે એકલાંનેએ ગમે. મોટા લોકનાં ઘર હોય છે તેએ આવા મજેના રસ્તા ઉપર હોતાં નથી? તમારા ઘરમાંથી તો બારીએ બેઠે બેઠે આખી મુંબાઇનું મોં જોવાય છે.

અમે તો મુંબાઈ આવ્યાં ત્યારનું આ ઘરજ રાખ્યું છે. આવી સારી વસ્તીમાં અને આવા જાહેર રસ્તા ઉપરના ઘરમાં રહેલાં એટલે હવે બીજે ગમે નહિ. આપણે કંઇ વાડીબંગલા રાખી શકીએ તેમ છે?

વાડીબંગલા શું કરવા છે? એ તો વળી એવા એકાંતમાં હોય છે કે, જ્યાં આપણા જેવાને ઘડીએ ગમે નહિ. વાલકેશ્વર અને મહાલક્ષ્મી તરફ બંગલાઓમાં દસ વાગ્યા પછી

બીલકુલ ગમતું નથી. તે એવા એકાંત લાગે છે કે, જો ચાર પાંચ માણસ ન હોઇએ, તો બીક લાગે. મોંઘીબ્હેનનો બંગલો તમે નાહ જોયો હોય? બહુ વિશાળ અને મઝેનો છે પણ મને તો ત્યાં બીલકુલ ગમતું નથી. વસ્તીવાળા લત્તાનાં વખાણ કરતાં તારાગૌરીએ તેની લોકસહવાસી ભાવના દેખાડી.

એ તો હું ભૂલીજ ગઇ, તારાબ્હેન! મોંઘીબ્હેન ઉપર ગુલાબનો કંઈ કાગળપત્તર આવે છે કે નહિ? એમને તો બહુ જુનાં સહીપણાં છે?

પહેલાં એકાદ કાગળ આવેલો, પરંતુ હમણાં બે મહીના થયા તેમની ઉપર પણ કાગળ નથી. ગુલાબભાભીજી બિચારાં કેવી રીતે અને કયારે કાગળ લખે? મેં કહ્યું નાહ કે, એ તો આખું ઘર મોટા શોકસાગરમાં બુડી ગયું છે અને કોઇ કોઇનું કોઈને ભાનજ જાણે રહ્યું નથી.

એમણે ચંદુભાઇને જોવા ખંભાત જઇ આવવું જોઇએ. એમના જેવા માણસને શી વિટંબના પડવાની છે? ગુલાબ બ્હેનને એ જાય તો કેવું સારું લાગે. ચંદાગૌરીએ મોંઘીનાં બ્હેનપણાંની ટકોર કરી.

ચંદાબ્હેન! મોટા લોકની પ્રીતિ અને સામાન્ય લોકની પ્રીતિમાં મોટું અંતર છે તે આજ. મોટા લોક લીલા વનના પોપટા છે. તેઓ હમેશ પોતાનું સુખ જુએ છે. રાજાઓ અને ધનાઢયોને પારકા દુઃખની ખબર પડતી નથી, તેમાં વળી મુંબાઇનો શેઠિયા વર્ગ તો વધારે લાડકો અને નાજુકાઇ કરનારો છે. મોંઘીગેહાણીની તબિયત વળી ઓર છે. ગુલાબભાભીજીનેજ એમની સાથે તો સહીપણાં ર્‌હે, મારા જેવીને તો એક ઘડીએ ગોઠે નહિ કાગળપત્તર લખે છે અને વીરચંદશેઠ જોઇતું કરતું મોકલાવી આપે છે છતાં જવાકરવાની વાત નહિ.

ચંદાગૌરી જરા હસી વિચાર કરીને બોલી કે, જ્યાં સ્નેહ છે ત્યાં માણસ આગ ઉપર પણ ચાલ્યું જાય છે. જેની

સાથે બાળપણથી સ્નેહભાવ હોય તેની ઉપર દુઃખ આવે ત્યારે અવશ્ય સમદુઃખતા આવવી જોઇએ. જો સમદુઃખતા ન હોય તો સ્નેહ કૃત્રિમ કહેવાય. મોંઘીબેનનો વાંક નથી. એ ધનનો ને આ નગરના વાતાવરણનો દોષ છે. અહીં સ્વાર્થ અને સુખની પાછળ સૌ દોડયા કરે છે; અને તેના અંગના અવગુણો ને દોષો પણ અહીં તેટલાજ જોવામાં આવે છે. શેઠિયા લોકને બહાર નીકળતાં વિચાર પડે છે એટલે મોંઘી બેનથી નહિ જવાતું હોય. નાતજાત જુદી અને બીજી કેટલીક રીતભાતમાં પણ ફેર; એટલે એમને ફાવે નહિ એ પણ સ્વભાવિક છે. કાગળપત્તર લખે છે, અને જોઇતું કરતું મોકલી આપે છે, એ ખુશી થવા જેવું છે.

ના સમદુઃખતા પણ છે. ઘણીવાર મારી આગળ તેઓ ખબર પૂછતાં પૂછતાં રોઇ જાય છે. બીજાને માટે તો કોણ જાણે, પણ ગુલાબભાભીજીને માટે તો મોંઘીબેનના મનમાં ઉંડી લાગણી છે. જતા પહેલાં હું મળવા જવાની છું અને કદાપિ મારી સાથે આવે, કારણ કે, એકવાર એમ કહેતાં હતાં કે, તમારા જેવું કોઇ જતું હોય તો હુંએ ગુલાબને મળવા આવું.

ચંદા—એ આવે તો તમનેય ઠીક પડે, એ તો રસ્તાનો સારો બંદોબસ્ત અને સગવડ કરાવ્યા વગર આવેજ નહિ મારે કહેવું જોઇએ નહિ, તોપણ કહું છું કે, તમે એમને આગ્રહ કરીને તેડી જાઓ. ગુલાબને આવે વખતે એમણે મળવું જોઇએ. તારાબેન મારી તરફથી ગુલાબને તમે આશ્વાસન આપજો અને ગજરાને ઘણું ઘણું કરીને બોલાવજો. પહેલાં એકવાર તેમનો કાગળ આવ્યો હતો પણ પછી એ માન થઇ ગયાં છે. એમને કહેજો કે, હું કાઇ વાત વિસરી ગઇ નથી અને કાગળ લખતાં રહે.

તારા—ચંદાબેન! કેશવચંદ ક્યાં છે! મેં કંઇ વિચિત્ર

વાત સાંભળી છે ! ડહાપો, ભણેલોગણેલો અને ઠરેલ માણસ એવું તો ના કરે. ?

ચંદ્રાગૌરી આનો ઉત્તર આપતા પહેલાં વિચારમાં પડી. જાણે રસોડા તરફ મન હોય તેમ કરી એકાદ મિનિટ અવકાશ લીધો; પણ શું ઉત્તર આપવો, તે ઝટ સૂઝયું નહિ. તારાગૌરી ખંભાત જનાર છે અને ચંદુલાલના મંદવાડનું મહા ભયંકર વાદળ કુટુંબ ઉપર તૂટી પડવાને ટમટમી રહેલું છે, તે વખતે કેશવચંદ્ર કયાંહીં ચાલ્યા ગયા છે, એવું એ લોકોના જાણવામાં આવે તો મહા ગજબ ગુજરે એવો વિચાર કરી તે બોલી કે, હાં, તારાબેન ! તમે શું કેશવચંદ્ર સંબંધી પૂછયું ? તમે એમને માટે વિચિત્ર જેવું શું સાંભળ્યું ? કહો તો ખરાં ?

તારા ભોળી અને ખુલ્લા દીલની સ્ત્રી હતી. તે જરા પણ નહિ અચકાતાં બોલી કે, મેં સાંભળ્યું છે કે, કેશવચંદ્ર તેમને ઘેરથી કોઇ નહિ જણાયેલા સ્થાન તરફ ચાલ્યા ગયા છે તેમને ઘેર તેમના પત્તાનો કાગળપત્તર નથી. તેમનાં માબાપ શોક કરે છે અને એક બીજી કન્યાવાળા જેમને એમના પિતાએ હા કહેલી, તે અહીં તજવીજ કરે છે. આવું સાંભળ્યું છે.

ચંદ્રા-કેશવચંદ્રના કાગળો અમારી ઉપર આવે છે. એ કંઇ તપાસ કરવી પડે તેમ નાસી ગયા નથી, પરંતુ અનુભવ લેવા અને અભ્યાસના કંટાળામાંથી છૂટયા તેથી ગમ્મત મેળવવાને મુસાફરીએ નીકળી પડયા છે અતેરું એ છે કે, તેઓ પત્ર લખે છે પણ આપણને પત્ર લખવા જેવો પોતાનો પત્તો આપતા નથી. જાનીવાળાઓને ઉડાવવાને માટે કાં એમ ન કર્યું હોય ? તમે આવી કશી વાત ત્યાં કરતાં નહિ. એમને ઘામાં લુણ જેવું લાગશે. અજરા તો વેલાં થઇ જશે. આવા અર્થ બિચારાં ! અત્યારે તો ક્યારનાંએ લગ્ન થઇ ગયાં હોત. માણસ શું ધારે છે અને ઇશ્વર શું કરે છે ! તારાબેન ! એ સંબંધી ઓઠ પણ હલાવો તો તમને મારા સમ.

તારા–પણ એ શું ? એમના જેવે ભણેલો ગણેલો માણસ પોતાનાં માબાપ કે તમારા જેવાં અંગત સ્નેહીઓને કંઇ જણાવ્યા વગર ગમે ત્યાં ફર્યા કરે એ શું ! અમારા જેકોરબા બિચારાં જાણે કે, આ શી વાત તે જમાઇ ! છેલ્લા ગુલાબભાભીનું જુવારું જોવા ગયા, ત્યાંથી એ લોકોને ખંભાત તરફ મૂકી ગયા અને ઓચિંતું એ શું સૂઝયું ? તમે ગમે તેમ કહો, પણ મેં તો સાંભળ્યું છે કે, બાવો થઇને ચાલ્યા ગયા.

ચંદાગૌરી ખડખડાટ હસીને બોલી કે, અહો ! રડયા લોક શું કરે છે ? કહેવત છે તે ખોટી નહિ કે, ભોંયરામાં પેસીને નાચીએ તોય જગત જાણે ! બાવો થયા હશે તોય તમારે તો અભિમાન લેવાનું છે ?

તારા–એમ કેમ ?

ચંદા–એમ કે તમારાં નણંદની મોહિની એવી કે, નાસીપાસીમાં એમણે ગજરાને માટે ભેખ લીધો ! તારાબેન ! જગતને મોઢે કંઇ લગામ છે, તે ગમે તેમ બોલે. તમે કશી ચિંતા કરશો નહિ. આ વાદળ ઉતરી જશે એટલે એક સપાટામાં હું જ્યાં હશે ત્યાંથી એમને અહીં બોલાવી ગજરાની સાથે ગુંથી દઇશ. ત્યાં તો આવો ગપાટો નહિ ગયો હોય પણ કદાપિ ગયો હોય અને કોઇ તમને કંઇ પૂછે તો તમે મારા ઉપર વિશ્વાસ રાખી તેમને ધીરજ આપજો.

તારા–મેં તો જીવ બળે તેથી પૂછ્યું, અત્યારે ત્યાં એવી વાત જાય પણ નહિ અને કોઈ કંઇ પૂછે પણ નહિ. મેં તમને કહ્યું નહિ કે અમારાં જેકોરબાને તમારી ને એમની ઉપર સંપૂર્ણ વિશ્વાસ છે, પણ આવા ડહાપા માણસને આ શું સૂઝ્યું ?

ચંદા–કંઇ ખરાબ સૂઝ્યું નથી; એ તો ઘણાં વર્ષો થયાં એમના આવા વેશે દેશમાં ફરવા ઇચ્છતા હતા. હું ધારું છું કે, એજ વિચારે તે ગામડાંના ગરીબ લોકનો અને બીજો અનુભવ

લેવાને નીકળી પડયા છે. કંટાળશે એટલે પાછા ફરશે. એમને કંઇ દુઃખ નથી જે બાવા કે જોગી જતી થઇ જવું પડે. એમને તો પરણીને સંસારના લહાવા લેવા છે. તમને શી ખબર ! એ તો સંસાર પાછળ ગાંડા થઇ જાય એવા છે અને હજારોને બાવા કરે પણ પોતે થાય નહિ.

તારા–સંસારના હોંસી છે અને અલબત સંસારને હોંસી માણસ સંસારનો ત્યાગ કરી શકેજ નહિ. ગુલાબભાભી કહેતાં હતાં કે, કેશવચંદ્ર બહુ કુટુંબવત્સલ સંસારના લહાવાના સુખાભિલાષી છે. કહે કે, અભ્યાસમાંથી નિવૃત્ત હોય ત્યારે કેવી કેવી સંસારની ગમતી વાતો કરે અને જરા પણ અલ્હડાઈ વગર સૌ સાથે હળી મળી જાય. એકલશૃંગી જેવા જરાએ નથી. ચંદાબેન તમને તો એમનો બહુ પરિચય હશે. તમે શું ધારો છો ?

ચંદા–હું તો મારે ઘેર આવી ત્યારના એમને મારા સગા દિયેરની માફક મારા ઘરમાં જોઉં છું અને મને જ્યારે ખાતરી છે ત્યારેજ મેં ગજરાને અને ગુલાબબેનને વિશ્વાસ આપ્યો છે. કેશુભાઇને માટે કોઈ ગમે તે કહે પણ હું માનુંજ નહિને. ગજરા તો સુધરેલાં ગૃહસ્થ માબાપનાં અનુકૂલ કન્યા છે પરંતુ એક સાધારણ કન્યા સાથે પણ અમે તેમની ગોઠવણ કરી હોય તોપણ એમનાથી અમને ના કહેવાય નહિ. એમનામાં જે ઉંચા ગુણો છે તે તો જ્યારે તમે બધાં એમના સહવાસમાં આવશો ત્યારેજ જાણશો. શીલ એ મનુષ્યનું દેવત્વ છે અને શીલ તો એમના જેવું મે બીજે કોઇ ઠેકાણે અદ્યાપિ સુધી જોયુંજ નથી. દેખીતા વાઘ જેવા છે પણ સ્નેહીઓ, ઓળખીતાં અને વડીલો આગળ બકરી જેવા છે. ઘરનાંથી તો કાચે તાંતણે તણાયા આવે એવા નમ્ર અને સીધા સ્વભાવના છે. આ જે કંઈ વાત બહાર આવી છે કે "તે બહાર નીકળી ગયા છે" એમાં પણ કંઇક મર્મ છે. સો ગળણે ગળીને પાણી પીએ એવો ભણેલો

ગણેલો સુશીલ માણસ જંગલી બોથડ માણસોના જેવું કાર્ય કરે ? અને તે મારા જેવી જાણકાર માને પણ ખરીકે ? તારાબેન ! મનુષ્ય માત્રનો એ તો સ્વભાવજ છે કે, તે બીજાને પોતાના જેવું માને. આપણા લોકમાં કહેવત છે કે, પોતે જેવું હોય તેવું તે દેખે. જે લોક નાઠી જાય, સંસારને છોડી દે અને તોફાન કરે તે લોક બધા જગતને તેવું માને. સારો જગતને સારું દેખે અને નઠારો નઠારું દેખે. વાતો કરનાર જેવા સ્વભાવનાં હશે તેવાં અનુમાનો કરી તેવાંજ ગુલબાનો ઉડાડયાં હશે, પણ હું ફરીને તમને ખાતરી આપું છું કે, કેશુભાઇને માટે એવું તેવું કંઇ પણ તમે માનશો નહિ, વળી ખંભાતમાં એવી તેવી કશી વાતચીત પણ કરશો નહિ. હમણાં જે વાદળ ઘેરાયેલું છે તેને ઉતરી જવા દો ને પછીની વાત પછી છે.

આમ વાત ચાલતી હતી એટલામાં બહારથી રસિકલાલ આવ્યો. તારા ને ચંદાગૌરી ઉભાં થયાં અને માણસે આવીને કહ્યું કે, ચા તૈયાર થઇ ગઈ છે.

શું મારી રાહ જોતાં હતાં ? રસિકલાલે કોટ ઉતારી ટેબલ ઉપરથી પંખો લેતાં લેતાં સવાલ કર્યો.

રાહ જોતાં ન હતાં. પરંતુ વખત થઇ ગયેલો હોવાથી "હવે હમણાં આવશેજ," એમ ધારી હું જરા રસળાવતી હતી. ચાલો તારાબેન આપણે ! આપણા ખંડમાં. આમ કહી ચંદા-ગૌરી આગળ થઇ અને રસિકલાલ ખુરસી ઉપર બેઠો. સ્ત્રીએ-વાળા ખંડમાં જઇ ચંદાગૌરી અને તારાએ દિવાનખાનામાં ચા મોકલાવી પોતે અને છોકરાંએ પીધી. બાદ થોડીવારે તારા ઉઠી અને ના ના કહેવા છતાં ચંદાગૌરીએ તેને ઘેર પહોંચાડી આવવા બાટીને સાથે મોકલ્યો.

પ્રકરણ ૨૮ મું.

પગરસ્તાનો પ્રવાસ.

સું ધ્યાકાળ થયો હતો, દિશાઓમાંથી ચારે તરફ અંધારું ફેલાતું જતું હતું અને કહીંક ડુંગરાળ તથા કહીંક ખીણુવાળા ઉજ્જડ પ્રદેશમાંથી પાંચ સાત મુસાફરો કોઇક ગામ પહોંચી જવાને પગ રસ્તાને પંથ કરતા હતા તેઓ કહીં ટેકરાના ઉપર ચઢતા અને કહીંક ઉંડી ખીણમાં ઉતરતા હતા. માર્ગના તેઓ બહુ ભોમિયા ન હતા પરંતુ ગાડાં અને પગરવટને રસ્તે કોઇક ગામ આવશે, એમ ધારી સીધે રસ્તે ચાલ્યા જતા હતા. પાછલું ગામ છોડ્યાને ઘણો વખત થઇ ગયો હતો અને માર્ગમાં એકાદ બે માણસ સામાં મળ્યાં તેમણે "બે ગાઉ ઉપર ગામ છે" એમ કહેલું તેની સરતે "ગામ હવે નજીકજ હશે" એવી ઉમેદમાં ઉતાવળે ચાલતાં હતાં. પાતાળમાં ઉતરતાં હોય એવી ઉંડી નાની નદીઓના નીચા ઢોળાવે ઉતરતાં અને સ્વર્ગમાં ચઢતાં હોય તેવા સામેના ઉભેડું ઢોળાવે ચઢતાં તેઓ એક બીજાથી કદી કદી છેટે પડી જતાં પરંતુ થોડા પણ સાથીપણાના સ્નેહથી પાછાં ઉભાં રહેતાં. એક બીજાનો હાથ ઝાલીને મદદ કરતાં અને "હવે ઝાઝું દૂર નહિ હોય" એવાં એક બીજાને આશ્વાસન આપતાં એક કુટુંબનાજ માણસોની માફક માર્ગ ક્રમણ કરતાં હતાં. આ મુસાફરોમાં એક ડોસોડોસી, એક જુવાન છોકરી, એક ભરવાડ, એક કાવડિયોબાવો અને એક જુવાન પુરુષ એટલાં હતાં. ચાલતાં ચાલતાં બાવાજી રામધુન ચાલુ રાખતા અને વારંવાર ભરવાડને હોકારી હોકારી સૌની સાથે રહેવાને સમજાવ્યા કરતા, કારણ કે, તેઓમાં એજ એકલો એવો માણસ હતો કે, જે ભયમાં કામ આવે ડોસોડોસી થાકી જતાં તો તેમનો બાવાજી હાથ ઝાલતા અને ભરવાડ પાસે પણ ઝલાવતા. નદી

આવે તો લાકડી નાંખી નાંખી તેને પોતાની આગળ ચલાવતા હતા.

અંધારું થયું, સામે ગામનું પાદર જણાયું, પરંતુ વચમાં એક ઘણીજ ઉંડી નદી ઉતરવાનું આવ્યું ત્યારે ડોસાડોસીની હિમ્મત જતી રહી નદીમાં ઉતરવાનો અને ચઢવાનો ઢોળાવ આગલા ઢોળાવોને વિસરાવે એવો હતો. કિનારા ઉપરની ગીચ ઝાડીને લીધે નીચાણ ભણી એટલું અંધારું હતું કે કંઇ દેખાયજ નહિ. જેમ તેમ કરીને થોડુંક ઉતર્યા એટલામાં ડોસાનો પગ ખસવાથી તે નાચે પડી ગયો. એક દડાની માફક તે ગડગડાટ કરતો નદીના પાણીમાં જઇ પડયો. ડોસો ગડગડી રહ્યા તાં વાત તેની સાથેનો જુવાન હિમ્મતથી છાતીને વાંસા તરફ રાખી ઉતાવળે નીચે ઉતરી પડયો. બાવાજીએ ખુંખારીને સૌને હિમ્મત આપી, એટલુંજ નહિ, પરંતુ ભરવાડને ચઢાવી ડોશીની ટીંગાટોળી કરી લીધી. છોકરીની આંખમાં આંસુ આવ્યાં. તે રડવા લાગી પરંતુ બાવાજીએ હિમ્મત અને ધીરજ આપી તેને પોતાની સાથે સાથે ચલાવી. ઉતરતો ઢોળાવ ઉતાવળે ઉતરાયો. સૌ પાણી નજીક આવી પહોંચ્યાં એટલે બાવાજીએ આનંદથી 'ગંગામૈયા'ની જે બોલાવી.

બાવાજીની 'જે'નો 'સીતારામના જે'માં ઉપરથી જવાબ મળ્યો, એટલે 'હવે આવી પહોંચ્યાં' એવો સૌને વિશ્વાસ વળ્યો. ડોસીએ અને છોકરીએ ડોસાને પંપાળી, શરીરે હાથ ફેરવી પોટલીમાંથી કોરું ધોતિયું કાઢી પહેરાવ્યું. બાવાજીએ નદી ઉતરીને સ્નાન કર્યું, અને બહુ મોટા ડોળથી કાવડમાંના ઠાકોરજીને પણ ગંગાસ્નાન કરાવ્યાં. ભરવાડ અને પેલો જુવાન, જેને આપણે હવે કેશવચંદ્ર તરીકે વાંચકને ઓળખાવીશું તે બાવાજીની રામધુન જોતા અને ભક્તિના ભણકાર સાંભળતા ઉભા રહ્યા, પણ બાવાજીને લંબાવતા જોઇ પેલી છોકરીએ કહ્યું કે, હવે ચાલો ભાઇ. ઉતર્યા તેના કરતાં ચઢવાનું વધારે

કઠણ છે અને વળી રાત પડી છે. ભરવાડે ઉતાવળ કરી એટલે બાવાજીએ કાવડ ખભે લીધી અને ભરવાડને ખૂબ ચઢાવી ડોસાને ઉંચકી લેવડાવ્યો. બાવાજીની આ કળાથી કેશવચંદ્ર ખુશ ખુશ થઇ ગયો. ચઢતાં ચઢતાં બાવાજી તેને ઉત્તેજન આપતા અને કહેતા કે, જેનાં ધન્યભાગ્ય હોય તેને બ્રાહ્મણની સેવા કરવાનું મળે. શરી કીશનજી પોતે બ્રાહ્મણને ઉપાડીને ફરતા. બલિરાજાએ વામનનો પગ છાતી ઉપર મુકાવ્યો તે ઇંદ્ર થશે. ભરવાડો શરી કીશનજીના પિતરાઇઓ છે. બાવાજીની આવી વાક્ચાતુરીથી બ્રાહ્મણનું તથા આખા સાથનું કામ ઉતાવળે સિદ્ધ થયું. તેઓ સૌ મહીસલામત ગામના પાદરમાંના નદી કિનારા નજીકના એક રામજીમંદિરમા આવી પહોંચ્યા.

ઉંચી ટેકરા ઉપર મંદિર હતું. તેની આસપાસ વંડોવાળી વિશાળ જગ્યા રોકેલી હતી. એક બાજુએ ઉંચા પત્થાર ઉપર દેવમંદિર બાંધેલું હતું, બીજી તરફ કુવો અને નાનું શિવાલય હતું તથા વચમાં મોટા ચોરા જેવી અડાળીઓમાં બાવાઓ, સાધુઓ અને વટેમાર્ગુઓને પડી રહેવાની, એકાદ બે ઠેકાણે બંધ કરાય અને રંધાય એવા ઓરડીઓની સગવડ હતી વડાની જોડે ગાયો અને ઘોડાં વગેરે બાંધવાનાં કહોડિયાં અને ઘાસ ભરવાની ઓરડીઓ હતી. છુટા કંપાઉન્ડમાં કહીંક પિંપળા, કહીંક લીમડા, કહીંક તુલસી કયારા અને કહીંક ફૂલ ઝાડોનાં જૂથ વગેરે હતું. જેવું મંદિર વિશાળ હતું તવાજ તેમાં, અલબત વેરાગીઓની અને સાધુઓની સારી જેવી વસ્તી પણ હતી. ગાયો વાછડાં ઘોડાં વછેરાં વગેરે પ્રાણીઓ પણ અંદર હતાં. મંદિરની નજીક એક વિશાળ અડાળા મંદિરના મહંતજી માટે હતાં. તેમાં એક મોટી ધુણી ને ધુણીની નજીક કાદવની ઓટલા ઉપર મૃગચર્મ અને વ્યાઘ્રચર્મથી શોભતી મહંતજીની ઉંચી બાઠી હતી. મહંતની આસપાસ કેટલાક વેરાગીઓ, ખાખીબાવાઓ અને વૃદ્ધ સાધુ સંતોના કાટયાં તૂટયાં આસનો પડ્યાં હતાં. આપણા

મુસાફરોનો સંઘ આ મંદિરમાં દાખલ થયો કે તરત, એક વેરાગીએ તેમને સારી પડાળી બતાવી. બાવાજી બાવાવેરાગીઓની બાજુએ ઉતર્યા અને વટેમાર્ગુ રૂપ બીજા તેમનાથી જરા દૂર એક રંધાય અને બંધ કરાય એવી કોટડી આગળ જઇ ઉતર્યા. તેઓ હજી તો સ્વસ્થ થઇ બેઠાં એ ન હતાં, એટલામાં તેમને પડાળી બતાવનાર વેરાગી તેમની પાસે આવ્યો, અને બોલ્યો કે, મહંતજી આજ્ઞા કરતા હૈ કે પ્રસાદ કરનેકી ઇચ્છા હોય સો બોલ દો ઔર જીસકું સીધા ચહીએ સો ભંડારીજીકી પાસસેં લેલો. મહંતજીની આ આજ્ઞા સાંભળી સૌને ખુશાલી થઇ. ત્યાગીઓની આ વ્યવસ્થા અને આતિથ્યનો ઉત્સાહ જોઇ કેશવચંદ્ર આશ્ચર્ય પામ્યો. સૌની સાથે તે પણ મહંતનાં દર્શન કરવા ગયો. બાવાઓ, સંતસાધુઓ અને સંસારી ભક્તજનોની આરતી વખત હોવાથી ત્યાં ભીડ થઇ હતી.

કેશવચંદ્રને જન સ્વભાવ અને જગતનો અનુભવ લેવો હતો તેથી તે, જે જે જોતો અને અનુભવતો તે ઉપર વિચાર કરતો અને પરદેશી આચારવિચારોને તુલનાત્મક દૃષ્ટિએ વિચારી સાર શોધી લેતો હતો. બહુ બોલવામાં નહિ પરંતુ ધીરા શાણા સ્વભાવથી તે સૌ જોતો તટસ્થ રહીને જોવામાંથી તેને ઘણું જાણવાનું મળતું હતુ. રેલવેને નમસ્કાર કરી વગર પૈસે અને મુસાફરી માટે જોઈતાં સાધન રાખ્યા વગર મુસાફરી કરવા માંડી ત્યારથી આર્યપ્રજાના સંસારી જીવનમાં રહેલાં સત્ય, શીલ, ઉદારતા, જનદયા, બંધુભાવ, ધર્મનીતિ અને કલ્યાણનાં તત્ત્વ સર્વત્ર તેના જોવામાં અને જાણવામાં આવ્યાં. ગામડાના ગરીબ અને અજ્ઞાન ખેડુત લોકના જીવનનો અનુભવ તેને થયો ગામડિયા લોકના સાદી રહેણીકરણી જોવામાં આવી, સાદાં, નિર્દોષ ને સંતોષી કુટુંબોના વ્યવહાર કેમ ચાલે છે તે જણાયું, અને સ્વભાવિક રીતેજ દૈવી અને આસુરી વૃત્તિઓ

જગતને કેવી રીતે વહેવાવતી રહે છે તે અનુભવમાં આવ્યું. આ સ્થાનમાં આજે વળી બાવા વેરાગી ને સાધુસંતના સ્વભાવ તથા ચરિત જોવા જાણવાના અનાયાસેજ અવકાશ આવી મળ્યો તેથી પ્રાપ્તપ્રસંગનો પૂર્ણ લાભ લેવાને ખંતીલી બારીક નજરે મૌન રાખી તે સૌની હીલચાલ જોવા લાગ્યો.

મુસાફરો પેટની પૂજા કરી સાવધાન થઇ રાત ગાળવાને પોતાની વ્યવસ્થા કરી શાંત થયા. બાવા વેરાગીઓ ભજન કીર્તન કરતા બંધ પડયા અને હઠ યોગના અંગ રૂપ કેટલાંક કઠણ વ્રતવાળા સાધુઓ પોતપોતાની જગાએ તેની સાધનામાં પડયા કેશવચંદ્ર ધોતિયું પાથરી રામદાસ નામના એક અતિ વૃદ્ધ સાધુની ધુણી આગળ આડો થયો. મંદિરમાં દીવા બળતા હતા અને કહીં કહીં અડાળીઓમાં જુદા જુદા સાધુઓની ધુણીઓમાં અગ્નિ ઝગકતો હતો. કૃષ્ણ પક્ષ હેવાથી સઘળે અંધારું પડી રહ્યું હતું કેશવચંદ્ર સુતો પણ તેને ઝટ ઉંઘ આવી નહિ. હમેશની માફક સ્વસ્થ થતાં અને ચારે બાજુ નિરવતા ફેલાતાં તેના મનમાં અનુભવના વિચારો આવવા માંડયા. બાવા સાધુ વેરાગી વગેરેનું મંડળ જન સમૂહ વચ્ચે લાભ કર્તા છે કે નહિ ? તેનો વિચાર કરતાં એ સંસ્થાનું મૂળ, તેણે બજાવેલાં ધર્મનાં અને લોકોપદેશનાં કાર્ય, રાજ્યને સંકટને સમયે મળેલી મદદ વગેરે તેને યાદ આવ્યાં. એ સંસ્થામાં વધી પડેલી સંખ્યા, તેમની નિરુદ્યોગતાને લીધે પ્રજા ઉપર પડતો બોજો અને અજ્ઞાનને લીધે તેના અંતર્ગત હેતુના પાતને લીધે પ્રજાને થતી પીડા ઉપર વિચાર કર્યો. તે સંસ્થાની ધાર્મિક અને ઉપદેશાત્મક બાજુ તેને લોકોપકારક જણાઇ. તે પોતાના મનમાં બોલ્યો કે, અજ્ઞાનને લીધે આ લોકો બોજા રૂપ થઇ પડેલા છે, પરંતુ જો કોઇ ખંતી વિદ્વાન માણસ તેમનો કેસ હાથમાં લે અને તેમને સદ્વિદ્યાનું દાન દે તો આ લોકો લોકોને અત્યંત ઉપયોગી થઇ પડે. સંસારી માણસો

કરતાં આવા સાધુ વેરાગીઓ, કે જેમને બીજી કશી પંચાત કે ઉપાધિ નથી તે, જ્ઞાનને માર્ગે બહુ સારી અને વિવિધ પ્રકારની દેશોન્નતિ ઉપજાવવાને સમર્થ થાય. ખ્રિસ્તી મીશનરીઓએ પોતાના ધર્મને અને યુરોપને દુનિયાં ઉપર મોખરે આણવામાં જેટલું કામ કર્યું છે, તેટલું કામ યુરોપનાં મોટાં મોટાં રાજ્યોનાં ખરચાળ સૈન્યોથી પણ થઈ શકયું નથી. સૈનિક બળ કેટલું બધું શોણિત વહેવરાવ્યા પછી એક દેશને અથવા એક પ્રજાને પોતાના તાબામાં લઇ શકે છે, જ્યારે ઉપદેશકો લોકને ઉપકાર કરી સુધારી તથા જ્ઞાન આપી હસતા રમતા પોતાને વશ કરી લે છે. આગલા વખતના ઋષિમુનિઓ જેવાં લોકકલ્યાણનાં કામ કરી ગયા છે, તેવાંજ લોકકલ્યાણનાં કામ આજ બાવા વેરાગીઓ પણ, તેમને કેળવવામાં આવે તો કરે. ખોટ માત્ર એટલીજ છે કે, તેમને સન્માર્ગે ચઢાવનારાઓ બહાર આવ્યા નથી. સન્માર્ગના લાભો તેમને દેખાડવામાં આવ્યા નથી. જો આ લોકોને માટે જ્ઞાન આપનારી સંસ્થાઓ ઉભી કરવામાં આવે તો તે બહુજ થોડા ખરચે ચલાવાય. છોકરાઓ કરતાં સાધુ વેરાગીઓ બહુ સારો અને જન્મભરનો અભ્યાસ માથે લઇ શકે. ખાવાપીવાનું અને રહેવાનું હાલ તેમને મળે છે તેથી વધારે જ્ઞાન પ્રાપ્ત થતાં મળે અને ઓછી જરૂરિયાતવાળા આ લોકો પોતે કળવાય અને પ્રજાના બાળકોને કેળવે તથા લોકોને ઉપદેશ આપે.

સરકાર અને જાહેર સંસ્થાઓ કરતાં પણ વધારે સારી રીતે આ લોકો કેળવણી આપનારી શાળાઓ અને પાઠશાળાઓ ચલાવી શકે; અને ઉંચી કળવણી મળે એટલે તો તેઓ પોતે પોતાના સમજથી તેને વધારે અને ખીલવે. સારા ભણેલા ત્યાગીઓ પ્રજાને લગતા જુદા જુદા પ્રશ્નોનો બોધ પ્રજાને લોકસેવક થનારાઓ કરતાં વધાર સારી રીતે આપી શકે. લોકસેવકોના ઉપદેશ કરતાં ત્યાગીઓનો ઉપદેશ લોકને રૂચે પણ

વધારે. પૃથ્વીરાજના કાળમાં આ લોકોના સમૂહો એક મોટા "સ્ટેન્ડિંગઆર્મી"ની ગરજ સારતા હતા અને રાજાના નિયમિત સૈનિકો કરતાં પણ રણસંગ્રામમાં વધારે યશ મેળવી આપતા હતા બાવાવેરાગીઓના હિંદુસ્તાનમાં હજારો મઠ છે. તેના મહંતોની આવક નાનાં નાનાં રજવાડાં કરતાં પણ વધારે હોય છે. સાંપ્રદાયિક સંસ્થાઓવાળા આચાર્યોની પાસે પુષ્કળ નાણાં હોય છે અને સેવકો તરફથી તેમને લાખો રૂપિયાની વાર્ષિક ઉપજો વગર કલેક્ટર, વગર મહેતામુસદ્દીઓ અને વગર ફરિયાદો કરવે હમેશ ઉપજતી રહે છે. આ લોકોને જ્ઞાન પ્રાપ્તિનો લાભ દેખાડી તે બાજુએ ખેંચવા, એ વળી સહેલું છે કારણ કે તેમના જીવનનો ઉદ્દેશજ જ્ઞાનપ્રાપ્તિ છે. મહંતો અને આચાર્યોને કેળવણીની સંસ્થાઓ કાઢવાને ઉત્તેજિત કરવા જોઇએ, અને તેમ કરવું એ કંઇ મુશ્કેલ નથી. ગાંજો ફુંકવો અને વસ્તી વચ્ચે રાત દહાડો કજીઆડાં કરવાં, તેના કરતાં જ્ઞાન પ્રાપ્ત કરવું અને દેશનું, પ્રજાનું તથા પોતાનું કલ્યાણ સાધવું, એ, કેળવણીનો રસ ચાખ્યા પછી એમને રુચશે સાધુ સંતોનો એક બીજો સ્વભાવ જેને આપણે હઠ કહીએ છીએ તે અભ્યાસમાં તેમને બહુ ઉપયોગી થશે. ઉંધે માથે તપ કરવાં, એકાદ હાથ સુકાઇ જાય ત્યાં લગી ઉંચોજ રાખ્યા કરવો અને કદી બેસવુંજ નહિ, આવાં આવાં આકરાં તપ અને કઠણ વ્રત કરતાં જેઓ કદી પણ પાછા પડતા નથી તે એવીજ ખંત અને હઠથી અભ્યાસ પાછળ લાગે તો મોટા મોટા શાસ્ત્રોને પણ જિહ્વાગ્રે કરી નાખે. મુસલમાનોમાં, અને ખ્રિસ્તીઓમાં પણ સાધુસંતોજ મોટા વિદ્વાનો નીકળે છે. બુદ્ધ ધર્મના પ્રચાર દરમિયાન જ્ઞાનનો સુકાન શ્રમણો અને ત્યાગીઓના હાથમાં હતો. અત્યારે પણ સંન્યાસીઓ, ગૃહસ્થ પંડિતો કરતાં વધારે બાહોશ જોવામાં આવે છે, માટે બાવા, વેરાગી, જોગીજતી અને સાધુસંતોને કેળવવાની સંસ્થાઓ ઉઘાડવાની

આપણા દેશને બહુ જરૂર છે.

હિંદુસ્તાનને બોજા રૂપ થઇ પડેલા બાવા વેરાગીઓને કેવી રીતે પ્રજાને ઉપયોગી બનાવાય, તે ઉપર વિચાર કરતો કરતો કેશવચંદ્ર નિદ્રાવશ થયો અને રામજીમંદિરની બીજી અડાળીઓમાં પણ સોપો પડ્યો. મહંતની ગદીવાળા અડાળીમાં બે ઝાંખા ઝંખા દીવા બળતા હતા અને કહીં કહીં વેરાગી-ઓની ધુણીઓમાંનાં ખોયાં ધુંધવાતાં હતાં. કેશવચંદ્રના સાથી-ઓમાંનાં ડોસાડોસી અને તેમની છોકરી એક ઓરડીનાં બારણાં આડાં કરી તેમાં સુતાં હતાં. અડબંગ બારણામાં પેલો જડસો ભરવાડ ભર નિદ્રામા ઘોરતો હતો. કાવડવાળા બાવાજી કાવડમાંના દેવ જે સોનાના હતા તે એક અંચળામાં બાંધી લંગોટે વિંટાળીને સુતા હતા, પરંતુ નિંદ્રાદેવીએ હજી તેમને આલિંગન આપ્યું ન હતું, કારણ કે, પ્રવાસ દરમિયાન તેમને પેલી બ્રાહ્મણ કન્યાએ મોહિત કરી નાંખ્યા હતા અને તેને અદ્ધર ઉપાડવાની સંતલસ લગભગ થઇ ગઈ હતી કેશવ-ચંદ્રથી નહિ પરંતુ જડસા જેવા ભરવાડથી તેનું મન સમજાયું હતું. બાવાજીને પણ તેનોજ ભય હતો. ચોરનારની ચાર એ કહેતી પ્રમાણે તેમ છતાં આજના રાતે કામ પાર પાડવાનો બાવાજીનો નિશ્ચય હતો અને અણસમજુ પેલી જુવાન છોકરીએ પણ મળતા પહેલાજ લાગે માબાપના પિંજરમાંથી ઉડી જવાનો ઠરાવ કરેલો હતો જેમ બાવાજી જાગતા અને તેના આબાના ગણસારા સાંભળ્યા કરતા હતા, તેમ તે પણ માબાપને મરણોત્તર સ્થિતિએ પહોંચી ગયાની રાહ જોતી ખોટીજ નિંદ્રાના ડોળમાં ઉજાગરી પડી રહેલી હતી.

જેમ જેમ વખત વહેતો ગયો તેમ તેમ રાત્રિ વધારે શાંત અને માણસો વધારે ગાઢ નિદ્રામાં પડતાં ગયાં. બાવાજી કરેલા સંકેત પ્રમાણે ખુખારવા લાગ્યા. પેલી છોકરી સંકેત સમજી ગઇ અને સુતે સુતેજ તેણે બારણાને પગવતે અડધું

ઉઘાડી નાંખ્યું. બારણું અરધું ઉઘડયું તેમ છતાં ડોસોડોસી સળવળ્યાં નહિ એટલે તેને હિમ્મત આવી. તે બેઠી થઇ અને બહાર જોયું તો ભરવાડને પણ લસલસાટ ઉંઘતો જોયો. તરતજ તે બહાર નીકળી અને અડાળીની પાછળ ગઇ. બાવાજી પણ બીજી તરફને કરે થઇ તેની પાછળ ગયા તેમણે ધીરેથી થોડીક વાત કરી અને પછી બાવાજી રામજી મંદિરના કોટડા ઉપર ચઢયા. બાવાએ તેને ઉપર ખેંચી લઇ બીજી બાજુએ ઉતારી અને પોતે પણ કાવડ બાવડ નહિ લેવા જતાં ઉતરી પડયો અને બેઉ જણ ભાગી રાતે રસ્તે પડયાં ઇશ્કનાં ઘેલાં માણસ કંઇ જોતાં નથી. ઘરડાં માબાપને પેલી છોકરીએ અને સાધુત્વને બાવાજીએ સહેજ વારમાં છોડી દીધાં.

આમને ઓળખનાર રામજીમંદિરમાં કુદરતેજ ધારણ મૂક્યું હોય તેમ છેક મોટું પરોઢ થયું ત્યાં સુધી સૌ ઉંઘમાંજ પડી રહ્યાં. આગળ પાછળના પંથીઓ સળવળ્યા ત્યારે ભરવાડ ઉઠયો. તેણે બારણું ઉઘાડું જોઇ ડોસીને બોલાવી અને ડોસીએ છોકરીને બોલાવી પરંતુ કોણ હોય તે બોલે? ભરવાડ ચેતી ગયો. તે બાવાજીને જોવા ગયો તો તે પણ મળે નહિ કાવડ પડેલી. પાછો આવી ફરીને તેણે ડોસીને પુછયું એટલે ડોસો પણ જાગ્યો અને બેઉએ તપાસ કરી તો ઘરેણાની પોટલી અને છોકરી બેઉ જણાયાં નહિ. ભડભડિયો ભરવાડ તેમને આમ તેમ વિચાર કરતાં જોઇ બોલી ઉઠયો કે, શું શોધો છો? બાવાએ નથી અને તમારી છોકરીએ નથી, એ તો બેઉ જણ આપણને સુતાં મૂકી જતાં રહ્યાં. તજવીજ કરવી હોય તો ચાલો હું સાથે આવું, વાર કરવામાં માલ નથી.

કોઇને પૂછો તો ખરા, ડોસીએ જવાબ આપ્યો. ભરવાડ બોલ્યો કે પૂછવાનું કોને હોય? પેલો બ્રાહ્મણનો જુવાન છોકરો તો સામેની પડાળીમાં એ ઉંઘે.

ત્યારે એને ઉઠાડી લાવો, એ આપણને મદદ કરે એવો

સારો માણસ છે. ક્યારનાં ગયાં હશે, તે કોને ખબર ! કપાળ ફુટયું આમ કહી ડોસાએ હથેળીથી પોતાના કપાળ ઉપર હાથ પછાડયા. ડોસી પણ રોઇ ગઇ. ભરવાડ કેશવચંદ્ર પાસે ગયો. તેને ધીરે રહીને ઉઠાડયો અને કહ્યું કે, ભાઇ પેલાં ડોસાડોસીની છોકરીને લઇ બાવો નાસી ગયો છે. અમે એ બેઉને શોધવા જઇએ છીએ અને તમે કંઇ મદદ આપો તો સારું.

કેશવચંદ્ર જેને બાવાજીની રામધુને ભોળવ્યો હતો તે તેમનું આ પરાક્રમ સાંભળી આભોજ બની ગયો. તરત પાથરેલું ધોતિયું લઇ તે ઉભો થયો અને બોલ્યો કે, અહીં કોઇને ખબર આપીશું કે એમને એમ જઇશું ? વળી જરા વિચાર કરીને અને જઇશું પણ ક્યાં ? આપણે ક્યારે જાણીએ છીએ કે તે અમુક દિશાએ અને અમુક રસ્તે ગયાં છે ?

હોહા કરવાથી પેલાં ડોસાડોસીની ફજેતી થશે માટે એકવાર બહાર હિંડો ને પછી જેણી તરફ ઠીક લાગશે તેણી તરફ જઇશું. ભરવાડની વાત કેશવચંદ્રને ગમી. તેઓ ડોસાડોસી પાસે આવ્યા અને સૌ પછી મંદિરમાંથી બહાર પડયા. બહાર નીકળ્યા પછી કેણી તરફ જવું તેનો ડોસાને પણ વિચાર થયો. તેઓ ઉભાં રહ્યાં અને એવો ઠરાવ કર્યો કે, ત્રણે જણે ત્રણ દિશાએ જવું અને સાંજના રામજીમંદિરમાં પાછાં ફરી આવવું. બપોર સુધી શોધ ચલાવવી અને પછી આગળ જવું નહિ, કારણ કે, એટલામાં પત્તો ન લાગે તો જાણવું કે દૂર નીકળી ગયાં. આ વાત સૌને ગળે ઉતરી. ડોસોડોસી એક દિશાએ, ભરવાડ બીજી દિશાએ અને કેશવચંદ્ર ત્રીજી દિશાએ ઉતાવળાં ઉતાવળાં સામા મળતા માણસોને પૂછપરછ કરતાં પનોતી ઉતારવા પેલાં આશુકમાશુકની શોધમાં ચાલી ગયાં.

પ્રકરણ ૨૯ મું.

મહાત્માનો સમાગમ.

ગરીબ બિચારાં વૃદ્ધ બ્રાહ્મણબ્રાહ્મણીનું કામ કરવાને કેશવચંદ્ર પોતાને રસ્તે ઉતાવળો ચાલવા માંડયો. બાવા વેરાગીઓ લોકમાં કેવી પીડાઓ ઉત્પન્ન કરે છે તેનો અનુભવ થવાથી તે સંબંધી વિચારોની ઉશ્કેરણીએ તેને ઉતાવળે પગ ઉપાડવાનું બળ આપ્યું. રસ્તો તેને કર્મે પહાડી અને જંગલવાળો હતો અને કોઇ વટેમાર્ગુ પણ સામે મળતું ન હતું. જોરમાંને જોરમાં તે બેચાર માઇલ નીકળી ગયો ત્યારે એક માણસ સામો મળ્યો અને તેણે બે સ્ત્રી પુરુષ કેટલાક છેટા ઉપર જતાં જણાવ્યું. કેશવચંદ્ર એક નાળા ઉપર નહાવા ધારતો હતો, પરંતુ આ જેનો તેનો શકમંદ પત્તો મળવાથી તેમ કરવાનું માંડી વાળ્યું અને વધારે ઉતાવળે પગલે તેણે માર્ગ કાપવા માંડયો. ચાલતાં માણસો વચ્ચેનું છેટું ભાગવું એ ઘણુંજ મુશ્કેલ કામ છે એમ જાણી તે બહુજ ચાંપીને ચાલ્યો અને બપોર થયા ત્યારે તેઓ લગભગ તેની નજરે પડવા માંડયાં. કાર્ય સિદ્ધિના ઉત્સાહમાં થાકી ગયેલો હોવા છતાં પણ તે વળી વધારે ઉતાવળો ચાલ્યો. એ ઝાડીવાળો સાંકડો માર્ગ હતો એટલે ન રઘો એક કલાક ચાલ્યા પછી એક નાની પણ નિર્મળ અને આસપાસના સુંદર દેખાવથી રમણીક લાગતી નદીના કિનારા ઉપર આવ્યો. પેલાં સ્ત્રીપુરુષ નજરે પડયાં ત્યારે તેની બધી મહેનત ફોક ગયેલી તેને જણાઇ, કારણ કે, એ બે સ્ત્રીપુરુષ તે, જેની શોધમાં આટલો પરિશ્રમ લઇ દોડયો આવ્યો હતો તે ન હતાં. પેલાં સ્ત્રીપુરુષ તેને જોઇ ઉભાં રહ્યાં અને બોલ્યાં કે, ભાઇ! શા માટે આટલા બધા ઉતાવળા જાઓ છો? ગામ તો હજુ ઘણું દૂર છે અને સાંજ વગર વસ્તી ભેગા થવાય

તેમ નથી. ઉતાવળો ચાલે તે વહેલો થાકે, એવું થશે. અને તમારાથી ગામ પહોંચી જવાશે નહિ.

કેશવચંદ્ર--તમારી આગળ કોઇ ગયેલું તમને ખબર છે ?

ના, ભાઇ ! રામજીમંદિરમાંથી અમેજ સૌથી પહેલાં નીકળ્યાં છીએ. ઠંડા પહોર હોવાથી તમારા જેટલાં તો નહિ, પરંતુ સાધારણ રીતે ઉતાવળાં ચાલ્યાં તેથી અરધે રસ્તે આવી પહોંચ્યાં. તમારે ક્યાં જવું છે ?

કેશવચંદ્ર--પગ જ્યાં લઈ જાય ત્યાં. અમે અમુક ગામ જતા નથી.

ભલે, તમે કોઇ પણ ગામ જતાં હો. ખેર, પણ અજાણ્યા લાગો છો માટે કહીએ છીએ કે, ગામ વગર બીજે કહીં રાત વાસો રહેવાનું મળશે નહિ. વાઘવરુનો ભય છે. જો તમારે અમે જે ગામ જઇએ છીએ ત્યાં આવવું હોય તો અમારી સાથે ચાલો.

કેશવચંદ્ર--ના, હું તો કદાપિ પાછો પણ ફરું.

તમારી મરજી. આમ કહી, તેઓ પોતાને રસ્તે પડયાં અને એકલો કેશવચંદ્ર નવાં પાંદડાંથી ઘટાદાર થઇ રહેલા થાકેલી આંખને લીલાશને લીધે પ્રિય ઠંડા ને આનંદકારી લાગતા કિનારા ઉપરના તે પિંપળા તળે વિશ્રાંતિ લેતો બેઠો. તાપ તડકામાં ઉતાવળે લાંબો પંથ કરવાથી તે થાકી ગયો હતો. ભૂખ પણ કડકડીને લાગી હતી. ધારેલી વાતનું નિરાશામાં પરિણામ આવ્યાથી 'હવે શું કરવું ? પાછા ફરવું કે આગળ જવું ?' એવા વિચારોથી તેનું મન ડામાડોળ થઇ ગયું હતું. 'થોડીવાર આરામ લીધા પછી જે થાય તે ખરું' એવું આશ્વાસન લઇ માથે બાંધેલા ધોતિયાનું ઓસીકું કરી તે શીળી છાયામાં ઝીણી પોચી રેતી ઉપર લાંબો થઇ પડયો; અને **क्वचिद्भूमौ०** વાળો ભર્તૃહરિનો શ્લોક રટતો રટતો નિંદ્રાવશ થયો.

સાધારણ માબાપનો છોકરો પણ લાડકો, ગૃહસ્થ મિત્રોમાં

અને ઉજળાં ઓળખીતાંમાં ફરેલો, ઉંચી કેળવણી પામેલો અને કદી પણ મનુષ્યના સહવાસથી દૂર નહિ રહેલો એવો કેશવચંદ્ર અત્યારે અનુભવ લેવા નીકળતાં આજ ચારે તરફ આઠ આઠ દશદશ ગાઉ ફરતું કોઇ ગામજ મળે નહિ એવા નિર્મનુષ્ય, પહાડી વાઘવરુના ભયવાળા જંગલમાં એકલો, નિરાધાર અને ભૂખ્યો રેતીના સુંવાળા કુદરતી રમણીય સ્થાનમાં નિદ્રાવશ થયો. નિદ્રા બીજું મરણ છે. તે ક્યાં સુતે છે, શો ભય છે ? અને ક્યાં જવું છે ? ઇત્યાદિ કોઇ પણ ઉપાધિ નિદ્રામાં રહેતી નથ; અત્યારે આને બહારની બધી સૃષ્ટિ અને તે સાથે સ્થાનની પરિસ્થિતિ ભુલાઇ ગઈ હતી અને મને ઉત્પન્ન કરેલી સૃષ્ટિમાં તેનો જીવ આનંદમાં રમી રહ્યો હતો. દુશ્મન ખુલી તરવારે માથા ઉપર ઉભો હોય, વાઘ મન ગમતું ભક્ષ મેળવવાને છાતી સામે ટાંપી રહ્યો હોય, કે કાળી નાગેણુ ડસવાની તૈયારી કરી રહી હોય, પણ નિદ્રામાં પડેલો માણસ તો ઇંદ્રભવનમાં સુતો હોય તેમ સહજ રહે. જીવ પ્રાકૃત દેહનું અભિમાન અને મારાપણું તે વખતે ભૂલીજ ગયો હોય છે. દેહ ક્યાં પડયો હોય અને જીવ ક્યાંનો ક્યાં રમણ કરે છે. કેશવચંદ્રની આ દશા હતી. તેનો સુકુમાર જુવાન દેહ જેનું કોઇ પણ રક્ષક અહીં ન હતું તે સુનો એકલો અટુલો ભર જંગલમાં એક પિંપળા નીચે પડયો હતો. તેનો જીવ ભવિષ્યની પ્રિયાનું મન મનાવતો મુંબાઇ જેવી રમ્ય નગરીના ઉંચા અને રેનકદાર એક સુંદર બંગલાના છજામાં વિહરતો હતો.

મધ્યાહ્ન કાળ થયો હતો, દિશાઓ તાપની જ્વાળાઓથી મૃગજળ વરસાવી રહી હતી. ધુળ અને તરણાંને લઇ ઉડતા પવનના કહીં કહીં વંટોળિયા વળતા હતા, કદી કદી જોરથી વહાના પવનને લીધે ઝાડવાં તળેનાં સુકાં પાંદડાંમાંથી મર્મર શબ્દ થતા હતા અને સ્વચ્છ રેતીના પ્રદેશમાં પવનની લહરીઓ સજેની ભાતળાંઓ પાડી રહી હતી. કહીં દોડતાં હરણા બટાદાર વૃક્ષોની

છાયામાં જઈ હંફતાંહાંફતાં આમ તેમ જોતાં ઘડી ઉભાં ન ઉભાં ને દોડતાં હતાં, કહીં કોકિલાઓ સામસામેના તરુકુંજોમાં બેસી કુહુકાર કરતી હતી અને મહી મહી લૂ વહાવાથી કોમળ પલ્લવો કરમાઇ જતાં જણાતાં હતાં. જંગલની નિરંતર નવા નવા રૂપે બદલાતી અને દરેક રૂપે કંઇ કુદરતી અલૌકિકતા, કંઇ અસાધારણ ભય અને કંઈ મોટા શાસ્ત્રાભ્યાસથી પણ પ્રાપ્ત ન થાય એવી ઇશ્વરની પ્રત્યક્ષતા બતાવતી લીલા થયા કરતી હતી, એટલામાં નદીમાંથી એક મોટો વાઘ પિંપળા તરફ આવ્યો. કેશવચંદ્રના દેહને પડેલો જોઈ તાકીને તેની સામે ચાલ્યો આવ્યો. આપણે આગળ જણાવ્યું તેમ કેશવચંદ્રના શરીરને તેનો કંઈ પણ ભય લાગે તેમ ન હતું. જીવનો અને દેહનો કેવો અને કેટલો સંબંધ છે, તે અને ભય કોને લાગે છે તે આ વખતે જોનારને સમજાય તેવું હતું. વાઘ ચાલ્યો ચાલ્યો છેક નજીક આવ્યો, એક બે કદમ દૂર આવતાં અટકીને ઉભો. તેની તરફ ખૂબ ધારીને જોયું અને પછી પાછલા પગ ઉપર તેની સામે દૃષ્ટિ રાખી છાયામાં બેઠો.

શ્વાસોચ્છ્વાસથી હાલતા કેશવચંદ્રના અવયવો સામું જોતો તે 'જાણે શું કરવું ?' એવા વિચારમાં પડયો હોય તેમ બેસીજ રહ્યો. વાઘ, જેની કુદરત દિવસે બોડમાં સૂઈ રહેવાની તે અહીં ઘણીવાર જાગ્રતાવસ્થામાં રહી શકયો નહિ. તેની આંખો આળસ અને ઉંઘથી મીચાઇ ગઇ. માખો અંદર અંદર તેની શાંતિમાં ખલેલ કરતી હતી તોપણ તે તો ભક્ષમક્ષ ભૂલી જઇ નિદ્રાળુતાને આધીન થયો હતો. કેશવચંદ્ર પણ લાંબો પંથ કરવાથી થાકેલો હોઈ શાળી રેતીમાં ઘટાદાર છાયા તળે લસલસાટ ઉંઘ કાઢતો હતો. તેને પણ બહારની ચિંતા અને વિચારો છોડી ગયાં હતાં. નીચે વાઘ બેઠેલો હોવાથી ઝાડ ઉપરનાં વાંદરાં અને પંખીઓ પણ ખડખડાટ કરતાં ન હતાં. આમ શાંતિમાં કેટલોક વખત નીકળી ગયા પછી, ઉંઘ

નદીમાંથી "હેરંબ ! હેરંબ !" એવો મનુષ્યનો અવાજ આવ્યો. તે અવાજે વાઘને અને કેશવચંદ્રને સાથેજ જાગ્રત કરી તે દિશા તરફ જોવરાવ્યું. નદીમાંથી ઉપર ચઢી આવતી મૂર્તિમાન તપજ હોય એવી એક વયોવૃદ્ધ પુરુષાકૃતિ અને વાઘ એકસાથેજ કેશવચંદ્રની નજરે પડયાં. વાઘ, અને તેની સાથે રહેલો મોટો ભય, એમાંનું કશુંએ કેશવચંદ્રને જણાયું નહિ. તેની આંખો અને મન પેલી પુણ્યમૂર્તિ તરફ નિશ્ચલ થઈ રહ્યાં. આ પુણ્ય સ્વરૂપ ખરેખર તીર્થરૂપ હતું. તે અત્યંત વૃદ્ધ છતાં તરુણની પેઠે મક્કમ જોરદાર પગલે ચઢતો, એક હાથમાં પાણીથી ભરેલું કમંડળ, બીજા હાથમાં દંડ ધારણ કરેલ, કૃશ પણ ઉન્નત, સુષ્ક પણ તેજસ્વી અને ગંભીર તપસ્વી સંન્યાસી હતો. વરસાદથી રજ રહિત થયેલા આકાશમાં ધોળાં વાદળથી ઘેરાયેલો ચંદ્રમા હોય, તેમ માથાના અને દાઢીના ધોળા વાળથી ઘેરાયેલું તેનું પવિત્ર સ્વચ્છ મુખ દેખાતું હતું ઉંડી પણ તેજદાર આંખોથી આમતેમ દૃષ્ટિ ફેરવતાં તે પોતાની સત્તાથી જગતને અધીન કરી નાંખતો હતો. કેશવચંદ્ર તેને જોતાંજ બેઠો થયો; અને તે 'ચલ, બેટા હેરંબ !' કહીને ઝાડની છાયામાં આવતાં આવતાંમાં તો સામો જઈ તેના પગમાં પડયો. "ચિરંજીવી રહે. બેટા, ઉઠ તું પણ ચાલ." આમ કહી તે આગળ ચાલ્યો એટલે વાઘ અને કેશવચંદ્ર પણ જાણે તેના પુત્ર હોય તેમ બેઉ બાજુએ તેની પાછળ પાછળ ચાલવા લાગ્યા.

નદી કિનારા નજીકનાં બે ત્રણ ઉંડાં કોતર ઉતર્યાં ચઢ્યા પછી, લાલ ભુંખરા પત્થર વચ્ચે પડેલી, માત્ર એકજ માણસ જઈ શકે એવી ફાટમાં થઈને તેઓ આગળ ચાલ્યા. આ ફાટમાંનો માર્ગ પણ નીચાણમાં જતો ઉતરતા ઢોળાવનો હતો. થોડુંક ચાલ્યા એટલે સામે અજવાળું દેખાયું. કેશવચંદ્રે આમતેમ જોયું તો સમજાયું કે પર્વતમાંની આ મોટી ગુફા અથવા ચોગાન કોઈ એક કાળે ભૂગર્ભ ઉલ્કાજનિત

હતી. એક મોટો પહાડ ફાટીને તેની વચમાં પડેલી તે એક અગમ્ય ખીણ હતી. પેલી ફાટ સિવાય તેમાં આવવા જવાનો બીજો માર્ગ ન હતો. શાંત પડી ગયેલા જ્વાળામુખીનું મુખ હોય તેવી આ ઉંડી ખીણ ઉપરથી ખુલ્લી હતી અને તેની ચારે બાજુએ લિંપેલા પત્થરની ઉભી ભિંતો હોય એવું હતું. લાવાનો રસ ચોંટી જવાથી છુંદાઇ ગયેલો પહાડ છાંદ થયેલો હતો. ફાટમાં થઈ તેઓ ખુલ્લી ખીણમાં આવ્યા. મહારાજે હવે પાછું વાળીને જોયું અને વાઘની ઉપર હાથ ફેરવી "બેટા, હવે તું જા" એમ કહી કેશવચંદ્રને પોતાની સાથે લીધો. ખીણની વચ્ચે એક મોટો કુંડ હોય તેવો ખાડો પડેલો હતો અને તેમાંનું પાણી ઉકળતું હતું. એ ઉના પાણીના કુંડની ધાર ઉપર થઇ તેઓ સામી બાજુએ ગયા. ત્યાં નાનો બાગ હોય એવા રળિયામણા એક ભાગમાં નાની ઝુંપડી અને પર્વતની કદણમાં ત્રણ ચાર માણસો રહી શકે એવી ગુફા હતી. ઝુંપડી દેખાડી મહારાજે કેશવચંદ્રને કહ્યું કે, "બેટા ! સ્વસ્થ થઇ અહીં બેસ. હમણાં તને ખાવાનું મોકલાવું છુ. કંઇ પણ ભય કે ચિંતા રાખતો નહિ. ખુશીથી આરામ લે." હાથ જોડી કેશવચંદ્ર બોલ્યો કે, આપનાં દર્શન થયાં ત્યારનાં મારાં ભૂખ તરસ ઉડી ગયાં છે એટલુંજ નહિ, પણ ભય કે ચિંતા કંઇ મારા મનમાં રહ્યું નથી. આપની કૃપા દૃષ્ટિના ઓધે મને બાહ્યાભ્યંતર શુદ્ધ પવિત્ર ને નિર્ભય બનાવી દીધો છે. મહારાજ જરા હસીને પોતાની ગુફા તરફ ગયા અને કેશવચંદ્ર ઝુંપડીમાં જઇ મૃગચર્મ પાથરેલો એક ઓટલી ઉપર બેઠો.

થોડીવારે એક સ્ત્રી તેને માટે દૂધભાત અને જળ વગેરે લઇ આવી. કેશવચંદ્ર તેને જોઇ આશ્ચર્ય પામ્યો, કારણ કે, તે બીજી કોઇ નહિ પરંતુ જેની શોધમાં તે અહીં આવ્યો હતો તેજ પેલાં બ્રાહ્મણ માબાપની છોકરી હતી. કેશવચંદ્રને ખાવાનું આપી તે પણ તેને ઓળખી રહી પડી પણ એક

શબ્દે તેનાથી બોલાયો નહિ. કેશવચંદ્ર તેને આશ્વાસન દેવા બોલાવા ગયો, પરંતુ તેનાથી પણ બોલાયું નહિ. આ ચમત્કારથી તેને બહુજ આશ્ચર્ય ઉપજ્યું. તે જમી રહ્યા એટલે બધું લઇને તે પાછી ગઇ અને તરત તેણે બોલવાનો યત્ન કર્યો તો બોલાયું. આથી તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તે મનમાં ને મનમાં બોલ્યો કે અહો! મારે જે જોઇતું હતું તેજ ઇશ્વરે મને આપ્યું. આ જગતમાં કંઇ ચમત્કાર હશે કે નહિ? તે જાણવાની મને જે હમેશ જિજ્ઞાસા રહેતી હતી, તે આથી પૂરી થઇ. પરંતુ નહિ, આ મહાત્માનો ભાગ્યના બળે મેળાપ થયો તો મારે બીજા પણ ચમત્કારો જોઈ લેવા. જડવાદીઓ કે નાસ્તિકો કહે છે તેમ છેક નથી પણ જગતમાં કહીં કહીં ચમત્કારી મહાત્માઓ પણ પડયા છે. જ્યાં લગી અજ્ઞાન છે ત્યાં લગી અમુક બનાવ ચમત્કાર રૂપ લાગે છે પણ જ્યાં તેનું જ્ઞાન થયું કે તરત તેનું ચમત્કારપણું નાશ પામે છે. બળદ કે ઘોડા વગર ગાડી ચાલે, અને કલાકના પચાસ ને સાઠ માઇલની ઝડપે માણસ મુસાફરી કરી શકે, એવું અકબરના વખતમાં કહ્યું હોય તો કોણ માને? અને તે કાળે કોઇએ તેવું જોયું હોય તો તે તેને ચમત્કાર રૂપ લાગે પણ ખરું જને! પશ્ચિમ તરફના વિદ્વાનોએ જે ભૌતિક પદાર્થોના અંતરમાં ઉંડા ઉતરીને હાલ નવી નવી શોધો કરી છે, એને આપણે એક જમાના પહેલાં ચમત્કાર વગર બીજું શું કહેત? યોગ શાસ્ત્રની સિદ્ધિઓમાં પણ કેમ સત્ય નહિ હોય? હશેજ. ભૌતિક પદાર્થ ઉપર જય મેળવવો એજ આનું રહસ્ય છે. અને તે મનુષ્ય ન પ્રાપ્ત કરી શકે તેમ નથી. જે લોકો આવી ઉત્તમોત્તમ સિદ્ધિઓને પામેલા હોય તે કંઇ બાવાઓની માફક પેટભરા હોય છે કે જગતમાં ફરી જગતને પોતાના ચમત્કારો બતાવે? આવા મહાત્માઓ તો પ્રપંચથી ભરેલા સાંસારિક વાતાવરણમાં રહેજ નહિ. વળી તેમની સિદ્ધિઓ કંઈ જાદુ

શુરું કરવાને છે? છીઃ જેમને જગત્બંધુત્વ અથવા જગદૈક્ય પ્રાપ્ત થયું છે, તેઓને આ સંસાર નકામો છે. એક આત્મા સિવાય જેઓ બીજી વસ્તુજ માનતા નથી તેમને દ્વૈત શું? એ તો આપણુ સંસારીઓને માટે છે. અહો! મારાં ધનભાગ્ય કે, આજે મને આવા પરમેશ્વરરૂપ મહાત્માનો સમાગમ થયો, મારી મુસાફરી સફળ થઇ અને હું કૃતકૃત્ય થયો.

આમ વિચાર કરતાં કરતાં કેશવચંદ્ર ઉંઘી ગયો. થાકને લીધે તેને સારી ઉંઘ આવી. તે જાગ્યો ત્યારે સાંજ પડી ગઇ હતી. પર્ણકુટીમાંથી તે બહાર નીકળ્યો. નાના બાગમાં આમ તેમ ફર્યો અને શાંતિ, શાંતિ અને શાંતિનુંજ ત્યાં રાજ્ય જોઇ આનંદ પામ્યો. મહારાજની ગુફા તરફ ગયો તો તેના મુખ આગળ વાઘ અને એક બ્રાહ્મણ બેઠેલા હતા. બ્રાહ્મણે કેશવચંદ્રને કહ્યું કે, હમણાં અહીં આવતા નહિ. રાત પડે આવજો, સમાધિ ઉતરશે ત્યારે મહાત્માની મુલાકાત થશે. કેશવચંદ્ર તરત પાછો ફરી પર્ણકુટીના બાગમાં બેઠો. આ રમણીય, શાંત, અને નિરુપદ્રવ સ્થાનને માટે અને મહાત્માને માટે વિચાર કરતાં કરતાં તેનો બધો વખત નીકળી ગયો.

રાત પડી, ચારે તરફ અંધારું થઇ ગયું. બ્રાહ્મણે ઘીનો દીવો કરી એક થાંભલા ઉપર મૂક્યો. ગુફા અને પર્ણકુટી આગળ આછું ઉજળું અજવાળું પડયું. ઉંચે જુએ તો આકાશ અને દિશાઓ તરફ જુએ તો ખીણુની ઉભી કઢણો સિવાય બીજું કશું નજરે પડે તેમ ન હતું. બહારના સંસારથી અને ધાંધાટિયા વાતાવરણથી આ સ્થાન દૂર હતું. અહીં એકાંત અને શાંતિ હતી તેમ છતાં અણગમો થાય તેવું ન હતું. કેશવચંદ્ર બાગમાં બેસીને થાક્યો પણ કોઇએ બોલાવ્યો નહિ. વગર બોલાવે મહાત્મા પાસે જવાની હિમ્મત ચાલી નહિ ત્યારે બાગમાંથી ઉઠી ઝુંપડીમાં જઇ બેઠો. મૃગચર્મ ઉપર આળોટ્યો. થોડીવારે બ્રાહ્મણે આવી તેને પૂછ્યું કે,

'તમારે કંઇ ફરાળ કરવું છે? કરવું હોય તો લાવું. મહારાજ ફરાળ કરે છે. ન કરવું હોય તો જરા રહીને ગુફામાં આવજો. ત્યાં દર્શન થશે અને મનનું કંઇ સમાધાન કરવું હશે તો તે પણ કરશે.' કેશવચંદ્રે જમવાની ના કહી એટલે તે પાછો ગયો.

થોડીવાર રહીને કેશવચંદ્ર મહારાજની ગુફાએ ગયો. ગુફાના દ્વાર આગળ એકલો પેલો બ્રાહ્મણ બેઠો હતો. કેશવચંદ્રને તેણે પોતાની પાસે બેસાડી કહ્યું કે, આજ સવારમાં આ ગુફાની બહાર કોલાહલ થયો તે જોવા જ્યારે હું બહાર ગયો ત્યારે વાઘે એક માણસને મારી નાંખ્યો હતો. એક બ્રાહ્મણની છોકરી જે તમને બપોરે ખાવાનું આપવા આવી હતી તે ભયથી ગાંડા જેવી મને ત્યાંથી મળી આવી છે. મેં તેને આશ્વાસન આપી અહીં આણી અને મહારાજને બધી વાત વિદિત કરી. તેમણે મને કહ્યું કે, કંઇ ચિંતા નહિ. કર્મનાં ફળ ક્વચિત અહીંજ લોકને મળે છે. વાઘે જેનો નાશ કર્યો તેને એના કર્મનું ફળ મળ્યું છે. કન્યાને શોધવા નીકળેલાં માણસે માંનો એક જુવાન બ્રાહ્મણ ગંગાસ્નાન કરી પાછા ફરતાં મને મળશે. એની સાથે કન્યાને આપણે મોકલી દઇશું. તમે કાલે સવારે એને લઇને જ્યાંથી આવ્યા છો ત્યાં જજો. હજી તો બ્રાહ્મણ બોલી પણ રહ્યો ન હતો એટલામાં મહારાજ આવ્યા. તે બન્ને ઉભા થયા. કેશવચંદ્ર લાંબો થઈ મહારાજને પગે લાગ્યો. મહારાજે પેલા બ્રાહ્મણને કામ બતાવી બીજી તરફ મોકલ્યો અને કેશવચંદ્રને લઇ ગુફામાં પેઠા.

મહારાજ એક આસન ઉપર બેઠા અને કેશવચંદ્ર બહુ વિનયથી ફરીને તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી તેમણે બતાવેલે સામા આસને બેઠો. મંદહાસ્ય કરી અમૃત જેવાં મીઠાં વચને તેને સંબોધી મહારાજે કહ્યુ કે—'બેટા, હવે તું પાછો ફરી જા. તારાં માબાપ અને તારાં સંબંધી થવા ઇચ્છનાર

બહુ ચિંતા કરે છે. તારા મનમાં મને જોયા પછી અમારા આશ્રમના વિચાર આવ્યા છે, પરંતુ તે શ્મશાન વૈરાગ્ય જેવા જાણ. આપણા આચાર્યોએ વયને અનુસાર આશ્રમોની શ્રેણિઓ બાંધી છે તેજ ઇષ્ટ સિદ્ધિને માટે ઉપયોગી છે. આશ્રમ ધર્મને અનુસરવામાંજ ધર્મ અને મોક્ષ રહેલાં છે. વૈરાગ્ય, સંસાર ત્યાગ, મોક્ષ વગેરે સામાન્ય માણસ ધારે છે તેવાં સહેલાં નથી. ઊર્મિઓને વશ થઇ વગર વયે જેઓ તેને અનુસરવા યત્ન કરે છે તેઓ બંને ગુમાવે છે અને તેમનું જીવન બીજા જન્મોની વધારે દુ:ખકરજાળ પોતાને ગળે ભરવી દે છે. ત્યાગ સહેલી વાત નથી. પ્રાણી માત્ર તેમાં યંત્ર ઉપર ચઢેલાં હોય તેમ ભમ્યા કરે છે. વળી મોક્ષ કંઇ એક જન્મમાં પ્રાપ્ત થતો નથી પણ એક પછી એક, સારા બ્રહ્મનિષ્ઠ સંસ્કારો પડતાં પડતાં જન્માંતરો પછીજ પ્રાપ્ત થાય છે, માટે આશ્રમ ધર્મને અનુસરવું એ મુમુક્ષુ માટે મુખ્ય કર્તવ્ય છે.'

'નાની વયમાં પણ જ્ઞાન થાય તો પછી શું હરેકત છે?' કેશવચંદ્રે વિનયથી પ્રશ્ન કર્યો.

'અનુભવ વગર જ્ઞાન પરિપક્વ થતું નથી, અને ભણેલી અથવા જાણેલી વાત અનુભવમાં આવ્યા વગર મનમાં ઠસતી પણ નથી સંસાર દુ:ખમય છે. એ દુ:ખ અનુભવથી જાણવાની વૈરાગ્ય પહેલાં જરૂર છે. સંસારની એવી મોહિની છે કે, એક બે વાર નહિ પરંતુ ઘણીક વાર દુ:ખનો અનુભવ થવા છતાં પણ પ્રાણીઓ ઇંદ્રિયાધીન થઇ, પોતે જેનું પરિણામ દુ:ખજ છે એવું જાણે છે, જાતે દુ:ખ સહ્યું હોય છે તોપણ સાંસારિક ક્ષુદ્ર સુખમાં લોભાઇ તેની પાછળ ધાય છે, માટે જન્માંતરોના અનુભવ અને સંસ્કાર વગર જગતનું મિથ્યાત્વ મનુષ્યથી સમજાતું નથી. અર્જુનની માફક એવો પ્રશ્ન કરીશજ નહિ કે, ત્યારે તમે મને દુ:ખરૂપ સંસારનો કેમ બોધ કરો છો ? કર્તવ્ય અને તેના પરિપાલનનો બોધ કરવો, એ સદ્ગુરુનું પ્રધાન કર્તવ્ય છે. અને તેમાં શિષ્યને પ્રવર્તમાન કરવાથીજ તેને અંતિમ સુખનો

બાગી બનાવી શકાય છે, માટે અમે તમને આશ્રમધર્મને અનુસરવા રૂપ કર્તવ્યનો બોધ કરીએ છીએ, કે જેથી તમો જ્ઞાન અને અનુભવ લેતા લેતા ઉંચી કોટિએ ચઢી શકો. બેટા ! તેં સારો વિદ્યાભ્યાસ કર્યો છે અને તારા ભાગ્યમાં, તમે જેને સુખ કહો છો તે લેવાનું લખાયેલું છે, માટે ઝટ પાછો ફરીજા. તારા સાળાના મંદવાડની ચિંતાએ બધું અટકયું છે અને તને પણ એ બાબતે આટલો મથી નાંખ્યો છે. જે મંદવાડે તને વિઘ્ન કર્યું તે મંદવાડનું કારણ 'જો આ કામવાસનાથી પ્રાપ્ત થયેલી ભૂતયોનિ. એને કામાભિલાષ રહ્યો છે અને વાસના મટી નથી.'

મહારાજે જે તરફ આંખ ફેરવી તે તરફ જોતાં, કેશવચંદ્ર, ગુલાબે વર્ણવેલી પેલી રજપુત કન્યા જોઇ ચકિત થયો તે તેને કંઇ કહે તે પહેલાં તો તેજ બોલી કે, 'મહારાજનાં દર્શન થવાથી હું આ યોનિથી મુક્ત થાઉં છું.' તરત વિજળીના ચમકારાની માફક થઇ ગયું. ચમત્કારોથી મુગ્ધ થઇ ગયો હોય તેમ તે મહારાજની સામું જોઇ થરથર કંપવા લાગ્યો. 'બેટા શાંત થા. તું જાદુગરની પાસે નથી. તને ચમત્કારો જોવાની ભાવના હતી તેથી મેં તારું મન વાંચી તે પૂર્ણ કરી. તારું કલ્યાણ થાય એજ મારા તારા મેળાપમાં મારી આશિષ છે. પ્રાણી માત્રનું કલ્યાણ કરવું, એ અમારા તપનું સાર્થકય છે. આ જે બ્રાહ્મણ કન્યાને શોધવા તું આવ્યો છે તેને એનાં માતપિતાને સોંપી તું તારે માર્ગે પડજે. તારું કલ્યાણ હો અને તું પ્રાણીઓના કલ્યાણને માટે સદ્‌વૃત્તિવાળો થા.' આમ કહી મહારાજ ઉઠયા અને પેલા બ્રાહ્મણે આવી કેશવચંદ્રને કહ્યું કે. હવે તમે પર્ણકુટીમાં જઇ સૂઈ જાઓ.

કેશવચંદ્ર ત્યાંથી દિઙમૂઢ જેવો ઝુંપડીમાં જઇ સુતો. 'હું કયાં છું મેં શું જોયું અને આ શો ચમત્કાર.' એવા વિચારમાંને વિચારમાં નિદ્રાવશ થયો.

પ્રકરણ ૩૦ મું.

મુંબાઇની શોકાણી.

કેશવચંદ્રના પ્રવાસે નીકળી પડયા પછી કેટલેક દિવસે 'તે ક્યાં ગયો ? અને કેમ કાગળપત્તર આવ્યો નહિ ?' એવી ચિંતા થવાથી તેના પિતાએ અમદાવાદમાં ચંદુલાલને અને જાનીવાળાને ત્યાં તપાસ કરવાથી લોકમાં તેની ચર્ચા ચાલી હતી. ગામડાના લોક આવી ચર્ચાને સહેજ મોટું રૂપ આપે છે, તેમ 'એ તો બાવો થઈ ગયો' એવી ગામનાં બૈરાંમાં થતી વાતે તેની માને બહુ ફીકરમાં નાંખી દીધી. ડોસાએ મુંબાઇ કાગળ લખી ચંદુલાલનો કાગળ મંગાવ્યો હતો અને તેણે 'કેશુ, કોઇ કામ પ્રસંગે બહાર ગામ ગયેલો છે. તમારે તેની કંઇ ચિંતા કરવી નહિ' એમ જણાવી તેની ઉપર આવેલો કેશવચંદ્રનો તેના હસ્તાક્ષરનો પત્ર ભેગો બીડી મોકલ્યો. આટલી ખાતરી મળવા છતાં પણ 'માનું મન' માન્યું નહિ.

એક દહાડો ગામની એક આધેડ સ્ત્રી, જે મુંબાઇથી થોડાજ વખત ઉપર ઘેર આવી હતી તેને મળવા માટે કેશવચંદ્રની મા અને બેન ગયાં. તેણે તેઓને આવકાર આપી બેસાડયાં. પછી ડોસીએ કેશવચંદ્રના સમાચાર પૂછયા, તેને એ વાતની કંઇ ખબર ન હતી તેથી માત્ર એટલોજ જવાબ આપ્યો કે, 'ગયે વર્ષે એકાદ બેવાર તમારો કેશુ મને મળવા આવ્યો હતો, પણ હમણાં ૭ સાત મહીના થયા મેં તો તેને દીઠો પણ નથી અને કંઇ સાંભળ્યું પણ નથી. ઘરમાંથી એમણે એકવાર એમ કહ્યું હતું કે, કેશવો પાસ થયો. તમે કેમ ખબર કહવા આવ્યાં ! શું તે મુંબાઇ નથી ? પાસ થયા પછી અહીં આવ્યો હતો કે નહિ ?'

કેશવચંદ્રની માની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. તે બોલી કે 'ગંગાબા, કેશુ અહીં આવ્યો હતો પણ એના વિવાહ સંબંધી સહેજ ચોળાચોળ થઇ તેમાંથી એને કંઇ વાંકું પડયું કે શું, તે, 'હું થોડો વખત બહાર ગામ જઇ આવું' એમ કહીને ગયો. પછી અમારી ઉપર કાગળપત્તર કંઇએ નથી. એના બાપે મુંબાઇ તપાસ કરાવી તો ત્યાંથી એનો કાગળ અને એના દોસ્તદારનો કાગળ આવ્યા, પણ લોકો નઠારી વાત ઉડાવે તેથી મરું મન વહેમાઇ જાય છે. એમ થયું છે કે, મુંબાઇમાં અમારી નાતનો એક શેઠિયો છે. એને ઘેર મીલ ને ગાડાંઘોડા વગેરે છે; એની છોકરી સાથે તેનું લગન કરવું એવો એનો વિચાર છે. અમે એના વિચારે વિચાર રાખી હા કહી. પંદર દિવસમાં લગન થશે એવી ખબર મળી અને પછી પાછું કંઈ જણાયુંજ નહિ. મેં ને એના બાપે, સામાવાળાં તરફથી. કંઇ જણાયું નહિ ત્યારે એને કહ્યું કે, 'ભાઇ! એ રહેવા દે. આપણે તો અમદાવાદમાંજ કરીશું.' એ કંઈ બોલ્યો ચાલ્યો નહિ, અને બે ત્રણ દહાડા પછી 'ગામ જાઉં છું' કહીને ગયો તે ગયોજ. મોટી ઉમ્મરનું છોકરું થયું તે આપણું કંઇ સાંભળે છે? મેં કહ્યું કે 'મારે તો એ કન્યા હવે જોઇએજ નહિ' તેથી એને મારા ઉપર રીસ ચઢી હોય. આમ કહેતાં કહેતાં ડોસી ગળગળી થઇ ગઇ.

'એમાં ગળગળાં શા માટે થઇ જાઓ છો? તમારો કેશુ એવો ઉચ્છૃંખળ છોકરો નથી. વિવાહની વાત છે, કહેવું એ પડે; અને તમે શું ખોટું કહ્યું છે. ભાઇ તો 'મુંબાઇની શેઠાણી' પર મોહી પડયા હશે.' ગંગાબાએ પોતાનો ઉભરો કાઢતાં કહેવા માંડયું–'પણ તમારે ખરેખર વિચાર કરવા જેવું છે. મુંબાઇની શેઠાણી તમારા ઘરમાં નહિ સમાય? તમે કહો છો કે, મીલવાળો અને ગાડીઘોડે ફરનારો શેઠિયો છે, પણ મુંબાઇમાં કોણ શેઠિયો નથી? ત્યાં તો પચ્ચીસ રૂપૈડી લાવતો હોય તે શેઠિયો અને

ઘરમાં કુબ્જા જેવાં ઘરધણિયાણી હોય તે મોટાં શેઠાણી ! બીબે કોની ને ગાડીઘોડાએ કોના ? પારકે પૈસે તાગડધિનાં ! દાંબા-બાજી ને લુચ્ચાઇ ચોટ્ટાઇના બધા પૈસા ! અને તેનાં લાડી વાડી ને ગાડી ! કંઇક ઝાંચકો આવ્યો એટલે બધું એ મેલ્યું ઉલાળી. મુંબાઇના શેઠિયા કંઇ નગદી કે લગડીવાળા છે ? છી ! એવી તેવી વાતમાં લોભાઇ ન જતાં. એની છોડાનો તોર તો ઝાતોએ નહિ હોય ! તમને ખીદીખીદી કરી નાંખશે અને પાંદડે પાણી પાશે. બે માણસથી ભાગ્યેજ રહેવાય એવડી ઓરડીમાં રહેનારી બૈરી બહાર નીકળે અને તમે જોયું હોય, તો જાણે લક્ષાધિપતિની સ્ત્રી ! આપણે અહીંની શેઠાણી તેના ભભકા આગળ પાણી ભરે ! રામણદીવો લેનારી પણ પહેરતાં વિચાર કરે એવી સાડી તો મુંબાઇની શેઠાણી દર્શન કરવા જતાં પહેરે. ભાયડાનાં બારમાસનાં લુગડાં થાય એટલા પૈસા તો શેઠાણીના પોલકાનું રીસડામણ બેસે ! લુગડાં આંખોને આંજી નાંખે એવાં રંગદાર, કડકડતાં અને ઝુલ ઝાલરોથી લેલુર ! માથામાં ઉંચી જાતનાં મોહનિયાં ફુલેલ અને કપાળ ઉપર વાળના ગુચ્છા ! પેંથીઓનાં તો ઠેકાણાં નહિ, કાંતો આ લમણે હોય કે કાંતો પેલે લમણે ! મુંબાઇની શેઠાણીની ઘરેણાની સોગાતમાં શું, તે જાણો છો ? પાંચ પચીસનો અછોડો કે જાળુમાળા, હાથે મસીન પોલીસની ફુંક મારીએ તો ઉડી જાય એવી છાશિયા સોનાની બેજ બંગડીઓ અને આંગળીએ બનાવટી હીરાની વિંટી, બસ થઇ રહ્યું ! ઘરમાં પેટી પટારા તો હોય નહિ પણ શેઠાણીની કેડે મજેની ચાંદીની ઘુઘરિયાળા સેરે અડધો શેર ભાર થાય એટલી કુંચીઓનો જુડો તો હોય હોયને હોયજ ! જેની કેડે જુડો નહિ, તે મુંબાઇની શેઠાણી નહિ. ઘરમાં હાંલ્લાં કુસ્તી કરે અને બહાર જુઓ તો શેઠાણી ! વળી બહાર નીકળ્યાં એટલે સાથે બાઇ ચાકર જોઇએ. મિજાજ તો મહેતાની મા જેટલો, અને આવડમાં આનગા જેવડું મીડું મુંબાઇની શેઠાણીઓને ખાવાનાં વળી રોટલા દાળ કે શાક નહિ !

મજેનાં ભાવતાં ભોજન. તેમ છતાં શેઠાણી પદ્મિણીપણું દેખાડવાને પેલાની સાથે તો મોઢું બગાડતાં ભાગ્યેજ ઝીણી ઝીણી બે રોટલી ખાય. ભાયડો નોકરીએ ગયો કે શેઠાણીની ભૂખ ઉઘડે! સરખેસરખી બેનપણીઓ ભરાય, તેમાં પારસી અગ્રેજના પોષાકની બડી બડી વાતો થતી જાય અને બાજી કુટાય, એ કામ! ધણીને વીસ પચીસ મળતા હોય તે સો સવાસો કહેવાય. ફેન્સી કપડાંવાળા ફેરિયા આવે તે વળી 'શેઠાણીસાહેબ' વગર વાતજ ન કરે, અને શેઠાણીસાહેબ પછી એવાં ખીલે કે ભાયડાના બરડાને પૂછવુંજ ભલું! 'કંઇ નથી લીધું, કંઈ નથી લીધું' કહેતાં કહેતાંમાં પાંચ પચાંસનું કાપડ પેસો પહેરાવી દે તે જુદું. પૈસાનાં કંઇ ઝાડ ઉગે છે? ભાયડો બિચારો દેવામાં તણાયા કરે, શેઠના પગમાં જોડો ન હોય અને શેઠાણીને ખાસા ફેન્સી બૂટ જોઇએ. સખીઓની મેમાનગીરીમાં નિત્ય ચાનાં તપેલાં ચઢે, અને મેવા મિઠાઈ મંગાવાય. આવી ઢમઢોલ ને મહી પોલ જેવી ખાલી શેઠાઇ અને પતરાજી જ્યાં ચાલતી હોય ત્યાંની કન્યામાં પછી શો ભલીવાર હોય! ડોસી! દુઃખી થશો, હું તો ખરું કહું છું.'

'નારે બાઇ! મારે તો એ હાથી આંગણે નથી બાંધવો.'

'અરે હાથી તો સારો કે કામ આવે? આ તો સામું કામ કાઢે. મુંબાઇની શેઠાણીથી શેકયો પાપડે ભાગવાની આશા રાખતાં નહિ. કપડાં સંકોરતાં સંકોરતાં અને રૂમાલે હાથ લુછતાં લુછતાં બે તપેલીઓ ઉતારી આપે તો તમારા છોકરાનાં ધન ભાગ્ય! આટલું કામ કરવાથી વળી માંદાં પડે અને ડાકતરના ઘરના બાટલા ભરાવરાવે તેતો જુદું. ભાયડા સાથે ફરવા જવાને શૂરાં અને પગે કંકુ મૂક્યાં હોય તેમ શેઠાણીથી જરાએ હિંડાય નહિ. શાનું હિંડાય? આપણા લોકનાં બૈરાંને જોડા પહેરીને હિંડવાનો કંઇ અભ્યાસ છે? જોડા તો સારો કે જમીન સાથે ચપટ બેસીને રહે. આ તો વિલાયતી ઉંચી એડીના બૂટ, હિંડીએ ત્યારે ઉંટ ઉપર બેઠા હોઇએ એવું લાગે! શેઠાણીથી હિંડાય

નહિ એટલે પેલાને બિચારાને કંટાળીને ગાડી કરવી પડે. વળી શનિવારની રાત તો મુંબાઈની શેઠાણીને સેલની રાત. નાટક જોવા ગયા વગર ચાલેજ નહિ. બૈરું સાથે હોય એટલે હલકા ક્લાસમાં બેસાય નહિ અને બિચારાને ચાર પાંચ રૂપિયાને ધૈર ઉઠે ! પડદો પડે ત્યારે વળી 'કોલ્ડડ્રીંક' ને પાન સોપારી જોઇએ ! પૈસો પૈસોને પૈસા સાથે વાત ! ભાયડો બિચારો બેલની માફક રળીરળીને મરી જાય તોય શેઠાણીને તો તે ગણતરીમાં નહિ. તે તો સામાં એમ કહે કે, 'ખરચ ખરચ શું કરો છો ? પેલાં ચંદ્રિકા આવે છે કે જુઓ છોને ? એમનો જે ઠાઠમાઠ હોય છે તેમાંનું આપણે ત્યાં કંઇએ દીઠું ? આપણે ગરીબ બિચારાં દોઢસો બસેંનાં કમાનાર મુંબાઈમાં કેવી રીતે રહી શકીએ ! આ તો માણસની ઓળમાં રહેવા જેટલું માત્ર કરીએ છીએ, તોય તમે ખરચની બૂમો પાડો છો.'

'દોઢસો બસો રૂપિયાનો પગાર હોય તોપણ બાઇડી આવું બોલે, અને સંકોચ બતાવે ? એને તો પૈસાનાં પોટલાં જોઈતાં હશે. રાંડને સોને મઢે કે શું ?' ડોસીએ અચંબો બતાવ્યો.

'સોને મઢાની હોય તો તો સારું ! કે તે કોઈ દિવસ બોલાવ્યું બોલ દે. આ તો પાણીમાં પૈસા નાંખવાના. ફેન્સી પોલકાઓના સીવડામણમાં, ખાસડામાં અને સહેલસપાટામાં. દોઢસો બસેના પગારદારોની શું વાત કરો છો ? મુંબાઇમાં તો લાખોનાં પાણી થઇ જાય છે. જેનાં પુરાં પુણ્ય હોય તે મુંબાઇથી રળીને ઘેર આવે. આગળા ભાયડા એકલા પરદેશ જતા ત્યાં કેડ બાંધીને રળતા અને અવેજ દેશમાં મોકલતા. આજ તો નોકરીનું કે ધંધાનું ઠેકાણું પડયું, કે તરત બાઇસાહેબને તેડાવી લેવાનાં. બાઇસાહેબે બે દહાડા મુંબાઇનું પાણી પીધું કે થઈ રહ્યું, બસ શેઠાણીજ ! મુંબાઇની શેઠાણીઓની વાત કરવા જેવીજ નથી સમજ્યાં. તેમના ઢોંગસોંગથી તો તોબા ! આપણાથી તો એમના જેવું ખરચ થાય નહિ તો નહિજ, પણ જોવાએ

નહિ. આપણને એ પાલવેજ નહિ. હાથી બાંધ્યો પાલવે, પણ મુંબાઇની શેઠાણી દતરાઇની ભરેલી મગજની ફાટેલી, અને છાકટી આપણા જેવાંને કદી પાલવેજ નહિ. આ દેશમાં એનો મિજાજ કોણ સાચવે? તમે તો મારો કે મરો, એવાં થઇ જાઓ.' ગંગાબાએ મુંબાઇની બાઇડીઓ ઉપરની ઘણા દહાડાની દાઝ કાઢી અને કેશવચંદ્રની માના નકારની તોપ ભરી.

'સાંભળ્યું વીજી! ગંગાબા શું કહે છે? મારે તો એવી મુંબાઇની શેઠાણીનું કામજ નથી; તારા ભાઇને અને તને ગમતું હોય તો તમે જાણો. તમારી ચાકરીઓની અમે આશા રાખતાંજ નથી. જાનીના ઘરનું છોકરું એ પૈસાદારનું છોકરું તો ખરું, પણ ગંગાબા કહે છે એવું નહિ. આપણા અહીંની રીતભાત અને લાજમલાજો જુદો.'

'લાજમલાજો' શબ્દ સાંભળતાં વ'ત ગંગાબાને પાછું શૂર છુટયું. તે બોલ્યાં કે, 'લાજમલાજો' અરે એની તો આશાજ ન રાખતાં. સામી તમારે લાજ કાઢવી પડશે. તમે મલાજો પાળો તો કોણ જાણે? એ તો તમે કે વીજીના બાપ બેઠાં હશો તોપણ માથે ઓઢશે નહિ. એના કપાળ ઉપરનાં જુલ્ફાંની શોભા જતી રહેને! તમે તો શું? પણ આખું ગામ સાંભળે તેમ તુંકારો કરી કેશવાને બોલાવશે, તો પછી મલાજાની શી વાત! સામું તમારે શરમાતાં અને મલાજો રાખતાં રહેવું પડશે.'

'ના, ના, ગંગાકાકી, મારી ભોજાઇ થઇને આવનારી એવી નહિ હોય! ભાઇ કહેતા હતા કે, ભણેલીગણેલી, ચતુર, વિનયવાળી અને કામગરી છે. કોઇ પણ જાતના કામથી ડરે એવી નથી. શરીરે સારી છે. ભાઇએ મને એની છબી દેખાડી હતી તો.' વીજીએ એની ગામઠી અભિમાનની સમજણ ચેષ્ટા કરી કહ્યું.

'ભણેલીગણેલી હશે તો વળી હાળ બળી જતી હશે તોય ચોપડી હેઠે મૂકશે નહિ. તારા ભાઇએ તને છબી દેખાડી હતીને? હવે પૂછ તારી બાને, કે કુંવારે માંડવે તારા ભાઇની પાસે

એની છબી હોય એ કેવી નીતિ? હાય હાયરે બાપ! આજના લોક અને આજનાં છોકરાં શું કરે છે? નાની બાળી, હજી તો પરણીએ નથી, તે પહેલાં છબી, અને તે વળી થનાર ભાયડાને હાથ! તારો ભાઈ ન પરણે તો પછી એની આબરૂના કાંકરા કે બીજું કંઇ?' ગંગાબા છબીની વાતથી બહુજ તપી ગયાં. તેમને તો એ મહાપાતક જેવું લાગ્યું.

'છબીઓ હવે કોણ નથી પડાવતું? ગંગાકાકી.' વીજીએ ધીરે રહીને ગંગાને બનાવતાં ચલાવ્યું કે 'તમે આવડાં મોટાંએ છબી પડાવી છે તો અમ જેવાં નાનાં છોકરાંને છબી પડાવવાનું મન કેમ ન થાય?' ગંગાબા વીજીના ટાંણાથી બળી ગયાં, પણ દબાઇ જાય તેવાં ન હતાં. નાક ઉપર માંખ બેસે તો નાક કાપી નાંખે, એવાં ગંગાબા ખરાવાદી હતાં. તેથી બોલ્યાં કે, 'તારી બાને જેમ કેશવો નચાવવા માગે છે તેમ મુઆ કિશોરે મને પણ પરાણે હું તો જાણુંએ નહિ અને સમજુએ નહિ તેમ બેસાડી એના એક દોસ્તદાર પાસે છબી પડાવેલી. જ્યારે તૈયાર થઇને આવી ત્યારે મેં કેટલો બધો કંકાસ કરેલો અને એક છબી તો ફાડી નાંખેલી. એણે જ્યારે બહુ આજીજી કરી ત્યારે આ એકજ રહેવા દીધી છે.'

ડોસીએ ઉચું જોઇને કહ્યું કે, 'હશે, છોકરાંને તમારું સંભારણું છે. છબી તો તમે છો તેવીજ બરોબર પડી છે. અને કેશુ ભમાવવા માગે છે પણ હવે તો હું ભમુંજ નહિને. મેં જે સાંભળ્યું છે તે ઉપરથી હું પણ સમજું છું કે, એ નરી મુંબાઇની શેઠાણીજ હશે. એવી મુંબાઇની શેઠાણીને આર્ત ને હું શું કરું? કેશુને ખોટું લાગે તો ભલે પણ મારે તો હવે તે ન જોઇએ તે નજ જોઇએ અમદાવાદ ન પરણવું હોય તો ન પરણે. કયાં કન્યાઓના ખોટ છે.

'પણ બા! એટલી બધી આકળી શા માટે થાય છે તેલ જો તેલની ધાર જો, અને પછી બોલ. ભણેલાગણેલા ભાઇને

તું કોઇ ગામડાની રોઝ ને બગાડી ખુશી થવા માગે છે ? ના, એમ તો નહિ થાય બા. મારે તો મારા ભાઇને શોભતી ભોજાઇ જોઇએ. એવાં ક્યાંથી ધનભાગ્ય કે, મુંબાઇની શેઠાણી જેવી વહુ આવી તને પગે લાગે, અને હું વહાલથી ' ભાભી ભાભી ' કહેતી એના ગુણ લેઉં. અમારાં મહેતીજી કહે છે કે, સારા માણસની સંગે સારું અને નઠારાની સંગે નઠારું થવાય છે. સારું થવા માટે ગુણ અને ભભકો મારવા માટે પૈસો અને આવડ જોઇએ છીએ કે નહિ ? કણકને ટુંપીએ ત્યારે રોટલી થાય અને સમજુ હોઇએ તોજ રોટલી ખાવાનો ભાવ થાય. કહે છે કે, જેને સારાની ભાવના–ઉત્કંઠા થતી નથી તે સુધરતુંજ નથી; અને જેને મોજશોખની ભાવના થતી નથી તે રળતું પણ નથી. સારું થવાને અને મોજશોખને માટે ઉત્કંઠા થવીજ જોઇએ. જાણીએ તો ઉત્કંઠા થાય, માટે મને તો એવું મન છે કે, મુંબાઇવાળી ભોજાઇ આવે તો હુંએ એના જેવી થાઉં.' વીજીએ સારાપણા માટે લાગણી દેખાડી.

ગંગાબા બોલ્યાં કે, ' વીજી ! જોજે ભૂલતી હો ? ગામડાની રોઝ જેવી ભોજાઇઓમાં નણંદો સમાય છે, પણ સુધરેલી છોકરીઓમાં સમાતી નથી. એ તને ' નાનીબેન ' કહીને મીઠા બોલાપણાનો ઓરિયો વીનાડે એવી આશા રાખતીજ નહિ. તારા ભાઇની ધણિયાણી થઇને આવશે તોપણ તું ' ભાભી ' કહીશ તે એને ગમશે નહિ.'

' ગંગાબા, મારી ભોજાઇ એવી નહિ હોય ? મેં ભાઇને કોઇ કોઈ વાર પૂછેલું ત્યારે તેમણે એનાં કેવાં વખાણ કરેલાં.' નણંદે આવતી ભોજાઇનું ઉપરાણું લીધું.

' વરને કોણે વખાણ્યો, વરની માએ ' તેમ વહુને કોણે વખાણ્યાં તો કહે વરે, એવું તેં તો કહ્યું. તારી બા તારું માને, હું તો ના માનું બા. મુંબાઇમાં મેં એવી હજારો સુધરેલીઓને નાણી જોઇ છે. બોલાવે ચલાવે ઉપરથી મીઠી સાકર જેવી, પણ અંદરથી ઝેરની ભરેલીઓ હોય છે. હુતાહુતીની ટાપટીપ અને

કુતાકુતીની મોજમજા. એક ચકલુંએ તેમનામાં સમાય નહિ. પહેરવાંઓઢવાં, ખાવાંપીવાં અને હાહાહીહી કરવાં એ જ સુધારો તો ! તારો ભાઇ બિચારો શું સમજે ? આટલા જેવી ઉપર ઉપરની સફાઇ અને હસતી બીબીના જેવાં વહુને જોઇને ભાઇ તો ગાંડાઘેલા થઈ ગયા હશે, એટલે વખાણુજ કરેને. પરણીને આવે અને તારી બા કે એ પાડોસણો વખાણે, ત્યારે તારી ભોજાઇની શાબાશી ?' ગંગાબાએ પતાવવા તરફ વલણ લીધું.

'હાસ્તો, એ તો લાડી પાડીનાં નીવડે વખાણુ અત્યારે તો એય કયાં છે ને તેય કયાં છે ?' કેશવચંદ્રની માએ વહુ મળવાની અધીરાઇ બતાવી.

ગંગાબા બોલ્યાં કે, 'એમ શા માટે બોલો છો ? કોઇને કોઈ વહુ આવ્યા વગર રહેવાની છે ? પણ કેશવો ભણેલો છે તે મુંબાઇવાળી કન્યાજ લાવશે. તમે વાંધા કાઢશો તે કંઇ પણ ચાલવાના નથી. એટલું તો ખરું કે તે ઘરમાં અને ગામમાં અજવાળું પાડે એવી હશે. સફાઇમાં ટાપટીપમાં અને ભભકામાં બાકી નહિ હોય. તમારી એને જોઇને આંખો ઠરશે, પછી તમારું અંતર ઠરે કે નહિ, તે વાત જુદી ! ગામના ને તમારી નાતના લોક પણ ઘડીવાર જોઇ રહેશે. મુંબાઇની શેઠાણી તે શેઠાણીજ ! એમાં તો શક નહિજ. બોલવામાં ચાલવામાં અને સ્ફુર્તીમાં તો એ સૌને આંજી નાંખશે.'

છોકરીએ ઉભાં થતાં થતાં કહ્યું કે 'જો બા ! ગંગામા પણ એમ તો કહેજ છે ને કે, 'મુંબાઇની શેઠાણી તે શેઠાણીજ ! સૌને આંજી નાંખશે. બસ, હું તો એ ભોજાઇનેજ પસંદ કરું અને એનેજ 'શેઠાણી ભાભી' કહું '

'ઇશ્વર તારી હોંસ પુરી કરો બેટા. સારું હશે તેને કંઇ કોઇથી નઠારું કહેવાશે ?' ગંગાબાએ તેમને આંગણા સુધી વળાવવા જતાં આગલા અભાવની તિખાશનો જોસ ઓછો કરવાને ડોસીને અને છોકરીને આમ પ્રિયવચન કહ્યાં.

પ્રકરણ ૩૧ મું.

પાછું ફર્યું.

'શિવ! શિવ! જીજી! કેટલા વાગ્યા?' રામચંદ્રશેઠે એકદમ ઉંઘમાંથી ઉઠતાં વાંત તેમની વૃદ્ધમાતા મંછાડોસીને સવાલ કર્યો. મંછાડોસી પૌત્રના મંદવાડથી દુઃખો દુઃખો થઇ ગઇ હતી. છેલ્લો ગુલાબવહુએ દરાખ ખવડાવ્યાથી થયેલો અકસ્માત બની ગયા પછી તો મંદુલાલની તબિયત એટલી બધી બગડી ગઇ હતી કે, કોઇ પણ માણસ તેના જીવ્યાની આશાજ રાખતું ન હતું. ગુલાબ અને ભજસીને તે પછી એની પાસે આવવા દેતાં નહિ. એકલાં રામચંદ્ર અને મંછામા ખડે પગે અને ઉઘાડી આંખે રાત્રિદિવસ તેની આગળ હાજરનાં હાજર રહેતાં હતાં. જેકોરશેઠાણી તેમને મદદ કરતાં તોપણ પાણી કે દૂધ આપવું હોય અથવા દવા પાવી કે સારવારને લગતું બીજું કંઇ પણ કામ કરવું હોય તો તે રામચંદ્ર પોતેજ કરતા હતા. મુંબાઇથી તારા અને મોંઘીશેઠાણી આવ્યાં હતાં. એક બે દિવસ મોંઘી રહ્યાં. પછી મગનીન મને અને આંસુ ભરી આંખે પાછાં ફર્યાં, પણ તારાથી જવાયું નહિ. મંદવાડ ભારે હોવાથી તે ખરા કામને પ્રસંગે ઉપયોગી થઇ પડી હતી. ઘરમાં કોઇનો જીવ એક ક્ષણવારે ઠર પડતો નહિ, તો પછી રામચંદ્ર કે મંછામા શાંત પડે એવું બનેજ કેમ? ઘણા દિવસોના ઉજાગરા અને હેરાનગતિથી આજ બાર વાગ્યા પછી રામચંદ્ર આરામચેરમાં ઉંઘી ગયા હતા. એકાદ વાર જેકોરશેઠાણીએ કંઈ કામે બોલાવ્યા પણ બોલ્યા નહિ એટલે મંછામાએ બહુજ દીન કાયર અને દુઃખી વચને 'એને બિચારાને જરા જંપવા દે' એમ કહી જગાડવા દીધા નહિ. રામચંદ્રના ઉંઘી ગયા પછી સાસુવહુએ

બહુ ક્લેશ કર્યો. માંદાને માટે અને માંદાની સાથે માદાં બનેલાં આખા ઘરનાંને માટે મંછાડોસી હિમ્મત મૂકી દઇને રડયાં હતાં. થાક, ચિંતા અને ઉજાગરાઓથી નિઃસત્વ થઇ ગયેલાં તે પછી ત્રણેકને સુમારે નિદ્રામાં પડયાં અને ચારેક વાગે રામચંદ્રે જાગ્રત થતાં વાંત ડોસીને 'કેટલા વાગ્યા' એમ પૂછ્યું. જેકોરશેઠાણી તરત જાગી ઉઠયાં, અને ડોસી જવાબ આપે તે પહેલાં બોલ્યાં કે, 'ચાર વાગ્યા હશે.' રહો જોઉં.

'જીજી ! તું બરાબર જાગ્રત છેને ?'

'ના, ભાઇ, મારી આંખ મળી હતી. શું છે કહે ?'

રામચંદ્ર ફરીને ઇશ્વરનું નામ લઇ ખુરશીમાંથી ઉભા થયા અને જેકોરને કહ્યું કે 'દીવો લઇને જરા અહીં આવ ?'

બત્તીને તેજ કરી તે લઈ જેકોર પલંગ આગળ ગયાં એટલે ચંદુ સામું જોઇ રામચંદ્ર આનંદભેર બોલ્યા કે 'જીજી ! પાસું ફર્યું. ઇશ્વરે કૃપા કરી. અહીં આવ અને જો.'

'જીજીને શું દેખાડો છો મનેજ કહેને કે ઇશ્વરે શી કૃપા કરી છે ? ચંદુ તો બિચારો જેવો ને તવોજ એમનો એમ પડેલો છે. જીજીને બિચારાંને વળી એની સામું જોવડાવી રડાવશો. તમે ઉંઘી ગયા પછી એમણે બહુ કલ્પાંત કર્યું છે.'

'જીજી હવે ખુશી થા, ઇશ્વરે આપણી સામું જોયું છે. ખરેખર એક ચમત્કારજ થયો છે. તારાં ને ઘરડાંનાં પુણ્ય અમારી વહારે આવ્યાં છે.'

'પણ શું છે, કહો તો ખરા. ખુશી થવા જેવું અહીં શું છે? શું ચંદુ આજ સારો ઉંઘ્યો એમ કહેવા માગો છો ? તમે જરા ઉંઘ્યા છો અને એ તો લગારે જંપ્યો નથી. હમણાં લગી હાંફતો ને ઉંહકુંહ કર્યા કરતો હતો.' જેકોરે આકળાં થઇ જઇને કહ્યું.

'જીજીને આવવા દે એટલે બતાવું, કે ઇશ્વરે આપણી ઉપર કેવી કૃપા કરી છે.' ઠચુમચું કરતી ડોસી પલંગ પાસે આવી એટલે

જેકોરના હાથમાંથી દીવો લઇ ચંદુલાલનું માથું બતાવતાં રામચંદ્રે કહ્યું કે, 'જો, આ માથા ઉપર કુમકુમનો થાપો મારેલો જણાય છે કે નહિ ? કાન ઉપર પણ કંકુ ગર્યું છે.'

જેકોર અને મંછામા મંદવાડને લીધે આછા થઇ ગયેલા વાળવાળું ચંદુલાલનું માથું કંકુથી ભરાઇ ગયેલું જોઇ અત્યંત આશ્ચર્ય પામ્યાં. મંછામા કાન આગળ ગરેલા કંકુને ચપટીમાં મસળતાં મસળતાં બોલ્યાં કે 'રામચંદ્ર ! આ શું ? તેં કંઇ ટુચકો બુચકો કર્યો કરાવ્યો હતો કે શું ? કહે, અમે તો ત્યારનાં જાગીએ છીએ. આ હમણાંજ આંખ મિચાઇ ન મિચાઇને તેં બૂમ પાડી. આ તો ખરેખર મોટા ચમત્કાર જેવું લાગે છે. ઝટ બોલ શું છે ?'

'એકવાર ખાતરી કર કે કંકુ ભર્યો હાથ કોઇએ ચંદુના મસ્તક ઉપર મૂકેલો હોય એવું લાગે છે કે નહિ ? સાક્ષાત્ પરમેશ્વર ! પરમેશ્વરેજ આપણી ઉપર દયા કરી લાગે છે. જીજી ! હવે પાસું ફર્યું, એમજ માન કંકુનો ભરેલો હાથ તારા છોકરાને માથે પરમેશ્વરે મૂક્યો તેની આથી બીજી કેવી વધારે-વધારે ખાતરી કરવાની હોય તે કહે ?'

'ઇશ્વરે મને તો આખો જન્મારો આવા ચમત્કાર બતાવ્યા છે. જ્યારે જ્યારે સંકટ આવ્યાં હશે ત્યારે ત્યારે ઇશ્વરેજ તેમાંથી મને પાર ઉતારી છે. દીકરા ! ઇશ્વર સિવાય માણસ બીજા કોની ઉપર વિશ્વાસ રાખી શકે તેમ છે ? એ પરમ કૃપાળુ વિશ્વંભરેજ સૌનું ભરણપોષણ ને રક્ષણ કર્યા કરે છે. અમે તો બીજા કશા આળપંપાળને માનતાંજ નથી. એ જન્મ આપે છે અને એજ પાળે છે. અમો હમેશ તેની ઉપર આસ્થા રાખીને સુખ દુ:ખ સહન કરીએ છીએ. ઇશ્વરજ અનન્ય શરણ છે, એમાં શું કહેવું ! બોલ હવે તને શો ચમત્કાર જણાયો તે સૌ કહે ?' ડોસીએ રામચંદ્રવાળી આરામચેરમાં બેસીને પ્રસન્ન મને આમ પૂછ્યું અને જેકોરશેઠાણી ખુરશીની

પીઠ પકડી આતુરતાથી રામચંદ્ર શું કહે છે, તે સાંભળવા ઉભાં.

'જીજી ! ઘણા દિવસના ઉજાગરાઓને લીધે જાગવાનો બહુ બહુ યત્ન કરવા છતાં પણ આજ મારાથી ઉંઘી જવાયું. શરૂઆતમાં એવી ગાઢ નિદ્રા આવી કે, મને કશું ખબરજ નથી. તમે જાગતાં હશો, મને બોલાવ્યો હશે અને આ કહે છે તેમ, તમે કલ્પાંત પણ કર્યું હશે છતાં હું તે કંઇ જાણતો નથી. ઉંઘમાં મને એવું સ્વપ્ન આવ્યું કે, જાણે કેશવચંદ્ર એક તપોમૂર્તિ સંન્યાસીને લઇ આપણે ઘેર આવ્યા. તેમણે મહાત્માને કહ્યું કે, 'આ મારા સ્નેહી ઉપર કૃપા કરો.' મહાત્માનું તેજ અને તેમની પુણ્યમૂર્તિએ આપણને ચકિત કરી નાંખ્યાં. કેશવચંદ્રની વિનંતિ તેમણે સ્વીકારી, ચંદુલાલના મસ્તક ઉપર હાથ મૂકયો. અમે તમે અને કેશવચંદ્ર જોતાંજ રહ્યાં અને તે એકદમ કશું બોલ્યા ચાલ્યા વગર પછી અંતર્ધાન થઇ ગયા 'કેશવચંદ્ર ! તમે આ મહાત્માને કયાંથી લાવ્યા? અને તે અમારા ઉપર આવી મોટી કૃપા કરવા છતાં અમને તેમના ચરણારવિંદ પખાળવાનોએ લાભ આપ્યા વગર આમ અંતર્ધાન શું થઇ ગયા ?' એમ હું કેશવચંદ્રને પૂછું છું એટલામાં તો તે પણ મને કશો ઉત્તર આપ્યા વગરજ ચાલતા થયા. મેં તેમને બૂમ મારવાનો યત્ન કર્યો અને જાગી ગયો.'

'આપણે તો એને સંભારતાંએ નથી અને એણે તો આપણને એનાં હમેશનાં ગુણ ઓસિંગણ બનાવ્યાં. આ સ્વપ્ન જેવું ન કહેવાય. કંકુનો થાપો તાજો છે અને કેશવચંદ્ર ખરેખર એવા મહાત્માને લઇને આવ્યા હોય તો; તપાસ કરાવો. આપણે ચંદુના મંદવાડને લીધે ગાંડા જેવાં થઇ ગયાં છીએ, એટલે ખરું સ્વપ્ન જેવું, અને સ્વપ્ન આપણને ખરા જેવું લાગે એવું છે, કેમ જીજી ! બોલતાં નથી ?' જેકોરશેઠાણીએ બૈરકબુદ્ધિએ ચમત્કાર મુગ્ધતા બતાવી.

'ના, સ્વપ્ન રૂપે ઇશ્વરની કૃપા. આ જગતમાં ઘણીએ વાર

આવા ચમત્કાર બને છે. નાસ્તિક માણસો ન માને તો ભલે, પણ દરેક માણસને આવી રીતે જીવનમાં એકાદ બે વાર ઇશ્વરનો સાક્ષાત્કાર થયા વગર રહેતો નથી. મને બે ત્રણવાર સ્વપ્ન દ્વારા આવા ચમત્કાર જણાયા છે. પ્રિયજનના સારા ખોટાનું માણસને આવી રીતે સૂચન થાય છે. બીજી તો તપાસ કરાવવાની ઘેર ગઇ પણ ઇશ્વરે કૃપા કરી અને ચંદુલાલ સવારથી સાજો થવા માંડે તો એ પુણ્યશાળી પગલાંના કેશવચંદ્રને હવે આપણો કરો.'

'કોણ, કોઇ એમ કહેતું હતું કે, 'ગામ બહાર કન્યા દેવાને જાય છે, પણ પરોણાનાં પગલાં એવાં કે વિઘ્ન આવ્યું.' લોક કેવા અમૃતને ઝેર કરી નાખે એવા દુષ્ટ હોય છે જીજી!' જેકોરશેઠાણી, જેના મનમાં લોકના ઉપલા કથને જરા વહેમ ઉત્પન્ન કર્યો હતો તે પોતેજ પોતાના મનને ચોખ્ખું કરતાં આમ બોલ્યાં. 'એ આપણે ઘેર આવ્યો ને ચંદુલાલ પાસ થયો. વળી જ્યાં સુધી એ આપણે ત્યાં રહ્યો ત્યાં સુધી નિત્યે હું તો કંઇ નહિ ને કંઇ આપણું સારુંજ થતું જોતી હતી. એણે મહાત્માની સેવા કરી આ પ્રમાણે કરાવ્યું હોય તો પછી ચંદુ અને એની વહુ જન્મારાનાં ગુણઓસિંગણ કહેવાય કે નહિ? પણ એ ક્યાંથી હોય? આ તો ગજરીના વિવાહની ધંખનાને લીધે સ્વપ્નમાં મહાત્માની સાથે એનો પણ પ્રસંગ ગુંથાઇ ગયો હશે. અસ્તુ, ગમે તેમ હો, પરંતુ આ તો પ્રત્યક્ષ સત્યજ છે કે, ચંદુલાલના મસ્તક ઉપર કોઇએ કંકુ ભરેલો હાથ મુક્યો છે. કેશવચંદ્ર મહાત્માને લઇ આવ્યો હોય કે મહાત્મા પોતે આપણાં ઘરડાંના પુણ્ય પ્રતાપે પધાર્યા હોય, પણ ચમત્કાર તો ખરો. હવે જુઓ, સવારથી ચંદુલાલની તબિયત કેવી રહે છે.'

'મને ઠીક લાગે છે બા.' ચંદુલાલે જાગતો હોય તેમ ઉત્તર આપ્યો. ડોસી, રામચંદ્ર અને જેકોર ઘણે દિવસે

દીકરાના બોલ સાંભળી ખુશી ખુશી થતાં એકદમ તેની પાસે જઇ ઉભાં રહ્યાં. જેઠોરની આંખમાંથી આજ હરખનાં ઉનાં ઉનાં આંસુ પડયાં. ડોસી તેના મસ્તક પાસે મુખ લઇ જઇ બોલ્યાં કે 'બેટા! તને ઠીક લાગે છે? ઇશ્વરનો ઉપકાર માન! અહો! અમોને ઇશ્વરે તાર્યાં, જીવાડયાં અને હસાવ્યાં. ઇશ્વરજ એક ખરો છે. તેનામાંજ હમેશ વિશ્વાસ રાખીએ. બેટા, તને કેવું ઠીક લાગે છે?'

'જીજી! હું જાણે પહેલાં હતો તેવોજ થઈ ગયો છું. તંદુરસ્ત નિદ્રામાંથી આગળ જેમ જાગતો તેમ મારાથી હમણાં જગાયું છે, માત્ર મને નબળાઇ લાગે છે. હું કોણ, કયાં છું, તમે શું? એવું કંઇ પણ જ્ઞાન મને આજ લગી ન હતું, તે બધું હાલ પ્રાપ્ત થયું છે. મારા મનનો રોગ હું તમને કોઇ કોઇવાર કહેતો, તે જાણે બધો આજ એકદમ દૂર થયો છે. મારું મન તદ્દન શાંત થઇ ગયું છે. નબળાઇ સિવાય મને બીજું કંઇ પણ દુઃખ દરદ નથી. તમે મારી હવે બીલકુલ કાળજી કરતાં નહિ. જીજી! મને હવે ચા પીવી છે.'

'બેટા! ત્રણ ત્રણ મહીના થયાં તારી સાથે અમે ચા છોડી દીધી છે. તું ચા પીસ તો અમે પણ તારી સાથે પીસું, પણ દીકરા! તારી નબળાઇને લીધે અત્યારે તને તે ન અપાય. નાની ચમચીવડે દૂધ આપીએ છીએ, તે પણ પરાણે તારે ગળે ઉતરે છે તો પછી ચા કેમ અપાય? દીકરા! એવી ગાંડીગાંડી ભાવના ન કરતો.' ડોસીએ ભયને લીધે વાત વિસરાવવા યત્ન કર્યો, પણ ચંદુલાલે ફરીને કહ્યું કે 'જીજી! હું નિત્યના જેવો નથી. હું મનથી તદ્દન હોશિયાર છું અને મંદવાડને લીધે બોલું છું એમ ન ધારતાં. જરાએ ડરતાં નહિ. અલબત મારાથી વધારે તો કદાપિ નહિ પિવાય અને હું વધારે પીસ પણ નહિ.'

રામચંદ્રે બોહોશ નહિ કરવા દેતાં કહ્યું કે, 'ઠીક. તારી બા જઇને તારાવહુને ઉઠાડી ચા કરાવરાવે છે; દરમિયાન તને

સારું લાગતું હોય તો તું જરા ધીરેથી જીજીની સાથે વાત કર અને હોંશિયાર થા, ત્યાર સોરી ચા થાય છે.' જેકોર 'તમે જીજીને દાતણપાણી કરાવરાવો.'

'તારાભાભી અહીં છે?' ચંદુલાલે પૂછ્યું,

'તને એય ખબર નથી? દીકરા! તારાભાભી અને તારાં ઝવેરણ્ બાળી તને જોવાને પંદરેક દિવસ ઉપર સાથેજ અહીં આવ્યાં હતાં. એ બે દિવસ રહી તે ગયાં, પણ તારાવહુને તારી બાએ અહીં રાખ્યાં છે.'

'ચંદુ! તને દુ:ખમાંથી મુક્ત થયો હોઉં અને તંદુરસ્ત સંજ્ઞામાં આવ્યો હોઉં, એમ નવાઈ નવાઇ જેવું લાગે છે વારું?' રામચંદ્રે પૂછ્યું.

'બાપાજી! મને જે કંઈ દુ:ખ હતું તે માત્ર એજ હતું કે, હું જાણે મારો પોતાનો ન હતો. વાત કરુંકારવું અને પાછો સૌને ભૂલી જાઉં. જીવ અગમનિગમમાં ઉતરી જાય. અત્યારે મને એવું નથી લાગતું, હું જાણે મારી પોતાની સંજ્ઞા પામી મારો પોતાનો બન્યો છું અને મને આનંદ આનંદ જેવું લાગે છે. ગજરી બેન! ક્યાં છે?' ચંદુલાલે વાત કરતાં કરતાં ચલાવ્યું 'બાપાજી! આપણે એને પરણાવી એવું મને લાગે છે તે શું?'

અંછામા બોલ્યાં કે, 'તને હજી ભ્રમ છે દીકરા! બહુ બોલીએ નહિ, થાકી જવાય. ગજરીને પરણાવવા આપણે અહીં આવ્યાં અને તું માંદો પડયો એટલે તે બધું અટકી પડયું છે તને એનું સ્મરણ રહેલું છે. તું હવે પાછો આંખ મીચી શાંત થા ચા તૈયાર થઇને આવશે ત્યારે તને બેઠો કરીશું' અંછા-ડોસીએ ચંદુલાલને કપાળે વહાલથી હાથ મૂકી તેનો થાક ઉતરે તેમ શાંત પાડયો. રામચંદ્રને કહ્યું કે–રામચંદ્ર! હવે તુંએ બહાર જઇ દાતણપાણી કર.'

રામચંદ્ર બહાર ગયા અને ડોશી ચંદુલાલના કપાળ ઉપર હાથ ફેરવતાં ફેરવતાં તેની પાસે બેઠાં. ચંદુલાલના મોં સામું

તેના માથા સામું જોતાં અને મનમાં વિચાર કરતાં કે-ઓહો! આ શું અદ્દભુત! ખરેખર કંકુ છે? મન કબુલ કરે તોય કરે, અને ન કરે તોય કબુલ કરવુંજ પડે એવું. છોકરાના મોંની કાંતિમાંએ ફેર પડી ગયો છે. અહો! ઇશ્વર! હું તારી કેટલી આભારી. હું કયી રીતે તારા ગુણ ગાઉં! તુંજ નોંધારાંનો આધાર છે. મને-અરે મને તો શું-કોઇને પણ આ છોકરાની આશા ન હતી. વહુને સીમંત અને દીકરાની ભયંકર સ્થિતિ! ઓ પ્રભુ! મને તો કડકડતા તેલના તાવડામાં તળાતી હોઉં એવું દુઃખ થતું હતું. પ્રભો! તેંજ મારી સામું જોયું, નહિ તો હું આ દેહેજ ભયંકર યાતના ભોગવત, અને મારું મરણે બગડત. અહો! આથી મને તારી બીજી કયી પ્રત્યક્ષતા મળવાની! આ દેવતાઇ કંકુ તો હું મારા કુટુંબને પરંપરા વારસામાં અપાતું રહે, એવી રીતે સાચવી રખાવીશ અને પ્રભો! એજ અમને નિરંતર તમારી ભક્તિ અને શ્રદ્ધામાં નિશ્ચલ રાખશે. ફરી ફરીને ચંદુલાલના મુખ સામું જોતી અને તેની ઉપરનું દુઃખ દૂર થયેલું જોતી ડોસી ઇશ્વરનો ઉપકાર માનતી, વળી ચમત્કારના વિસ્મયમાં પડી મૌન થતી અને આનંદથી અનેક મનોરથ કરતી હતી; એટલામાં આનંદની ઉત્સાહની અને હાસ્યની મૂર્તિ હોય એવી ગુજરી અંદર આવી, રૂપાની ઘંટડી જેવા ઝીણા મધુર આનંદભર્યા કર્ણમાં અમૃતની ધારાઓ વરસાવતા અને ઉમંગ તથા ઉત્સાહથી ભરપુર બોલોમાં બોલી કે, 'દાદીમા! મારાં ભાભી ચાંદીનો થાળ લઇ નહાઇધોઇને ભાઇને પુનરુજજીવન આપનારું કંકુ લેવા મારી બાનાં મોકલ્યાં આવ્યાં છે; કહો તો અંદર બોલાવું?'

'ભલે, આવ, બેટા સુભાગીવહુ.' ડોસીએ ખુરસીમાં બેસતાં ગુલાબને અંદર આવવા આજ્ઞા આપી. સૌભાગ્યની મૂર્તિ હોય એવી ગુલાબવહુ પછી આછું ઓઢી રમઝુમ કરતી તારાગૌરીની સાથે દિવાનખાનામાં દાખલ થઇ.

પ્રકરણ ૩૨ મું.

ઘર તરફ.

'ભાઈ! તમારો તે અમે કેટલો ઉપકાર માનીએ? તમે અમને જીવતદાન આપ્યું. અમે આ જગતમાં શું મોઢું દેખાડવાને જીવત. ખરેખર ડોસો તો આજ કુવે પડત; પરંતુ મેં તમારે નામે વાર્યા તેથી તમારા ઉપર વિશ્વાસ રાખી તમારીજ વાટ જોઈ રહ્યા. જો તમે પાછા ન આવ્યા હોત તો એ જરૂરજ આત્મઘાત કરત. હું અભાગણી પછી શું કરવાને નિર્લજ જેવી જીવત. હું પણ દીકરીના બળાપામાં આ જીવનની ઝાળને આહુતિજ આપત.' પેલી બ્રાહ્મણીએ કેશવચંદ્રનાં ઓવારણાં લઇ તેનો ઉપકાર માન્યો. ભરવાડ અત્યંત ખુશી થયો અને 'બાવાજીને વાઘે મારી નાંખ્યા' એમ જ્યારે કેશવચંદ્રે કહ્યું ત્યારે તો તે ખડખડાટ હસી પડયો. નિર્દોષ ખુલ્લા મને તે બોલ્યો કે, 'ભાઇ! બધું અહીંનુ અહીંજ છે. કરમ કરે તેવું થાય. નઠારાનુ કદીએ સારૂં થતું નથી. બ્રાહ્મણની અણસમજુ છોકરીને તેનાં માવીતરની પાંખમાંથી ઉડાડી જનારને મારો ધણી સજા કર્યા વગર રહે નહિજ. બાવા ને સાધુડા ઢોંગ કરીને આ પરમાણે જગતને ધૂતી ખાઇ તોફાન અને ઢોંગાઇ કરે છે. મફતનું ખાવું ને મસીદે સુવું. ગાંજા ફુંકવા અને પારકા રોટલા ખાઇ પારકાનાં પેટ બાળવાં, તે ઇશ્વર કેમ સાંખે?'

છોકરી આ બનાવથી એવી શરમિંદી–છોભી પડી ગઇ હતી અને વાઘે પેલા બાવાને તેની આંખો આગળ એવી રીતે ફાડી ખાધો હતો કે તે થરથરીજ ગઇ હતી. તે આ બનાવથી ખરેખર હબક ખાઇ ગઇ હતી. કંઇ પણ બોલતી ચાલતી ન હતી. અણસમજુ છોકરીને ડોસોડોસી શિક્ષા કર્યા વગર નહિ રહે, એવો કેશવચંદ્રને ભય હતો તેથી ભરવાડ

અને છોકરી આઘાંપાછાં થયા પછી તેણે ડોસાડોસીને કહ્યું કે–' જુઓ ! હું હવે બીજે રસ્તે મારે ગામ જાઉં છું. તમે આ ભોળા ભરવાડની સંગાથે સીધાં સીધાં તમારે ગામ જજો. તમારી છોકરી અણસમજુ છે. તેને નજર તળે રાખજો અને કંઈક ભણવાગણવા તથા ભક્તિ કરવા તરફ લક્ષ રખાવજો. એનો ભવ બગડેલો છે તેની ઉપર તમે કંટાળતાં નહિ. તેમ એના જીવને તુચ્છ ગણી ધિક્કારશો પણ નહિ. એ અણસમજુ બાળકને તમે કંઈ શિક્ષા ન કરતાં, નિર્ભાગી જીવ ઉપર દયા રાખવી, ક્રોધ કરી તેને વધારે સતાવવો કે ધિક્કારવો નહિ. તમે કહો છો કે ' રોટલાનું તમને દુ:ખ નથી ' તો પછી છોકરી તમને ભારે પડવાની નથી. વ્યવહાર દૃષ્ટિએ આબરૂ સાચવીને રહેતાં આવડે, એજ તમારે એને શીખવવાનું છે. તમારે બીજું છોકરું નથી અને પિતરાઈઓ વગેરેનો પરિવાર છે તે જુદો છે તેથી મીલકત તમે તમારી પોતાની પુત્રીને આપી શકશો. તમારે જે કરવાનું છે તે એજ કે, તેને મીલકતનું રક્ષણ કરવાને યોગ્ય બનાવવી. આપણા લોકમાં દુ:ખના પારાવાર જણાય છે તે બધા અજ્ઞાનજન્ય છે. જ્ઞાનથી આપણું અને પરનું તેમ આલોકનું અને પરલોકનું દુ:ખ છેદી શકાય છે. અભણ કુટુંબોમાં જ્યાં જોશો ત્યાં તમને દુ:ખ જણાશે. આપણા લોકની સ્ત્રીઓ અને ખાસ કરીને વિધવાઓ વગેરે જે મહા દુ:ખથી કણકણતી જણાય છે તે કુટુંબની અજ્ઞાનતાને લીધે હોય છે. ભણ્યાગણ્યા સારા લોકમાં ક્યાંહી દુ:ખ નથી. લડાઈ ટંટાને કિંવા મતભેદને તમારે દુ:ખ સમજવું નહિ. એ તો જગતમાં બધે હોય છે. મનને શાંત રાખી આવ્યા ગયા દુ:ખને સહન કરવું અને બનેલા બનાવને વિસરી જવા; એમ કર્યાથી સુખ ઉત્પન્ન થાય છે. આ વાતને તમો વિસરી જજો. છોકરીને આ ઉપરથી સંતાપશો નહિ. જો તેમ કરશો તો તે નઠોર થઈ જશે અને આથી વધારે ખરાબ રસ્તે ઉતરી પડશે.

માટે મારી તમને એટલીજ વિનંતિ અને શિખામણ છે કે તમારે પોતાને માટે અને છોકરીને માટે આ વાતને ભૂલી જવી અને શાંત રહી કર્તવ્ય હોય તે કર્યા કરવું. તમે તમારું નામ ઠામ મને આપો, કે જેથી હું તમને કોઇવાર મળું અને મારાથી તમારી કે તમારી પુત્રીની સંભાળ લેવાય તો લઇ જાઉં.'

ડોસો બોલ્યો કે, 'ભાઇ! તમે સારાં માબાપના ફરજંદ છો એટલે સારીજ શિખામણ આપો તે યોગ્ય છે. હું સમજું છું પણ આપણો–ખાસ કરીને બ્રાહ્મણોનો સંસાર બહુ દુઃખી છે, એક તરફથી ગરીબાઇ, બીજી તરફથી કલેશકંકાસ અને ઘરોમાં જોઇએ તો અજ્ઞાન અણસમજુ બૈરાંનું રાજ્ય! ઘરનું ભૂષણ અરે ઘરનું અજવાળું બૈરું કહેવાય છે. તેના વડે ઘર શોભે છે અને સુખી થાય છે. બૈરાં અજ્ઞાન એટલે ઘર કંકાસનું ઘર અને તેમાંથી પછી જે વસ્તી થાય તે પણ કંકાસિયાજ નીવડે. સુખ ને આનંદમાંથી સુખ અને આનંદ ઉત્પન્ન થાય છે તથા દુઃખ અને કલેશમાંથી દુઃખ તથા કલેશજ ઉત્પન્ન થાય છે. આ બધો વાંક છોકરીની માનો છે. નાનપણથી હું એને કહેતો, કે છોકરી અને કમુકને સારાં કેળવવાં જોઇએ તેણે એમ કર્યું નહિ અને મોઢે ચઢાવી તેનાં આ ફળ! હું તો હજીએ કહું છું કે કંઈ પઠપૂજા કંઇ ભજનકીર્તન શીખવ. એથી મન પવિત્ર થશે અને ન કરે નારાયણ ને સંકટ આવી પડે તો તેમાંથી પોતાનું ગુજરાન પણ કરી શકશે. મારું કહ્યું માનતી નથી અને આવી રખડપટ્ટીની જાતરાઓમાં બે પૈસા છે તે નકામા નાંખી દેવરાવે છે.'

'કાકા! એ તો હવે જે છે તે છે. એમને માટે શોચ કરવો નિરર્થક છે. પણ મેં કહ્યું તે બાબત તમે લક્ષમાં લેજો. બેનને કંઈ દેખતી કરજો. વારસામાં ધન અને મીલકત મેલવા કરતાં ગુણવાન છોકરાં મૂકવાની ઉમેદ વધારે રાખવી. કે જે ધન અને મીલકતને પણ ઉપજાવી શકે. અસ્તુ! આપ હાલ જે

જાતરાએ જતા હો ત્યાં જાઓ, પણ એની ઉપર નજર—કડક નજર નહિ પણ સ્નેહની નજર રાખતા રહેજો. ઇશ્વર સારું જ કરશે. હવે મારે જવું છે તેથી રજા લઉં છું. આપ પણ ભરવાડની સાથે જજો. એ જડસો પણ સારો અને ચોખા દીલનો છે. આપણી રીતને અનુસરી આપણે કેટલીક વર્ણને હલકી માનીએ છીએ, પરંતુ તે તેવી હોતી નથી. ગરીબ હેઇ સાદું જીવન ગાળનારા લોકો ઘણી વાર આપણા કરતાં સ્વાભાવિક રીતેજ બહુ ઉંચી નીતિમત્તાવાળા હોય છે. હું જ્યાં સુધી મનુષ્યની પરીક્ષા કરી શકું ત્યાં સુધી તો મને એ સારો માણસ લાગે છે. ભલે, આપની યાત્રા સુખ રૂપ થાઓ.' આમ કહીને કેશવચંદ્ર ઉઠયો અને નજીકના રેલવે સ્ટેશન તરફ જનારા માણસોની સાથે માર્ગે પડયો.

આ સથવારામાં એક અમલદાર અને તેનું કુટુંબ તથા બીજા બે ત્રણ નજીક નજીકના ગામોના રહેવાસી વણિક હતા. અમલદારની સાથે બેલગાડી હતી પણ રસ્તો એવો હતો કે, ગાડીમાં બેઠા કરતાં હિંડવું સારું. ટેકરા અને પથરાઓથી ગાડીમાં શરીર આમ તેમ અફળાઇ સામા કુટાઇ જવાય એવું હતું. એકાદ ગાઉ ગાડીમાં બેસી રહ્યા પછી કેશવચંદ્ર અને પેલા મરદોને મજેથી વાતચીત કરતા અને હસતા રમતા ચાલતા જોઇ અમલદાર પણ ગાડીમાંથી ઉતરી પડયો. જરા દૂર પગમાર્ગ ઉપર તેઓ ચાલતા હતા. તેમને બૂમ મારી ઉભા રાખ્યા અને સંગાથ કરી તેણે પણ તેમની સાથે ચાલવા માંડયું. મોટો માણસ સથવારામાં આવતાં તેઓ વચ્ચે અત્યાર સુધી જે વાતચીત ચાલતી તે બંધ પડી કેટલીકવાર મુંગા મુંગા ચાલ્યા પછી કેશવચંદ્રે તેને 'મિસ્તર' નામથી સંબોધી તે કોણ છે ? અને ક્યાં જાય છે' વગેરે સવાલો પૂછી વાતચીતની શરૂઆત કરી. આ માણસ પાંત્રીસ ચાળીસ વર્ષનો થોડું ઇંગ્રેજી ભણેલો અને નાના દરબારનો પણ મોટો અભિમાની

અને દોરદોર ચલાવનારો કારભારી હતો. કેશવચંદ્રની સાથે વાતચીત કરતાં પણ તે પોતાની ફુલ્લ મારતો હતો. ગામડિયા વાણિયા તેના દોરની વાતો સાંભળી છક થઇ જતા. વાતમાં ને વાતમાં અશુદ્ધ ઉચ્ચારે તે કેટલાક ઇંગ્રેજી અને સંસ્કૃત શબ્દ વાપરતો અને કેશવચંદ્રને પોતાની આવડ હોશિયારી દેખાડવાનો યત્ન કરતો. તેના જ્ઞાનનાં અને તેના કારભારનાં વખાણ સાંભળી પોતે જાણે અંજાઇ જતો હોય તેવો દેખાવ કરી કેશવચંદ્ર તેને વધારે અને વધારે પવને ચડાવતો હતો. કારણ તેને ગમ્મતમાં રસ્તો કાપવો હતો. આવા ઉજડ પ્રદેશમાં અમલદાર સાહેબને પોતાને વખાણનાર મળ્યો તેથી ગપાટા તો એવા ચાલવા માંડયા કે, વાણિયા તેના રસમાં ગુલતાન થઇ ગયા.

આમ ચાલતાં ચાલતાં નીચીઉંચી પહાડી જમીનનો માર્ગ પુરો થયો ને રેતાળ રસ્તો આવ્યો. અમલદારનાં ધણિયાણીએ ગાડી પાછળ ચાલતા સ્વારની પાસે બે ત્રણ વાર ગાડીમાં બેસવાનું કહેવરાવ્યું, પણ અમલદાર સાહેબને કેશવચંદ્રને મૂકીને જવું ગમ્યું નહિ. ફરીને ગાડીમાં બેસવાનું આમંત્રણ થતાં તેણે કેશવચંદ્રને કહ્યું કે 'મિસ્તર! તમેય ચાલો આપણી ગાડીમાં પુષ્કળ જગા છે. અમારાં બૈરાં છોકરાં એવો મલાજો રાખતાં નથી કે તમારા આવવાથી અમને અગવડ પડે.'

'માફ કરો, સાહેબ! મને ચાલવું ઠીક પડે છે. આજના કરતાં વધારે કઠણ અને લાંબી મુસાફરીઓ કરવાનો મને મહાવરો પડેલો છે. આપ ખુશીથી ગાડીમાં બિરાજો. વાતચીત કરવાની આપને ઇચ્છા હશે તો હું ગાડીની બરોબર ચાલીશ.' આમ કહી કેશવચંદ્ર તેની સાથે ગાડી ભણી ગયો. ગાડીને અને પેલા વાણિયાઓને અમલદાર સાહેબે પોતાના રૂવાબદાર હુકમથી થોભાવ્યાં, અને પાણી તથા પાનબીડી જમ્યા પછી કેશવચંદ્રે નજ માન્યું ત્યારે પોતે ગાડીમાં બેઠા. અમલદાર

સાહેબે ધણિયાણીને સંભળાવવા હવે વધારે પુલની વાતો કરવા માંડી. કેશવચંદ્ર પોતે તેથી તેનું ગૌરવ-માન વિશેષ માનતો હોય એવું દેખાડતો રહ્યો.

આ પ્રમાણે કેટલુંક ચાલ્યા પછી પેલા ત્રણ જણમાંના બે માણસોને રસ્તો બદલવાનો વખત થયો. એક મોટા વડના ઝાડ તળે તેઓ સર્વે પાણી પીવાને થોભ્યા, ત્યારે તેમણે કહ્યું કે, 'સાહેબ! અમે હવે અહિંયાંથી રજા લઇશું. અમારાથી કંઈ બોલાયું ચલાયું હોય તો માફ કરજો. આપ સાહેબને લીધે અમને આજ બહુ ગમ્મત પડી. હવે અમે આ રસ્તે જઇશું અને આપને પેલે રસ્તે દૂર જવાનું છે. આપને જવાનું અલબત જરા દૂર છે, પરંતુ બળદો સારા છે એટલે દાબી હકાવશો તો રાતના આઠ વાગ્યાની ગાડી હાથ આવશે.' બહુ વિનય અને આભાર દર્શાવી તેઓ ઉઠયા. અમલદાર સાહેબે પણ પોતાના ગાડીવાનને કહ્યું કે 'જો સાંભળ્યું. સ્ટેશન હજી દૂર છે અને તું ચાંપીને બળદો હાંકીશ તોજ અમને ગાડી મળશે નહિ તો 'વહેલા ઉઠયા અને ભૂલા પડયા' જેવું થશે, સમજ્યો. બચ્ચાં છોકરાંને લઇ અમે નાના સ્ટેશન ઉપર કયાં પડી રહીશું?' કેશવચંદ્ર સામું જોઇ તે બોલ્યો કે.—'મિસ્તર! ગાડાંની મુસાફરીનું આ દુઃખ બહુ મોટું છે. નાનાં સ્ટેશને જવાનું હોય, ત્યાં કેટલીક ગાડીઓ થોભતી ન હોય અને જે ગાડીને માટે જતા હોઇએ તે જો જતી રહી તો પછી સ્ટેશન ઉપર ખાલીજ ખોટી થવું પડે.' કેશવચંદ્ર બોલ્યો કે 'ગાડીવાન બિચારો શું કરે? બળદોના બળાબળ ઉપર આધાર રહે. સારા બળદ હોય તો ધારેલે ટાઇમે પહોંચાડે અને નબળા હોય તો રહી જવાય. આપણે મુસાફરી કરનારાઓએ ખોટી થવાનો અને બીજી મુશ્કેલીઓ વેઠી લેવાનો મદાર રાખીનેજ નીકળવું જોઇએ. માર્ગ છે, કંઇ અડચણ આવી અને કેટલીક વાર ખોટી થવું પડયું તો ધારેલે વખતે ન પહોંચાય અને થોભી જવું પણ

પડે. આપણને તો તેમ છતાં પુષ્કળ વખત છે. આપના દરબારી બેલ બહુ સારા છે એટલે ટ્રેન મળશે, એટલુંજ નહિ પરંતુ ત્યાં પહોંચ્યા પછી આપણે પાણીબાણી પી કરીને જરા વિશ્રાંતિ પણ લઇ શકીશું.'

ગાડીવાને ગાડી તૈયાર કરી. બે વણિક મુસાફરો તેમને રસ્તે અને સ્ટેશન તરફ જનારા તેમને રસ્તે, એક બીજાને 'આવજો આવજો' એમ કહેતા માર્ગે પડયા. પેલાઓમાંનો એક જ જણ હવે સાથે હોવાથી કેશવચંદ્ર ગાડી સાથે રહ્યો નહિ પણ તેની સાથે ચાલવા લાગ્યો. ગાડી ગરીડાને અને કવચિત તેમના પગરસ્તાથી જરા દૂર ફંટાતા નાળિયામાં થઇને ચાલતી. કેટલીક વાર સાથે ચલાવાનું અને વાતો કરવાનું મળતું, અને કેટલીક વાર ગાડી નાળિયામાં જાય તો કલાક અડધો કલાક કેશવચંદ્ર અને પેલો વાણિયો બે જણ પગરસ્તે વાતો કરતા ચાલે. ગાડી ઉતાવળી ચાલે તો તેઓ ઉતાવળા ચાલે અને ગાડી ચક્કર લેવા ગઈ હોય તો તેઓ આગળ જઇ થોડીવાર તેની રાહ જોતા ઉભા પણ રહે. એ પ્રમાણે મળતા અને વિખુટા પડતા, તેઓ કેટલાક માઇલ નીકળી ગયા. પછી ફળદ્રુપ સપાટ પ્રદેશ આવ્યો પણ હવે સાંજ પડી ગઇ હતી. પેલા માર્ગના જાણીતા વાણિયાના કહેવા ઉપરથી કેશવચંદ્ર ટ્રેન મળવાની આશા રાખતો ન હતો. બળદ પણ થાકી ગયા હતા. અમલદાર સાહેબ ગાડીવાન ઉપર અમલ ચલાવતા પણ બળદ ઉપર અમલ ચાલે એમ ન હતું. કેશવચંદ્ર અને પેલો વાણિયો જો ધારે અને તેમનો સંગાથ છોડી દઇ ઉતાવળા જાય, તો પગરસ્તે કલાક વહેલા પહોંચી જાય એમ હતું. વાણિયાએ તેમ કરવાનો કેશવચંદ્રને આગ્રહ કર્યો પણ ખરો, છતાં તેણે સથવારો મૂકી આગળ ચાલ્યા જવાનું પસંદ કર્યું નહિ.

અમલદાર અને તેના કુટુંબવાળી ગાડી એક નદી આવવાથી તે ઉતરવાને નિચાણને રસ્તે ગઇ. કેશવચંદ્ર અને પેલો

વાણિયો ઉંચાણુને ટુંકે પગરસ્તે ચાલ્યા. તેઓને છુટા પડયા ને પાએક કલાક થયા પછી વાણિયાએ કહ્યું કે ' ભાઇ ! સુરજ આથમી ગયો. આપણે આપણા સોબતીને મૂકીને નહિ જવું હોય તો નહિ જઇએ, પણ જરા ઉતાવળા ચાલીએ તો સ્ટેશન ઉપર પહોંચી જવાય. ત્યાં આગળ આપણે હવે એમની રાહ જોતા ખોટી રહીશું. વચમાં એક ઠેકાણે આપણો અને એમનો રસ્તો મળે છે, પણ ત્યાં ખોટી થઇએ તો રાત પડી જાય અને આપણે ઠેસો ખાતા અને ઝાડાંથી ઉઝરડાતા અંધારામાં અથડાવું પડે. મારો વિચાર તમારી સાથે મળતો છે. આપણે ગાડી મળે એમ હશે તોપણ એમના વગર જઇશું નહિ, પરંતુ અંધારામાં અથડાયા કરતાં સ્ટેશન નજીક જતા રહેવું ઠીક છે. ત્યાં જઇને બેસીશું.' કેશવચંદ્રને આ ગોઠવણ ગમી. તેઓ પગ ઉપાડીને ચાલવા લાગ્યા. વાતોના તડાકા મારતા અને ' ગાડી મળે તો મળે પણ ખરી ' એવી વારંવાર ઉમેદ બાંધતા, તેઓ સપાટાબંધ માર્ગ કાપવા લાગ્યા. જેટલી ઉતાવળથી તેઓ માર્ગ કાપવા લાગ્યા તેટલીજ ઉતાવળથી અંધારું પણ અજવાળાનો પરાભવ કરવા લાગ્યું. નદી ઉતરીને થોડે દૂર જતાં જતાંમાં તો વાણિયાએ ભાવિષ્ય ભાખ્યું હતું તેમ એમને ઠેસો વાગવા માંડી. એકવાર ઠેસ વાગે એકવાર ઝરડામાં કપડું ભરાઇ જાય અને એકવાર નીચો ઉંચો પગ પડવાથી પડતાં પડતાં રહી જવાય. આમ થવા માંડયું એટલે તેમણે વળી વધારે ઉતાવળા ચાલવાનો યત્ન કર્યો અને અડધોક કલાક થયો ન થયો એટલામાં તો સ્ટેશનના દીવા દેખાવા લાગ્યા.

હવે પેલા વાણિયાના જીવમાં જીવ આવ્યો, તે બોલ્યો કે ' ભાઇ ! અહીં આગળ આપની મરજી હોય તો હવે આપણે ગાડીની રાહ જોતા બેસીએ ? ' કેશવચંદ્ર થાકી ગયો હતો, પણ બેસવાથી વધારે થાક લાગે અને સ્ટેશન ઉપર જતાં પાછું મોડું થાય, તેના કરતાં સ્ટેશન ઉપર જઇનેજ કમ્મર છોડવી

એ વધારે સારૂં; એમ લાગ્યાથી તેણે કહ્યું કે 'હવે અહીં આગળ ખોટી થવાનું કારણ નથી. સ્ટેશન સામુંજ દેખાય છે તો ત્યાં જઈને બેસવું એજ ઠીક છે માટે હવે તો ચાલો આવ્યા તે આવ્યા. વાણિયાને તેજ જોઈતું હતું. તરત તે આગળ થયો અને બોલ્યો કે, 'જુઓને ભાઇ! એમની સાથે ગાડી, બૈરાં છોકરાં અને સ્વાર છે. એ પોતે અમલદાર હોઈ ગમે ત્યાં રહે અને ગમે તેમ અમલ ચલાવે તો ચાલે. નદી અને તેની પેલી તરફનો જે ભાગ આપણે સંધ્યાકાળે કાપ્યો તે ભયવાળો છે. ભલભલા ચમરબંધ ત્યાં આગળ લુંટાઇ જાય છે. મારી પાસે જોખમ હોવાથી મારો જીવ ઉંચો રહેતો હતો. અમલદારને કોઇ લુંટે નહિ અને લુંટે તોપણ તેનો માલ ઘેર બેઠાં પાછો આવે. આપણે ગરીબ માણસ માર્યા જઈએ અને લુંટાઇએ તો આંખો ચોળીને બેસી રહેવું પડે. કેશવચંદ્રને વાણિયાનું સ્વરૂપ હવે સમજાયું; તેમ 'લુંટનો ભય' હોવાનું સાંભળતાં અમલદાર અને તેના કુટુંબને એવી તો કશી આફત નહિ આવી પડી હોય, એવી ફાળ પડી. તેણે પૂછ્યું કે 'મહાજન! આપણે આવ્યા તે ઠીક કર્યું, પણ કહો તો ખરા કે, હવે ગાડી આવવી જોઇએ કે નહિ? પગરસ્તાને અને ગાડીરસ્તાને એવો કેટલોક તફાવત પડે એમ છે?'

જરા થોભી તથા વિચાર કરી તેણે ઉત્તર આપ્યો કે, 'ચકરાવો તો લાંબો છે. પગરસ્તે આવનાર કરતાં ગાડાને રસ્તે આવનારને ઓછામાં ઓછું એક કલાક મોડું થાય. તમે વહેમાતા નહિ. સાથે સ્વાર છે એટલે તે લુંટાશે નહિ. અમલદારની ગાડીને તો સ્વારને લીધે લુંટારા ઓળખે; અને ચાલતા સુધી તેની ઉપર જાય નહિ' વાણિયાએ કેશવચંદ્રની છાતીએ હાથ મુકાવ્યો, દરમિયાન ટ્રેન આવી. હવે તે ફેરવીને બોલ્યો કે, 'ટ્રેન આવી પણ ગાડી આવી નહિ, અને આવે તોય હવે એમનાથી પહોંચાય નહિ. આપને એમની સાથે જવું હશે અને

એમના ભેગી આપની સગવડ પણ થઇ રહેશે. મારી પાસે મેં આપને કહ્યું તેમ 'જોખમ છે' એટલે આપને ખોટું ન લાગે તો હું જાઉં. આવવું જવું, રસ્તામાં એક બીજાના સંગાથ થવા અને માયાપ્રીત લાગવી, એ બધું પંખીઓના મેળા જેવું છે. મારું ગામ આવે એટલે હું ઉતરી પડું અને તમારૂં ગામ આવે એટલે તમે ઉતરી પડો.' આમ કહી તેણે જવાની તૈયારી કરી. કેશવચંદ્રને ખાતરી થઇ કે, વાણિયો હાથ તાળી આપવાને તૈયાર થયો છે તે અટકાવ્યો અટકશે નહિ. તે બોલ્યો કે, 'શેઠ! વટેમાર્ગુઓમાં માયાપ્રીત શાની હોય? એમાં તો જળકમળવત્ રહેવું જોઇએ! આપ ખુશીથી ટિકીટ લઈ ગાડીમાં ચઢી બેસો. હું એ લોકોની રાહ જોઇશ.' 'જોખમ જેવું ન હોત તો મારેએ કંઇ કાગળ આપવા જેવું નથી. ભલા અહીંજ રહી જાત. તમારા જેવા અને સાહેબ જેવાની સાથે રાતે બે ઘડી આડાંઅવળાં ગપ્પાં મારત અને તેમાંથી કંઇ શિખામણ લેત. પણ શું કરૂં જોખમ છે. માયાને ભય છે કંઇ કાયાને ભય છે? આપ બિરાજો. આપણે આવ્યા તે તરફ બળદની ઘંટડીઓ વાગતી હોય એવું સંભળાય છે. હવે તો એ આવ્યા જાણોને. પણ શા કામનું, હવે ક્યારે ઉતરે અને ક્યારે સરસામાન લઇ ગાડીમાં બેસે. રાત રહેવુંજ પડશે.' આમ કહી પોતાનો કોથળો લઇ તે ચાલતો થયો.

તેની બોલવાની ચતુરાઇ અને સ્નેહસંબંધ વગેરે બધું ભૂલી જઇ સ્વાર્થ સાધી લેવાની યુક્તિ અને અડગતાથી કેશવચંદ્ર બહુ આશ્ચર્ય પામ્યો. તે મનમાં બોલ્યો કે "નંદના ફંદ ગોવિંદ જાણે" ઓહો! કેવી ચતુરાઇ અને કેવા મીઠાબોલાપણાથી એ મને અહીં લઇ આવ્યો, અને અહીં આવ્યા પછી કેવી પેરવીથી અને પ્રિય વચનોથી મને આશ્વાસન આપી વાણિયો સંગાથ છોડી ગયો. ખરેખર સ્વાર્થબુદ્ધિ તો વાણિયાના બાપનીજ! આવાં શિક્ષણો કંઇ શાળાપાઠશાળાઓમાં નથી મળતાં! આ તો

જાતિગત છે. અનુભવોમાંથી કંઇક શિખાય છે. ઘણાક ગુણ લોહીની મારફતે પ્રાણીઓમાં ઉતરી આવે છે. શિક્ષણ તો એ ગુણોનું નિયમન કરવાના કામમાં આવે. માંસાહારી વાઘને શિક્ષણથી હેળવી તેની ક્રૂરતાના ગુણનું નિયમન કરી શકાય પરંતુ તે ગુણ તેનામાંથી કાઢી શકાય નહિ; તેમ અમુક જાતના ધંધા રોજગાર કરનારી જાતોમાં જે જાતિગત ગુણો હોય છે તે આનુવાંશિકજ હોય છે. એટલુંજ કે તેનું પણ સદ્દશિક્ષણદ્વારા નિયમન કરાય છે. વ્યવહારમાં કેમ ચાલવું, વખતવખતને અનુસરતી કેવી કેવી વૃત્તિ રાખવી અને અતિપ્રિય કે અતિ અપ્રિય ન થવાય, તેમ કેવી રીતે પોતાનું કામ સાધી લેવું, એ ગુણ તો વાણિયામાંજ હોય છે. એની પાસે શું હતું, એનું નામ શું હતું, એ પોતે ક્યાં જતો હતો, શા કામે જતો હતો, ઇત્યાદિ કંઇ તેણે મને વાતમાં પણ જણાવ્યું નહિ. જ્યાં સુધી સથવારાની જરૂર હતી ત્યાં સુધી તે મુલાયમ–રેશમ જેવો રહ્યો અને જ્યાં ગાડી આવી કે તરત પોતાના નિશ્ચયમાં અડગ થઇ જઇ બધી ઓળખ ભૂલી ગયો અને પેલા અમલદારની કે મારી કોઇની પણ કંઇ દરકાર વગર પોતાને રસ્તે પડયો. ખરેખર! સંસારમાં ચાલવાને માટે આવા ગુણોની પણ જરૂર છે. એકલા સીધા અને સરલ ગુણો સંસારના માર્ગમાં ચાલતાં ઠોકર ખવડાવે છે. ભલે શેઠજી ગયા, પણ મારે હવે શું કરવું? ટ્રેન ઉપડી ગયાને પણ અડધો કલાક થયો અને શેઠજી મને ‘ એ ઘંટડીઓ સંભળાય ’ એમ કહીને ગયા એ ઘંટડીઓ તો હજીએ સંભળાઇ નહિ અને ગાડીએ આવી નહિ. રાત અંધારી છે. હું રસ્તાનો અજાણ છું અને શેઠે કહ્યું તેમ લુંટારાઓનો ભય છે તો હવે શું કરવું? શેઠની માફક આપણે તરી પાર ઉતર્યા એટલે ગંગા નહાયા, એમ કરવું તો ઠીક લાગતું નથી. મારે એ લોકોની તપાસ કરવી! હજી આવ્યા નહિ તેથી મને શક પડે છે કે જરૂર નદીનાં વાંઘાંમાં લુંટારા

'હશે અથવા નદીના ભાઠામાંથી ગાડું ખેંચીને બળદોથી બહાર નીકળાતું નહિ હોય. લુંટાયા હોય તો સ્વાર દોડતો આવે.'

હજી તો કેશવચંદ્રનાં મુખમાં 'સ્વાર' એવો શબ્દ છે એટલામાં સ્વાર પગપાળોજ તેની પાસે આવી દીન વચને બોલ્યો કે—' ભાઇ! અમે તો લુંટાયા. ઘોડા, ગાડીના બળદ અને માલમતા સૌ લઇને લુંટારા ભાગી ગયા. હું બોલવા ગયો તો મને ઘોડા ઉપરથી ખેંચી પાડીને માર્યો. સાહેબ અમલદારપણું ચલાવવા ગયા તેમને પણ ઠુંકુબ્યા. બાઇ સાહેબ બુદ્ધિશાળી સમય વિચારી ગયાં તેથી થોડે સર્યું. કોઇને ઝાઝું વાગ્યું નહિ. અંધારું થઇ ગયું છે, છોકરાં રડે છે અને હવે શું કરવું? તે મને સૂઝતું નથી.'

'એ લોકથી ચલાય એવું છે કે નહિ?'

'ચલાય, પણ બત્તી જોઇએ.' સ્વારે જવાબ આપ્યો કે તરત કેશવચંદ્ર સ્ટેશન માસ્તરની પાસે ગયો. તે પારસી બહુ દયાળુ માણસ હતો. તરતજ તેણે બે પોર્ટર અને ત્રણ ફાનસ આપ્યાં; અને કહ્યું કે 'બા, લુંતારુઓનો ડારટાર અહીં બહુ ભારે છે. શુક્રગાના, કે માર પડિયો નહિ. જાઓ, તેવણ સૌને લઇ આવો અને વેટીંગ રૂમમાં રાખો. આપને તેવણની ફેમીલીની સારાકની સારવાર ને બરદાસ કરીશું. જાઓ, જલદી જાઓ. બચ્ચાઓ બિચારાં અંધારીમાં ધલભડાઇ મરશે.' 'થેંક યુ' કહી કેશવચંદ્ર બે પોટર અને સ્વારની સાથે પેઠો અમલદાર અને તેનું કુટુંબ જ્યાં હતું ત્યાં ગયા.

લુટારુઓએ સૌ લુંટી લીધું હતું, પણ બાઈ ચતુર તેથી ઘરેણાંનો ડાબલો હાંકનારની બેઠક નીચેના ભંડારિયામાં ઘાલી દેવાથી બચ્યો હતો શરીર ઉપરનાં કપડાં સિવાય બધું તેઓ લુંટી ગયા હતા. અમલદારને બે ત્રણ લાકડીઓ પડી હતી પણ લોહી નીકળ્યું ન હતું. ગાડીવાનના માથામાં જબરો ફટકો વાગ્યો હતો. તેણે ફાળિયાનો આંટો જોરથી વિંટાળવાને લીધે

સોઢી બંધ થયું હતું. દુઃખ પોકારવાનો અને ખોટી થવાનો વખત ન હતો. છોકરાંને પોર્ટરોએ ઉપાડી લીધાં. વેણીશંકર, ગાડીવાન અને સ્વાર ત્રણે ખોખરા થયેલા વચમાં રહ્યા અને કેશવચંદ્રે એક બત્તી અને ઘરેણાનો ડાબડો લઈ લીધો. લુંટયા પછી ભય નહિ, તેમ હવે કંઇ ભય ન હતો, છતાં લુંટારાઓએ બતાવેલી બીકથી અને તેમણે ચલાવેલી ત્રાસજનક લુંટથી સૌનાં અંગ ધ્રુજી ગયાં હતાં. તેમના જીવ ફડફડ થયા કરતા હતા. મુંગાં મુગાં સૌ સુખ દુઃખથી ચાલતાં હતાં. અડધા કલાકના રસ્તાને દોઢ કલાક થયો. જ્યારે તેઓ સૌ સ્ટેશનમાં આવી વેઇટિંગરૂમમાં દાખલ થયાં ત્યારે તો એક વાગ્યો. માસ્તરે ચા કરાવી આપવાનું કહ્યું પણ વેણીશંકરે ના પાડી. પોતાને અને કુટુંબને હવે આરામ લેવા દેવાની અરજ કરી. સ્ટેશન માસ્તરને અને કેશવચંદ્રને તે ઠીક લાગ્યું તેથી તેમને સુવાની વ્યવસ્થા કરી આપી.

માસ્તર થોડે દૂર તેને રહેવાની ઓરડી ઉપર ગયો અને કેશવચંદ્ર સીગનલરની ઓરડીમાં એક આરામચેરમાં પડયો. ઘણા દિવસથી પોતાનો પત્તો નહિ આપેલો હોવાથી રસિકલાલને તાર કરવાનું તેને મન થયું. સીગનલરે એક અરજંટ તાર જલદી પહોંચે તેમ મુંબાઇ ખાતે કરી આપ્યો. સીગનલર 'નાઇટડયુટી' ઉપર હોવાથી જાગતો હતો. કેશવચંદ્ર પણ ઉંઘતો અને વારંવાર જાગતો હતો. એકાદ બે વાર તેણે વેઇટિંગરૂમ આગળ જઇ પેલાંની સરત કાઢી તો તેઓ તેને નચિંતે ઉંઘતાં જણાયાં. પાંચ સાડા પાંચે તે ફરીને ઉઠયો અને સ્વાર તથા ગાડીવાનને લઇ રાતેજ પોર્ટર સાથે નક્કી કર્યા પ્રમાણે પાસેના ગામમાં ગયો. ત્યાંથી બળદ ભાડે લઇ તેઓ ગાડું સ્ટેશનના કંપાઉડમાં લઇ આવ્યા. વેણીશંકર અને તેમનું કુટુંબ ઉઠયું હતું. સ્ટેશન માસ્તરે સગવડ કરી આપવાથી વેણીશંકરનાં વહુએ ચા તૈયાર કરી હતી એટલામાં

કેશવચંદ્રે ત્યાં જઇ કહ્યું કે, 'તમારી ગાડી અમે સ્ટેશનના કંપાઉંડમાં લઇ આવ્યા.' 'ભાઇ! લ્યો, ચા તૈયાર છે તે પી લ્યો. તમે અમારે માટે બહુ શ્રમ લીધો. અમે તમારો આ બદલો ક્યાં વાળીશું?' વેણીશંકરનાં વહુએ આવું કહી તેને ચા પાઇ.

સીગનલરે એટલામાં કેશવચંદ્રને તેના તારનો જવાબ પહોંચડાવ્યો, તે વાંચી તેણે કહ્યું કે, 'દસ વાગ્યાની ગાડીએ આપ મને રજા આપો તો હું જાઉં. મારે વચમાં ઉતરવાની આ ગાડીમાં સગવડ છે અને તમોને બે કલાક પછી સળંગ આણંદની ગાડી મળશે. બની ગયેલી વાતનો શોક કરશો નહિ અને હવે ઝટ ઘેર પહોંચી જવાય તેમ ઉપડજો.'

'તમે ખુશીથી જાઓ.' વેણીશંકરે રજા આપી. કેશવચંદ્રે પોતાની ટિકીટ લીધી તે વખતે તેને વિચાર થયો કે 'આ લોકોની પાસે રોકડ એક કોડી પણ નથી, તો શી રીતે જશે.' તેણે એ કુટુંબની મેલની ટિકીટોના પૈસા સ્ટેશન માસ્તરને આપ્યા અને પોતે ફરી તેમને મળી ટ્રેનનો વખત થવાથી ઉતારૂઓ ભેગો પ્લાટફોર્મમાં દાખલ થઇ ગયો.

પ્રકરણ ૩૩ મું.

વિવાહ.

કેસુભાઈ! તમે અમને બધાંને ખૂબ બમાવ્યાં. તમારો પત્ર ન હતો ત્યાં લગી તો હુંએ વહેમાઈ હતી. આ શું થયું? આવતી વહુ પાછળ ભાઈ ઘેલા થઇ ગયા કે શું?' ચંદાગૌરીએ કેશવચંદ્રને મળતાં મશ્કરી કરી. 'મુસાફરીનાં ચિહ્ન તમારી ઉપર જણાય છે. તાપ તડકાને લીધે મોઢું કાળું પડયું છે અને શરીરે સુકાયું છે.'

'ઘસીને પીઠી ચોળજો એટલે મોં ઉઘડશે. રસિકલાલે

મશ્કરી કરી. કેશવચંદ્રની સામું જોઇ વળી તે બોલ્યો કે 'તારા પિતાજીને ગમ્યું. એ લોકોનો વિચાર લાંબી ધામધુમ કરવાનો નથી. ચંદુલાલ હમણાં મંદવાડમાંથી ઉઠેલો છે અને મહીના દોઢ મહીના પછી એની વહુનું અધરણી કરવાનું છે. તારા પિતાજીની સાથે બાની સમક્ષ વાત થઇ તેમાં એ બાબત મેં તેમને સમજાવી, જે એ ચાર સગાઓને જાનનું કહેવું હોય તેમને કહેજો. બીજી કંઇ મોટી તૈયારી આપણે પણ કરવાની નથી. તારા પિતાજીને મારી ગોઠવણ ગમે છે. મારી ઉપર રામચંદ્રે લખાવેલો ચંદુલાલના હસ્તાક્ષરનો પત્ર આવ્યો હતો તેમાં એમણે શું કરવું તે જણાવ્યું છે. ચંદુલાલના મંદવાડે તેમને બહુ હેરાન કર્યા છે.' રસિકલાલે નીચે મોટાંની આગળ થયેલી વાતનો સાર કેશવચંદ્રને જણાવ્યો.

'અમને ખંભાત લઈ જશો કે તમો એકલા એકલાજ લગન કરી આવશો? લગનના ઉત્સાહને મંદો પાડી દેતા નહિ. હું તો આવીશજ.' ચંદાગૌરીએ કેશવચંદ્રને કહ્યું.

કેશવચંદ્ર બોલ્યો કે, 'તમે અને વિજયાબેન, એ જણ આવજો. બીજાં બૈરાંને લેવાં નથી. જાનમાં બૈરાંને લઇ જવાં તે સારું નહિ. ફટાણાં ગાઇ તેઓ લઢાઇ કરે છે. વિવાહના મંગળ કાર્યમાં કોઇ કોઇ વાર તો જાનરડીઓને લીધે કલેશ થાય છે. લગન જેવા પ્રસંગમાં તેમને મોંએ લગામ રહેતી નથી. ફટાણામાં સામસામે ગાળાગાળી થાય છે.'

'એ વાતમાં હવે તમારે ડહાપણ કરવું નહિ. મોટાનું કામ મોટાં કરશે અને અમો જે તમને પરણાવવા આવનાર છીએ, તે અમારું કામ કરીશું. વરરાજાએ ચાર દહાડા ડહાયા ડમરા થઇ ચૂપ રહેવું. અમારું કામ હશે તે અમે કરીશું. લગન જેવા મંગળ પ્રસંગ કંઇ વારંવાર આવે છે? હું કરતા કારવતા થઇ મોખરે રહેવાની છું પછી ફટાણાં ગાનાર કોણ છે? અહીંથી નીકળીને અહીં આવો; ત્યાં સુધી તમારે મારા હુકમમાં

રહેવાનું છે. સાસુજી આગળ હમણાંજ એ બાબત મેં નક્કી કરી લીધી છે. બેસ કહેતાં બેસી જવું, એ તમારું કામ, સમજ્યા.' ચંદાગૌરી પોતાની આગેવાનીના દોરનું મંગળાચરણ કરી હસી.

'જાનરડીઓ પણ બે ચાર તો જોઇએ' રસિકલાલે ચઢાવો કર્યો.

'અલબત, બે ચાર કેમ? પાંચ સાત થશે. એ લોકોને હું કાબુમાં રાખીશ, પણ જાન તો શોભતી જોઇએ કે નહિ?' ચંદાગૌરીએ બૈરાં લેવાનું મન દેખાડ્યું.

'રસિક! મોટાને ત્યાં જાન લઇને જઇએ ત્યાં બધું શોભતું ને સારૂં થતું જોઇએ. ઝાઝાં અજ્ઞાન માણસો એકઠાં કરવાનું શું કારણ છે?'

'મારાં સાસુજીએ તમારા પિતાને તે કહી દીધું છે. એ પોતાનો દીકરો પરણાવતાં હોય એમ સઘળી ગોઠવણ કરે છે. તમારા પિતા તો તમારે ગામથી જાન લઇને અહીં આવશે. પછી તમારો અને તમારી જાનનો ચાર્જ અમારા હાથમાં રહેશે. તમારે એની કશી કાળજી કરવી નહિ. ફરી ફરીને તમે ક્યારે કબજે આવવાના છો? અમદાવાદ જાન આવી કે અમે ચાર્જ લઇશું. તમારાં સાસરિયાં ખુશ થઇ જાય તો અમારા ચાર્જને શાબાશી આપજો. જુઓ તો ખરા.' ચંદાગૌરીએ વૈવાહિક ઉત્સાહ બતાવ્યો.

'તું હવે મૌન થઇ જા.' રસિકલાલે ઉમેર્યું.

'હું મૌનજ છું. તમારી આગજ એકાંતમાં કંઇ કહેવાનો મારો અધિકાર ચંદાભાભીએ સ્વીકારવો પડશે.' કેશવચંદ્રે સારું લગાડ્યું. ચંદાગૌરી ઉત્તર આપે તે પહેલાં વિજયાએ આવી કહ્યું કે 'ચાલો ભાભિ! કાકીને કેટલું બધું કામ છે. રાત થોડી ને વેષ ઘણા. ચાલો, હમણાં વાત કરવાનો વખત નથી.'

ચંદાગૌરીએ કહ્યું કે 'ચાલો બેન! તમારા ભાઇને વર બનાવવા માટે કેટલીક શિખામણ દેવી જોઇએ, તે દેતી હતી'

વરરાજાને પછી કાંઇ કહેવાય છે ?' આમ મશ્કરી કરતી વૈવાહિક ઉત્સાહમાં ગાંડીઘેલી થઇ ગયેલી ચંદાગૌરી વિજયાને લઇ નીચે ગઇ. રસિકલાલ બોલ્યો કે 'કેસુ ! મુંબાઇથી હું બધી બાબત નક્કી કરીને આવ્યો છું. તારા પિતાએ કબુલ કર્યું છે કે તે વચમાં પડશે નહિ, માટે તારે પણ 'અમે શું કરીએ છીએ' તેની બીલકુલ કાળજી કરવી નહિ.'

'તમે સ્વતંત્ર છો, માત્ર એટલુંજ કે, આમાં માણુસો મુંબાઇગરાં છે ને આ લોક બરોબર ગામઠી છે. ધ્યાનમાં રાખવાનું એજ છે કે આપણો ફેરતો ન થાય.' કેશવચંદ્રે મનમાં હતું તે ખરેખરું કહી દીધું.

રસિકલાલ–એ શું ફેરતો કરવાનાં હતાં ? આ મુંબાઇગરાંને ટપી પડે તેવી છે. મશ્કરીઠઠ્ઠા ને બીજી જે કંઇ પરિહાસ રૂપ ચેષ્ટા થવાની તે સ્ત્રીઓમાં થવાની, પુરુષોમાં એવું તેવું થવાનું નહિ. સ્ત્રીઓને મોખરે આ છે પછી શી ફીકર છે. વળી હમણાં તો એ બિચારાં કાયર થઇ ગયેલાં છે. સાંભળ્યું છે કે, તેઓ જે રીતભાત હશે તે પ્રમાણે લગ્ન કરી નાંખવાનાં છે. ઘરેણાં લુગડાં વગેરે માટે મેં તેમને જણાવેલું છે. તારા પિતાજીની મરજી હશે તેમ કરવાનેજ તે કબુલ છે. આપણે કે તેમણે સામસામે કંઇ કંડીશનો કરી નથી. ચોખ્ખો 'કંકુ ને કન્યા' નો વિવાહ છે. એમને ઠીક લાગશે તે એ આપશે અને તારા પિતાને ઠીક લાગશે તે, તે આપશે. બધી ગોઠવણ મારી અને તેમની વચ્ચે થઇ ગયેલી છે. વળી એ બધી બાબત મેં તારા પિતાજીને પણ સાવ ચોખ્ખેચોખ્ખી આજ જણાવી દીધી છે. આમાં કશું કુલડીમાં ગોળ ભાગવા જેવું રાખ્યું નથી. તમે આજ તમારે ગામ જાઓ અને પરમ દિવસે ગાડી મળે તેમ ત્યાંથી જાન લઇને સ્ટેશન ઉપર વખતસર હાજર થાઓ. અહીંથી આપણા મિત્રો અને ઓળખીતાં વગેરેને લઇ અમે સ્ટેશન ઉપર આવીશું. તમારે શહેરમાં પેસવાની જરૂર નથી. જાન

લઈને પાછા આવતાં મારે ઘેર તમારો અમે જે સત્કાર કરવો હશે તે કરીશું. બાએ ત્યાં જે કંઇ જોઇએ તેની ગોઠવણુ કરાવવા માંડી છે, માટે તમે ખુશીથી જાઓ.

મુસાફરી પુરી કરીને કેશવચંદ્ર તેને ગામ પાછો આવ્યો ત્યાર પહેલાં રસિકલાલ અને રામચંદ્રના પત્રો તેના પિતા ઉપર આવી ગયા હતા. તેની બાને કરવાની ઇચ્છા ન હતી, પરંતુ ડોસાએ તેને 'હવે બન્યું તે બન્યું અને સારુંજ બન્યું' એવું સમજાવી છોકરા આગળ તે વાત કાઢી મંગળમાં અમંગળ ઉચ્ચાર નહિજ ઉચ્ચરવાની સમજ આપી હતી. બીજાં સગાંએ પણુ ડોસીને સમજાવી હતી. જો કે તે કંઇ અભાવ તો બતાવતી ન હતી, પરંતુ 'મુંબાઇની શેઠાણી' ના દોરતોર ને છાકની જે વાતો ગંગાએ કરી હતી તે એને અંદરથી યાદ આવ્યા કરતી અને મનમાં એમ થતું કે 'વહુ તો આવી પણુ તે કંઇ આપણું કામ કરે તેવી કે, આપણે તેની ઉપર રાજ્ય કરીએ એવી આવી નહિ.' વીજી તેની બાનું મન વાચી વખતો વખત તેને કહેતી કે 'બા ! સુભાગી માણુસ હમેશ સારાંજ હોય છે. ઉજળી સ્થિતિમાં જન્મેલા માણુસનું મન પણુ ઉજળું ઉદાર હોય છે. તારે એટલી ખાતરી રાખવી કે, ઇશ્વર સારાને સારું ને નઠારાને નઠારું આપે છે. આપણે ઘેર ખંભાત–મુંબાઇની કન્યા કયાંથી આવે? આપણો ને એમનો વળ જુદો. કેમ આણી તરફના બીજા કોઇ વરને તેમણે પસંદ ન કર્યો? ભાઇનાં અને એ કન્યાનાં વિધાત્રીએ બેલાં બાધેલાં તે આ ગોઠવણુ થઇ. તારે હવે ઉત્સાહથી લગન કરવાં. આપણો ભાઈ સમજુ છે અને ભાભીએ સમજુજ આવશે. એ તો ચંદાભાભી પણુ કહેતાં હતાં. સૌને મન ઉત્સાહ છે માટે તારે પણુ ઉત્સાહ રાખવો.' ડોસી દીકરીનાં અને બીજાં સગાંનાં આવાં મન વળાવણાંથી ખુશી થઈ હતી. 'ઇશ્વરે જે કન્યા આપી તે સારીજ આપી' એવું તે મોઢે બોલતી, પણુ પોતાને તે કંઇ કામ

આવશે નહિ, એમ અંદરથી તેને નિરાશા જેવું તો લાગવાજ કરતું હતું. આપણા સંસારમાં સાસુઓ જે ઇચ્છે છે, તે એજ કે 'ક્યારેને તેના હાથમાંનું કામ ઉપાડી લેનારી વહુ મળે અને ક્યારે તે તેની ઉપર અમલ બજાવણી કરે.' ડોસીને પણ જુની ઢબ પ્રમાણે આવી ભાવના હતી. ગંગાએ મુંબાઇની કોઠાણાની વાત કહી ત્યારથી તે એ બાબતમાં નાસીપાસ થઈ હતી. આટલીજ તેના મનમાં લાગણી હતી. 'વહુ આવી તો ખરી પણ તે કંઇ મારો દહાડો વાળશે નહિ.' એટલીજ ખરખરો તેને રહ્યા કરતો હતો. છતાં જેમ જેમ દિવસ પાસે આવતા ગયા અને લગનની તૈયારી થતી ગઈ તેમ તેમ ડોસીને પણ વૈવાહિક ઉત્સાહ આવતો ગયો. કેશવચંદ્ર, વીજી અને ડોસો અમદાવાદથી બધી ગોઠવણ કરીને આવ્યાં, ત્યારે ડોસીએ પણ ઘર આગળ તૈયારી કરી દીધી હતી. પાસેનાં સગાં અને બેન ભાણેજાં ભરાયાં હતાં. ઘર વિવાહની મંગળ ધામધુમેથી રળિયામણું અને આનંદી થઇ રહ્યું હતું.

કેશવચંદ્રનું કુટુંબ એવું છેક ગરીબ ભિક્ષાવૃત્તિ ઉપર જીવનારું કુટુંબ ન હતું. તેના પિતા સંસ્કૃત ભણેલા પુરાણી હતા, પેશવાઇવારાથી તેમના કુટુંબને કેટલીક જમીન બક્ષીસ મળેલી હતી અને તેમાંથી કુટુંબનું પોષણ થાય એટલું અનાજ આવતું. ગામડામાં આથી તે સુખી ને કુળવાન ગણાતા. કુળવાન બ્રાહ્મણ કુટુંબોના દુર્ગુણો સદ્‌ભાગ્યે તેમના કુટુંબમાં આવ્યા ન હતા, કારણ કે, તે એકલવાયું હતું, બહુ વસ્તાર ન હતો અને બે ત્રણ પેઢીથી જુની રીત પ્રમાણે ભણવાનો અને સારા માણસોમાં બેસવા ઉઠવાનો રિવાજ ચાલુ રહેલો હતો. કેશવચંદ્ર ભણ્યો અને માબાપે ભણાવ્યો તે પણ કુટુંબમાં ભણવાનો રિવાજ પડેલો હોવાનેજ લીધે હતું. ગામમાં તેમના ઘરની સારી પ્રતિષ્ઠા હતી. સૌએ લગનમાં ભાગ લેવા આવતાં જતાં. કેટલાક લોક 'પરદેશથી કન્યા લાવ્યા' એવું કહી પછવાડે મુખ મરડતા તે

સિવાય બધી રીતે વિવાહનો મંગળ સમારંભ તેમને ત્યાં મંગળમયજ થઇ રહ્યો હતો.

અમદાવાદથી આવ્યા પછી કેશવચંદ્રે મૌન ધારણ કર્યું. ડોસોડોસી જે કરે તે, તે જોયા કરતો હતો. આવી બાબત આપણા લોકમાં વરકન્યાની ઇચ્છા પ્રમાણે નહિ પણ મોટાંની ઇચ્છા પ્રમાણેજ થાય છે. વિવાહનાં મુખ્ય પાત્રોનો અવાજ આવા સમારંભોમાં હોવો જોઇએ, એવું કેળવાયેલા જુવાનો કહે છે, પણ કેશવચંદ્રને તો ચાલતા કારભારનું મૌન રહી નિરીક્ષણ કરતાં એમ લાગ્યું કે, લગ્ન કરનારાના કરતાં તેમનાં મુરબ્બીઓ વધારે ઉત્સાહથી તેમને ગમતી બાબતો કરે છે અને તેજ વધારે યોગ્ય થાય છે. તેછડા કે આછુકલા સ્વભાવનાં વૈવાહિક આનંદમાં તાનાઇ ગયેલાં વરકન્યાના કરતાં તેમનાં મુરબ્બી કંઇ ઓછું કરતાં નથી. કેશવચંદ્રના મનમાં જે કંઇ કરવાનો વિચાર હતો તેના કરતાં ડોસાડોસીએ વધારે સારૂં કર્યું, અને તે પોતે પ્રસન્ન થયો.

પોતાના ગામમાં પોતાની મરજી પ્રમાણે ધામધુમ કરી વર અને જાન લઇ અમદાવાદ આવ્યા પછી ડોસાએ બધો ભાર રસિકલાલ ઉપર મૂકી દીધો. તેણે તથા તેની વહુ ચંદાગૌરીએ તે ઉત્સાહથી ઉપાડી લીધો. ભલી રીતે જાન લઇ તેઓ ખંભાત આવ્યાં અને વહેવાઇને પોતાના આવ્યાની ખબર કરાવી.

આણી તરફ ખંભાતમાં ચંદુલાલને સારું થવા માંડયું ત્યારથી રામચંદ્રે લગ્નની ગોઠવણ કરવા માંડી હતી. જોકે રાશેઠાણીને કુલણિયો વિવાહ મોટી ધામધુમથી કરવો હતો પરંતુ છોકરો હમણાંજ મંદવાડમાંથી ઉઠેલો હતો અને લોકમાં ચવાઇ જવાય તેથી મંછાડોસીએ અસલી જુની બ્રાહ્મણિયા રીતને પકડી રાખી હતી. જરા પણ મુંબાઇની ઇતરાઇ કે મુંબાઇગરી દોડધામ ને ભભકોસપકો તેણે કરવા દીધો ન હતો. રામચંદ્રને

અને તેમનાં સગાંને આ સાદી ગોઠવણ પસંદ પડી. ગુલાબવહુને ફરવા હરવાની અને પહેરવા ઓઢવાની મુંબાઇની ફેશન ચાલુ રાખવાની છુટ મૂકી હતી, કારણ કે, લગનમાં તેને અગ્રણી હોવાથી ફરવા હરવા ઉપરાંત બીજું કંઈ કરવાનું ન હતું. લગ્નને લગતી બધી ક્રિયા રામચંદ્ર અને જેકોરને કરવાની હતી. તે આધેડ ઉમ્મરનાં પતિપત્નીને શોભે તેવોજ સમારંભ આરંભાયો હતો.

જાન આવ્યાના સમાચાર મળતાંજ ગુલાબવહુ જાનીવાસા ઉપર ગઇ, ચંદાગૌરીને મળી તેને આવકાર દીધો અને બધી મુંબાઈનાં માણસને જોઇએ તેવી ગોઠવણ કરાવી આપી. ખંભાતના રામચંદ્રના સગાંઓ અમદાવાદ તરફના જાનૈયાને મળ્યા અને સૌ બેઉ બાજુની ગોઠવણથી ખુશ થયું. સાંજના રસિકલાલે પોતાને યોગ્ય લાગે તેવી રીતે રામચંદ્ર વગેરેની સંમતિથી વરઘોડો કાઢયો. બંને તરફનાં માણસોને પસંદ પડતી, નહિ દંતરાઇની, નહિ ગરીબાઇની કે નહિ જુની, તેમ નહિ તદ્દન નવી, એવી રીતભાતથી લગ્ન થયાં. જેકોરશેઠાણી જેમને કેળવાયેલી અને સુખમાં ઉછરેલી છોકરીને બે ત્રણ વર્ષથી ધારેલો યોગ્ય વર મળ્યો તે વરને પોંખી તથા કન્યાદાન દઇ ખુશ થયાં, ડોસી, જે ચંદુલાલના મંદવાડથી 'શું થશે ને શું નહિ' એવી ફીકરમાં પડી ગઇ હતી તે બધું વાદળ ઉતરી ગયા પછી પૌત્રીને યોગ્ય વરને પરણાવી ખુશી થઇ. મંડપમાંની વૈવાહિક ક્રિયા રાતના દસ વાગે પુરી થઈ. રામચન્દ્રે અને વૃદ્ધાએ નાતને જમવા બેસાડવાની જુવાનિયાઓને આજ્ઞા કરી. પછી અરુંધતીનાં દર્શન કરાવી શુકલજી સાથે ગુલાબવહુ 'વરવધૂ' ને લઇ ઘરમાં ગોત્રજ ગણપતિ પૂજન અને વૃદ્ધાના આશીર્વાદ લેવાને ગયાં.

રામચંદ્ર અને તેમનાં માણસોએ જાનને માટે એવી સારી ગોઠવણ કરી હતી કે જેથી રસિકલાલ અને ચંદાગૌરીજ નહિ

પરંતુ કેશવચંદ્રના પિતા પણ ખુશખુશ થઇ ગયા હતા. જેમને જેવી ઘટે અને જેવી જોઇએ તેવીજ જમવાખાવાની અને ઉતારા વગેરેની ગોઠવણ કરી આપવામાં આવી હતી. દરેક ઠેકાણે એવાં માણસો રાખ્યાં હતાં કે, જે, જાનૈયાઓના મુખમાંથી નીકળે તે સો તરત તેમની આગળ હાજર કરે. નાત અને જાનૈયા વગેરે જમી રહ્યાં અને તેમની સૌની સુવા બેસવાની બરોબર ગોઠવણ થઇ ગઇ ત્યાર પછી બધે ઠેકાણે ફરી આવી રસિકલાલ, વરના પિતા, વરની બેન અને ચંદાગૌરી બાર વાગે વહેંવાઇને ઘેર પાછાં આવ્યાં. વરરાજા, તેમના પિતા ને મિત્રો વગેરેને જમવા બેસાડવાની ગોઠવણ ઘર પાછળના વાડામાં ખાસ બંધાવેલા એક મંડપમાં કરવામાં આવી હતી.

રસિકલાલે કેશવચંદ્રના ડોસાને રામચંદ્ર અને ચંદુલાલની સાથે તેમના દિવાનખાનામાં મુલાકાત કરાવી. રામચંદ્રે બહુ સ્નેહપૂર્વક તેમને ભેટીને કહ્યું કે 'મેં ગુણવાન વર અને કુળવાન કુટુંબ જોયું છે. ઇશ્વર આપણને વરકન્યાને આરોગ્ય, ધનવાન અને પુત્રવાન જોવાને ભાગ્યશાળી કરો, એજ મારી ઇચ્છા છે. મોહનલાલ! જા, જીજીને અહીં લઇ આવ. રામચંદ્રના વિવેકથી ડોસાને બહુજ સારું લાગ્યું. તેમણે કહ્યું કે 'તમે જેમ તમારી પુત્રીને અમારે ખોળે બેસાડી તેમ હું વૃદ્ધ થયો છું એટલે આ પુત્રને હું પણ તમોનેજ સોંપું છું. આપણો સંબંધ વરકન્યાનેજ નહિ પરંતુ આપણને સર્વેને સુખકારી નીવડો.' અંબાડોસી આવ્યાં. રામચંદ્રશેઠે તેમને ડોસા સાથે ઓળખાવતાં તેમના ખાનદાનની હકીકત કહી. ડોસી જુના જમાનાની દેશપરદેશની તમામ નાતને ઓળખનારી જીવતી વંશાવળી જેવી હોવાથી ડોસાના વડવાઓની બે ચાર એવી સરસ મોટાઇની વાતો કહી કે જે સાંભળીને ડોસો અને કેશવચંદ્ર દિંગ થઇ ગયા. જેઠાશેઠાણી દિવાનખાનામાં આધું ઓઢી આ બધી વાતો સાંભળતાં ઉભાં હતાં, તેમણે જરા આગળ વધી

આવીને કહ્યું કે 'જીજી! વરરાજા સવારના ભૂખ્યા છે. જમણની ગોઠવણ થઇ ગયેલી છે. તમારો પેલો સંકલ્પ–' તે આટલું અડધું બોલી ડોસીને અને રામચંદ્રને સંકલ્પ યાદી આપી મૌન રહ્યાં. રામચંદ્રે પછી કેશવચંદ્રને સંબોધીને કહ્યું કે 'કન્યાદાનમાં મેં મારા મનથી કરેલા સંકલ્પ પ્રમાણે મુંબાઇમાંની મારા નામની એક ચાલી ભૂમિદાન તરીકે તમને અર્પણ કરી છે. તે સ્વીકારો. લ્યો તેનાં ખત પત્તર. ચંદુલાલ! મારા દફ્તરમાંથી પેલા દસ્તાવેજ કાઢીને કેશવચંદ્રને આપ. ડોસો અને રસિકલાલ રામચંદ્રની આ ઉદારતાથી બહુજ પ્રસન્ન થયા. ફરીને પાછું જમણનું તેડું આવ્યું તેથી બહુ વિવેક કરી તેઓ સર્વે ઉઠયાં. જેકોરશેઠાણી દીકરીને પરણાવી તથા તેને પોતાના ધાર્યા પ્રમાણે કન્યાદાનની શાશ્વત દેણગી દેવરાવી કૃતકાર્ય થયાં.

રસિકલાલ, ચંદુલાલ, કેશવચંદ્ર અને બીજું બધું મંડળ મંડપમાં જમવા ગયું; પણ ડોસાએ ત્યાં જવાની આનાકાની કરવાથી ઘરના રસોડામાંજ રામચંદ્રને અને તેમને માટે પાટલા નંખાવવામાં આવ્યા. જેકોરશેઠાણી તેમને પીરસવાની ગોઠવણ ઉપર રહ્યાં. જમવા બેસવાની તૈયારી હતી એટલામાં એક મહા તેજસ્વી સંન્યાસી ઓચિંતો ચોકમાં આવીને ઉભો રહ્યો. જેકોરશેઠાણી સામું જોઇ તેણે કહ્યું કે, વરકન્યાને લાવો; હું તેમને આશીર્વાદ દેવા આવ્યો છું. રામચંદ્ર પાટલા ઉપરથી ઉભા થઈ તેને પગે લાગ્યા અને જેકોરને કહ્યું કે 'જા, વરકન્યાને તેડી લાવ.' શિવમંત્રનો ઉચ્ચાર કરતો સંન્યાસી ત્યાંજ ઉભો રહ્યો. રામચંદ્રથી તેને બેસવાનું કહેવાયું નહિ. હોંસની ભરેલી ચંદ્રગૌરી અને વિજયા વરકન્યાની સાથે અંદર આવ્યાં. કેશવચંદ્ર અને ગજરા નીચાં પડી મહારાજની પાવડીઓને મસ્તક અડકાડી પગે લાગ્યાં. સંન્યાસીએ બેઉના મસ્તક ઉપર હાથ દઇ આશીર્વાદ આપ્યો. કેશવચંદ્ર રામચંદ્રની તરફ જોઇ તેની નજીક

જઈ 'આજ તે મહાત્મા' એમ કહેવા જાય છે, એટલામાં તો તે ચોકમાંથી આંગણામાં અને આંગણામાંથી બહાર ગયો ને જોતજોતામાં ક્યાંનો ક્યાંહીં જતો રહ્યો તે કંઈ ખબરજ પડી નહિ.

'કેશવચંદ્ર ! તમે બાળક તે બાળકજ. તમારે આવતાં વાત મને કહેવું જોઈતું હતું. એ કેટલીબધી વાર અહીં ઉભા રહ્યા, પરંતુ હું તેમના તેજમાં અંજાયેલો સત્કાર અને આતિથ્ય કરવાનું પણ ભૂલી ગયો. તમે જો આવતાંવાંત મને ચેતાવ્યો હોત તો હું એમને જવા દેત નહિ. અરેરે ! ચંદુલાલને જીવતદાન આપનાર સાક્ષાત્ પરમેશ્વર રૂપ મહાત્મા મારી સંમુખ આવી, મને પાવન કરતા ઉભા પણ મને મારાં પુણ્ય નહિ તેથી સમજાયું નહિ. ખરેખર આવે સમયે પુણ્યત્વ સદ્‌બુદ્ધિ આપે તોજ કાર્ય થાય નહિ તો નહિ. એમનું ચંદુલાલ અને વહુ અર્ધ્યાદિથી પૂજન કરત અને અમે તેમના ચરણમાં પડી કૃતકાર્ય થાત. હરિ હરિ ! એવાં મારાં પુણ્યજ નહિ.' શેઠે તે પુણ્યમૂર્તિ અલોપ થઇ ગયા પછી પશ્ચાતાપ કર્યો. જે... શેઠાણી, ડોસી અને ચંદુલાલ આથી બહુ આશ્ચર્ય પામ્યાં.

કેશવચંદ્રે કહ્યું કે–'મેં જ્યારે ઉંચું જોયું ત્યારેજ ઓળખ્યા. તમારે અહીંનો કોઇ સંન્યાસી હશે, એમ પ્રથમ તો મેં ધાર્યું હતું. પ્રણામ કરી હું ઉભો થયો અને તેમણે અમારા મસ્તક ઉપર હાથ મૂક્યા કે, તરત મને એમનું ઓળખાણ પડ્યું. ઉતાવળે હું આપને એમનું ઓળખાણ પાડવા જાઉં તો ઠીક લાગે નહિ, તેથી તમારી તરફ ફરી આવ્યો અને ખરેખર મને પણ એમ નહિ કે, તે આમ એકદમજ પાછા ફરી જશે. અસ્તુ, એ મહાત્માઓને આપણે પામરજન શું સત્કાર આપી શકવાનાં હતાં. એ તો રાજાના રાજા અને દેવના પણ દેવ જેવા સ્વસ્વરૂપને પ્રાપ્ત થયેલા નિર્લેપ બ્રહ્મ સ્વરૂપ છે. મારી ઉપર તો એમણે અમૃતનો વરસાદ વરસાવેલો છે અને આ જન્મભર કદી પણ હું એમને વિસરી શકું તેમ નથી.

'તમારા કરતાં અમે એમનાં વધારે આભારી છીએ. ચંદુલાલને એમણે જીવતદાન આપ્યું અને તે તમારેજ પ્રતાપે. ઓહો ! સાક્ષાત્ પરમેશ્વરરૂપ આવા મહાત્માઓ પણ જગતમાં છે ? કેવું લોકોત્તર સ્વરૂપ અને કેવી તેજમાંથી ઘડી કાઢી હોય એવી એમની મૂર્તિ. હું પાપી એમના ચરણકમળના સ્પર્શથી પણ પાવન થવા પામ્યો નહિ, તે મને બહુ લાગે છે.'

'મારાં બન્ને છોકરાંને માથે એમનો હાથ મુકાયો, એ હું તો આપણાં મોટાં ભાગ્ય સમજું છું' જેકોરશેઠાણીએ મન વાળ્યું. 'છજીને એમનાં દર્શન થયાં હોત તો સારૂં. હશે, જે થયું તે થયું આપણને તો મોટા તપના ફળ રૂપજ થયું છે. એમના આશીર્વાદ છોકરાંને મળ્યા તે આપણે તો જે જોઇએ તે મળવા રૂપ છે. ચાલો હવે તમે સૌ જમી લ્યો.' જુવાન મંડળ મંડપમાં જમવા ગયું. રામચંદ્ર તથા ડોસો મહાત્માની કૃપાની વાતો કરતા કરતા પછી જમવા બેઠા.

પ્રકરણ ૩૪ મું.

વરાત.

'ચંદાભાભિ ! મારાં ભાભી તો ખાસાં મોટાં છે, રૂપાળાં છે, શરીરે મજબુત અને બોલવેચાલવે પણ બહુ વિવેકી છે. મારી બા તો આ લગન કરવાને ખુશી ન હતી, પરંતુ ભાઇની અને મારી મરજીથી લગન થયાં. મારા ભાઇને યોગ્યજ ભાભી મળી; વિજયાએ સંતોષ બતાવ્યો એટલામાં કેશવચંદ્ર આવ્યો તેને જોઇને ચંદાગૌરી બોલ્યાં કે, 'બેનને—નાનાંનણંદને તો ભોજાઇ બહુ ગમી દેખું. કહે છે કે, મારા ભાઇને યોગ્યજ ભાભી મળી ગજરાવહુએ તો વરને જેવી મોહિની લગાડી હતી તેવીજ એક દિવસમાં નણંદને મોહિની લગાડી.' કેશવચંદ્ર હસ્યો અને વિજયાની

સામું જોઇ બોલ્યો કે 'બેન ! તું એને મળી ? એની સાથે તારે વાતચીત થઇ ? કોણે તારું એને ઓળખાણ પડાવ્યું ?'

વિજ્યા બોલી કે 'કાલે રાતે જમવાને વખતે ચંદાભાભી અને બીજાં સગાં પાછળ હતાં અને હું એકલી આગળ ગઇ હતી. વંડાના માંડવામાં ઘણાં બૈરાં છોકરાં અને માણસો ભરાયેલાં હતાં પણ આપણું ત્યાં કોઇ ન હતું. મેં કોઇને દીઠું નહિ તેથી એક ઠેકાણે મૌન થઇને ઉભી રહી. દૂરથીજ મને જોઇને મારાં ભાભી આમ તેમ જોઇ મારી પાસે આવ્યાં અને બોલ્યાં કે 'નાની બેન ! ચંદાભાભીજી વગેરે કયાં ગયાં ? તમે મારી સાથે આવો.' આવું કહી મને તેડી જઈ તેમની પાસે બેસાડી. એમને હું ઓળખું એમાં તો કંઇ આશ્ચર્ય જેવું નહિ, પરંતુ એમણે મને ઓળખી, એ તો મને બહુજ નવાઇ જેવું લાગ્યું. અલબત, શરમાતાં શરમાતાં તેઓ ધીરે ધીરે વાત કરતાં હતાં. પણ ચોકસ બાબતો જાણી લેવાનો એ યત્ન હતો. 'આપણાં પાસેનાં સગાંમાં કોણ કોણ છે ? જે હોય તે તમે મને ઓળખાવજો.' એવું તેમણે મને કહ્યું. એમનાં વચનોમાં મને બહુ વાલપ લાગ્યું.'

'પછી તેં આપણાં સગાં તેને ઓળખાવ્યાં કે નહિ ?' કેશવચંદ્રે સવાલ કર્યો.

'કેમ ન ઓળખાવું ? કોઇ જાણે નહિ તેમ સૌને મેં નામઠામ સાથે તેમને ઓળખાવ્યાં.'

'તમને એમણે નણંદ તરીકે ઓળખ્યાં હતાં એવું તમે કેમ જાણ્યું ? 'જાનમાં આવેલું કોઇ નજીકનું સગું હશે,' એવું તે સમજ્યાં હશે તો ? તમારા ભાઇની જાનમાં આવેલી કોઇ પણ છોકરીને તે બેન કે નાનીબેન કહીને બોલાવે એમાં શી નવાઇ ? નાનીબેન નહિ, પણ સગાં નણંદ છો, એમ તેમણે તમને ઓળખ્યાં હશેજ નહિ.' ચંદાગૌરીએ વિજ્યાને ગુંચવી નાખી. તે જરા વિચાર કરીને બોલી કે, 'તમારું કહેવું ખરૂં છે. જાનમાં આવેલી કોઇ પણ છોકરીને તે એમ કહીને

બોલાવે, પરંતુ મને તો એમણે નણંદ તરીકેજ ઓળખી છે. એજ મારી શેઠાણીભાભીની ચતુરાઇ છે તો ? એમના સગામાંની કોઇ એમનાથી સહેજ મોટી સ્ત્રીએ તેમને મારી સાથે વાત કરતાં જોઇને પૂછ્યું કે 'ગજરાબેન ! એ કોણ છે ?' આના ઉત્તરમાં એમણે તેના કાન પાસે મુખ લઇ જઇ બહુ ધીરેથી કહ્યું, તેમ છતાં મેં સાંભળ્યું કે 'મારાં નણંદ.' કહો ચંદ્રાભાભિ ! એમણે મને ઓળખેલી કે નહિ ?'

ચંદ્રા અને કેશવચંદ્ર બેઉ હસી પડ્યાં.

સવારમાં બાપાજી પણ વહેવાઇને માટે અને મારાં ભાભીને માટે ભવાનીશંકર કાકા આગળ પોતાનો સંતોષ બતાવતા હતા. તેમણે એક જણે મને બોલાવી પૂછ્યું હતું કે-'તારી ભોજાઇ કેવી છે ? તેં એને જોઇ કે નહિ ?' મેં બધું તેમને કહ્યું અને તેઓ ખુશી થયા હતા. વિજયાએ કેશવચંદ્ર અને ચંદ્રાગૌરીને પોતાનો અને સગાઓનો આનંદસંતોષ જણાવ્યો.

'હમણાં તમારાં ભોજાઇ અહીં આવશે. હાથ કંકણ ને અરીસાની શી જરૂર છે ? તમારા ભાઇએ જેમને પસંદ કર્યાં છે. તમે એમના મીઠડાપણાથી ખુશી થયાં છો અને તમારાં સગાં ને નનરડીઓ હમણાં તે આવશે, માથું ગુંથાવશે તથા શણગાર સજશે, તે જોઇને જાણશે. ચંદ્રાગૌરી આમ કહેતાં હતાં એટલામાં તો બૈરાં ગાતાં ગાતાં આવ્યાં. ગુલાબ અને તારાનો આ વખતનો ભભકો જોઈ વિજયા ચકિત થઇ ગઈ. ખંભાતનાં સગાંસાગવાં તો બધાં તેમના જેવાંજ હતાં. વિજયાને તેમાં નવાઈ લાગે એવું કંઇ ન હતું, પરંતુ આ બે મુંબાઇગરીઓને જોઇને તો તેને 'મુંબાઇની શેઠાણી' શબ્દ બહુ યોગ્ય લાગ્યો. તેમના આવવાથી જાનીવાસો ઝાકઝમાળ થઇ રહ્યો અને ઉંચી જાતના સેંટની મીઠી વાસથી વાતાવરણ મધમધી રહ્યું. ચંદ્રાગૌરીએ આવકાર દઇ બૈરાંને બેસાડ્યાં. તેઓ એક બીજાને સહેજસાજ ઓળખવા પામ્યાં હતાં, તેમણે

પરસ્પર ઉભય બાજુનાં સગાંને એક બીજાનું ઓળખાણ કરાવરાવ્યું. કેશવચંદ્રની એક પિતરાઇ ભોજાઇ, જે ગામડાની હોવા છતાં જાજરમાન સ્ત્રી હતી, તેણે નવોઢાનું માથું ગુંથીને સાસરાના શણગાર સજાવરાવ્યા, દરમિયાન ચંદાગૌરી, ગુલાબને તારા વગેરે, જે એક બીજાને સારી રીતે ઓળખતાં હતાં, તેમણે લગનના ગીત ગાયાં. ચંદાગૌરીએ વિજયાનું તેમને ઓળખાણ પાડ્યું. આ પણ એમના ભાઈની માફક ભણવામાં અને ખાનગી વાંચનમાં હોશિયાર છે, એવું જણાવ્યું. 'જેવા ભાઇ તેવાં એમનાં બેન હોયને' તારાગૌરીએ વિવેકથી ઉત્તર આપ્યો. ગુલાબ તેના ઠસ્સામાં ગૌરવ સાચવતી મૌન રહી.

'વિજયાબેન! હવે કાકાજીને અને વરરાજાને અહીં બોલાવો' કેશવચંદ્રની ભોજાઇએ શણગાર સજાવી રહીને કહ્યું. સ્ત્રી મંડળ મર્યાદાભેર એક બાજુ થઇ ગાતું ગાતું ઉભું રહ્યું. શુકલજી સાથે તેઓ આવ્યા અને નાતની રીત પ્રમાણે વધાવવાનો વિધિ કરાવવામાં આવ્યો. ડોસો ઉઠીને ચાલ્યો અને કેશવચંદ્ર તેની પાછળ જાય છે, એટલામાં ગુલાબે કહ્યું કે, 'કેશવચંદ્ર! મુંગા મુંગા ચાલ્યા જવાનું નથી? જાનીવાસો તમારૂં ઘર કહેવાય, અને અમે તમારે ઘેર આવ્યાં છીએ ત્યારે સૌને આદર માન તો આપો.' 'બેન અને ભાઇ, બેઉ પાકાં છે. વિજયાબેન પણ ગઈ કાલે એમને એમ એમનાં ભોજાઇનું મોં જોઇ ગયાં છે.' તારાગૌરી વિજયા સામું જોઈ હસી.

'ચંદાભાભી તમને જવાબ આપશે.' કેશવચંદ્રે જરા પાછા ફરી ગુલાબની સામું જોઇ જવાબ આપ્યો. સ્ત્રીઓના ટોળામાંથી આગળ આવી એક સ્ત્રીએ કેશવચંદ્રને પૂછ્યું કે 'મને ઓળખો છો?' ચારેક વર્ષના છોકરાને ઉંચો કરી કેશવચંદ્ર તરફ આંગળી કરી વળી તે બોલી કે 'જો કીકા! પેલા મુસાફર–તારા મામા થયા.'

ચંદાગૌરી, ગુલાબ અને બેરાં, દેના બોલવા તરફ અચં-

બાથી જોઇ રહ્યાં. કેશવચંદ્ર ગુંચવાડામાં પડી ગયો, કારણ કે, બરોબર જોયેલી નહિ એટલે 'તે કોણ' એ તેનાથી સમજાયું નહિ. બોલ પરિચિત લાગ્યો. તેણે કહ્યું કે, 'માફ કરજો. મને કંઇ ઓળખાણ પડયું નહિ?'

'તમે નહિ ઓળખો તોપણ મારે તો હવે એ રીતે તમને ઓળખવાજ પડશે. અમારા ઉપર ઉપકાર કરનાર તરીકે, અને બનેવી તરીકે. પીઠી ચઢવા છતાં મુસાફરીની છાયા મુખ ઉપરથી ઉતરી નથી, એટલામાં મુસાફરી અને પેલી લુંટ વગેરે બધુંજ ભૂલી ગયા. વાહ! ઠીક અમને છેતરીને ત્યાંથી ચાલ્યા ગયા! ત્યાંથી છટકી ગયા પણ હવે અહીંથી કયાં છટકી જવાના છો?' સાળીએ બરોબર સાળીપણું બતાવ્યું. 'મુસાફર-લુંટ' વગેરે શબ્દો સાંભળતાંજ કેશવચંદ્ર સમજી ગયો કે તે બીજું કોઇજ નહિ પણ પેલા અમલદાર વેણીશંકરની ધણિયાણી અને નવા સંબંધે સાળી. મશ્કરીનો મશ્કરીમાંજ જવાબ આપતાં તે બોલ્યો કે 'મુસાફરી દરમિયાન જેવો દોરતોર ચલાવ્યો તેવો દોરતોર અહીં ન ચલાવતાં.'

'હવે ઓળખી. ત્યારે હવે અવસ્ય અમારે ઘેર હવે પધારજો.'

'મુસાફરીને ઓળખાણે આવત, પણ સાળીને ઘેર તો હવે મોટા માન આવકાર અને આમંત્રણ વગર અવાયજ નહિ.' કેશવચંદ્ર હસીને ઉત્તર આપી બહાર ગયો.

વાર થવાથી બૈરાં આકળાં થઇ ગયાં હતાં, તેથી ગુલાબ નણંદને લઇ બહાર નીકળી અને ચંદાગૌરી વગેરેને સાંજના જરા વધારે સવેળાં પોતાને ત્યાં આવવાની વિનંતિ કરતી ગઇ.

લગ્નને લગતી ધાર્મિક ક્રિયાઓ અને રીતરિવાજ બધું બીજે દિવસે પુરું થયું. પછી રાતના રામચંદ્ર અને જેકાર શેઠાણી અંબામા આગળ કન્યા વળાવવા સંબંધી વિચાર કરવાને ગયાં. રામચંદ્રે વાત ઉપાડતાં જણાવ્યું કે 'ઇશ્વર પ્રતાપે અને આપના પુન્યે સૌ નિર્વિઘ્ન પાર ઉતર્યું, પરંતુ છેવટ જતાં જતાં

એક નાનું જેવું વિઘ્ન, જો કે હું તો એને વિઘ્ન કહેતો નથી, પણ આજાનને દશૈયાં માટે રાખવાની ઉમેદ ધરાવતી હતી, તે વિઘ્ન કહે છે–તે નડયું. લગ્નવિવાહ જેવા અવસરોની સમાપ્તિ તો જેમ વહેલી થાય તેમ સારું. જીજી ! એ લોકોની ઇચ્છા છે તો આવતી કાલે વિદાય કરવા સામે મને હરકત જણાતી નથી; જીજી ! આપણી બધી રીતભાત થઈ રહી છે તો પછી વળાવવામાં આપણને શું વાંધો છે ?'

'પણ એવું શું વિઘ્ન આવ્યું છે તે પહેલાં તું મને કહે ? વિઘ્ન શબ્દ સાંભળતાંજ મારો જીવ ઉંચો થયો છે ?' ડોસીએ જાણવાની આતુરતા બતાવી.

'રસિકલાલની બાનો પત્ર આવ્યો છે, તેમાં લખ્યું છે કે, ગુજરીની સાસુ દાદર ઉપરથી પડી ગયાં છે. તેમને ઘેર રહેલાં સગાં સાગવાંને પીરસવાને ઉની ઉની દાળ લઇને દાદર ઉતરતાં હશે તે દાઝી પણ ગયાં છે. ડોસીને દાઝયા ઉપર ડામ, વાગ્યા ઉપર વાગ્યા જેવું થયું છે. કમ્મર પછડાયાથી ઉઠાતું નથી, અને પગ ઉપર ઉની ઉની દાળ પડવાથી ફોલા થઇ આવ્યા છે. રસિકલાલની બાએ લખ્યું છે, ખાતરી આપીને લખ્યું છે કે, ડોસીના જીવને જોખમ લાગે એવું કંઇ નથી, એટલુંજ નહિ, પણ કોઇ હાડકું એ ભાગ્યું કે ઉતરી ગયું નથી, માત્ર પછડાયાં અને દાઝયાં છે. કેશવચંદ્ર અને એના બાપનો જીવ ઉંચો થવાથી તેઓ નકામો એક દહાડો ભાગવા માગતા નથી. એ દિવસ આપણે તેમને વધારે રાખત અને દશૈયાં જમાડત, પરંતુ જ્યારે તેમનો જીવ ઉંચો છે, ત્યારે બોહોંશ કરીને રાખવાની શી જરૂર છે ?'

જેકોરશેઠાણી વચમાંજ બોલ્યાં કે 'કેશવચંદ્રને અને જાનને મૂકી જવાનું વહેવાઇ કહે છે. એકલા વહેવાઇ જવા માગે છે જીજી ! હું કહું છું કે, તેમને જવા દો, જાન છો બે દહાડા વધારે રહે. કેશવચંદ્રના મિત્રો વગેરે આવ્યા છે, તેમની આપણાથી

હજી કંઇ મેમાનગીરી થઇ નથી. ડોસો ત્યાં જઇને ખબર લખશે, એટલે નહિ હોય તો આપણે અહીંથી વિદાય કરીશું. મને આટલી ઉમેદ છે એમ નહિ, પણ ઠીક દેખાતું નથી. વળી ગુલાબવહુ કહે છે કે, વિવાહની ગડબડમાં આપણાથી જાનૈયા વગેરેની સરભરા થઇ નથી, એટલામાં વિદાય કરી દઇએ, તે મનને ગમતું નથી. અમારા વચ્ચે આટલોજ મતભેદ છે. સમજ્યાં, જીજી !'

આ બધી હકીકત સાંભળી ડોસી વિચારમાં પડી. ચકચકતાં ચશ્માંમાંથી એકવાર રામચંદ્ર સામું અને એકવાર જેઠાર સામું જોઇ, જરા ખિન્ન થતાં છતાં મક્કમ વિચાર ઉપર આવી તે બોલી કે, 'આવા અવસરોમાં બહુ વિઘ્ન આવે છે. આપણું કાર્ય બધી રીતે નિર્વિઘ્ન પાર પડ્યું છે, તો પછી રામચંદ્ર કહે છે તેમ કરવું, એજ સારું છે. વરનો મિત્ર તો મુંબાઇમાંજ રહે છેને ? એને ત્યાં આગળ આપણે વાર તહેવારે તેવડીશું; પણ હાલ તો જાનને ભલી રીતે આનંદમંગળમાં વિદાગીરીય આપો. ગજરીને મોકલો, એની સાસુની બરદાસ કરે. જેઠારવહુ ! તું હમણાં એવી તેવી ઉમેદ ન કરતી. જોશીને બોલાવી કાલનો દિવસ સારો હોય તો પરમ દહાડું કરતી કારવતી નહિ. ગજરીની સાસુને કંઈ થવાનું નથી, પણ જતાંવાંત તેનો કસોટી થવાનો તેના ભાગ્યે આ જોગ આણો આવ્યો છે. હશે, એને ક્યારે ગામડે રહેવું છે. આ તો માત્ર હાલ તેને જવું પડશે અને સાસુની સેવા પણ કરવી પડશે. દીકરા ! ગજરીને એવી શિખામણ દેજે અને એવી તાકીદ આપજે કે, એક જરાએ આપણને સાંભળવાનું થાય નહિ. મેં તેને ઘરકામની કેળવણી અપાવી છે તેથી મને તો ખાતરી છે, તેમ છતાં જેઠારવહુ ! તને ફરીને કહું છું કે, છોકરીને બધું કામકાજ ઉપાડી લઇ સાબાશી મળે એવી રીતે સાસુની ચાકરી કરવાની તાકીદ આપજે. એની નણંદ જોઇને, કેવી ચારબાક છોકરી છે.'

જેકોરશેઠાણી બોલ્યાં કે 'છોકરી તો એના ભાઇની માફક કેળવાયેલી છે. એની મા કંઈ કેળવાયેલી છે? એ તો જુની ઢબની સાસુ હશે. મારી ગુજરી તો દુશ્મનમાંએ માગ કરે એવી છે, પણ એનાથી આ કસોટીમાંથી પાર ઉતરાશે કે નહિ? એની મને ચિંતા રહે છે. ગામડામાં કંઇ ઘરમાં ચાકરનફર હોય છે? વળી એ અજાણી. હમણાં ન મોકલીએ તો કેમ?'

'ના, એમ તો કરવુંજ નથી. મંગળાચરણમાંજ લોકોને એને માટે ખરાબ વિચાર બંધાઇ જાય. કહેશે કે, 'સાસુની ચાકરી કરવી પડે તેથી ન મોકલી' માટે ખસુસ મોકલો. મારી દીકરી કામકાજથી ડરે એવી નથી. જીજી કહે છે તેમ 'એને શું નથી આવડતું?' એ તો સામી સાબાશી લઇને આવશે. મહીના દોઢ મહીના પછી વહુનો ખોળો ભરવાનો છે ત્યારે કેશવચંદ્ર ને એ સૌ અહીં પાછાં આવશે.' રામચંદ્રશેઠે જેકોરશેઠાણીના વિચારને પસંદ કર્યા નહિ.

મંછાડોસીએ રામચંદ્રના અભિપ્રાયને અનુમોદન આપ્યું અને 'વળી કંઈ વિઘ્ન આવી પડે તો ખાલીજ જીવ ખાટો થાય' એમ વિચારી જેકોરશેઠાણીએ પણ એ વિચારને બહાલ રાખી જાનને રંગાચંગા વિદાય કરી દેવાની તૈયારી કરવા સંમતિ આપી. બાર પંદર વર્ષ લગી આંખો તળેની આંખો તળે રાખેલી પુત્રીને સાસરે વળાવતાં હોંસમાં પણ માને જે લાગણી થાય છે, તે ખરેખર નહિ વર્ણવી શકાય તેવીજ થાય છે. કણ્વ જેવા આશ્રમવાસી અને સંસારની ઝનઝથી દૂર રહેલા ઋષિને, માત્ર ઉછેરીને મોટી કરેલી શકુન્તલાને સાસરે મોકલતાં આંખમાંથી આંસુ પડયાં હતાં, તો પછી આત્મજાને સાસરે વળાવતાં સંસારની માયામાં લપટાયેલી માતાને લાગણી થાય, એમાં શું કહેવું? માતાએ પુત્રીને એકાંતમાં બોલાવી શિખામણ દીધી અને પુત્રીએ ઘણીએ ખાતરી આપી તેમ છતાં પણ તેનું મન માન્યું નહિ, ગુલાબવહુને બોલાવી કેશવચંદ્રને જેટલી

શિખામણ દેવાય તેટલી દેવાનું કહ્યું.

રામચંદ્ર અને મંછાડોસીએ વહેવાઇને પોતાની પાસે બોલાવરાવી ગુજરીને વિજયા જેવી ગણી નિભાવી લેવાની વિનંતિ કરી. ડોસો ઘરડો જુના વિચારનો પણ પુરાણોના વાચનથી હિંદુસંસારના રચનારહસ્યને જાણનાર હતો તેણે તે વૃધ્ધોને જણાવ્યું કે 'પુત્રવધૂમાં અને પુત્રીમાં અમે કશું સમવિષમ સમજતાજ નથી, સામું પુત્રવધૂને તો અમે અમારી પરંપરાના તંતુને ચાલુ રાખનારી કુટુંબદેવતા જેવી માનીએ છીએ. એના સુખે અમે અને અમારૂં કુટુંબ સુખી, અને એની પ્રસન્નતા એજ અમારા કુટુંબની આબાદી! કેશવચંદ્રનું અર્ધાંગ તે અમારા અડધા પુત્રરૂપજ કહેવાય. એનાથી અમારું ઘર પુત્ર પરિવારવાળું થશે, અને એના સૌભાગ્યે અમે અને અમારું કુટુંબ શોભીશું. તમે સુખી સધન કુટુંબી છો અને તેમાં એ ઉછરી છે છતાં અમારે ત્યાં અમે એને ઓછું આવવા દઇશું નહિ. અમારું ગામડાનું કામ કંઇક જાડું હશે ખરું પણ એને એ અઘરું કે અપ્રિય તો લાગશે નહિજ. સ્ત્રીઓમાં સ્વાભાવિક રીતેજ એવો ગુણ ઇશ્વરે મૂકલો છે કે તે જેવું મંડળ તેવાં બની જાય. તમારી પુત્રી મોટી, સમજુ, ભણેલી અને ડહાઇ છે. તે અમને એનાં કરી લેશે અને અમો એનેજ બધું ઘરબાર સોંપી દઇશું. અમારે એને સુખી કરી સુખ માણતી જોઇને સુખી થવાનું છે, માટે તમારે આજથી હવે એની લગારે ચિંતા કરવી નહિ.'

મંછાડોસી બોલ્યાં કે, 'તમારા જેવું કુળવાન અને સારું ઘર શોધ્યા પછી અમને ચિંતા તો કશી છેજ નહિ. અમે વરને જોયો ત્યારથી તેના શીલ સ્વભાવ ને રીતભાત ઉપરથી તમારા કુટુંબની મોટાઇ અમારા સમજવામાં આવીછે. કેશવચંદ્રને હજી એક બે વર્ષ ભણવાનું છે. અભ્યાસમાં એમનું મન છે, માટે ભણાવજો. આપ્યું છે માટે નહિ—તમને તો અમે જેટલું

આપીએ તેટલું થોડું છે, પરંતુ સંતોષ માટે કહું છું કે, મારા રામચંદ્રે કન્યાદાનમાં જે ચાલી આપી છે, તેનું સૌ સવાસો રૂપિયા માસિક ભાડું આવશે. તમો સર્વે તેમાં રહી તમારું ગુજરાન કરી શકશો, માટે કેશવચંદ્રના રળવાની જરાએ ઉતાવળ કરતા નહિ. ભણવા દેજો. વકીલ થઇને મુંબાઇમાં રહેશે તો તમારા કુટુંબને શોભાવશે. તમે એની બા વગેરે સૌ આવજો. છોકરાંની સાથે રહેવું, હરિનું ભજન કરવું અને તેમને સુખ આનંદ ભોગવતાં જોઇ આપણે સુખી અને આનંદી રહેવું. હું તો ઘરડાંનો આ ધર્મ સમજું છું અને તે પાળું છું, તેથી સુખી આનંદી છું ઇશ્વર તમને પણ તમારાં છોકરાંનો વૈભવ દેખાડી સુખી અને આનંદી બનાવો.' ડોસી આનંદથી ગળગળી થઇ ગઈ. 'વરકન્યા કુશળ રહો તથા અમને ને તમને તેમને જોઇ નિત્ય આનંદ આનંદ ઉપજે.' એમ કહી પોતાનો સંતોષ બતાવી ડોસો ઉઠયો.

જાન વળાવી. ગજરાંને સાસરે મોકલી અને સૌ ખુશી થયાં. પણ પુત્રીના જવાથી જેકોરશેઠાણીને બહુ લાગણી થઈ. તેમને-માતાને મન પુત્રીને કેમ ગમશે, પરાયાં માણસોમાં તેને કેમ ફાવશે અને તેનું કેમ નીભશે ? એવી કાળજી રહેવા માંડી.

પ્રકરણ ૩૫ મું.

ઉપસંહાર.

કેશવચંદ્ર અને ગજરા-ગુર્જરી ઘણાં ઘણાં વિઘ્ન આવ્યા છતાં અને ઘણા કાળ લગી અંદેશામાં રહ્યા પછી આખરે પરણ્યાં. કન્યાનાં માતપિતાની ઉમેદ પાર પડી અને વરને પણ પોતાના કેળવાયેલા અને સુધરેલા વિચારોને યોગ્ય વધૂ મળી. વરની માતા, જે ગામડે રહેલી અને જુના વિચારની સ્ત્રી હતી, અને મુંબાઇનો અનુભવ પામી આવેલી ગંગા નામની સ્ત્રીથી જેને મુંબાઇના ફુલફટાકિયા આછકલા રીતરિવાજ સાંભળી

'પોતાને સારી કન્યા મળતી નથી' એમ થયા કરતું હતું, તે પણ વહુને જોઇને ખુશ થઇ, એટલુંજ નહિ, પરંતુ તેણે સાંભળ્યા અને પોતાની સમજણુ પ્રમાણે અનુમાનથી કલ્પ્યા કરતાં જુદીજ જાતનું ચારિત્ર અનુભવમાં આવવાથી તે પણુ ત્રણ ચાર અઠવાડિયામાં બધો અનુભવ મેળવી ખુશખુશ થઇ ગઇ. અંતઃકરણથી તે તેને આશીર્વાદ આપતી. ડોસીને વહુનો અનુભવ મળ્યા પછી પોતાના હૃદયનો સંતોષ અને આનંદ ખાલી કરવાનું મન થયું હતું. પાડોસણો અને નજીકનાં સગાં આગળ તો તેણે જ્યારે જ્યારે તેનો અંતરાત્મા પ્રસન્ન થયેલો ત્યારે ત્યારે સંતોષ અને આનંદના ઉદ્દગાર કાઢેલા, પરંતુ જેણે તેના અભિપ્રાયને વધારે મજબુત બનાવ્યો હતો, તે ગંગાબાને મળીને મુંબાઈમાં ઉછરેલી વહુનો પોતાને જે અનુભવ મળ્યો તે જણાવવાનું બહુ મન થયું હતું. મંદવાડને લીધે હજી તેને ઘર બહાર જવાની રજા મળી ન હતી, જો કે દાઝ ઉપર ચામડી આવી ગઇ હતી અને કમ્મરે પણુ ઠીક થઈ ગયું હતું. ઘરમાં તે આમ તેમ હરીફરી શકતાં હતાં.

ઘરમાં એક રાંડેલી તેની મસિયાઇ બેન ધનાબાઇ, વિજયા ને વહુ ગજરાજ હતાં. તેઓ ઘરનું તમામ કામકાજ હળીમળીને કરતાં ડોસીની સારવારમાં જરા પણુ કમીના પડવા દેતાં નહિ. ગજરાએ એવી સારી રીતે ઘર ઉપાડી લીધું હતું કે, જે જોઇને તેમનાં પિતરાઇઓ અને પાડોસીઓને અદેખાઇ આવતી. સાસુ વગર જોયે અને વગર અનુભવે આગળથીજ વહુને માટે જુદો અભિપ્રાય ધરાવનારી હતી, તેમ છતાં વહુને અને બે નણંદોને હળીમળીને ઉત્સાહભેર કામકાજ કરતી અને એક બીજામાં એકતાર થઇ રહેતી જોઇ આશ્ચર્ય પામ્યાં. 'કામ કર્યાં તેણે કામણુ કર્યાં' તેવું થયું હતું. નણંદો ભોજાઇની આંખે જોતી હતી એટલુંજ નહિ, પણુ સામી તેને આરામ આપવાને પોતે આગળ પડી પડીને વહેલાં વહેલાં

કામ આટોપી લેતી હતી. સ્ત્રીઓની મુખ્ય ફરજ દરદીની સારવાર કરવાની છે. આ ફરજ આપણા લોકોમાંથી જાણે હાલ ભુલાઇ ગઇ છે, તેમ છતાં ગજરાને તો તેનું શિક્ષણ મળેલું હતું. સાસરે આવતાં માએ અને બાપની માએ, તે બાબત એનું ખાસ ધ્યાન ખેંચેલું હતું, તેથી દરેક બાબત બહુ ખંતથી, સફાઇથી, સ્વચ્છતાથી અને વખતસર કરવાનું તે કદી પણ ભૂલતી નહિ. પોતાને હાથે તે સાસુને દવા આપતી, મલમ પટાનું કામ જાતે કરતી, ધોવું, નવડાવવું, કપડાં સ્વચ્છ રાખવાં, પથારી પોચી અને દરદીનાં અંગ જેમ રાહિયતથી રહે એવી કરવી અને ઓરડો હવા ઉજાશવાળો સ્વચ્છ રહે તેમ રાખવો એ બધું તે ધ્યાન રાખીને કર્યા કરતી હતી. જે વખતે હવા અજવાળું જેમ લેવું હોય તેમ ઓરડામાં લેતી. જે વખતે તેની જરૂર ન હોય તે વખતે પોતે જાતે ગમે તેવા કામમાં હોય ત્યાંથી ખાસ દોડી જઇ બારી બારણાં બંધ કરતી. બપોર અને રાતને વખતે એકાંતમાં ડોસીની પાસે બેસતી અને ધીરા, મધુરા, પ્રિય, તેને ગમતા બોલ બોલતી. તેના શરીર ઉપર હાથ ફેરવતી એક પેટની છોકરી પણ ન બજાવે એવી ચાકરી બજાવતી. ડોસી તો ત્રણ અઠવાડિયાંમાં તેની બની ગઇ. રાતના ઘણીવાર ડોસી તેને કહેતી કે, 'દીકરા ! હવે તું સૂઇ જા. બેટા ! મેં સ્વપ્ને પણ નહિ ધારેલું એવી તેં મારી ચાકરી કરી છે. એક પુત્રી કે માની જણી બેન પણ ન કરે એવી તેં મારી સેવા બજાવી છે. મારો આશીર્વાદ છે કે 'તારું સૌભાગ્ય અમર તપો અને તું મોટા ઉજળા કુટુંબની માતા થાઓ.' ગજરા તેને કહેતી કે 'બા ! મારી ફરજ છે અને હું તે બજાવું છું. તેમાં તમે અમસ્તાંજ શા માટે મને શરમાવો છો? અમે તમારાં છોરુ તમારી ચાકરી ન કરીએ તો બીજું કોણ કરે ? અમે નાનાં હોઇએ છીએ ત્યારે તમો અમારી જે ચાકરી કરો છો, સંભાળ રાખો છો, અમારા તરફની જે પીડાઓ સહન કરો છો અને અમારા શ્રેયને માટે જે કંઇ દુઃખ વેઠો છો, તેનો બદલો અમારાથી–છોરુ-

ઓથી કદી પણ વળી શકે નહિ. તમે જે કર્યું છે અને કરો છો, તેના પ્રમાણમાં તો અમારી સેવાઓ સમુદ્રમાં ટીપા બરોબર પણ નથી ?' આ પ્રમાણે સાસુવહુને અનેકવાર એકાંતમાં વાતો થતી. સાસુએ વહુને કુટુંબને તથા ગામ ગોત્રને લગતી બધી વાત એકાંતમાં મોટા ઉમળકાભેર સમજાવી હતી.

ડોસીની તબિયત સુધરવાથી કેશવચંદ્ર બે દિવસ થયાં અમદાવાદ ગયો હતો. ગજરાને અલબત પહેલે દિવસે તો લાગ્યું નહિ, પરંતુ બીજે દિવસે બપોરના ઘરકામથી પરવારી જ્યારે તે પોતાના ખંડમાં ગઇ ત્યારે તેને જરા સૂનું લાગ્યું. જેની ઉપર પતિપત્ની રોજ બેસતાં અને વાતચીત કરતાં તે હિંચકા ઉપર બેસતાંજ તેને સૂનું લાગ્યું ઓછું આવ્યું. તેની આંખોમાં પાણી ભરાઇ ગયાં. આટલી વયમાં કદી પણ નહિ જોયેલા અને નહિ અનુભવેલા એવા અજાણ્યા ગામમાં, અજાણ્યા વાસમાં અને જનમંડળમાં હાજી હા કરીકરીને તથા પ્રિય લાગે એવું બોલી બોલીને તેણે સૌને પોતાની તરફ ખેંચી લીધાં હતાં. તેમને પોતાની માયા ચઢાવી હતી પણ પોતે હજી તેઓની સાથે એટલી બધી હળી ગઇ ન હતી, કે, જેથી થોડા દિવસ એકલાં રહેવું હોય તો રહેવાય. આજેજ તેને એ લાગી આવ્યું. હિંચકાના તકિયા ઉપર માથું મૂકીને તે જરા આડી થઇ અને ' મારે એકલાં રહેવાનું પણ શીખવું જોઇએ. કાલે ક્યાંહી નોકરી ચાકરી ઉપર જવું પડશે અને એ ત્યાંથી મને એકલી મૂકીને બહાર ગામ જશે, તો શું હું આમ અણગમો કરી કરીને આંસુ પાડયા કરીશ ? નહિ. મારે પણ એકલાં રહેવું જોઇશેજ. નાનાં હતાં ત્યારે તો માતપિતાએ લાડ લડાવ્યાં અને ફુલાવીફુલાવી સુખમાં રાખ્યાં, હવે કંઇ એમ રહેવાનું છે ? હવે તો આપણે આપણી મેળે સંસારનાં સુખ દુ:ખ સહન કરતાં અને ટાઢાઉની અનુભવ લેતાં સંસાર નિભાવવાનો છે.' આમ વિચાર કરતાં કરતાં તે જરા બપોરની નિદ્રામાં પડી.

નીચે ડોશી આગળ વિજયા અને ધનાં બેઠેલાં હતાં. ડોસી તેમને વહુના ગુણો યાદ કરી કરીને સારી શિખામણ આપતાં હતાં, એટલામાં બે પાડોસણો પણ આવીને ત્યાં બેઠી. વાતમાં ડોસીને ટેકો આપતાં તેઓ કહેવા લાગી કે, 'નહિ, કેસુભાઇની વહુ તો કાકી હીરો છે. મુંબાઇમાં રહીને ઉછરેલી અને લક્ષાધિપતિ બાપની બેટી આવી સાદી, સીધી અને કામગરી હોય? એવું કોઇ કહે પણ નહિ અને માને પણ નહિ. એવું જગતમાં બનતું પણ નથી. તમારો વહુમાંજ અમે તો આ નવું નવું જોયું. શું એનો વિવેક અને મીઠાબોલાપણું. મારા નાના દલાનેએ ટુંકારે બોલાવતી નથી. નાના બચ્ચાંને 'દિયેરજી, દિયેરજી' કહીને માન ને વહાલથી બોલાવે છે. મોઢાની મિઠાશ, રોઇ જુદીજ છે. દલો તો ભાભીને જોઇ મારી કેડમાંથી છૂટી પડે છે. એ પણ હાથમાંનું કામ હેઠું મૂકી એને વહાલથી લે છે.' આ પ્રમાણે વાત ચાલતી હતી એટલામાં પેલાં ગંગામા આટલા દહાડા 'વહુને દેખાડવા—પગે લગાડવા લાવે છે કે નહિ?' એવી પરીક્ષા જોવાને, ડોસીને જોવા આવ્યાં ન હતાં તે આખરે, જ્યારે ડોસી માંદી હોવાથી કોઈ તેને ત્યાં ગયું નહિ ત્યારે આજ મળવા તથા જોવા અને 'વહુ કેવીક છે?' તેની ચિકિત્સા કાઢવાને આવી પહોંચ્યાં. વાચકને ગંગાબાનું ઓળખાણ પડાવવાની અગત્ય નથી. તે આવ્યાં કે તરત વીજી ઉઠીને સામી ગઇ અને ડોસીએ બેઠાં થયાં. સૌએ 'આવો, આવો.' કહીને આવકાર આપ્યો. તે ઘરની ગોઠવણી તરફ તથા ડોસીના બિછાનાની સફાઇ અને વ્યવસ્થા તરફ જોતાં જોતાં તેમની સામે બેઠાં. જરા શ્વાસ ખાઇ તથા ફરીને આમ તેમ જોઇ, તેમણે પ્રથમ ડોસીને તેમની ખબર પૂછી અને તેમ કરતાં પોતાના અનાગમનના બચાવમાં જણાવ્યું કે, 'તમે પડી ગયાં છો, દાઝયાં છો અને ખાટલાવશ છો, એ તો મેં માત્ર કાલેજ જાણ્યું. આટલી વીજીને ન મોકલીએ? ત્યારે ઓળખાણ શા કામનાં? મારો કિશોર અને તેની વહુ પરમ દહાડે

મુંબાઈથી આવ્યાં, તેણે મને તો કહ્યું કે 'બા ! કેશવચંદ્ર મુંબાઈવાળા પેલા રામચંદ્રશેઠને ત્યાં પરણ્યો અને એની બા તો બિચારાં દાદરેથી પડી જવાને લીધે ખાટલાવશ છે.' હું શરીરની લગાર ભારે અને પગની લુલી એટલે ઝાઝું બહાર નીકળતી નથી. તેમ મારે કોઈને ત્યાં જઈને ઝાઝું બેસવા ઉઠવાનુંએ નહિ, એટલે કોણ મને આવી તેવી વાત કહે ? વીજી ! તું તો કંઈ ઘરડી નથી, બેટા ! મને ખબર કરીએ કે નહિ ?'

વીજી—મારા ભાઈને પરણાવવા ખંભાત ગયાં. ત્યાંથી મારી બાના સમાચાર સાંભળી ધસમસ્યાં અહીં પાછાં આવ્યાં અને પછી અહીં તો એની આ ઉઠવેઠમાં હું બધું ભૂલીજ ગઈ. મારી બા સાજી હોત તો મારાં ભાભીને તમને પગે લગાડવા ન લઈ આવત, કાકી !

ગંગા હસતાં હસતાં બોલ્યાં કે, 'તારી શેઠાણીભાભી' આવી લાગે છે. ઘરની ઉજળામણ અને તારી બાનું બિછાનું મને તે આવેલી હોય એવું બતાવે છે. વારું, ભલા ! કેસુ પરણ્યો એને મન ગમતી વહુ મળી, તે અમે સૌ ખુશી થયાં. વહુ કેવી છે ? તારી બાની ચાકરીબાકરી કરે છે કે 'ટાપટીપ ને ધોળકું !' ક્યાં છે ? અહીં નથી કે શું ? કેસુ તો અમદાવાદ છે, એમ કિશોર મને કહેતો હતો.

ડોસી બોલી કે—ગંગાબા ! વહુ મારે જોઈએ તેવી—અરે તેથી એ સરસ મળી. રૂપમાં, ગુણમાં, કામકાજમાં અને વિવેકવિચારમાં કશુંએ કહેવું પડે એવું નથી. પૂછોને આ અમારાં પડોસણ જમનાંબેનને ? વહુ તો ખરેખર મારી આંતરડી ઠરે એવી મળી. ગંગાબા ! શું એનું સોજ ! પરણીને પહેલે આણે આવી. અમારે એને રીઝવવી અને મેમાનગીરીથી રાખવી જોઈએ, તેમાં સામી તેને અમારી સેવા ઉઠાવવી પડે છે. મારાથી બેસાય ઉઠાય નહિ એટલે મળાદિ પણ ઉપાડવાં પડે છે. પેટની છોકરીએ સુગાય પણ એ સુગાઈ નહિ. મને ચોળીને ઉને ઉને પાણીએ નવડાવે,

પગ ચાંપે, દવા પાય, અને દાઝ ઉપર મલમ ચોપડે છે. દહાડામાં બે ત્રણ વાર મારા ઉપર હાથ ફેરવી જાય છે, અને મારા બિછાના ઉપર એક ડાઘો સરખોએ પડવા દેતી નથી. બે ત્રણવાર તો મારો આ ઓરડો વાળી ઝુડીને સાફ કરે છે. અમદાવાદથી કેસુનો દોસ્તદાર, એક ડોકતર મને જોવા આવ્યો હતો તે તો આ બધી ગોઠવણ જોઇને ખુશ ખુશ થઇ ગયો. ગંગામા ! એ કેવી સંભાળ રાખે છે અને કેવી ચીવટથી કામ કરે છે તેનો એકજ દાખલો આપું તે સાંભળો. પરમ દિવસ રાતના ત્રણ વાગે જ્યારે વાદળાં થઇ આવી છાંટા થયા ત્યારે, તે ચીવટથી ઉઠી ઉપરથી નીચે આવી ને આ બારી અને જાળિયું બંધ કરી ગઇ. કેસુના બાપ અહીં સુતા હતા તે બારી વસાઇ તેને ધબકારે જાગ્યા અને જ્યારે મેં તેમને કહ્યું કે ‘ એ તો વહુએ વહેલાં વહેલાં ઉપરથી ઉતરી આવી પવન અને ફોરાં પડે ત્યાર પહેલાં બંધ કર્યાં. ’ હું ને વીજીના બાપા વારંવાર ના કહીએ છીએ તેમ છતાંએ આ ઘનાં સાથે બેઢું લઇને કુવે જાય છે, અને સપાટાબંધ એ અને ઘનાં થઇને આખા ઘરનું પાણી ભરી નાંખે છે. કેસુ દસ વાગ્યાનો જમનાર, તે દસ વાગ્યામાં રસોઇ તૈયાર કરે છે. ડોક્તરે કહ્યું છે તેજ પ્રમાણે મને કાંજી, દૂધ, અને ખાવાપીવાનું બરોબર વખતસર તૈયાર કરી આપે છે. મારા કેસુથી દવાનું મોડું વહેલું થાય પણ એને હાથે થતું નથી. ગંગામા ! તમે મુંબાઇની શેઠાણીઓની જે વાત કરતાં હતાં તેમનામાંનું તો રુંવુંએ મારા વહુમાં નથી. મારી વહુ તો મુંબાઇની શેઠાણી નહિ પણ અમારાં હૃદયની શેઠાણી થઇ રહી છે હું મારા અંતઃકરણથી એણે મારી આંતરડી ઠારી, મને જે સંતોષ અને આનંદ ઉત્પન્ન કર્યો છે તે માટે એને આશિષ આપ્યા કરું છું. ઇશ્વર એનું સૌભાગ્ય અમર તપાવો અને એને ખાસા પરાક્રમી પુત્રો અને સુખ વૈભવો પ્રાપ્ત થાઓ. વહુ, ગંગામા ! વહુ તો મારા જેવી કોઇને મળીએ નહિ હોય ને મળશે પણ નહિજ. ’

ગંગાબાએ પવન બીજીજ બાજુએ ચાલતો જોઇ વિચારીને કહ્યું કે, 'મુંબાઇને શું છે? સારાં માબાપનાં છોકરાં હોય તે ગમે ત્યાંનાં હોય ગમે ત્યાં રહેતાં હોય પણ પોતાનું આભિજાત્ય દેખાડયા વગર રહે છે? જેવી જેવી જેનાં કુટુંબની રીતભાત અને જે જેવું તેવાં તેવાં છોરુ થાય એમાં શી નવાઇ? સારા માબાપની છોકરી હશે તે તો સારીજ હશે. સાંભળ્યું છે કે, કન્યાદાનમાં વહેવાઇએ સો સવાસો રૂપિયાના ભાડાની ચાલી આપી છે? જેની પાસે પૈસો હોય તેને પોતાની છોકરીથી શું વધારે છે? તમારો કેસુ ભાગ્યશાળી! સોનામહોર જેવી કન્યા મળી, પૈસોએ મળ્યો, જાતેય ડહાયો ભણ્યોગણ્યો અને સમજુ નીકળ્યો. 'બાળા તેને શા ડકાળા.' સારામાં સૌને ભાગ છેને? તમે સારાં હશો તો કોઇએ તમારે આંગણે આવી પોષાશે. વહુ કયાં છે? વીજી બોલાવને ત્યારે એને?'

ડોસી—જા, વીજી! તારી ભાભીને ઉપરથી બોલાવી લાવ કહેજે કે આવીને ગંગાકાકીને પગે લાગે. એ કંઇ ઓળખે છે, છોકરુ છે.

'મને શાં પગે લાગવાં'તાં. તમારી બરદાસ કરી અને તમે કહો છો તેમ, પેટની છોકરીની માફક તમારી ચાકરી કરી, એ સાંભળીનેજ હું તો ખુશી થઇ છું. ઇશ્વર તમને દીકરાવહુનાં સુખ અને સંતાન જોવાને પાંચ વર્ષનો આવરદા વધારે આપો.'

જમનાં બોલી કે, 'ગંગાબા! મહીનો થયાં કેસુભાઇ પરણીને ઘેર આવ્યા છે ત્યારનું અમારુ ફળિયું જાણે આનંદી બની રહ્યું છે. વિજયાબેન અને ધનાંબેન તો એમની ભાભીની પુંઠેજ ફર્યા કરે છે. વિવાહનાં ગીતોની તો હરઘડી ધુંસો પડયા કરે છે. ઘર તો જાણે કલ્લોલ કરી રહ્યું છે. વહુ તો એવી વિંઝણાની પેઠે કામકાજમાં ફરી વળે છે કે, અમે તો સૌ અચંબો પામીએ છીએ કે, આ કયારે ઉઠી, કયારે કામ કાજ કર્યાં અને કયારે આમ નવરી પડી? જાણે આખો દહાડો

નવરી ને નવરી અને જ્યારે જોઇએ ત્યારે હસતી ને હસતી. સવારના પહોરમાં એનું મોઢું જોયું હોય તો આખો દહાડો આનંદમાં જાય. રૂપાળી કેવી જાણે નરી અપ્સરા! અને એના મોં ઉપર સૌભાગ્ય કેવું જાણે નર્યો લક્ષ્મીનો અવતાર! વળી શહેરની કન્યાઓ જેવી કંઇ દુબળી કે રાંક છેકે? ખાસી જાજરમાન, માટલી જેવું કેવું ગોરું ગોળ મજેનું એનું મોં છે; ચોટલો કેવો ખાસો ઢિંચણ સુધી લાંબો અને ભરાઉ. વહુ તો બા, કાકી કહે છે તેમ, વહુ જેવીજ ખરેખર ઇચ્છવા યોગ્ય વહુ છે.'

વિજયા દાદર ચઢતાંવાંત તેના પગના ગણુસારાએ ગજરા બેઠી થઇ અને બોલી કે, 'કોણ નાનીબેન! આવો, આવો.'

'ભાભિ! પેલાં તે દિવસે હું કહેતી હતી, તે ગંગાકાકી આવ્યાં છે. બાએ કહ્યું છે કે, તમે એમને પગે લાગજો. તે તમને જોવા આવ્યાં છે. બા નીચે બોલાવે છે.'

'રહો, બેન! હું જરા મોઢું ધોઇ લઉં. પછી જઇએ.' ગજરા મોઢું ધોવા બારી આગળ ગઈ. તેના સામું જોઇ વિજયા મનમાં બોલી કે, 'આજ ભાભી કંઇક રડેલાં લાગે છે.' તે હિંચકા ઉપર બેઠી અને હિંચકો ખાતાંખાતાં સહસાજ તેનાથી ગવાઈ ગયું કે—

'કિયા ભાઈ ગયા છે દરબાર (૨)
કયી વહુ મોલોમાં એકલીરે;
રોઇ રોઇ ભર્યાં છે તળાવ (૨)
આંસુડે ભિંજી છે કાંચળીરે.'

'નાનીબેન નાનીબેન! એવું શું ગાઓ છો?'

'ભાભિ! તમને નથી ગાતી હો.' તે હસી. 'એ તો હિંચકે બેસતાં અમસ્તુંજ મને યાદ આવ્યું ને ગાયું.' તે ફરીને હસી. નીચેથી ધનબેન ઉપર આવી અને બોલી કે, વિજયા! તું અને ભાભી ક્યારનાં શું કરો છો? અમે તો વાટ જોઇ જોઇને થાક્યાં?'

ગજરા—મોટીબેન ! મારાથી જરા ઉંઘી જવાયું હતું તેથી મેં 'હું મોઢું ધોઇ લેઉં' એટલી વાર નાનીબેનને બેટી કર્યાં. કંઇ વાર નથી થઇ. લ્યો ચાલો.' તે મોઢું લુછી તૈયાર થઇ.

'હવે ક્યાં જાઓ. બેસો. હું ઉપર આવીને.'

'કેમ ?' ગજરાએ સવાલ કર્યો.

'ભાભિ ! તમે કેમ આજ હૈયાસુનાં લાગો છો ? તમે તો ચકલું ઉડે તોય જાણો એવાં છો. અમદાવાદથી મારા ભાઇ આવ્યા તે તમે કે વિજયાએ સાંભળ્યું કે જાણ્યું નહિ ? હમણાં એ માસીબા પાસે બેઠા છે અને ગંગાકાકી સાથે વાત કરે છે. એમણે માસીબા સાથે વાત કરવા માંડી એટલે હું ઉપર આવી.' ધનાંએ વિજયાની સાથે હિંચકે બેસીને કહ્યું.

'ભાઇની સાથે બીજું કોણ છે ?' વિજયાએ બીજા માણસનો અવાજ આવતો હોય એવું સાંભળીને પૂછ્યું.

'રસિકભાઇ આવ્યા છે ?' વિજયા ! તું એ કેમ આમ કરે છે ? રસિકભાઇનો સ્વરે તું ઓળખતી નથી ?'

'ચાલ, ત્યારે આપણે નીચે જઇએ. ભાભી પછી આવશે.' આમ કહી વિજયા ધનાંને લઇ નીચે ગઇ. અરીસામાં મોં જોઇ ગજરા મનમાં બોલી કે—'નાનીબેને બડી ચતુર છે. હું જરા રોયેલી તે એ સમજી ગયાં દેખું. હું રડી ગઇ એટલામાં ઇશ્વરે કેવી મહેર કરી અને એમને મોકલી આપ્યા ! સાસુજીને ઠીક છે તેથી હવે તો એક બે દિવસ રહી બધાંએ અમદાવાદ જઇશું. બે ચાર દિવસ ત્યાં રહીશું. ચંદાભાભીજીનો સંસારે જોઇએ તો ખરાં. ચાલ, હુએ નીચે જાઉં કે જેથી ગંગાબાનું પતાવી ઝટ પાછાં ઉપર અવાય.' મોઢું ઠીકઠાક કરી તથા આધું ઓઢીને તે નીચે ઉતરી. ગઝારના બારણા આગળ જઇ બેઠી. તેને જોઇ રસિકલાલ બોલ્યો કે—'કાકિ ! તમારા વહેવાઇનો મારી ઉપર કાગળ આવ્યો છે. તે લખે છે કે, 'જો તમને ઠીક થયું હોય તો ગજરાને મોકલજો.

તમે કહો તો અમદાવાદ સુધી કોઈ તેડવા આવે. એમની ભોજાઈને શ્રીમંત છે. કેશવચંદ્ર અઠવાડિયા પછી મુહૂર્ત ઉપર જશે અને એમને આઠ દિવસ વહેલાં મોકલો.'

'રસિક ! કેસુની વહુએ તો આ મંદવાડમાં મારી બહુ ચાકરી કરી. ઓહો ! મોટા ઘરની છોકરી છે, વૈભવમાં ઉછરેલી છે છતાં આ ગામડા ગામમાં એણે એવી સ્ફુર્તિ અને ચંચળાઇ દેખાડયાં છે કે આખું ગામ એકે અવાજે મારી આગળ એનાં વખાણ કરે છે. એણે મારી જે સેવા બજાવી છે તેનાં તો હું કંઇ વખાણજ કરી શકું તેમ નથી. હું એને શું આપું દીકરા !'

રસિક હરખ્યો.

ડોસી સ્નેહના ઉભરાથી અને ઉપકારના ભારથી ગળગળી થઇ ગઇ.

'દીકરા ! હું એને પળે પળ આશીર્વાદ આપું છું કે, ઇશ્વર એને સુભાગી આયુષ્યમાન પુત્રોની જનેતા કરજો. ખરેખર રસિક ! તારી વહુએજ મને આ હીરા જેવી વહુ શોધી આપી. ચંદાવહુ નથી આવી કે શું ? એને તમારી સાથે લેતા આવીએને. આને બે દિવસ ગમ્મત થાત.'

'એ તને જોવા આવવાને બહુ આતુર હતાં પણ છેલ્લી ઘડીએ અવાયું નહિ. કાકી આવવાનાં હતાં. તેમને મેં ના પાડી. એ બિચારાં ત્રણવાર આવી ગયાં અને કયાં પાછાં તાપ તડકામાં આવે.' કેશવચંદ્રે જવાબ આપ્યો. 'ચાલ ! રસિક ! ઉપર જરા આરામ લે.' એમ કહી રસિકને લઇ તે મેડીએ ગયો.

તેઓ ઉપર ગયા કે તરત ગુજરાએ બહાર નીકળી ગંગાબાને પ્રણામ કર્યા. ગંગાએ તેના માથા ઉપર હાથ મૂકી કહ્યું કે 'અખંડ સોભાગવતી રહે અને સાત સાત છોકરાની મા થા.' વિનયથી ગુજરા કપાળ ઢંકાતું ઓઢી રાખી તેમની આગળ બેઠી. ડોસીએ અને વિજયાએ તેને પછી ગંગાબાની હકીકત કહી ઓળખાણ પડાવ્યું. એમનાં વહુ દીકરો મુંબાઇથી આવેલાં છે, એમ કહ્યું ત્યારે ગુજરા રૂપાની ઘંટડી જેવા મધુર

સ્પષ્ટ ઉચ્ચારે બોલી કે 'ગંગાકાકી ! આવતી કાલે હું જરૂર આપને ઘેર આવીશ.' કેટલીક વાતચીત થઈ અને ગંગાબાએ ચાળવી ચાળવીને પડપૂછ કરી જાણવાનું જાણી લીધું. તેમને પણ ખાતરી થઈ કે, વહુ તેઓ જેવી મુંબાઈની શેઠાણીઓ ધારતાં હતાં તેવી આછકલી કે છાકટી નહિ પણ ગંભીર અને ખાનદાન કુટુંબનું સોજીલું બાળક છે. ઉઠતાં ઉઠતાં તેમણે કહ્યું કે 'મુંબાઈમાં જો કોઈ પણ સ્ત્રી શેઠાણી કહેવાતી હોય તો તે ગુજરાતણજ છે. મુંબાઈ ગુજરાતી લોકનું નગર છે અને ગુર્જરીઓજ તેની શેઠાણીઓ છે.'

'અને મારી ભાભીનું નામે ગંગાકાકી ! ગુર્જરી ઉર્ફે ગુજરા છે. એટલે અમારે તો એજ મુંબાઈનાં શેઠાણી ગુર્જરીને ?' વિજયાએ અભિમાન દેખાડયું.

'હા, બેન ! હા. તારી ભાભીજ મુંબાઈની શેઠાણી અને ગુર્જરી. અને એના જેવી લજ્જાળુ, ગંભીર, ડહાપ, સમજુ, કામગરી અને કુટુંબવત્સલ હોય તેજ ગુર્જરી. આપણા ગુજરાતના જેવો દેશ કયાં છે ? અને સત્કુળની ગુજરાતણના જેવી બીજી સ્ત્રી પણ કોણ છે, દેખાડને ? ગુજરાતણ જેવી ઘાટીલી અને ગુણવંતી ગોરી કોઈ નથી. વળી ગુજરાતણનું શીલ, મજેનો પોષાક, તેની દુશ્મનનેય હસાવે એવી સુઘડ સ્વચ્છ વૈભવી રીતભાતો વગેરે બીજી કયી જાતિમાં છે ? મુંબાઈ ઉપર ગુજરાતનો 'અમારું શહેર' કહેવાનો અધિકાર છે અને ત્યાં શેઠાણી કહી એટલે કોઈ પણ માણસ સમજે કે 'ગુર્જરી.' ગંગાબાએ વિજયાને પોતાનું જાણપણું બતાવ્યું. તે ઉઠયાં. હાથણીના જેવી ગંભીર ચાલે ચાલતી ગુજરા ફળિયાના નાકા સુધી આખું ઓઢી ધીરેથી 'આવજો કાકીજી ! આવજો કાકીજી !' કહેતી વળાવવા ગઈ. ગંગાબા જેના મનમાં ખીચડિયા વસ્તીવાળા માળાઓની છાકટીઓ અને આછકલીઓને લીધે જે ખરાબ વિચાર પેસી ગયો હતો તે ગુજરાને

જોઈ, પોતાના વિચાર બદલી, તેના ખાનદાનને તેનાં માતપિતાને અને તેને ધન્ય આપતાં ઘર તરફ ગયાં.

મંગાબાને વળાવી પાછા ફરતાં ગજરાએ કહ્યું કે ' ચાલો નાનીબેન ! ઉપર. તમારા રસિકભાઈને પૂછો તો ખરાં કે ચંદાભાભીજીને ચાર દહાડા પછી અહીં બોલાવશે કે નહિ ? વળી તમારા ભાઈની ખબર પૂછો. આવો. ' ગજરા તેને લઈ બહારથી જીનાને દાદરેથી ઉપર ચઢી. મેડીમાં કેશવચંદ્ર અને રસિકલાલ હિંચકા ઉપર બેઠેલા હતા. નણંદ ભોજાઈ ઉપર આવ્યાં એટલે રસિકલાલ બોલ્યો કે ' બેન ! તારી ભાભી તો તને ગમે એવી ફર્સ્ટક્લાસ આવીને ? '

' મારા ભાઈઓ ફર્સ્ટક્લાસ એટલે ભાભીઓએ ફર્સ્ટક્લાસજ હોયને ? પેલાં મોટાં ફર્સ્ટક્લાસ ભાભીને કેમ લાવ્યા નહિ ?'

' એ તો ગાડાની મુસાફરીમાં ને તાપમાં કરમાઈ જાય. ' ગજરા મોંઢામાં પાલવ લઈ નીચું જોઈ હસી.

' જો કેસુ ! મોળું દહિં દાંત પાડે એવું છે કે નહિ ? ' વિજયાને ' તારી ભાભીને ગમે છે કે નહિ ? વિજયા !'

' ગમે છે. ભાઈ ન હતા તેથી આજ જરા રડયાં હોય તો રડયાં હોય. ' વિજયાએ કહી દીધું.

કેશવચંદ્રે ગજરા સામું જોઈ કહ્યું કે ' બસ, એક દહાડામાંજ. '

' એ તો અમસ્તાં. નાનીબેન તો બડાં મશ્કરીખોર છે. ' ગજરી હસી. પણ તેની આંખમાં ઝળઝળિયાં આવ્યાં.

' રડેલાં તો ખરાંજ. જોને મુખ ઉતરી ગયું છે કે નહિ ?' રસિકલાલે ઉમેર્યું.

' ના ગમે. હશે, હવે એક બે દહાડામાં જવાનું છે. ' કેશવચંદ્રે કહેવું ચાલું રાખ્યું કે ' હવે ઘણા દિવસ રહેવાનું નથી. જોઈએ તો રસિકભાઈની સાથે કાલેજ અમદાવાદ જાઓ. બાને મટયું છે. ચંદુલાલનો કાગળ આવ્યો છે. તે લખે છે કે, મુંબાઈમાંના ગુમાસ્તાએ ચાલી ધોળાવી રંગાવીને તૈયાર કરાવી છે. એક બે દિવસમાં ચોથે માળ આપણે માટે

ખાલી કરાવેલી ચાર ઓરડી અને દિવાનખાનામાં સામાન પણ ગોઠવાઇ જશે. આપણે બારોબાર ત્યાં જઇ રહેવાનું છે.'

'શું ખંભાત જવાનું નથી ?'

'કેમ નહિ ? તમારી ભોજાઇનો ખોળો ભરવાનો છેને ? એમના લખાણ ઉપરથી સમજાય છે કે, વખતે પ્રસુતિ સુધી તમારું આખું ઘર ત્યાં રહેશે. સીમંત ગયા પછી તરત આપણે મુંબાઇ જઇશું.'

'રસિકભાઇને એ લોકો ક્યારે મુંબાઇ આવશે ?'

'અમે તો તમારા પહેલાં જનાર છીએ. આ તો તમને પરણાવવાને માટેજ આવ્યાં હતાં. આ વખત તો માજીએ આવવાનાં છે.'

'રસિકભાઇનાં બા આવવાનાં હોય તો બાપાને અને બા વગેરેને તેડવા તમે સીમંત પછી અહીં આવજો. એ વૃધ્ધો આપણી સાથે રહે તો સારું.' ગજરાએ સાસુસસરા પ્રત્યેની ભાવના દેખાડી.

'ઠીક છે. તમે બાને કહેજો.' કેશવચંદ્રે ઉત્તર આપ્યો. નીચેથી ધનાંએ વિજયાને બોલાવી તેની સાથે ગજરા પણ ગઇ.

કેશવચંદ્રનું મન પણ હવે મુંબાઈ તરફ ગયું હતું, કારણ કે, આગળનો અભ્યાસ શરૂ કરવાની તક નજીક આવી લાગી હતી. વકીલ થવું એવો તેનો નિશ્ચય હતો, અને તેમાં હવે બધી સગવડ મળી આવી હતી. રસિકલાલની સાથે તે બે દિવસ રહ્યો તે દરમિયાન તેણે એ બધા વિચાર અને ગોઠવણો કરી ડોસા ડોસી સાથે બે મિત્રોએ એકાંતમાં બેસી તેમને પણ કેટલીક બાબતો સમજાવી ને જ્યારે જ્યારે ઠીક લાગે ત્યારે ત્યારે મુંબાઇ આવીને રહેવાનું કબુલ કરાવરાવ્યું. 'દીકરો એક અને દેશાવર ઘણાં' એવું થાય, કેશવચંદ્રને તેમની પ્રકૃતિને માટે ચિંતા રહે અને દોડાદોડ કરવી પડે. આવી બધી બાબતો તેમને સમજાવવામાં આવી. માથે મુરબ્બી હોય તે તો સારું. ગજરાને એ ગમતું હતું.

બે દિવસ રસિકલાલ રહ્યો. ત્રીજે દિવસે એ જનાર હતો, તેથી વખતસર રસોઇ કરવામાં આવતી હતી. આ નાના ગામમાં કદી નહિ આવેલી એવી મોટારગાડી આવી અને લોકોએ ઘર બતાવવાથી કેશવચંદ્રના ઘર આગળ આવી ઉભી રહી. ફળિયાનાં છોકરાં અને લોક એકઠા થઇ ગયા. કેશવચંદ્ર તથા રસિકલાલ પણ ' કોણ આવ્યું ?' તે જોવાને બહાર નીકળ્યા. મોટાર ફરીને ઉભી રહેતાંવાંત ચંદુલાલ તેમાંથી બહાર નીકળ્યા. રસિકે સામા દોડી જઇ ' સેકહેંડ ' કરી અને તેણે કેશવચંદ્રનો હાથ હલાવ્યો. વિજયાએ ઘરમાં દોડી જઇ તેના પિતાને બહાર મોકલ્યા અને ગજરાને તેનો ભાઇ આવ્યાની વધામણી આપી. ડોસાએ બહુ વિવેકથી ચંદુલાલને ઘરમાં લઇ જઇ બેસાડયા

ગામના લોકો, નાતના સંબંધીઓ અને કેશવચંદ્રનાં મા બાપ વગેરે સૌ વહેવાઇની પ્રભુતાથી ખુશ થયાં. ડોસીના મુખમાંથી તો એવા ઉદ્ગાર નીકળ્યા કે ' હું તો સોસો મોઢે જાણે હરખું, મારે આ તે શું સોના સરખું ?' રૂપ, ગુણ, પૈસો, વૈભવ અને માન આબરૂ સૌ એક ઠેકાણે મળવાથી આખું કુટુંબ રળિયાત થયું. સગાઓ, ગામના સારા સારા માણસો વગેરે સૌ મળવા આવ્યા. ચંદુલાલને જેમ જેમ તેમને ઓળખાવવામાં આવ્યા તેમ તેમ બહુ મોટા વિવેકથી તેણે તેમને બોલાવી ખબર પૂછી. બહુ આગ્રહ કરવા છતાં ચંદુલાલે જમવાની ના કહી એટલે શકુનનો ગોળ આપી પતાવ્યું. પછી સૌના આશીર્વાદ વચ્ચે રસિકલાલ, ચંદુલાલ અને ગજરા અમદાવાદ જવા મોટારમાં બેઠાં. ' તમો સૌ આવતે અઠવાડિયે જરૂર પધારજો ' એમ બહુ બહુ આગ્રહથી આમંત્રણ કર્યાં પછી ચંદુલાલની મોટર ચાલી.

સમાપ્ત.

ગુર્જરી

મુંબાઈની શેઠાણી સમાપ્ત.